
સ્થાપક : ર.મ.રા

તંત્રી
ધીરુ પરીખ

માર્ચ-૨૦૦૩ ● અંક : ૩ ● વર્ષ : ૭૬, સળંગ અંક : ૯૦૩ ● પૂરા પરિવારનું સર્વશ્રેષ્ઠ રુચિપૂર્ણ સામયિક



મોના લીસા

ઈ.૧૫૦૩માં તૈયાર કરાયેલું આ પોટ્રેટ ફ્લૉરેન્ટાઈટ વેપારી ફ્રાન્સેસ્કો દિ ઝૅનોબી દેલ જિઓકૉન્ડૉની પત્ની લિસા ગેરાર્ડિનિનું છે. પોટ્રેટ કરતી વખતે એ ખુશ રહે તે માટે લીઓનાર્દોએ સંગીતકારો અને વિદૂષકોને સતત કાર્યરત રાખ્યા હતા. આજે આ અદ્વિતીય અને અદ્ભુત પોટ્રેટ પૅરિસના લુવ્ર મ્યૂઝીઅમમાં છે અને તેનું કદ ૩૦.૨૫'' x ૨૦.૨૫''



કૃષ્ણ અને ગોપગોપીઓનો રંગોત્સવ (કાંગડાશૈલી)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૬મું — અંક ૩

સ્થાપના : ૧૯૨૪

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થવા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

માર્ચ ૦ ૭૬મું વર્ષ ૦ ૨૦૦૩
'કુમાર' સળંગ અંક ૯૦૩

ચિત્રો........
મોનાલિસા (શિલ્પી-લીઓનાર્દો દ વિંચી) — પૂઠું - ૧
રંગોત્સવ (કાંગડાશૈલી) — પૂઠું - ૨

કાવ્યો........
બધું જ લઈ લે (ઉશનસ્), કવિતાનો પદરવ (યોસેફ મૅકવાન) — ૧૪૯
સેતાનનો પુનર્જન્મ (ધીરુ પરીખ), આગિયો (રામચન્દ્ર પટેલ) — ૧૪૯
હારી જવાના (અશરફ ડબાવાલા), આપણી પાસે નથી (હરજીવન દાફડા) — ૧૪૯

ચરિત્ર-રોજનીશી-રેખાચિત્ર........
શારદામણિદેવી — દુષ્યન્ત પંડ્યા ૧૫૦
ઍન ફ્રેન્કની રોજનીશી — અનુવાદ : હિના ગોખલે ૧૮૦
કડિયાદરાની કન્યા — ડૉ. કેશુભાઈ દેસાઈ ૧૯૪

વાર્તા-લઘુકથા........
સરકસ — ધીરેન્દ્ર મહેતા ૧૫૬
સોદો (લઘુકથા) — મનસુખ સલ્લા ૧૭૭
ઊઠમણું — બહાદુરભાઈ જ. વાંક ૧૮૫

લેખો........
નેકીને દરિયામાં ડુબાડાય? (સૂત્રસાર) — રાધેશ્યામ શર્મા ૧૪૮
ભારતીય ચિત્રકલાના પ્રાણ - શ્રીકૃષ્ણ : લેખાંક-૨ — પ્રા.ડૉ.આર.ટી.સાવલિયા ૧૫૯
શાંતિ માટેનાં શસ્ત્રો (૨) — પ્રા. સુરેશ ર. શાહ ૧૬૫
'વિદ્યાપતિ'ના નિર્માણ દરમિયાન... (ફિલ્માકાશ-૨૬) — રજનીકુમાર પંડ્યા ૧૬૮
ઉજાણી (આથમતાં અજવાળાં-૧૭) — ભગીરથ બ્રહ્મભટ્ટ ૧૭૧
પસ્તીનાં પાનાં — ડૉ. પ્ર.ચુ.વૈદ્ય ૧૭૨
કાબા શરીફ : એક ઐતિહાસિક અવલોકન — ડૉ. મહેબૂબ દેસાઈ ૧૭૪
બિહાર (ભારતનાં રાજ્યો-૨૧) — ડૉ. જયકુમાર ર. શુક્લ ૧૭૮
અમદાવાદનો મોતીશાહી મહેલ — પ્રભાકર ખમાર ૧૮૩
અંગ્રેજી સાહિત્યનું આચમન — ડૉ. મધુસૂદન પારેખ ૧૮૮
સુલોચના — ડૉ. પ્રિયબાળા શાહ ૧૯૦
ચેસ કૉર્નર : કોયડો - ૨૫ — અર્પી શાહ ૧૯૬

વિભાગો........
વાચકો લખે છે — ૧૪૭
કંકાવટી : કલ્પના ચાવલાનું નિધન — પ્રફુલ્લ રાવલ ૧૯૭
કલાવાર્તા : વિશ્વના મહાન ચિત્રકારો-૧૪ : લીઓનાર્દો દ વિંચી નટુ પરીખ : હરિત પંડ્યા ૧૧૯
વયસ્ક ચિત્રકાર ભાસ્કરભાઈ ભટ્ટ — ખોડીદાસ પરમાર ૧૯૮
કલાસ્મૃતિ : નૃત્યકાર શ્રી ઉદયશંકર — ગજેન્દ્ર શાહ ૨૦૩
સાહિત્યસંપર્ક : અવલોકન : પ્રેરણાદાયી પુસ્તક - પ્રા. સુરેશ મ. શાહ, પ્રાપ્ત પ્રકાશનો — ૨૦૫
સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ - કૅરિકેચર — નિર્મિશ ઠાકર ૨૦૬
દેશાટન-૪૯ : ઈલોરા — ૨૦૭
માધુકરી : મહાન તસ્વીરકાર - જગન્નાથ વાસુદેવ મહેતાનું નિધન: હેમેન્દ્ર એ. શાહ ૨૦૭
એમસ્ટરડમ ઘોષણા-૨૦૦૨ — અશ્વિન ન. કારીઆ ૨૦૯
પ્રાચીન સિક્કામાં ૐ — કલ્પના સ્વાદિયા ૨૦૯
છેલ્લું પાનું — ૨૧૧

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

—'કુમાર'નું અમૃતપર્વ અને 'કુમાર ટ્રસ્ટ'નો દાનનિધિ—

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવાના આશયથી 'કુમાર ટ્રસ્ટ'ની રચના અને તેની સક્રિયતા સાર્થક થાય તે માટે જે આર્થિક સધ્ધરતા જોઈએ તે સારુ ગુજરાતની પ્રજાજોગ દાનની જાહેર અપીલ કરવામાં આવી. આ અપીલના સંદર્ભમાં અત્યાર સુધીમાં લગભગ રૂપિયા ૧૨,૦૦,૦૦૦=૦૦ એકત્ર થયા છે. પરન્તુ આ રકમ **પચીસેક લાખ** સુધી પહોંચે તો જ વધુ સિદ્ધિને હાંસલ કરી શકાય. અત્યાર સુધીમાં અમને મળેલાં દાન માટે દાતાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ અને હજુ પણ વધુ દાન માટે આ અપીલને પુનઃ રજૂ કરીએ છીએ.

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું 'કુમાર' માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે. કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે 'કુમારે' જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક-ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર'કુમાર' રહે એ માટે વિશાળ ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે ૩૮૦૦ ગ્રાહકો છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા ૭૫૦૦ થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનો ડ્રાફ્ટ/ચેક 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ લખવો અને 'કુમાર ટ્રસ્ટ', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.

૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

—આપના—

રઘુવીર ચૌધરી	કુમારપાળ દેસાઈ	રાધેશ્યામ શર્મા	નરોત્તમ વાળંદ (ભરૂચ)
જે. એસ. સેવક	લાભશંકર ઠાકર	જોરાવરસિંહ જાદવ	મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)
જયન્ત પંડ્યા	ચિનુ મોદી	હસમુખ બારાડી	ખોડીદાસ પરમાર (ભાવનગર)
ભોળાભાઈ પટેલ	ચંદ્રકાન્ત શેઠ	ક્ષેમુ દિવેટિયા	બલવન્ત કે. પારેખ (મુંબઈ)
પ્રકાશ ન. શાહ	મનહર મોદી	રાસબિહારી દેસાઈ	સુરેશ દલાલ (મુંબઈ)
બકુલ ત્રિપાઠી	મધુસૂદન પારેખ	અશોક હર્ષ	રમણલાલ ચી. શાહ (મુંબઈ)
રાજેન્દ્ર શાહ	મધુસૂદન ઢાંકી	હસુ યાજ્ઞિક	યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
નિરંજન ભગત	કનુભાઈ જાની	મહેશ દવે (ઇમેજ પબ્લિકેશન)	મનોજ ખંડેરિયા (જૂનાગઢ)
વિનોદ ભટ્ટ	ચિમનલાલ ત્રિવેદી	મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)	દુષ્યન્ત પંડ્યા (જામનગર)
ધીરુભાઈ ઠાકર	ચંદ્રકાન્ત ટોપીવાળા	ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)	પ્રફુલ્લ રાવલ (વિરમગામ)
અનિલા દલાલ	નૌતમભાઈ વખારિયા	મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)	બલવન્ત જાની (પાટણ)
વસુબહેન	કૃષ્ણકાન્ત વખારિયા	હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)	રમેશ પારેખ (રાજકોટ)
ગીતા પરીખ	જગન મહેતા	દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)	ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
હરિકૃષ્ણ પાઠક	પ્રાણલાલ પટેલ	ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)	જ્યોતિ ભટ્ટ (વડોદરા)
કુલીનચંદ્ર યાજ્ઞિક	બંસીલાલ વર્મા 'ચકોર'	ઉશનસ્ (વલસાડ)	કાન્તિ કાપડિયા (વડોદરા)
જિતેન્દ્ર દેસાઈ	ગજેન્દ્ર શાહ	જયન્ત પાઠક (સુરત)	ધીરેન્દ્ર મહેતા (ભૂજ)
રજનીકુમાર પંડ્યા	નટુ પરીખ	ભગવતીકુમાર શર્મા (સુરત)	ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)
પી.સી.વૈદ્ય	અનિલ રેલિયા	રમેશ બી. શાહ (સુરત)	

વાચકો લખે છે

ડૉ. મધુસૂદન પારેખની થૉમસ (ટૉમસ પણ ચાલે) બેબિંગટન (બેલિંગટન ખોટું છે) મૅકોલે વિશેની લઘુ પણ સમર્થ પરિચયનોંધ 'કુમાર' (સળંગ અંક ૮૯૮)માં વાંચીને થોડીક વધુ વિગતો વાચક વાસ્તે નોંધું છું, ખાસ તો આપણા રાષ્ટ્રને એણે પહોંચાડેલા નુકસાન પરત્વે. પ્રા. મધુભાઈને આ બાબત અપેક્ષિત ન હોય એ સ્વાભાવિક છે. પરંતુ આપણા વર્તમાન શિક્ષણના ઢાંચાના મૂળમાં મૅકોલેની શિક્ષણ-નીતિ જવાબદાર છે. તે સાથે આપણી સંસ્કૃતિનું વરવું અને વિકૃત ચિત્ર વિશ્વમાં પ્રસરાવવામાં બીજો યુરોપીય વિદ્વાન મૅક્સ-મૂલર (૧૮૨૩ થી ૧૯૦૦) છે. અત્યારે તો આપણે મૅકોલે વિશે થોડુંક સહચિંતન કરીએ.

આર્યો અને દ્રવિડો બંને ભિન્ન પ્રજાઓ છે. બંને ભિન્ન દેશોના છે, બંનેની ભિન્ન ભાષાઓ છે અને ઉભયની સંસ્કૃતિઓ ભિન્ન છે એવો સહેતુક સ્વાર્થભર્યો આધાર-હીન જબરદસ્ત પ્રચાર કર્યો કે જેના પાયામાં કારણ-ભૂત છે મૅકોલેની શિક્ષણ અંગેની આપણા રાષ્ટ્ર માટેની નીતિ, જે હજીય ઓછાવત્તા પ્રમાણમાં જળોની જેમ આપણને વળગેલી રહી છે. અંગ્રેજોને ફાવટ આવે એવા દૃષ્ટિબિંદુથી ૧૮૩૦માં મૅકોલેએ ભારત માટેની શિક્ષણ-નીતિ તૈયાર કરી જે આપણને ખસૂસ વિઘાતક નીવડી અને અંગ્રેજીરાજને તે બેધડક ફળી. ૧૮૩૬માં એણે એના પિતાને જે પત્ર લખેલો તેમાં તેણે ભારત વાસ્તે ઘડેલી નીતિની સફળ થવાની વાત પૂરા વિશ્વાસથી લખી હતી. તેના આ વિશ્વાસમાં ખ્રિસ્તી પૂર્વગ્રહ સ્પષ્ટ પ્રતિ-બિંબિત થાય છે. તેણે પિતાને લખેલું કે તેની શિક્ષણનીતિનો અમલ થશે તો ત્રીસ વર્ષ પછી બંગાળમાં (કેમ કે અંગ્રેજોએ પહેલ પ્રથમ રાજકીય સફળતા બંગાળમાં હાંસલ કરેલી અને આપણા દેશમાં તેમની રાજસત્તાના પ્રારંભનો પ્રદેશ બંગાળ હતો) ઉચ્ચ વર્ગનો કોઈ પણ માણસ મૂર્તિપૂજક હશે નહીં. (અને ચાર દાયકાથી ત્યાં સામ્યવાદી શાસન ચાલે છે તે તેનો દ્યોતક પુરાવો છે, કેમ કે સામ્યવાદ નાસ્તિક છે.) મૅકોલેનું એવું પણ માનવું હતું કે એની શિક્ષણનીતિના કારણે ભારતમાં 'કાળા અંગ્રેજો' (એટલે કે અંગ્રેજી ભાષામાં તૈયાર થયેલ ભારતીય ગુલામો. હજીય આપણી અમલદારશાહીમાં આ ગુલામોના વારસદારો જડબેસલાક છે જ) તૈયાર થશે. ૧૮૫૪માં મૅકોલે મૅક્સમૂલરને મળ્યો અને વૈદિક ધર્મ પરત્વે હિન્દવાસીઓની માન્યતાઓનો છેદ ઊડે એ રીતે ઋગ્વેદનું ભાષાંતર કરવા સૂચવ્યું. મૅક્સમૂલરે (જન્મે જર્મન પણ ખ્યાત બ્રિટિશ ભાષાવિદ અને કલ્પિત શાસ્ત્રજ્ઞ, જેણે ક્યારેય ભારત જોયું નથી) એની પત્નીને લખેલા પત્રમાં આ બાબત ખુલ્લી થાય છે : વેદ પ્રત્યેની હિન્દુઓની લાગણી મારા અનુવાદથી નિર્મૂળ થઈ જશે એમાં શંકા નથી. ઇતિ. આમાંય મૂલરનો ખ્રિસ્તી અભિગમ સ્પષ્ટ ડોકાય છે.

ટૂંકમાં, આપણા રાષ્ટ્રને સાંસ્કારિક અને સાંસ્કૃતિક ઉભય દૃષ્ટિએ અકલ્પનીય નુકસાન પહોંચાડવાનું શ્રેય મૅકોલેને ફાળે જાય છે, જેનું ફળ આપણે આજેય ભોગવીએ છીએ.

- રસેશ જમીનદાર (અમદાવાદ)

•

'કુમાર' જાન્યુઆરી ૨૦૦૩નો અંક બહુ રોચક લાગ્યો. આસો સં. ૧૯૮૦ના પહેલા જ વર્ષના સળંગ અંક ૧૦માં જે પાંચ વાડા દર્શાવ્યા છે તે પચાસ-સાઠ વર્ષ પહેલાનું ગ્રામજીવનનું આબેહૂબ વર્ણન દર્શાવે છે. ગણિતગમ્મતમાં ૩૭નો ગુણાકાર એવી સંખ્યાઓ સાથે છે જે ત્રણ વડે ભાગી શકાય તેથી ૧૧૧ના ગુણાંકમાં જ મળે. જો ૩૩ સાથે ગુણાકાર કરવામાં આવે તો ગુણનફળ જે મળે તેને ઊલટાવીએ તો તે તે જ આવે કારણ કે ૩૩ ઊલટાવીએ તો પણ ૩૩ આવે.

૩૦થી નીચેની રકમ જે ૩ વડે ભાગી શકાય છે તેવી ૩, ૬, ... ૨૭નો ગુણાકાર ૩૭ સાથે કરાય તો ત્રણ આંકડાની રકમ મળે અને આ ત્રણેય આંકડા સરખા હોય. જ્યારે ગુણન-ફળ ચાર આંકડામાં આવે અને તેનો બીજો અને ત્રીજો આંકડો સરખો હોય તો આ કોષ્ટક હજી વિસ્તરી શકે. દા.ત. ૩૭x૬૯=૨૫૫૩ અને તેમાં ૩૭x૭૨, ૩૭x૭૫, ૩૭x૭૮, ૩૭x૮૧ પણ લઈ શકાય. ૩૭નો ૩૦ની સાથે જેમ ગુણાકાર છે તેમ ૬૦ અને ૯૦ની સાથે પણ કરી શકાય. આમાં તો નાનો લેખ થઈ શકે. અંક-ગણિતમાં આવા ઇતર વાચનથી ગણિતમાં રસ જાગૃત થઈ શકે અને આપણો અભિગમ પણ વૈજ્ઞાનિક બને તેમ માનું છું. 'વિજ્ઞાન અને ૨૧મી સદી' પણ લેખ સારો હતો. તેમાં વોલ્ટા અને ઓર્સ્ટેડવાળા ફકરામાં ગુરુત્વાકર્ષણને બદલે ચુંબકનું આકર્ષણ હોવું જોઈએ તેમ મને લાગે છે અને મારા ખયાલ મુજબ ન્યૂટને વર્ણપટ્ટનો પ્રથમ ખયાલ આપ્યો તેથી 'સ્પેક્ટ્રોમિતિ' ત્યારે શોધાઈ તેમાં ચોકસાઈની વૃદ્ધિ ઓગણીસમી સદીમાં થઈ તે બરાબર લાગે છે. વિજ્ઞાનનો વિકાસ દશાંશ શોધાયા પછી જ થયો અને ભારતમાં અંકગણિત, ખગોળશાસ્ત્ર, ધાતુશાસ્ત્ર વગેરેની શોધો યુરોપના નવજાગૃતિકાળનાં હજારો વર્ષ પહેલાં હતી તેનો ઉલ્લેખ થયો હોત તો સારું હતું.

- ભરત જ. મહેતા (રાજકોટ)

•

'કુમાર' જાન્યુઆરી ૨૦૦૩ અંક વાંચી આનંદ થયો. મુખપૃષ્ઠ ઉપર ગાંધીજીનો ફોટો જોયો. આ ફોટોચિત્રનું ઓરિજિનલ ચિત્ર શ્રી નટુભાઈ પરીખના ઘરે મેં જોયેલું. ચિત્રમાં કલર અને લાઈટશેડનો ગજબનો ઉઠાવ શ્રી નટુભાઈએ ઉતાર્યો છે. પશ્ચાદ્‌ભૂમાં દરિયાકાંઠો અને જમીનનો જે તાલમેલ દેખાય છે તે તેમજ શુભ્ર સવારની મંદગતિ પવનની લહેરખીઓ અનુભવાતી હોય તેમ લાગે છે. યુરોપના ચિત્રકારોની શ્રેણી 'કુમાર'માં જ વાંચવા મળે છે તે માટે 'કુમાર'ને અભિનંદન. 'કુમાર'નો હું નિયમિત વાચક છું. 'કુમાર' સાથે લાગણીનો તંતુ બંધાઈ ગયો છે. હું દર વર્ષે દિવાળી ઉપર 'કુમાર'ને દિવાળી-અભિનંદન કાર્ડ ચીતરીને મોકલું છું અને 'કુમાર'માં મારું દિવાળીકાર્ડ છપાય છે. 'કુમાર'ને મારા હૃદયપૂર્વકના અભિનંદન.

- બળવંત વ્યાસ (ઊના)

•

૨૭-૨-૦૩ની 'કુમાર-સંધ્યા' સ્મરણીય બની રહી. 'કુમાર'ની ભૂમિકા બાંધી 'કુમાર' વિષે વધુ જાણવાની ઈંતેજારી તમે અન્ય વક્તાઓ પાસેથી મેળવવા દોર્યા પણ ભૂમિકાની પાછળના મણકા વ્યક્તિગત થઈ ગયા. પછી 'શામળિયોજી બોલિયા', સાંદપનિ ઋષિના આશ્રમનો ફ્લૅશ-બૅક રચાઈ ગયો. 'કુમાર'નું લવાજમ ભર્યું તેનું આ ડિવિડંડ લાગ્યું. ખૂબ ધન્યવાદ. રઘુવીરના સમાપનમાંના વિધાન - 'પાનાં વધાર્યાં' પણ અસ્સલ 'કુમાર' જેવું નહિ - ની સાથે ઘણા વાચકો-શ્રોતાઓ સંમત નહિ થાય.

'કુમાર' પર સૂક્ષ્મદર્શક ગોઠવીએ તો ય છિદ્રો નથી દેખાતાં, સ્ટેથોસ્કોપના ધબકાર સંભળાય છે. 'યાર, ભલે પડે જમાનાનો માર, અમારે તો 'કુમાર' લગાતાર-બારબાર.'

- દિલીપ આર. શાહ (અમદાવાદ)

સૂત્રસાર

નેકીને દરિયામાં ડુબાડાય?

રાધેશ્યામ શર્મા

'નેકી' શબ્દ સમજવા જેવો છે. નેકીના પ્રચલિત અર્થો છે, પ્રામાણિકપણું, ઈમાનદારી, ભલાઈ, સજ્જનતા, સદાચાર, સદ્વર્તન. સારી માણસાઈના પર્યાયરૂપ નેકીને ગણી શકાય. સારો માણસ કોને માનવો તો એક શબ્દમાં કહી શકાય કે નેક ઈન્સાન.

નેકી શબ્દનો ઓછો જાણીતો અર્થ રસપ્રદ છે. જ્યારે રાજપાટ અને રાજગાદીનો કાળ પ્રવર્તતો હતો ત્યારે સભાદરબારમાં રાજામહારાજા પધારે ત્યારે એમની આગળ ચાલતો માણસ રાજાનાં સ્તુતિવચન ઉચ્ચારતો. એને લોકો છડી પોકારનાર છડીદાર તરીકે ઓળખતા. એવી છડીને પણ નેકી કહેવાય અને છડી પોકારનારને કહીએ નેકીદાર. સ્વીકારીએ તો સજ્જનતાના શ્રેષ્ઠ ઉદાહરણરૂપ વ્યક્તિની આગળ ચાલી છડી પોકારનાર નેકીદાર કોઈ હોય તો તેની નેકી જ છે. નેકી એક એવો ગુણ છે જે ગમે તે જાતિ-કોમ-ધર્મમાં જન્મેલા અદનામાં અદના ઈન્સાનને દેવતાતુલ્ય સન્માનની સોગાદ અપાવે છે.

નેકીની સાથે જ બીજો શબ્દ લોકજીભે રમતો આવ્યો છે અને તે છે બદી. બદીના અર્થો અને અધ્યાસો નેકીથી તદ્દન વિપરીત અને વિરુદ્ધ છે. દુરાચરણ, કુટેવ, નિંદાના દોષો જાણે બદીના બગીચાનાં ફૂલો છે!

ફ્રાન્સના વિખ્યાત કવિ બૉદલેરના એક કાવ્યગ્રંથનું નામ 'ફ્લાવર્સ ઑફ ઈવિલ' સાંભળ્યું હશે. અભીષ્ટનાં પુષ્પો તો સાંભળ્યાં હોય, પણ 'અનિષ્ટનાં ફૂલો'ની દુર્વાસ કે સુવાસ માણી છે?

નેકી અંગેની એક વિશિષ્ટ ઉક્તિ છે : 'નેકી કર કુએ મેં ડાલ.' તાત્પર્ય કે ભલાઈ કર અને કૂવામાં પધરાવ! પહેલે ધક્કે જ આશ્ચર્ય થાય કે એવો બોધ અને આદેશ છે કે સદાચરણ કરીને કૂવાભેગું કર. પ્રશ્ન જાગે કે શું ગુણકર્મયુક્ત ઈમાનદારી કૂવે પધરાવી નાખી દેવા જેવી નકામી વસ છે? પણ ઊંડું જોઈ શકાય તો સામાન્ય માન્યતાથી ઉક્તિનો તદ્દન અલગ અંદાજ અને અંદાજે-બયાં ઑર છે. ગાલીબ વિશે પણ આવું જ કહેવાતું, કબીર વિશે પણ આવું મનાતું કે આ બંનેની વાતો જ ન્યારી અને નિરાળી! પ્રસ્તુત ઉક્તિ એક રીતની ઊલટબાની, અવળ વાણીનું ઉદાહરણ છે. જે કાળમાં કૂવા હતા ત્યારની આ વાત આજે પણ પૂરતી પ્રભાવક લાગશે.

> સાહિલ પે ડુબો દેંગે
> તુફાઁ સે બચા લેંગે.
> – ગની એજાજ

નેકી કરો, ભલાઈ કરો, પુણ્યદાન જેવું જે સૂઝે તે કરો પણ એનું અભિમાન ચઢી બેસે તે પહેલાં એની સ્મૃતિને તો કૂવામાં જ ફેંકી દો. ઉપકાર કર્યો તો એની અહંગ્રસ્ત યાદને લોભિયા કંજૂસની જેમ સંઘરી ના રાખો. જેને ઉપકૃત કર્યો એના પર તમારા ઉપકારનો ભાર ના ચઢાવો. એવું કરશો તો માનેલું સદાચરણ પણ દુરાચરણમાં, અને પુણ્ય પણ પાપમાં પલટાઈ જશે. આના કરતાં સારું એ છે કે કરણીય સત્કર્મ કરી, એની સ્મૃતિનો અહમ્ આરૂઢ થઈ જાય તે પૂર્વે કૂવા-હવાડાભેગું કરી દો. નેકી પોતાના કર્તૃત્વભાનના દોષે બદીમાં ફેરવાઈ ના જાય એની જાગૃતિનું આ ઉક્તિમાં સચોટ સૂચન છે.

આ સંદર્ભમાં એક શાયર ગની એજાજનો શેર ધ્યાનપાત્ર છે :

નેકી ભી કરેંગે વો દરિયા મેં ભી ડાલેંગે,
સાહિલ પે ડુબો દેંગે તુફાઁ સે બચા લેંગે.

(ભાવાર્થ : નેકી કરીને પણ દરિયામાં નાખીશું, કિનારા પર ડુબાડી દઈશુ પણ તોફાનથી ઉગારી બચાવી લઈશું.) ❑

બધું જ લઈ લે / *ઉશનસ્*

(શિખરિણી • સૉનેટ)

બધું લૈ લે મારું ગણીગણી જ, સૌ તારું જ દીધું;
બધું બોજો લાગે અગર મુજને તું નવ ચહે,
છું તારા સિંધુની માછલી, તટને જે નવ સહે;
મને મઝધારાનું વ્યસન તવ; તું આસવ, મધુ;

લઈ લે તું મારાં સકલ કરમો, જ્ઞાન ય બધું
લઈ લેને મારું મન જ, મતિ, મંતવ્ય સઘળું;
પઢ્યા ગ્રંથો; પંથો, ગમન, ગતિ, ગંતવ્ય સઘળું;
સ્વયં ના આપું તો, ઝૂંટવી લઈ લે ભાન જ બધું;

પરંતુ લીજે ના મુજ તવપ્રતિ પ્રેમ કદીયે,
વિના એના તો હું નહીં જીવી શકું આધી ય ઘડી,
બીજું લે, દૈ દીધું સઘળું વણમાગ્યે અબઘડી;
બધું યે લૈ લે ઓ સમંદર! દીધું મારી નદીએ;
અહંની મારી આ ઝીણી ખટક તો તે ય લઈ લે,
બધું લૈ લે મારું, પછીય બચ્યું કૈ, એ ય લઈ લે.

કવિતાનો પદરવ / *યોસેફ મૅકવાન*

(ગાન)

ચોક્કસ છે તું જ આસપાસમાં.
તારા આવ્યાનો તરજૂમો આ વાયરો
કરતો ફરે છે સુવાસમાં!
મૌન રહી તારું એ ગણગણવું હળવેથી
મારામાં ફૂટે ત્યાં છંદ;
પાંપણ ઢાળીને પછી ગોપવતી અર્થોને
પલકારે મલકી સુમંદ!
હળુહળુ અંદરથી મ્હેક ઊઠે એટલી કે—
શૂન બની જાઉં ઉલ્લાસમાં!
ચોક્કસ છે તું જ આસપાસમાં.

ઊડતાં પતંગિયાંના ટોળાની જેમ
તારી સંગતનો લ્હેરાતો ખ્યાલ,
મૂંઝાતા મનને તો સમજાતું કૈં નહિ
કરવો કેમ મારો નિકાલ?
તારી કૈં છાયાઓ હિલ્લોળા લેતી શી
લોહીના વ્હેતા રે ચાસમાં!
ચોક્કસ છે તું જ આસપાસમાં.

સેતાનનો પુનર્જન્મ / *ધીરુ પરીખ*

(વનવેલી)

'મારો, મારો; સેતાનને પથ્થરથી મારો.'

મક્કાનું આકાશ આખું પથ્થરોથી છાયું,
પયગંબરને બચાવીને યાત્રીવૃંદ વિખરાયું!
વર્ષ પછી પાછું પથ્થરોનું વાદળ ઘેરાયું:
'સેતાનને મારો, સેતાનને મારો,'
ગાજી રહ્યો એનો એ જ નારો,
સેતાનને ક્યાં છે એનો ડારો?

પયગંબરે ય જીવે, હજુ સેતાનેય જીવે:
સંઘર્ષની કંથા ઓઢી
સૂફી નાચે, સેતાનેય નાચે,
યાત્રીવૃંદ પથ્થરો ફેંકીને રાચે.

વર્ષોવર્ષ સેતાનનો જન્મ,
વર્ષોવર્ષ સેતાનનું મૃત્યુ;
પુનર્જન્મ સેતાનનો
કારણ કે પથ્થરો તો ફેંકાય બહાર
અન્દરના સેતાનને વાગે ન લગાર!

આગિયો / *રામચન્દ્ર પટેલ*

(મંદાકાન્તા • સૉનેટ)

લાંબા ગાળે રઝળી રખડી ગામમાં હું પ્રવેશું—
ને લાગ્યું સૌ અપરિચિત જુદું છતાંયે જઈને
ઊભો મારા ઘર સમીપ, તાળું હલાવ્યું; કમાડો
ખોલ્યાં બોલ્યાં નહિ, ચૂપ હતાં તોરણો બારસાખે,
પ્હેલું વાગ્યું હવડપણું; છૂટી હવા જોસબંધ...
પાણિયારું ચગળતું હતું ખારઃ બારી કઠેરા
મૂંગાઃ નેવાં પરથી ખરતી ધૂળઃ કોઠી, પટારા
ચૂલો, ધુમાડિયું છતછજાં મોભ દેખાય મીંઢાં.

—ત્યાં તો પોડું ખરખર ખર્યું ભીંતનું કો ધબાકે...
અંધારાનું અફીણ પલળી ઓરડામાં છવાયું.
એના કાંઠે પકડી લઈને થાળ, કોઈક... ચોક
વચ્ચે ઊભું : ઝગમગ થતો આગિયો શીદ ઊગ્યો?

જાતાં જોઈ લઉં ઘર, ફરી એનું ઊંડાણ આખું;
એમાં મારું ઝળહળી રહ્યું રમ્ય આકાશ આખું.

હારી જવાના / *અશરફ ડબાવાલા*

(ગઝલ)

તેં સર્જ્યા છે માણસ ઘણાયે મજાના,
તો દીધા કાં પ્રશ્નો ગમા-અણગમાના?

પ્રસારીને બેઠાં જે પાંખોને મનમાં,
એ બંદી થયાં કોઈ ચોક્કસ જગાનાં.

અમારી જ ડાળે જે ખીલ્યાં છે પુષ્પો,
એ અમને પૂછે છે અમે મૂળ ક્યાંનાં?

સમય વ્યસ્તતાની ગુલામી કરે છે,
અને દાસ છે આ વિચારો વ્યથાના.

તું જાણે છે પરપોટા વિષે તો કહી દે,
થયા હાલ કેવા ત્યાં અંદર હવાના?

છે અટકળનો છેલ્લો ચરુ સાવ ખાલી,
ને વિસ્મયના પણ છે સફાચટ ખજાના.

ઊણપથી કરો સંધિ અશરફ! નહીંતર
આ ઇચ્છાનો સંગ્રામ હારી જવાના.

આપણી પાસે નથી

હરજીવન દાફડા

(ગઝલ)

શ્વાસના ચોક્કસ હિસાબો આપણી પાસે નથી,
જિંદગીના હર જવાબો આપણી પાસે નથી.

સહેજ અમથું સૂંઘવાથી આયખું મહેકી ઊઠે,
એટલાં સક્ષમ ગુલાબો આપણી પાસે નથી.

એકબીજાને પરસ્પર ઓળખી શકતા નથી,
આપણા અસલી રૂઆબો આપણી પાસે નથી.

એક ઊંચા કૂદકે આકાશને આંબી શકે,
એટલા મજબૂત ખ્વાબો આપણી પાસે નથી.

વૈભવી સામાનથી ભરચક ભર્યાં ઘર આપણે,
કોઈ ખૂણામાં કિતાબો આપણી પાસે નથી.

જણ્યાં વગરની જનની, જગજ્જનની



શારદામણિદેવી

— દુષ્યન્ત પંડ્યા —

'અરેરે, મારી દીકરીનાં ભાયગ તો જુઓ! બચ્ચાડીને કોઈ 'મા' કહીને નહીં બોલાવે. કોણ જાણે કેવા તે અશુભ ચોઘડીએ એને મેં જનમ આપ્યો હશે. એને છોકરું જ નહીં થાય. કોઈ જ એને 'મા' કહી નહીં બોલાવે. અસ્ત્રી જાતનો કેવો તો એળે અવતાર!'

આમ, ચાળીસે પહોંચવા આવેલી એક સ્ત્રી કકળાટ કરી રહી હતી. કાળો કકળાટ હતો એ. પોતાની દીકરીને બાળક નહીં થાય. એ જશે નિર્વંશ. એ ચિંતા હતી જ, કદાચ એથીયે મોટી ચિંતા એ હતી કે, મને કોઈ નાનીબા નહીં કહે, મારાં દોહિતરાં દોહિતરીઓને હું મારે ખોળે નહીં રમાડું.'

વીસ-બાવીસની, હલેતી પુત્રીની માતા આમ રુદન કરી રહી હતી. એનું રુદન સકારણ હતું. એનો જમાઈ જગતથી સાવ જુદો ચાલનાર માણસ હતો. લગન કર્યા પછી, જાણે કે, પોતે પારકી જણીને પરણ્યો છે એ વાત જ વીસરી ગયો હતો. વીસરી ન ગયો હોત તો, દીકરી ઓગણીસ વરસની થાય ત્યાં સુધી એને પોતાને ઘેર બોલાવે જ નહીં? બોલાવીને સંસાર માંડે નહીં? જમાઈએ ટાણાસર બોલાવી હોત તો, ભગવાનની મરજી તો, દીકરી શારદાને ખોળે બેત્રણ વરસનું બાળક રમતું ન હોત?

શારદાની મા આમ રુદન કરતાં હતાં.

પુત્રી પાંચ વર્ષની હતી ત્યારે, સોળ-સત્તર વર્ષ પહેલાં એનું લગ્ન કર્યું હતું. પછી સમજણી થતાં, દીકરી બે-ત્રણ વાર સાસરે ગઈ હતી. અરે! એક વાર શારદા ચૌદની થઈ હતી ત્યારે, શારદા ત્યાં ચારપાંચ મહિના રોકાઈ હતી. એ ચૌદ વરસની છોકરીએ માંદા પડીને નંખાઈ ગયેલા વરની કેવી તો સેવાચાકરી કરી હતી! જમાઈની ગાડી પૂરી પાટે ચડી ગઈ હતી. ને જમાઈ બાબત ગામમાં કેવાં હુલકાં ઊડતાં હતાં?

'શારદાનો પતિ પાગલ છે.'... 'અરે, એ બધાંય લૂગડાં કાઢી નાખે છે'... 'ભામણનો દીકરો છે તો ય જનોઈ પણ કાઢી નાખે છે.!'... 'આખો દિવસ કાળીમંદિરમાં નાચે છે.'... 'બાવા સાધુઓની જમાત ભેગો જ પડ્યો રહે છે.'... 'ગદાઈ સાવ ગાંડો છે.' આવી અનેક વાતો કલકત્તાથી લગભગ એક સો કિલોમીટર દૂર આવેલા જયરામવાટી ગામે આવતી અને એ વાત વતેસર થઈને ફેલાતી.

'ગદાઈ ગાંડાની વહુ' એ શબ્દો શારદાને કાને ન પડ્યા હોય એવો દિવસ તો ભાગ્યે જ જતો. બસો ખોરડાંનું ગામ. ગામનાં માણસોની જીભેજીભ આવું જ બોલતી થઈ ગઈ હતી. શારદાને માટે ઘરની બહાર પગ દેવો આકરો થઈ પડ્યો હતો. પણ એના ઘરના સંજોગો એવા હતા કે પોતે ઘરમાં બેસી રહી શકે નહીં.

રામચંદ્ર મુખર્જી અને શ્યામસુંદરીનું એ પહેલું સંતાન હતી. પછી ચાર નાના ભાઈઓ જન્મ્યા. મા-બાપને મદદ કોણ કરે? ગામને ગોંદરે આવેલા કુળદેવતાને મંદિરે જવું, ખેતરમાંથી કરગઠિયાં વીણવાં, ગાયનાં છાણવાસીદાં કરવાં, કોઈકને ત્યાં કંઈ દેવાલેવા જવું તો, શારદાએ જ જવું પડતું. ભાઈઓ તો નાના હતા. ને વળી 'ભાઈ' પણ હતા ને? આમ, ઘરની બહાર પગ મૂક્યો નથી ને, 'ગદાઈ ગાંડાની વહુ' બોલ એણે સાંભળ્યો નથી.

કોઈ દિવસ પત્ર ન લખે, કોઈ આવતા-જતાની સાથે મોઢાના પણ કશા સમાચાર ન મોકલાવે અને ઉપરથી, આવા કપડાં કાઢી નાખવાના, સાધુઓની સંગતતા અને એવા સમાચાર ઊડતા વાયરા સાથે આવે. યુવાની તરફ વાયુવેગે પ્રગતિ કરતી એ મુગ્ધાના ચિત્તમાં શો વલોપાત થતો હશે? એનું તરવરતું જોબન પણ એને સતાવતું હશે ને?

'બેટા, શારદા, તું જરાય ચિંતા ન કર. ગદાઈને કશું જ નથી થયું. એને ગાંડો કહેનાર ગાંડા છે. એ તો માની ભક્તિમાં મસ્ત છે. તારામાં કાંઈ ભક્તિનો ભાવ ઓછો છે? તું જોજે ને એક વાર તમે બે મળશો પછી ઉપાડ્યાં નહીં ઊપડો!' એક માત્ર ભાનુફોઈ આવા આશ્વાસન બોલ બોલતાં અને શારદાના સતત

ઘવાતા હૃદયને મલમપટ્ટો કરતાં.

પતિ આણું મોકલતો નથી તો શું થઈ ગયું? એની પાસે સામે ચાલીને જવું ને એ રીતે જવાની તક પણ શારદાને સાંપડી.

દોલ પૂર્ણિમા - હોળી - આવતી હતી. ગામમાંથી એક સંત તે પવિત્ર દિવસે સ્નાન કરવા માટે ગંગાસાગર જતો હતો. ગંગા સાગરને મળે છે તે સ્થળ ગંગાસાગર અને એ સંગમ સ્થળે જવાનો રસ્તો, પતિ ગંગાકાંઠે રહેતા હતા તે દક્ષિણેશ્વરના કાળીમંદિર પાસે થઈને જ જતો હતો.

શારદાએ એ સંઘની સાથે જવાનો વિચાર કર્યો પણ ઘરમાં પિતાને કેવી રીતે કહેવું? કોઈએ એ માથે લીધું. સાપનો ભારો જાય એવું ઇચ્છતાં મા-બાપને તો આ 'ભાવતું'તું ને વૈદે બતાવ્યા' જેવું થયું. પિતા રામચંદ્ર મુખર્જી કહે, 'બેટા, બહુ સારી વાત છે આ. હું પણ તારી સાથે આવીશ.'

આમ કહેવા પાછળ પિતાનો આશય શો હશે? જમાઈ પુત્રીનો સ્વીકાર કરે એ જોઈ નિરાંત અનુભવવી અને ગામ-લોકોની જીભે તાળાં લગાવવાં. અને, ન કરે નારાયણ ને સાધુ બની ગયેલો કહેવાતો જમાઈ પુત્રીને પાછી કાઢે તો પુત્રીને ગંગામાં પડતી રોકવી? કોને ખબર.

ખેતરો વચ્ચેથી અને ખેતરને શેઢે ચાલતાં, સતત ચાલવાનો પરિશ્રમ અનુભવતાં માર્ગે બીમાર પડી જતાં, શારદા અને પિતા રામચંદ્ર સંઘથી પાછળ પડી ગયાં. આગળ ચાલતાં પાલખી પણ મળી ગઈ. આમ ચાલતાં, પંથ કાપતાં, ગંગાને દક્ષિણેશ્વરને સામેને તટે એ લોકો પહોંચી ગયાં નાવમાં બેસી, ગંગા પાર કરી મંદિરને ઘાટે ઊતરી, ઘાટની નજીક ડાબી બાજુએ આવેલા ગદાઈ - શ્રી રામકૃષ્ણજીને ખોરડે એ પિતાપુત્રી પહોંચ્યાં. ત્યારે રાતના નવ વાગ્યા હતા.

'અરે, તમે આવ્યાં?' આશ્ચર્યથી પણ આનંદથી શ્રી રામકૃષ્ણ બોલી ઊઠ્યા. તત્કાલ એ પિતાપુત્રી માટે ખાવાની જોગવાઈ કરી. પત્ની શારદાદેવી સાથે જોતાં જ એ બોલી ઊઠ્યા : 'અરે! તમને તો તાવ જેવું લાગે છે!' એમને માટે પોતાના જ ઓરડામાં સૂવાની વ્યવસ્થા કરી. બીજી જ સવારથી એમણે પત્નીની સારવારની તથા પથ્ય ખોરાકની તજવીજ કરી.

આ બધું જોઈ સંતુષ્ટ હૈયે રામચંદ્ર મુખોપાધ્યાય જયરામ વારી ગયા.

*

પાદરિયામાં કાળીમાતાની સાધનાથી શ્રી રામકૃષ્ણના જીવનનો નવો અધ્યાય આરંભાયો હતો. સાધનાનાં વિધિવિધાન એ જાણતા ન હતા. મુખે માનું નામરટણ, હૃદયમાં માની ભાવ-ભક્તિ અને મનમાં સતત ચિંતનઃ બસ આ સાધના એ જાણતા હતા. માનાં દર્શન માટે એ રુદન કરતા, ધૂળમાં આળોટતા, નાક ઘસતા, મંદિરની બાજુએ આવેલી પંચવટીમાં બેસી ધ્યાન કરતા પણ એમને માનાં દર્શન થતાં ન હતાં. એમને લાગતું હતું : 'માનાં દર્શન વિનાનું જીવન શા કામનું?' એક રાતે સોપો પડી ગયા પછી શ્રી રામકૃષ્ણ માના મંદિરમાં ગયા. ભીંતે ટીંગાતું માનું કૃપાણ ઉપાડી, પોતાને ગળે મૂકી એ બોલ્યા : 'આટલું આટલું કરગરું છું તો યે તું દર્શન દેવાની કૃપા નથી કરતી મા, તો જીવતર શા કામનું?' આટલું બોલી કૃપાણને પોતાની ગરદન પર મારવા જાય છે ત્યાં, એ બેહોશ થઈ ઢળી પડ્યા અને માના કૃપાસાગરમાં નિમજ્જિત થઈ ગયા. એ મંદિર, મંદિરમાંનો પોતાનો દેહ, મંદિરમાંથી દેખાતું બ્રહ્મજગત, સઘળું જળાંહળાં થઈ ગયું. આમ, કેટલીય વાર સુધી માનાં ચરણ પાસે એ સમાધિદશામાં પડી રહ્યા.

સમાધિ ઊતરી, સ્વસ્થ થઈ એ બહાર આવ્યા. માએ આપેલા દર્શનથી તૃપ્ત થયા.

પરંતુ રામકૃષ્ણને માનાં સતત દર્શનની ઝંખના જાગી. એમની આ ઝંખનાએ એમને સંસારની સાવ વિસ્મૃતિ કરાવી દીધી. કાળીમાતાની મૂર્તિની પૂજા કરતા, માતાજીની એ મૂર્તિ સાથે, કહો કે માતાજી સાથે એટલા તન્મય થઈ જતા કે માતાજીને ચડાવવામાં આવતાં ફૂલ એ પોતાને મસ્તકે ચડાવતા અને ભોગ ધરાવતી વખતે બોલતા, 'તો તું એમ ઇચ્છે છે કે હું પહેલાં ખાઉં? તો લે આ ખાધું.' બોલી ભોગના એ થાળમાંથી એ થોડું ખાતા પણ.

મંદિરના બીજા પૂજારીઓને અને કર્મચારીઓને મન આ અધર્મકૃત્ય હતું. કોઈ પાગલ જ આમ કરે અને પંચવટીમાં જઈ ધ્યાનમાં બેસતી વખતે પોતાનાં બધાં વસ્ત્રો અને જનોઈ સુધ્ધાં, એમને કાઢી નાખતા જોઈ, એમનાથી થોડોક જ નાનો એવો એમનો ભાણેજ હૃદય પણ આશ્ચર્યથી અવાક્ થઈ ગયેલો. આ બધી ઘેલછા દૂર કરવાનો રૂઢ ઈલાજ એક જ, એમનાં લગ્ન કરી નાખવાનો.

એટલે, ઈ.સ. ૧૮૫૮માં એમણે બાવીસ વર્ષ પૂરાં કર્યાં હતાં ત્યારે એમને માટે કન્યાની શોધ મંડાઈ. દોઢસો વર્ષ પૂર્વેના એ જમાનામાં એ વયે તો માણસ બે બાળકોનો બાપ બની ગયો હોય. પંદર-સોળ વરસની કોઈ કન્યા એમની વાટ જોઈને બેઠી હોય? 'સાત વર્ષે છોકરી ગૌરી થાય.' એ સ્મૃતિવાક્ય બ્રહ્મ-સમાજમાં શક્ય જ ન હતું. ઘરના વડીલોએ શક્ય ત્યાં માગું નાખી જોયું પણ બધેથી નનૈયો જ સાંભળવા મળ્યો. એક તો ગરીબ ઘર ને મુરતિયાની આબરૂ પાગલની. અને કન્યાઓ બધી નાની. આ બધી ધમાલ જોઈ, ઉત્સાહભર્યે પગલે માગું નાખવા જતાં અને પડેલે ચહેરે પાછાં વળતાં સ્વજનોને જોઈ, રામકૃષ્ણે પોતે જ કહ્યું : 'આ બધી દોડાદોડ મૂકી દો. જયરામવાટીમાં રામચંદ્ર મુખર્જીને ઘેર જાઓ અને એમની દીકરી શારદા માટે માગું નાખો. મારે માટે એ જ છોકરી નિરમાઈ છે.

'ગદાધર (શ્રી રામકૃષ્ણનું મૂળ નામ એ હતું) કહે છે તો,

પ્રયાસ તો કરી જોઈએ.' કહી ઘરનાં માણસોએ પોતાને ગામ કામારાપુકુરથી ચાર-પાંચ કિલોમીટર દૂર આવેલા જયરામવાટીમાં રામચંદ્ર મુખર્જીને ત્યાં જઈ માગું નાખ્યું અને એ તુરત સ્વીકારાયું. પણ, કન્યાની ઉંમર પાંચ વરસની. ગદાઈ કરતાં અઢાર વર્ષ ઓછી. હજી કૂકે રમતાં પણ ન શીખી હોય તેવડી પાંચ વરસની કન્યા સંસારમાં શું સમજે? શ્રી રામકૃષ્ણ ભાવપૂર્વક કપડાં કાઢી નાખતા હતા. તો સંભવ છે કે શારદાને હજી કપડાં પહેરવાનું પૂરું ભાન પણ નહીં આવ્યું હોય.

લગ્ન કરીને પતિ પાછો ઊપડી ગયો દક્ષિણેશ્વર, પોતાની કર્મભૂમિમાં, પોતાની સાધનાભૂમિમાં અને સાધનાનો તંતુ એણે પુનઃ સાધી લીધો. એમની સાધનામાં કોઈ વિધિ ન હતો. કોઈ શાસ્ત્રોક્ત પદ્ધતિ ન હતી. શ્રી રામકૃષ્ણે શાસ્ત્રાધ્યયન કર્યું જ નહોતું. આનું પરિણામ એમના દેહ પર આવ્યું. અસાધારણ દાહથી એ પિડાવા લાગ્યા. કોઈ તબીબી ઈલાજ કામ ન આવ્યો. ભૈરવી બ્રાહ્મણીને નામે ઓળખાતાં એક સાધ્વી ત્યાં આવી ચડ્યાં અને એમણે શ્રી રામકૃષ્ણનો દાહ મટાડ્યો તથા તેમને સાધનાને રાહે ચડાવ્યા.

શ્રી રામકૃષ્ણ માત્ર માનું દર્શન કરીને બેસી ન રહ્યા. એમણે રામલલાની, મધુરભાવે શ્રીકૃષ્ણની, તાંત્રિક ઇત્યાદિ વિવિધ સાધનામાર્ગોનો આશ્રય લીધો. ઉચ્ચાવચ ગણાતા અદ્વૈત માર્ગનું શિખર પણ એમણે સર કર્યું. એટલેથી પણ નહીં અટકતાં એમણે સૂફી ઇસ્લામની તથા ખ્રિસ્તી ધર્મની પણ સાધના કરી. 'ઈશ્વર એક જ છે અને બધા ધર્મો કે સંપ્રદાયો તેને પામવાના જુદા જુદા માર્ગો છે.' તેમણે તારવ્યું : 'આ સમગ્ર સાધનાકાળ દરમિયાન પોતાના દેહનું પણ એમને પૂરું ભાન ન હતું ત્યાં, પોતે પરણ્યો છે એનું ભાન ક્યાં રહે?'

આ સંજોગોમાં લગ્ન પછી પૂરાં ચૌદ વર્ષે, શારદાદેવી ઓગણીસ વર્ષનાં થયાં ત્યારે પતિ પાસે દક્ષિણેશ્વર આવ્યાં અને પ્રેમપૂર્વક આવકાર અને સ્વીકાર પામ્યાં.

*

શ્રી રામકૃષ્ણ અને શ્રી શારદાદેવીનો ગૃહસ્થાશ્રમ આરંભાયો. તદ્દન વિચિત્ર લાગે એવો એ ગૃહસ્થાશ્રમ હતો.

શ્રીરામકૃષ્ણે સંન્યાસગ્રહણ કર્યું હતું, પરંતુ ગુરુ પાસેથી ભગવાં ન પહેરવાની રજા માગી લીધી હતી. સંસારત્યાગ કરીને વનમાં ચાલી જવાથી તો ઠીક, ગૃહત્યાગથી પણ એ દૂર રહ્યા હતા. 'તું નહીં નારી, હું નહીં કંથ', એમ, સંન્યાસી હોવાને નાતે એ પત્ની શારદાને કહી શક્યા હોત. પણ એમનો પંથ જુદો હતો. એમના દ્વારા જગતને જુદો જ ભવ્ય આદર્શ સાંપડવાનો હતો.

શારદાદેવી તદ્દન નિરક્ષર હતાં. પિયેરના ગામ જયરામવટીમાં નિશાળ જ ન હતી અને પાંચ વર્ષની વયે લગ્ન થઈ ગયાં હતાં. વળી, માતા શ્યામાસુંદરીનો હાથવાટકો બનીને એમને રહેવું પડતું હતું. એથી અવકાશ જ નહોતો. દક્ષિણેશ્વર આવ્યાં પછી જીવન જુદા જ પ્રકારનું હતું. પતિ રામનામના વહેવારિયા હતા, સંસારી વાસનાઓથી તદ્દન મુક્ત હતા અને માને પ્રાર્થના કરતા કે, 'મારાં પત્નીના મનમાં કામવાસના પ્રકટવા ન દેજે.'

તો સામે પક્ષે શારદાદેવી પણ ઓછાં ન હતાં જરીય. પતિએ પૂછ્યું : 'મારો માર્ગ ભક્તિનો છે. તમે તેમાં મને સહાય કરવા આવ્યાં છો કે સંસારમાં લઈ જવા?'

'તમારે માર્ગે જવામાં તમને સહાયરૂપ થવા હું આવી છું. તમને સંસારમાં ઘસડવા નહીં.' આ ઓગણીસ વર્ષનાં શારદાદેવીનો ઉત્તર હતો.

શાળેય શિક્ષણ, ધાર્મિક શિક્ષણ કે આધ્યાત્મિક શિક્ષણ, કોઈ પણ પ્રકારના શિક્ષણથી વંચિત, ઓગણીસ વર્ષનાં શારદાદેવીનો આ ઉત્તર એમની લોકોત્તરતાનો સ્પષ્ટ નિર્દેશ છે. કઈ સામાન્ય સ્ત્રી સંસારની આસક્તિથી, વાસનાના બંધનથી, ભોગની ઇચ્છાથી, પૈસાના મોહથી ઊંચે ઊઠી શકશે? શારદાદેવીમાં આ ત્યાગ સહજ હતો. એ લોકોત્તર વ્યક્તિ હતાં. એટલે તો, એમના દક્ષિણેશ્વર આવ્યાં પછી ત્રણેક મહિના બાદ શ્રી રામકૃષ્ણે એમની ષોડશી પૂજા કરી હતી. એ પૂજાના આરંભે, શ્રી રામકૃષ્ણે શારદાદેવીમાં મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતીરૂપિણી જગન્માતાનું આવાહન કર્યું હતું.

એ ષોડશીપૂજા કરવા પાછળ શી ભૂમિકા હશે? શ્રી રામકૃષ્ણને અંતરથી ખાતરી થઈ ગઈ હશે કે શારદાદેવી સામાન્ય નારી નહીં, પણ લોકોત્તર તત્ત્વ છે. શ્રી રામકૃષ્ણ પાસે એ ૧૮૭૨માં આવ્યાં ત્યારે એમને વર્ણમાળાના અક્ષરોનું જ્ઞાન ન હતું - એમણે એ પછીથી પ્રાપ્ત કર્યું હતું - પરંતુ 'બાવન અક્ષર બહાર'ના અક્ષરની એમને આરાધના હતી, તે દક્ષિણેશ્વર આવ્યાં પછી અનેકગણા વેગથી વધવા લાગી હતી. પુત્રીનો પનારો આવા વર સાથે પડ્યો હતો તેની પીડા શારદાદેવીનાં માતા શ્યામાસુંદરીને શૂળની માફક ભોંકાતી હતી અને લેખને આરંભે મૂકેલા શબ્દોમાં એમણે પોતાના હૃદયની એ વ્યથાને વ્યક્ત કરી હતી. એક જાતનો કકળાટ જ હતો એ. મોટા નિસાસા સાથેનો.

એમને શો ઉત્તર મળ્યો હતો?

'તમારી દીકરીને એટલાં બધાં લોકો 'મા' કહેશે કે એ સાંભળીને એમના કાન પાકી જશે.' શ્રી રામકૃષ્ણે ભવિષ્યવાણી ભાખી હતી.

*

શ્રી શારદાદેવીના જન્મની સાર્ધશતાબ્દીનું આ વર્ષ છે. તિથિ પ્રમાણે માગશર વદ સાતમ ને તારીખ પ્રમાણે ગઈ બાવીસમી ડિસેમ્બરે એમની ૧૫૦મી જન્મજયંતી ઉજવાઈ - અહીં દેશમાં

તેમજ વિદેશોમાં. એમણે વેઠેલી આર્થિક વિપત્તિની, પતિના અવસાન પછી, વૈધવ્ય ધારણ કરવાને બદલે, પતિના આદેશ અનુસાર એમણે લાલ કિનારની સાડી અને કંકણ પહેરવાનું ચાલુ રાખ્યું તેથી તત્કાલીન સમાજનાં કેટલાંક તત્ત્વોએ તેમની ઉપર છાણાં થાપ્યાં તેની, શ્રી રામકૃષ્ણ મઠના પૂરા અનિકેત, અહીંતહીં આથડાતા અને જેમતેમ પેટ ભરતા યુવાન સંન્યાસી પુત્રોને ઓટલો-રોટલો મળે તે માટે તેમણે કરેલી પ્રાર્થના અને તેના સ્વીકારની, શ્રી રામકૃષ્ણના એ સંન્યાસી શિષ્યો તથા, ગિરીશ ઘોષ, બળરામ બસુ, મહેન્દ્રનાથ ગુપ્ત જેવા ગૃહસ્થ શિષ્યોના એમની પ્રત્યેના આદરથી બંગભંગ પછીના સમયમાં કેટલાય ક્રાંતિકારોને એમણે પાંખમાં લીધા હતા તેની, સુધારાનું બણગું ફૂંક્યાં વગર કે કોઈ સભા બોલાવ્યાં-સંબોધ્યાં વગર, જ્ઞાતિબંધન તોડવાના, વિધવા માટેની રૂઢિ તોડવાના તથા એવાં જે ક્રાંતિકારી કદમો તેમણે ભર્યાં હતાં તેની, શ્રીરામકૃષ્ણ મઠમાં આવેલી કટોકટીને પ્રસંગે તેમણે ત્વરિત નિર્ણય આપી સંઘને માર્ગદર્શન આપ્યું તેની કે એવી બીજી કોઈ વાત અહીં નથી કરવી. દક્ષિણેશ્વર પાસેથી વહેતી ભાગીરથીના જેવી એ જીવનકથા નિર્મળ, શાન્ત અને પાવનકારી છે. ગંગોત્રીથી ગંગાસાગર સુધીની પોતાની પ્રલંબ યાત્રા દરમિયાન એ લોકમાતા જેમ અનેકોને પોષણ અને પ્રેરણા આપે છે, અનેકોને પાવન કરે છે અને અનેકોને પાર કરે છે તેમ, જગન્માતા શારદાદેવી પણ દેશ-વિદેશમાં, જ્ઞાતિધર્મના, નરનારીના અરે, જીવયોનિના પણ ભેદ વગર અનેક જીવોનો ઉદ્ધાર કરી રહ્યાં છે. ઊંચનીચના કોઈ ભેદ એમને નહોતા.

દક્ષિણેશ્વરમાં કાલીમંદિરને નદી તરફને ઉત્તર ખૂણે આવેલા શ્રી રામકૃષ્ણના ઓરડાની પાછળ આવેલા નોબતખાનામાં, પોતાનાં સાસુજી સાથે શારદામા રહેતાં હતાં. દરરોજ, રસોઈ કરીને, બપોરને સમયે શ્રી રામકૃષ્ણના ભોજનની થાળી લઈ શ્રી રામકૃષ્ણને ઓરડે એ જતાં. એક દિવસ એ રીતે એક હાથમાં થાળ ઝાલી એ નોબતખાનામાંથી જરાક આગળ વધે ત્યાં મંદિરમાં કામ કરતી એક દાસી આવી અને બોલી : 'લાવો મા, ઠાકુરનું ભોજન હું લઈ જઉં', અને બોલતાની સાથે એણે શારદાદેવીના હાથ પરની થાળી સેરવી લીધી અને ઝડપથી ચાલી એ શ્રી રામકૃષ્ણને ઓરડે પહોંચી જઈ બોલી : 'લો, ઠાકુર, આ તમારું ભોજન.' અને, જે વંટોળિયા વેગે એ આવી હતી તે જ વેગે એ ઓરડાને આગળને દરવાજેથી મંદિરના પરિસરમાં પ્રવેશી.

એની તુલનાએ ધીમાં ચાલતાં શારદાદેવી ઓરડામાં પ્રવેશ્યાં તો, શ્રી રામકૃષ્ણે જમવાનું શરૂ કર્યું ન હતું. એમના ચહેરા ઉપર કંઈ કચવાટ પણ હતો.

'તમે જાણો છે કે હું જેનાતેના હાથનું અડેલું ખાઈ શકતો નથી છતાં, તમે એ બાઈની સાથે થાળી શા માટે મોકલાવી? એનું



મા શારદામણિદેવી • ભગિની નિવેદિતા

ચારિત્ર્ય હલકું છે એ તમે નથી જાણતાં શું?' રીસ અને રોષપૂર્વક શ્રી રામકૃષ્ણ બોલી ઊઠ્યા.

'મેં એની સાથે મોકલાવી ન હતી. 'લાવો મા, હું થાળી લઈ જઉં.' બોલી એણે મારા હાથમાંથી થાળી ઝૂંટવી લીધી હતી. અને 'મા' કહે તેના મેલ મને દેખાતા નથી. છોકરાઓના મેલ ધોવા એ જ તો માનું કામ છે. તે તમે જેમ મારા પણ છો એમ સૌના છો.' શારદાદેવીનું માતૃત્વ મુખરિત થઈ ઊઠ્યું. કેવી તો સચોટ પણ વિનમ્રપણે કરાયેલી આ દલીલ હતી? 'સૌના પ્રભુ' એવા શ્રી રામકૃષ્ણ તરત માની ગયા અને આનંદપૂર્વક જમવા બેસી ગયા. આ ઘટના બની ત્યારે શારદાદેવી પૂરાં પચ્ચીસનાં માંડ હશે. દાસી જરૂર એમના કરતાં વયમાં મોટી હશે.

પરંતુ શારદાદેવીનું માતૃત્વ વયથી મર્યાદિત ન હતું. શ્રી રામકૃષ્ણના એક શિષ્ય અદ્વૈતાનંદ (પૂર્વાશ્રમના ગોપાલદાસ) શ્રી રામકૃષ્ણથીયે વયમાં મોટા હતા. શારદામા એમનાં પણ 'મા' હતાં અને તત્કાલીન રિવાજ અનુસાર નિત્ય લજ્જામયવૃત્ત રહેનાર શારદાદેવી એમની સાથે મુક્તપણે વ્યવહાર કરતાં. 'શ્રી રામકૃષ્ણ કથામૃત'ના લેખક મહેન્દ્રનાથ ગુપ્ત, પ્રખ્યાત નાટકકાર ગિરીશ-ચન્દ્ર ઘોષ, શ્રી રામકૃષ્ણના પરમ ભક્ત શ્રી બળરામ બસુ, શ્રી રામચંદ્ર દત્ત, શ્રી સુરેન્દ્ર મિત્ર વગેરે શારદાદેવીના સમવયસ્કો હતા કે વયમાં થોડા નાના-મોટા હતા. અને એ સૌ સાથે નિકટનો નાતો હતો, માનો નાતો હતો છતાં, શારદાદેવી ઘૂમટે જ રહેતાં.

એ ઘૂમટો કોઈ વાર ખૂલી પણ જતો. શ્રીયુત દુર્ગાચરણ નાગ - નાગ મહાશય - ઠાકુરના અને માના અનન્ય ભક્ત હતા. એક વાર અગિયારસને દહાડે, ફળાહારને સમયે જ માને દ્વારે આવી ચડ્યા અને, ભક્તિનો કેફ ચડ્યો હોય એવી આંખો, રોમેરોમ ભક્તિ-ભાવથી નીતરતું, આસપાસના જગતના ભાન વિનાના અને, મુખેથી અવિરત 'મા', 'મા' રટતા નાગ મહાશય માને દ્વારે આવી ચઢ્યા. દરવાજો બંધ હતો. દેવને નાળિયેર

વધેરતા હોય એમ નાગ મહાશય પગથિયે પોતાનું મસ્તક પછાડવા લાગ્યા. માની સાથમાં રહેતી બહેને દરવાજો ખોલી નાગ મહાશયને કહ્યું, 'મા તમારા પ્રણામ સ્વીકારે છે' અને દરવાજો પાછો વાસી દીધો. પણ નાગ મહાશય કંઈ પ્રણામ કરવા આવ્યા હતા ? એમની રટણા ચાલુ રહી, એમનું મસ્તક પછાડવાનું ચાલુ રહ્યું. શિશ સમર્પ્યા વિના કંઈ રસ પીવા મળે?

આખરે માના મંદિરનાં દ્વાર ઊઘડ્યાં. વિવશ નાગ મહાશય અંદર દાખલ થયા. એ જ નામરટણા. અવિરત. આંખો ઉઘાડી છે પણ, જાણે કે કશું જ જોતી નથી. બહારના સંસારનું અસ્તિત્વ જ નથી.

માએ એમને બેસવા પાટલો આપ્યો અને એમની થાળી પીરસી કહ્યું, 'પ્રસાદ લો.'

પણ કોણ પ્રસાદ લે? ને એ પ્રસાદેય હતો ખરો?

આખરે માએ પોતાના મુખમાં એમાંથી કોળિયો ભર્યો તે પછી, અનવગુંઠિત થઈ જાતે, નાના બાળકને માતા ખવરાવે એ રીતે, નાગ મહાશયના મુખમાં ફળાહારના પદાર્થો એક પછી એક મા મૂકવા લાગ્યાં. સૂરત બદલાઈ ગઈ, નાગમહાશયની. પોતે માનું વાત્સલ્ય પામવા ભાગ્યશાળી શિશુ બની ગયા હતા. આ હતું શારદામાનું સાચું સ્વરૂપ - માતૃસ્વરૂપ. પૂરું વિશુદ્ધ, પૂરું પાવનકારી.

ઈ.સ. ૧૮૯૩માં સ્વામી વિવેકાનંદ અમેરિકા જવાના હતા. ભક્તોએ એ માટે એક વાર ફાળો કર્યો તો, 'મને જવાનો આદેશ મળ્યો નથી. એ પૈસા દાનમાં આપી દો.' એમ સ્વામીજીએ કહ્યું હતું. પછી, એક કરતાં વધારે વાર, ગુરુ રામકૃષ્ણ દરિયા પર ચાલતા અને પોતાની પાછળ સ્વામીજીને આવવાનું કહેતા સ્વામીજીને દેખાયા હતા. સ્વામીજીને એ પણ પૂરું સ્વીકાર્ય ન હતું. એ દર્શન ભ્રમણા હોઈ શકે? હવે? ગુરુ સાક્ષાત્ નથી પણ ગુરુસ્વરૂપિણી ગુરુપત્ની, શારદામા તો હતાં ને? પોતે ત્રણચાર વર્ષ પહેલાં પરિભ્રમણે નીકળતી વખતે શારદામાને પ્રણમવા ગયા હતા ત્યારે, સ્વામીજી બોલ્યા હતા : 'મા, હું વિજય પ્રાપ્ત કર્યા વિના પાછો નહીં આવું. આ દેહ ભલે પડી જાય.' એટલે, અમેરિકા જતાં પહેલાં સ્વામીજીએ માની આજ્ઞા માગી. વળતી ટપાલે જ માએ કોઈની પાસે લખાવેલો પત્ર આવ્યો : 'નરેન, તું વિદેશગમન કર જ. તને મારા શુભાશિષ છે.' સ્વામીજી અમેરિકામાં વિજય પ્રાપ્ત કરવાના છે એ બાબતે શું માને આર્ષદર્શન થયું હશે? કોણ જાણે, પણ સ્વામી વિવેકાનન્દ પણ માની આણમાં રહેતા તેનું આ ઉજ્જ્વળ દૃષ્ટાંત છે. અહીં એક બીજી વાતનો ઉલ્લેખ પણ કરી લઈએ. પરિભ્રમણે નીકળતાં પહેલાં સ્વામીજી શારદામાની આજ્ઞા લેવા ગયા હતા ત્યારે શારદામાએ પૂછ્યું, 'નરેન, તારાં મા પાસે તું જઈ આવ્યો?' નરેનનાં મા જનેતા, ભુવનેશ્વરીદેવીનો ઉલ્લેખ હતો. 'મા, તમે જ મારાં મા છો, બીજે ક્યાંય જવાની જરૂર જ નથી.' આ નરેન્દ્રનાથનો, સ્વામી વિવેકાનન્દનો ઉત્તર હતો.

અમેરિકા જઈ, શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં દિગ્વિજય કરી, જગવિખ્યાત બની, ૧૮૯૭માં વિવેકાનન્દ પાછા આવ્યા અને પછી, એમની વિદેશી શિષ્યાઓ ભગિની નિવેદિતા, કુમારી મેકલેઓડ, શ્રીમતી ઓલે બુલ, સિસ્ટર ક્રિસ્ટીન વગેરે ભારત આવ્યાં. રૂઢિગત સ્પૃશ્યાસ્પૃશ્યની, જ્ઞાતિવાદની, બાર ભૈયા ને તેર ચોકાની પરંપરામાં ઉછરેલાં શારદાદેવીએ એ સૌની સાથે એમની ઢબે, હસ્તધુનન કર્યું. પછી દરેકની હડપચીએ અને ગાલે પ્રેમાળ સ્પર્શ કર્યો, પોતાની સામે એમનાં ભોજન રાખ્યાં અને એમની સાથે એક પંગતે જમ્યાં. 'રૂઢિબંધન તોડું છું'-નો ઢોલ પીટ્યાં વિના શારદામાએ બધાં બંધનોનો વિચ્છેદ કર્યો. દેશ, કુટુંબ અને ઘર છોડી આવેલાં સૌ વિદેશીઓનાં એ મા બન્યાં. નિવેદિતાએ મા સાથે પત્રવ્યવહાર પણ ચલાવ્યો હતો. નિવેદિતાનો અનેક પત્રોમાં શારદામા માટેનો પૂજ્યભાવ જોવા મળે છે. મા વિશે વત્સલ આદર દાખવતાં ભગિની નિવેદિતા થાકતાં જ નથી.

જયરામવટીમાં બાપીકા ઘરમાં માના મોટા સંસારનો સમાવેશ થઈ શકે તેમ નહીં હોઈ, મા માટે બીજું ઘર બંધાતું હતું. ઘર બાંધવા માટે આવતા કડિયા, દાડિયા, મજૂરો કંઈ થોડા બ્રાહ્મણ હોય? એ બધાં 'નીચ' જ્ઞાતિઓનાં, કાટિયા વરણનાં. એમાં વળી એક મુસલમાન પણ આવતો. અમજાદ એનું નામ. અને એને જ્યારે આવી મજૂરી ન મળતી હોય ત્યારે, પોતાના પેટનો અને કુટુંબીઓનાં પેટનો ખાડો પૂરવા માટે એ ચોરી, ધાડ પણ કરતો. બધાં એનાથી આઘાં રહે. પણ આ ઘર હતું 'મા'નું, શારદામાનું. ત્યાંનો રિવાજ જ જુદો. બપોરે કામ બંધ રહે અને રોટલો ખાવાટાણું થાય ત્યારે એ કોઈ કારીગર પોતાને ઘેર ન જાય કે, પોતાની ગાંઠડી છોડી તેમાંથી રોટલો કાઢી ખાવા ન બેસે. દરેકને ત્યાં પેટપૂર જમવાનું મળે. માની ભત્રીજી નલિની અતિ વ્યવહાર-ચુસ્ત બ્રાહ્મણ કન્યા હતી. જમનારની પત્રાવળીથી આઘે ઊભી રહી એ રોટલીના ઘા કરતી.

'કેમ પીરસાય, નલિની?' માએ લાલ આંખ કાઢી. 'લાવ, મારા દીકરાઓને હું પીરસીશ.' આમ કહી દરેકની પાસે, અમજાદની પણ પાસે, જઈ, પ્રેમથી મા પીરસવા લાગ્યાં અને પ્રેમથી સૌને આગ્રહ કરી ખવરાવવા લાગ્યાં. એ મજૂરો એમના દીકરા હતા. અને, એ સૌના જમ્યા પછી, એમની એઠી પત્રાળી ઉપાડવાનું કૃષ્ણકર્મ પણ માએ કર્યું. એ સૌ માના દીકરાઓ હતા ને?

ઘરની બિલાડી રસોડામાં ઘૂસી જતી, રોટલી ખાઈ જતી, દૂધ પી જતી અને બીજા કાઈને નજરે ચડી તો આ બધા

ખાદ્યપદાર્થોની સાથે માર પણ ખાતી. પણ શારદામા એને કદી હડધૂત ન કરતાં. જીવમાત્રનાં એ મા હતાં. જગજ્જનની હતાં એ.

ગિરીશ ઘોષ જયરામવાટી આવ્યા, લાવલશ્કર સાથે પામતા પહોંચતા શહેરી જીવ. એમની જરૂરિયાતની અથથી ઇતિ જણસો, દુકાન વગરના એ ગામડામાં શારદામાએ સંઘરી રાખી. એને ટાણે ટાણે ચા-નાસ્તો વગેરે મળવા લાગ્યાં. પોતાના લાડકા પુત્રનું ધ્યાન, નાના બાળકનું ધ્યાન માતા રાખે એ રીતે, શારદામા રાખવા લાગ્યાં. ગિરીશની પથારીનો ઓછાડ અને ઓશિકાનો ગલેફ પણ રોજ રોજ ધોવાય. ગિરીશને એનું આશ્ચર્ય થયું. પણ વધારે અચરજ તો ત્યારે થયું જ્યારે એમને ખબર પડી કે ખુદ શારદામા જાતે જ એ ધોતાં હતાં.

એક દિવસે ગિરીશની સાથે મા લાજ કાઢ્યાં વગર ઊભાં હતાં. ગિરીશ આભા થઈ ગયા! કોણ છે આ? સ્વપ્નમાં દેખાયેલાં તે જ મા. 'મા, તમે કોણ છો?' એનાથી પૂછ્યા વિના નહીં રહી શકાયું.

'તારી મા છું', એને અપેક્ષિત ઉત્તર આપ્યો.

'સાચ્ચાં મા?'

'હા, ગિરીશ, સાચ્ચી માં', ગિરીશને મા સાંપડતાં એ માને ચરણે લેટી પડ્યા.

એ જ ગિરીશે નવરાત્રિમાં પૂજા-ઉત્સવ ઊજવવાનું નક્કી કર્યું અને પત્ર લખી, કોઈને તેડવા મોકલી, શારદામાને જયરામવાટીથી કલકત્તે બોલાવ્યાં. મા પ્રેમથી આવ્યાં અને, ગિરીશના ઘરની પાછળ આવેલા બલરામ બસુને ઘેર ઊતર્યાં. પાછળની ગલીમાં પડતા ગિરીશના ઘરના પાછલા દરવાજાનો મા ઉપયોગ કરે. દુર્ગામાની પૂજાનો પાવનકારી પ્રસંગ અને જગજ્જનની જેવાં સાક્ષાત્ શારદામા, પોતાની 'સાચ્ચી માં' એ પવિત્ર પ્રસંગે વધારે એથી મોટો આનંદ બીજો શો હોય?

દુર્ભાગ્યે એક વિઘ્ન આવ્યું. બીડું હોમવાનો દિવસ આવ્યો અને શારદામા પડી ગયાં બીમાર. એ નહીં આવી શકે તે જાણી ગિરીશનો જાણે કે જીવ ઊડી ગયો. કોઈ કામમાં એનું ચિત્ત લાગે નહીં. જેનેતેને વડચકાં ભરે, પૂતળાની જેમ કામ કરે. બધો વિધિ તો એ કરે પણ, યંત્રવત્. એને લાગ્યું. 'મા, દુર્ગા મારાથી રિસાઈ ગયાં છે! બીડું હોમવાની તૈયારી થઈ. દુર્ગા સપ્તશતીનો પાઠ થવા લાગ્યો. પુરોહિત એક પછી એક શ્લોક બોલવા લાગ્યા. પોતાને આસને ગિરીશ ઊભા છે. બે હાથે સરવો પકડ્યો છે. સરવામાં હોમવાનું નાળિયેર, તલ, જવ, ઘી વગેરે સામગ્રી છે. મહિષાસુરના વધવાળો અધ્યાય બોલાઈ રહ્યો છે. શ્લોકો આગળ વધતા જાય છે તેમ પુરોહિતનો સ્વર ઊંચો થતો જાય છે. પણ, યજમાન ગિરીશનું હૈયું સાવ બેસી ગયું છે. કારણ? સામેની મૂર્તિ ભલે રહી, પ્રત્યક્ષ જગદંબાસ્વરૂપિણી શારદાદેવી નથી! પુરોહિત શ્લોકો બોલે છે, દેવીની ઉક્તિ છે : 'ગર્જ ગર્જ ક્ષણં મૂઢ મધુ યાવત્ પિબામ્યહં!' ઊંચે સ્વરે અને ધીમા લહેકાથી આ શ્લોકનો આરંભ થયો અને ગિરીશના ઘરની પાછલી ડેલીનું બારણું ઉઘાડી શારદામાએ પોકાર કર્યો : 'ગિરીશ, હું આવી છું.'

સાક્ષાત્ દુર્ગા જ આવ્યાં છે એમ ગિરીશને લાગ્યું. એને બત્રીસેય કોઠે દીવા પ્રકટ્યા, સામેની મૂર્તિ જાણે ચેતનવંતી બની લાગી. અડખે-પડખે બળતી દીવીઓની જ્યોત એને જ્યોતિર્મય લાગી. મા સાક્ષાત્ આંગણે આવ્યાં હતાં.

પદ્મવિનોદ એક નાટકિયો હતો. અભિનેતા હતો. મોડી રાતે નાટકમાંથી છૂટે પછી બેત્રણ પ્યાલી ગટગટાવે અને ચકચૂર બની નાટકનાં ગીતો ગાતો, શેરીઓ ગજાવતો નીકળી. 'ઉદ્‌બોધન' કાર્યાલય પર શારદામાનો નિવાસ. ત્યાં આગળ આવે ત્યારે અચૂક માને પ્રાર્થે, પોકારે. માનું ધ્યાન રાખનાર સ્વામી શારદાનંદ એને તરત ત્યાંથી કાઢી મૂકે. એટલા માટે કે મોડી રાતે માને ખલેલ ન થાય. એક રાતે એ પ્રમાણે ત્યાં આવી પદ્મવિનોદ પોકાર કરવા લાગ્યો : 'મા, એક વાર દર્શન દેવાની કૃપા કરો. એક જ વાર, મા!' અને, નીચેથી સ્વામી શારદાનંદ એની પાસે જઈ એને હડસેલી મૂકે તેની પહેલાં, ઝરૂખાનું બારણું ખોલી, મા ઝરૂખામાં આવ્યાં. પદ્મવિનોદનું જીવન સાર્થક થઈ ગયું! એ ત્યાં રસ્તે સૂઈ માને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યો, ધૂળમાં આળોટવા લાગ્યો અને બોલવા લાગ્યો : 'મા, તમે કેવી કૃપા કરી! મારું જીવવું સાર્થક થઈ ગયું.'

માની કૃપા દીક્ષા દેવામાં પણ વરસતી. પહેલી સંન્યાસદીક્ષા એમણે સને ૧૮૮૬ના અંતમાં, વૃંદાવનમાં સ્વામી યોગાનંદને આપી હતી. દસ વર્ષના બાળકને પણ એમણે મંત્રદીક્ષા આપી હતી અને રેલવે સ્ટેશન પરના સામાન ઉપાડનાર બિહારી મજૂરને પણ, ત્યાં પ્લૅટફૉર્મ ઉપર જ એમણે મંત્રદીક્ષા આપી હતી. ફિલ્મજગત સાથે સંકળાયેલ સોહરાબ મોદી પણ માના અંતિમ દિવસોમાં મંત્રદીક્ષાનું સૌભાગ્ય પામ્યા હતા.

અહેતુક કૃપાસિંધુ હતાં મા શારદાદેવી. શરણાગતો પર દીનાર્ત પર કૃપા વરસાવવામાં શારદામાએ કશો સંકોચ રાખ્યો ન હતો. પોતાની તબિયતની પણ ચિંતા કરી ન હતી. જગતના બધા ભેદોને તોડી નાખ્યા હતા.

'મા, તમે ઠાકુર પ્રત્યે ક્યા ભાવે જોતાં?' આ પ્રશ્નનો ઉત્તર આશ્ચર્યચકિત કરી દે તેવો એમણે આપ્યો હતો : 'સંતાનભાવે.'

શારદામાને, જગજ્જનનીને ચરણે પ્રણામ! ❐

સરકસ

ધીરેન્દ્ર મહેતા

ઉમા ભાખરી વણતી હતી એટલે આ તરફ એની પીઠ હતી. આ તરફ એટલે રસોડામાં એક બાજુ વચ્ચોવચ મુકાયેલા ડાઈનિંગ ટેબલ પર જમવા બેઠેલા કાકા તરફ. એ ખૂબ ઝડપથી ભાખરી વણી રહી છે એવો ખયાલ કોણી આગળથી વળેલા એના હાથ, ખભા અને પીઠ જે જોરજોરથી હલી રહ્યાં હતાં એ પરથી આવતો હતો.

કાકી ભાખરી શેકી રહ્યાં હતાં, એમણે કાકાની થાળીનું પણ ધ્યાન રાખવાનું હતું એટલે એ એવી રીતે આડાં ઊભાં રહ્યાં હતાં કે એ બન્ને કામ થઈ શકે.

કાકાના જમવામાં પણ ઉતાવળ દેખાતી હતી. કારણ કે બહાર બધાં આવી ગયાં હતાં. બધાં આવવાનાં જ હતાં, એ નક્કી જ હતું એટલે બહાર બારણું ખુલ્લું જ રાખ્યું હતું. બધાં ફટાફટ અંદર આવી ગયાં અને ગોઠવાઈ ગયાં. હમણાં હમણાં - એટલે કે આ અઠવાડિયામાં ત્રણ-ચાર વખત આવું થયું હતું, જાણે કે ક્રમ થઈ ગયો હતો એટલે આ ત્રણમાંથી કોઈને આવકાર અર્થે ડોકિયું કરવા તત્કાલ રસોડાની બહાર નીકળવાની જરૂર જણાઈ નહિ.

ઉમાના મગજમાં અત્યારે આ બધું આવ્યું. છેલ્લા કેટલાક વખતથી એ આમ બનતું જોતી આવી છે, રાતે બધાં સાથે આવે ને દિવસ દરમિયાન જ્યારે જરાક ફુરસદ મળે ત્યારે એકલાં કે બે-ત્રણના જૂથમાં, કાકા ન હોય તો કાકી પાસે ગુસપુસ ગુસપુસ. ઉમા જોતી હતી પરંતુ એના મનમાં એ વિશે લગારે કુતૂહલ જાગતું નહોતું કેમ કે એને બધી વાતની ખબર હતી.

પરંતુ એનો કોઈ અર્થ એવો નહિ કે આ આખીય બાબત અંગે એના મનમાં કાંઈ કુતૂહલ જ નહોતું. એને કુતૂહલ એ વાતનું હતું કે આ - આવા બધાં આમ જુઓ તો ન કાંઈ લાગે, ન કાં વળગે ને સરકસમાં જોતરાયાં હોય એમ—

અત્યારે પણ ઉમાને એવી જ કલ્પના થઈ આવી અને સ્મિતની એક કણી એના હોઠને ખૂણે ઊપસી અને ખરી પડી. આવી હસવા જેવી કલ્પના તો અડધી ઘડી પૂરતી જ, પછી તો હૈયે ફફડાટ જ.

ચકલા પર મૂકેલા લૂવા ઉપર વેલણ આમતેમ આમતેમ જોરજોરથી ફરતું હતું. રોટલીનો આકાર વિસ્તરતો જતો હતો. ઉમા વેલણ ફેરવ્યા જ કરતી હતી. કાકીએ એની સામે જોયું, એ તરફ ઉમાનું ધ્યાન ગયું. એને ખયાલ આવ્યો કે તાવડી ખાલી હતી અને કાકી રોટલી વણાઈ જવાની રાહ જોઈ રહ્યાં હતાં. ચકલા પરની રોટલી એણે પોતે જ તાવડીમાં મૂકી દીધી.

એની ઝડપ ઓછી થઈ ગઈ હતી? ઉમાને પ્રશ્ન થયો અને સાથે એમ પણ થયું કે બેઠકખંડમાં થતી વાતોમાં ક્યાંક ઓચિંતુ એનું ચિત્ત ફસાઈ ગયું હતું—

'મનુભાઈને દત્તક લેવો હોત તો છોકરોય ન મળત એવું નહોતું કંઈ! પણ એમણે...'

'અને દત્તક છોકરો હોત તો એમને અત્યારે કેટલી નિરાંત હોત!'

'—અને તો આપણે આમ ભેગાં પણ ન થયાં હોત!'

કોઈક વચ્ચે બોલ્યું, અને બધાં ખડખડાટ હસ્યાં. કોણ બોલ્યું એ ખબર ના પડી, કેમ કે ઉમા સરકસના આ બધા ખેલાડીઓને એમના અવાજ પરથી ઓળખતી નહોતી કેમ કે આ બધાંને એટલી બધી વાર એ મળી નહોતી કેમ કે એમાંનાં કેટલાંક તો એનાં શું સગાં થતાં હતાં એની પણ એને ખબર નહોતી અને જે અટ્ટહાસ્ય સંભળાયું એમાં તો એ દરેકનું હસવું ભળ્યું હતું.

'પણ છોડીય પૂરી હુશિયાર, કેટલું ભણી! એ ભણી છે એવું અહીંયાં તો ભણાતુંય નથી.'

'શું ભણી છે?'

'એમ.બી.એ. થઈ છે.'

'એટલે? એમાં શું કરવાનું?'

'નોકરી. કોઈ મોટી કમ્પનીમાં.'

'એટલે સાસરી ભેગી એવી કમ્પનીય ગોતવાનીને?'

'અને પાછું એનું શે'ર—એવી કમ્પનીવાળું.'

'એનો અરથ કાંઈ નહિ. દળીદળીને ઢાંકણીમાં.'

'એ જ વાત છે ને ત્યારે, મંગળભાઈને ત્યાંથી તો ચોખ્ખું કહ્યું કે ગમે તેટલું ઊંચું હોય, આ ભણતર અમારે શા કામનું, બી.એડ્. કે પી.ટી.સી. હોત તો વાત જુદી હતી.'

બોલનાર આટલાં બધાં જણ હતાં, એમાં ક્યો અવાજ કોનો છે એની ખબર પડતી નહોતી અને બીજી વાત એ કે એ જાણીનેય શું કરવાનું? એથી શો ફરક પડવાનો હતો, ઉમા તે બધાંને ઓળખતીય ક્યાં હતી? એણે એવો પ્રયત્ન પણ છોડી દીધો અને વણાઈ રહેલી રોટલી તાવડીમાં નાખી.

'મનુભાઈનો એ બાબત ક્યાં કંઈ આગ્રહ છે? ઘર ખાધેપીધે સુખી હોય એટલે બસ. છોકરી એમને ઘરે હશે એ વખતેય કંઈ એ એની નોકરી સારું ફરતા ફરવાના છે? આ તો એને એમ ન થાય કે મને ભણવા ન દીધી એટલે કીધું કે તારે જે ભણવું હોય તે

ભણ અને ઓછું ન આવે એટલે બે વરસ બહાર પણ ભણવા મોકલી, બીજું શું?'

'હા રે હા, અને પાછી દત્તક લીધી હોય એટલે પાછું ખાસ વિચારવું પડે.'

ઉમાએ કાકાની થાળી સામે જોયું, એ ક્યારે જમી લે અને મહેમાનો પાસે બહાર જાય. એ હવે કંઈક ઉતાવળે કોળિયા ભરી રહ્યા છે એમ એને દેખાયું. પછી એણે કાકી સામે પણ જોયું, પોતે સાંભળી રહી છે એ બધું એમને નહિ સંભળાતું હોય? એ તો જાણે બહાર જાનૈયાં આવીને બેઠા હોય... અરે, હમણાં બૂમ સંભળાશે, કન્યા પધરાવો સાવધાન!

જે વાત અરુચિ જન્માવી રહી હતી એની કલ્પનાથી પણ ઉમાને હસવું આવી ગયું.

કાકાને પીરસવાની રોટલી પૂરી થઈ ગઈ હતી. કાકીએ થાળીમાંથી એક લૂવો ઉપાડીને અટામણમાં ફેરવ્યો. પછી એને બે હાથની હથેળી વચ્ચે દાબતાં દાબતાં એમણે ચકલો-વેલણ પોતાની નજીક ખેંચ્યાં અને હાથ વડે ઈશારો કરીને ઉમાને એમણે પાણીના પ્યાલા સાથે રસોડામાંથી બહાર ધકેલી.

ટ્રેમાં પાણીના પ્યાલા ગોઠવીને ઉમા બહાર ગઈ તો મોરચો જ મંડાયો હોય એમ એને લાગ્યું. એના જવાની સાથે કોલાહલ શમી ગયો, જાણે સહસા ચૂપકીદી સધાઈ ગઈ. બેઠાં હતાં એ બધાં સહેજ આડાંઅવળાં થઈને ટટ્ટાર થઈ ગયાં. એમાંનાં કેટલાંકને એમ પણ લાગ્યું હશે કે જેને વિશે ચર્ચા-વિચારણા કરવા આવ્યાં છીએ તે જ આ? મીટ માંડીને જોઈ તો કેમ શકાય પણ કુતૂહલ ઝાલ્યું રહેતું ન હોય એમ લાગ્યું. તો શું કરવું, એની મૂંઝવણે કદાચ એમને ઘેરી લીધા હતા.

પોતાના જ ઘરમાં ઉમાને અજાણ્યું-અજાણ્યું લાગ્યું. પ્યાલા ગોઠવેલી ટ્રે સેન્ટ્રલ ટિપાઈ પર મૂકી દઈને એ પાછી રસોડામાં જતી રહી - એક કામ પૂરું થયાની હાશ સાથે. એ જ વખતે પાછો એવો વિચાર પણ એને આવ્યો કે હજી ચા-નાસ્તો લઈને કદાચ જવાનું હશે. વળી પાછું થયું, આ ટાઈમે તો જમીકરીને નહિ આવ્યા હોય? પણ આ ધારણાથી કંઈ એણે હળવાશ અનુભવી નહિ, ઊલટી છેડાઈ પડી, જે હશે તે.

કાકીએ ઉમાની સામે જોઈને માર્મિક સ્મિત કર્યું એથી એને નવાઈ લાગી.

કાકા બહાર પહોંચી ગયા હતા અને કાકીએ થાળીઓ પીરસી રાખી હતી તે બે જણે લૂસલૂસ ખાવા માંડ્યું. આમ તો જો કે, દરરોજ આમ જ થતું હતું. કાકાને પહેલાં જમાડી લેવાતા હતા. એકેએક વસ્તુનું બરોબર ધ્યાન રાખવાનું હોય. થાળી બરોબર પીરસાયેલી હો, બધી વસ્તુ બરોબર હાજર – પાણીનો ગ્લાસ, નૅપ્કિન. કાકાની હાથપગમાં કોઈ અજબ ગતિ હોય. એમની નજર પણ ઘડીક કાકાની થાળીમાં તો ઘડીક કાકાના ચહેરા સામે. થાળીમાં પીરસાયેલી વાનગીઓનો એક રાઉંડ પૂરો થાય ત્યાં સુધી કાકી એક પ્રકારની તાણ અનુભવતાં હોય, પછી કંઈક હળવાશ. પછી પણ ગરમ ગરમ રોટલી... ઉમા વણે ને કાકી શેકે. તાવડી પરથી સીધી થાળીમાં. બીજી વસ્તુઓ પણ જોતા રહેવાની.

જમાઈ ગયું. કાકી હાથ-મોં ધોઈને નૅપ્કિનથી લૂછતાં લૂછતાં બહાર નીકળ્યાં. ઉમાએ ડાઈનિંગ ટેબલ અને પ્લૅટફૉર્મ સાફ કર્યાં. પછી બધું સમુંતમું કરવા લાગી. એ કરી રહી એટલી વારમાં એ પાછાં રસોડામાં આવ્યાં. ઉમાએ જોયું કે એ ઉમંગમાં ને ઉમંગમાં ઊડવા લાગ્યાં છે.

'ઉમા, એ બધાં હમણાં જ જમીપરવારીને આવ્યા છે એટલે કશું લેશે નહિ. હું થોડી વાર પછી લીંબુપાણી બનાવીશ... એ તો હું પતાવીશ, તું તારે—'

ઉત્સાહને કારણે એમનો અવાજ ભરાઈ આવ્યો હતો, એથી અને એ તરત પાછાં વળી ગયાં હતાં એટલે છેલ્લે એમણે શું કહ્યું તે ઉમા સમજી શકી નહિ. એ માટે એણે પ્રયત્ન પણ કર્યો નહિ કેમ કે એનું મગજ એ વખતે એ સમજવાની ગડમથલમાં પડ્યું હતું કે, 'એ બધાં' એટલે કોણ? એને એમ પણ થયું કે ઓચિંતો આ સરકસનો ખેલ કેમ શરૂ થઈ ગયો?

ઉમા ઊભી થઈ અને મંદ ગતિએ રસોડાની બહાર નીકળી, પરંતુ બીજે બારણેથી. એને વિચાર આવ્યો કે કાકીએ કદાચ એને આ જ સૂચવ્યું હોય, એ બધાંની વાતો સાંભળીને એણે શું કરવું છે? કદાચ એ ન સાંભળે તો ઠીક, એમ પણ હોય.

ઉમા પોતાના ઓરડામાં ગઈ. પહેલાં કંઈ એ એનો ઓરડો નહોતો, મૂળ જગાએ ન સમાતી વસ્તુઓ કે જેનું ઠેકાણું નક્કી ન થઈ શક્યું હોય એનું રાચરચીલું એમાં પડ્યું રહેતું હતું, પરંતુ પછી ધીમેધીમે એ ઉમાનો ઓરડો બનતો ગયો હતો... એ લેસન કરવા માટે અહીં બેસતી. પછી તૈયાર થવા માટે એણે એનો ઉપયોગ કરવા માંડ્યો હતો. બહેનપણીઓ આવતી ત્યારે પણ અહીં વાતો કરવી ઠીક પડતી, બપોરે કે એવા કોઈ સમયે આરામ કરવા માટે પણ એ આ ઓરડામાં આવતી. સમય જતાં રાતે પણ એ અહીં સૂવા લાગી... ઉમાની સાથે સાથે એની ચીજવસ્તુઓ પણ આ ઓરડામાં આવતી ગઈ અને ગોઠવાતી ગઈ. અગાઉની વસ્તુઓએ એને જગા કરી આપવા માંડી. પછી તો ઓરડાની આખી ગોઠવણી ફરી ગઈ. એ ઓળખાવા લાગ્યો પણ ઉમાના

ઓરડા તરીકે.

પરંતુ અત્યારે ઉમાને પણ એવું ન લાગ્યું. ઓરડામાં દાખલ થઈને એ દરવાજા પાસે જ પલંગ પર બેસી ગઈ. અજાણી આંખે એ ઓરડાની દરેક વસ્તુને જોવા લાગી. એકેએક વસ્તુ એને નિર્જીવ લાગી. એને થયું, આ બધી વસ્તુઓની જેમ જ એ પણ અહીં આવી જ ગઈ હતી. એને લાવવામાં આવી છે, મૂળ એ અહીં હતી નહિ.

પોતે કાકાની દત્તક પુત્રી છે એ વાતથી એ અજાણ નહોતી; કહેતી પણ હતી કાકા, મનમાં ભાવ ભલે પિતાનો હતો.

પિતા—

પલંગના અઠીંગણ પર બન્ને હાથ ટેકવીને ઉમા બેઠી હતી. હવે એણે એના પર માથું પણ ઢાળી દીધું. એ સાથે એની આંખો નમી ગઈ અને ખાલી પણ થઈ ગઈ.

એણે એના પિતા વિશે વિચારવા માંડ્યું. કશું યાદ આવતું નહોતું. પ્રયત્ન કરવાથી એક છબી સામે આવતી હતી. ધોતિયું, ઝભ્ભો, બંડી-ટોપી. સાંભળ્યું હતું તે પ્રમાણે જંગબારમાં એમનો મોટો વેપાર હતો. દેશમાં આવવાનું ખાસ બનતું નહિ. છેલ્લે કોઈ સામાજિક પ્રસંગે આવ્યા હશે ત્યારે જોયા હતા, કાકાએ જ કહ્યું હતું, જો, આ દાદા. એ જોઈ રહી હતી. કાકા કરતા સાવ જુદા લાગતા હતા—દેખાવમાં, પહેરવેશમાં... અને કદાચ બોલવા-ચાલવામાં પણ. મહેમાનની જેમ મંડપમાં બેસીને કોઈકની સાથે વાતોએ વળગ્યા હતા, કાકાની જેમ બધે ફરી વળીને સહુની સાથે હળતા-મળતા નહોતા. ઉમાને ખબર હતી કે એ કંઈ કાકાના સગા ભાઈ થતા નહોતા, દૂરનું સગપણ હતું.

એને આ રીતે ઊભી રહી ગયેલી જોઈને કાકાએ એને છેક પાસે આવીને કહ્યું, જા, મળી આવ.

એણે પરાણે પગ ઉપાડ્યો હતો. નજીક જઈને એક બાજુ ઊભી રહી ત્યાં સુધી મનમાં કાકાના શબ્દો પકડી રાખ્યા હતા, મળી આવ... કાકા શું કહેતા હતા એ જ જાણે સમજાતું નહોતું, મળી આવવું એટલે શું? ગડમથલ થયા કરતી હતી.

એ તો સારું થયું કે એને આ રીતે ઊભી રહેતી જોઈને એની મૂંઝવણ પારખી ગયાં હોય એમ કાકી આગળ આવ્યાં.

એ વખતે ઉમાને કોણ જાણે કેમ કાકી પણ અજાણ્યાં લાગ્યાં. એમણે માથે ઓઢ્યું હતું અને મોંઢા પર ઓશિયાળું હાસ્ય હતું. આગળ આવીને એમણે ઉમાનું બાવડું વાળી લીધું.

'જુઓ, દાદા, આ તમારી ઉમા!'

કાકીએ ઉમાનું બાવડું ખેંચ્યું પણ એ ઝાઝું નમી ન શકી.

દાદા તરત આ બાજુ ફર્યા. મોંઢું ઊંચું કરીને એમણે ઉમા સામું જોયું.

'ઓહો! મોટી થઈ ગઈ!'

આમ કહેતી વખતે એમના ચહેરા પર ઉમાને ફિક્કું લાગ્યું હતું એવું, સ્મિત પણ આવ્યું હતું.

એટલી વારમાં કોઈક આવીને એમની સામે ઊભું રહી ગયું અને એમના મોંઢા પાસે ઝૂકીને વાત કરવા લાગ્યું. કાકી કંઈક છોભીલાં પડી ગયાં હોય એમ લાગ્યું. એક કર્તવ્ય પૂરું થયું હોય એમ ત્યાંથી ખસી ગયાં અને ઉમા પણ પાછી વળી.

દાદા અને કાકા, એ બે સંજ્ઞાઓની વચ્ચે એનું મન પિતા સંજ્ઞાની શોધ કરવા લાગ્યું. એમ કરતાં કરતાં અનાયાસ એ માની દિશામાં વળી ગયું. એની સામે એક નિર્જન પ્રદેશ પથરાયેલો હતો.

મા એને જન્મ આપીને પ્રસૂતિમાં જ ગુજરી ગઈ હતી. પિતાને બીજું લગ્ન કરવું હતું પરંતુ આ પુત્રી? જેની સાથે લગ્ન માટે વાત ચાલતી હતી તે યુવતી એના ઉછેરની જવાબદારી લેવા તૈયાર નહોતી, એના વડીલો પણ ઇચ્છતા નહોતા કે દીકરીનાં સ્વપ્નો આમ કોઈકના ભાર તળે કચડાઈ જાય... મોટેરાંઓએ જ માર્ગ કાઢ્યો, એને દત્તક આપવાની ગોઠવણ થઈ ગઈ. કોઈકને ઓચિંતો જ કાકાનો વિચાર આવ્યો હતો. પૂછી જોયું. એમને માથે તો ઈશ્વરના આશીર્વાદ જ ઊતર્યા. સૌને મોટો સંતોષ એ વાતે થયો કે દીકરી કુટુંબમાં ને કુટુંબમાં રહી... અને આ આટલાં વરસોમાં કોઈ કહેતાં કોઈને એવો વહેમ સુધ્ધાં નથી પડ્યો કે ઉમા એમની સગી દીકરી નથી, દત્તક લીધેલી છે...

આમાંની એકેય વિગત એવી નથી, જેનાથી ઉમા વાકેફ ન હોય પરંતુ એ નિર્જન પ્રદેશ જેમાં ફક્ત ડમરી ઊડતી હતી, એનાથી પોતે દૂર નીકળી આવી છે એવું એને લાગતું હતું. કાકા કે કાકીએ કોઈ વાર એને એ ડમરીથી ઘેરાઈ જવા દીધી નથી.

તો પછી—તો પછી અત્યારે એને સહસા એ નિર્જનતાની વચ્ચે મુકાઈ ગયા જેવું કેમ લાગે છે? પોતાની ભીતરથી જ ઓચિંતી એ નિર્જનતા બહાર નીકળી આવી હોય એવી લાગણી કેમ જાગે છે?

થોડી વાર પહેલાં જ એને કાકાના વર્તનમાં એક પ્રકારની અધીરાઈ દેખાઈ હતી અને કાકીના ચહેરા પર ઉમંગ છલકાતો જોવા મળ્યો હતો, એ શાનો હતો? દત્તક તરીકે એની લેતીદેતી વખતેય કદાચ આ જ ભાવો લહેરાયા હશે—કાકા, કાકી અને— અને દાદાના ચહેરા પર પણ!

ઉમાને થયું, એ કોઈકની વાગ્દત્તા બનશે અને દત્તક તરીકે દેવાઈ જશે. કદાચ ક્યારેક ક્યારેક કોઈક કહેશે પણ ખરું કે એના કરતાં સારી છોકરી ન મળત એવું નહોતું પણ આ તો—સરકસના આ જ ખેલાડીઓમાંથી કોઈક.

(અનુસંધાન પૃ. ૧૮૨ પર)

ભારતીય ચિત્રકલાના પ્રાણ – શ્રીકૃષ્ણ : લેખાંક ૨

પ્રા. ડૉ. આર. ટી. સાવલિયા

રાજસ્થાનના રાજવંશો વૈષ્ણવ સંપ્રદાયના ચુસ્ત અનુયાયીઓ હતા. કૃષ્ણભક્તિને લઈને રાજવીઓએ કૃષ્ણ અને રાધાને પોતાની નજર સમક્ષ રાખવાના હેતુથી મહેલોની ભીંતો પર કલાકારો પાસે કલાત્મક ચિત્રો કરાવ્યાં. જેમાં ભક્તિનો સિદ્ધાંત અને વ્યક્તિગત ભાવનાથી પ્રેરાઈને વિવિધ ચિત્રશૈલીઓ ઉદ્ભવી. આ શૈલીઓનો વિકાસ અનેક કેન્દ્રોમાં થયો અને ત્યાં તૈયાર થયેલાં ચિત્રો આજે વિવિધ સંગ્રહાલયો અને અંગત સંગ્રહોમાં જળવાયાં છે. જે આપણા વૈભવ-વારસાનું ગૌરવ વધારી રહ્યાં છે. ઈ.સ. ૧૬૬૨ની સતસઈ અને ગીતગોવિંદને આધારે ૧૮મી સદીમાં તૈયાર થયેલ કૃષ્ણજીવનને લગતાં ચિત્રોનો સંગ્રહ ઉદેપુરના પ્રતાપ સંગ્રહસ્થાનમાં જળવાયો છે. 'રસિકપ્રિયા' અને 'ભાગવત દસમસ્કંધ' આધારિત ચિત્રો જયપુર સંગ્રહ (ઈ.સ. ૧૫૯૮) અને જોધપુર સંગ્રહ (ઈ.સ. ૧૬૧૦) તેમજ ગીતગોવિંદ (ઈ.સ. ૧૬૦૦) એન.સી.મહેતા સંગ્રહમાં શ્રીકૃષ્ણના શાશ્વત પ્રેમ સાથે રાસ રમતી ગોપીઓનાં ૧૩૫ જેટલાં ચિત્રો આવેલાં છે. (ચિત્ર ૨૯) વળી રાગમાલાનાં (ઈ.સ. ૧૬૦૦-૧૬૧૦) દશ્યો રજૂ કરતાં ચિત્રો બોડેલિયમ પુસ્તકાલયમાં સંગીતમય તાલમાં રાધા અને કૃષ્ણની રાગ-રાગિણીની રજૂઆત કરે છે. રાજસ્થાની ચિત્રોનો એક સંગ્રહ બિકાનેરના મહારાજના મહેલમાંથી મળ્યો છે. જયપુરશૈલીમાં તૈયાર થયેલાં ચિત્રો બોસ્ટન સંગ્રહાલયમાં છે. અલવરની શૈલીમાં રાગ-રાગિણીનાં ૩૬ ચિત્રો અલવર સંગ્રહાલયમાં છે, જેમાં રાગની કલ્પના કૃષ્ણ-દંતકથા સાથે જોડાઈ છે.

ઉદેપુર શૈલીનાં ચિત્રો ઉપર વલ્લભ સંપ્રદાયની અસર સ્પષ્ટ જોવા મળે છે. ધાર્મિક વિષયોને લગતી અને બિલકુલ સામાન્ય વિષયમાં કૃષ્ણને મુખ્ય પાત્ર તરીકે વર્ણવ્યા; એટલું જ નહિ, કૃષ્ણનું વર્ણન તેમની દરેક ભાવનાઓમાં કર્યું, જેવી કે શૃંગારમય, વીર, કરુણા અને શાંત. કાંકરોલી ગોસ્વામીઓએ એમની આશ્રયશાળામાં કલાકારોને પ્રોત્સાહન આપ્યું. કૃષ્ણનાં જીવન અને સિદ્ધાંતનાં ઘણાં ચિત્રો દોર્યાં. આ ચિત્રો નાથદ્વારા શૈલીને મળતાં આવે છે.


નાથદ્વારા ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિનું અગત્યનું કેન્દ્ર બન્યું છે. આ શૈલીનાં શ્રીનાથજી અને રાધાનાં વિવિધ ચિત્રો છે.

કોટાશૈલીના ચિત્રકારોનો પ્રિય વિષય કૃષ્ણલીલા અને પશુ-પ્રકૃતિ રહ્યો છે. ઈ.સ. ૧૭૨૦ના રસિકપ્રિયાનાં બે ચિત્રો નોંધપાત્ર છે. એકમાં કૃષ્ણ રાધાના મહેલનો દરવાજો ખટખટાવતા અને બીજામાં બે દાસીઓ નાયિકાને તેના આગમન માટે તૈયાર કરે છે. ૧૭મી સદીના શ્રીમદ્ ભાગવતનાં ચિત્રો કાર્યશૈલીની દૃષ્ટિએ જોતાં ઉત્તમ છે. આ ચિત્રોનો મુખ્ય વિષય કૃષ્ણલીલા છે. આ અમૂલ્ય ચિત્રો વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યૂઝીઅમ, લંડનમાં જળવાયાં છે. (ચિત્ર ૨૨)

બુંદીશૈલીમાં ગીતગોવિંદ અને અન્ય કાવ્યો પરથી ભગવાન શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખી ચિત્રો તૈયાર થયાં. સુરદાસ અને કેશવદાસનાં કાવ્યોમાંના દૈવી પ્રેમી રાધા અને કૃષ્ણ વિલક્ષણ દશ્યોમાં કંડારાયાં. રાગ-રાગિણીની સંગીતપદ્ધતિ અને નાયિકાભેદનો પ્રકાર રાધા-કૃષ્ણના પ્રેમક્રીડા પર આધારિત છે. ઋતુચક્ર અને બારમાસાની તારીખો પણ રાધા-કૃષ્ણના પ્રેમના વિષય પર



૧૯. વૃંદાવન છોડી જતા કૃષ્ણને રોકતી ગોપીઓ, કાંગડા



૨૧. વેણુવાદન કરતા કૃષ્ણ - કાંગડા



૨૩. વરસાદની મજા માણતાં રાધાકૃષ્ણ - કાંગડાશૈલી



૨૮. શ્રીનાથજી

આધારીત છે. આમાંનાં કેટલાંક ચિત્રો રાષ્ટ્રિય સંગ્રહાલય નવી દિલ્હીમાં છે.[૧૫] ભરત કલાભવન, વારાણસીમાં 'બુંદી ગીતગોવિંદ'ની હસ્તપ્રત, જે ૧૭મી સદીની શરૂઆતની છે, સંગ્રહાયેલી છે. ૧૮૩ પાનાંની આ પ્રતમાં ૧૨ સર્ગ અને ૨૪ પ્રબંધમાં કૃષ્ણના જીવનપ્રસંગોની વિગતો છે. કુલ ૧૩૭ ચિત્રો છે. આ ચિત્રો ફક્ત રેખાંકન દ્વારા વ્યક્ત થયાં છે. તેમાં કોઈ પ્રકારની રંગપૂરણી નથી. આ ચિત્રોમાં કલ્કીરૂપ, દશાવતાર, કાલિયદમન, કૃષ્ણ-રાધાની પ્રેમક્રીડા તેમજ રાસલીલાનાં સુંદર રેખાંકનો અપાયાં છે.[૧૬]

પહાડીશૈલીમાં તૈયાર થયેલા ગીતગોવિંદ, બાલગોપાલ-સ્તુતિ અને ભાગવતપુરાણનાં ચિત્રો રાષ્ટ્રિય સંગ્રહાલય, નવી દિલ્હી અને પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝીઅમ, મુંબઈના સંગ્રહાલયમાં આવેલાં છે જેમાં રાધા-કૃષ્ણ પ્રેમના નાટકીય રૂપને યોગ્ય દૃશ્ય પૂરું પાડે છે. ગીતગોવિંદના ૧૬મી સદીમાં તૈયાર થયેલાં ચિત્રમાં કૃષ્ણ અને રાધાના કામસૂત્ર તરફ આંગળી ચીંધે છે. પ્રદેશના દેખાવને અનુરૂપ આ પ્રયોગ પ્રેમની પશ્ચાદ્ ભૂમિકામાં પ્રેમનાં દૃશ્યો ત્યાર પછીથી ઉમેરાયેલાં જણાય છે.

બિહાર અને બંગાળમાં અવધ, જોનપુર અને અન્ય જગ્યાએ હિંદુ-મુસ્લિમ સંગમના ઉત્તમ નમૂનાઓ તૈયાર થયા. ઓરિસ્સામાં ખાસ કરીને ગીતગોવિંદ સંબંધિત ચિત્રો નોંધપાત્ર છે. વિજયનગર શૈલીમાં ગીતગોવિંદ જેવી લાગતી પાછળના સમયની હસ્તપ્રત હાલ રાષ્ટ્રિય સંગ્રહાલય, નવી દિલ્હીમાં સચવાયેલી છે.

મુઘલ સમય દરમિયાન દક્ષિણ ભારતનાં કેટલાંક ક્ષેત્રો રાજસ્થાનના સંપર્કમાં આવ્યાં. દક્ષિણનાં લોકોને નવી ધાર્મિક ઉત્સુકતા મળી. કૃષ્ણલીલા વિષયક પ્રોત્સાહનજનક જવાબ મળ્યો. ડક્કન, બીજાપુર, માન્ડુ અને અહમદનગરમાં ધાર્મિક વિષય આધારિત ચિત્રો તૈયાર થયાં. આવું એક ચિત્ર હૈદરાબાદના શ્રી જગદીશ મિત્તલના સંગ્રહમાં છે, જેમાં કૃષ્ણ વાંસળી વગાડી રહ્યા છે. આ ઉપરાંત મદ્રાસ, તાન્જોવર, તિરુચીરમ્પલ્લી, શ્રીરંગમ, માલાબાર કિનારામાં કૃષ્ણ-રાધા અને બાલગોપાલ કૃષ્ણને આલેખ્યાં.



૨૨. કૃષ્ણ, બલરામ અને ગોપ (કોટા-કલમ)



૨૪. પ્રેમમગ્ન રાધા-કૃષ્ણ



૨૬. ગ્રીષ્મઋતુ, કાંગડાશૈલી



૨૯. રાસલીલા - ભાગવત દશમ સ્કંધનું ચિત્ર

ગંજીફાનાં પત્તાંની જોડ ઉપર કૃષ્ણલીલાવિષયક ચિત્રો મધ્યકાલમાં તૈયાર થયેલાં જણાય છે.[૧૭] ગુજરાતમાંથી આ પ્રકારનાં ગંજીફાનાં પત્તાં પર શ્રી કૃષ્ણજીવનનાં ચિત્રો મળ્યાં છે, જે વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિર અને ભો.જે.વિદ્યાભવન, અમદાવાદના સંગ્રહાલયમાં સુરક્ષિત છે. (જુઓ ચિત્ર ૩૫)

ગુજરાતમાં કૃષ્ણભક્તિનો પ્રચાર બહુ પ્રાચીનકાળથી ચાલ્યો આવે છે. નરસિંહ અને મીરાંની કૃષ્ણભક્તિ જગવિખ્યાત છે. ગુજરાતમાં મૂળ ભાગવતના 'રાસપંચાધ્યાયી' જેવા વિપ્રલંભ શૃંગારના પ્રકરણથી ચાલેલી શૃંગારભક્તિના પ્રચારને ખાસ બળ આપનાર 'ગીતગોવિંદ' અને 'કૃષ્ણકર્ણામૃત' જેવા ગ્રંથો ગુજરાતમાં ૧૪મા-૧૫મા શતક સુધીમાં ખૂબ જાણીતા થઈ ગયા હતા. સં. ૧૪૯૫માં 'ગીતગોવિંદ'ની અસર નીચે કૃષ્ણગોપીના ઉલ્લેખ-વાળું એક ફાગુકાવ્ય 'નારાયણફાગ' નામનું રચાયું છે. ગીતગોવિંદના દશાવતારમાંથી પહેલા છ અવતાર અને પ્રારંભમાં શારદાનાં ગુજરાતી શૈલીમાં દોરેલાં ચિત્રોવાળી ખંડિત પોથી પ્રાપ્ત થઈ છે. આ ચિત્રો ગીતગોવિંદ ઉપરના રાજસ્થાની, કાંગડા, બસોલી શૈલી કરતાં પ્રાચીન છે. ૧૨મા શતકમાં થઈ ગયેલા હેમચંદ્રના વ્યાકરણમાં આપેલાં પ્રાકૃત ઉદાહરણોમાં રાધા-કૃષ્ણની પ્રીતિના ઉલ્લેખવાળી ગાથાઓ છે. હેમચંદ્રાચાર્ય રચિત 'અભિધાન ચિંતામણિ નામમાલા'માં કૃષ્ણ વાસુદેવ અને કૃષ્ણ ગોવર્ધન-ધારીનાં સુંદર ચિત્રો આલેખાયાં છે. આ પ્રત સં. ૧૬૨૯ની છે. હાલ વડોદરા, પ્રાચ્ય વિદ્યામંદિરમાં તે સચવાયેલી છે.

અમદાવાદ, ભો.જે.વિદ્યાભવનના સંગ્રહમાં ૧૬મી સદીની ગીતગોવિંદની સચિત્ર પ્રતમાં વિષ્ણુના દશાવતારોનાં ચિત્ર અને રાધા-કૃષ્ણના મિલન-વિરહના પ્રસંગો ભાવપૂર્ણ રીતે આલેખાયા છે.

વડોદરા, પ્રાચ્ય વિદ્યામંદિરમાં ભાગવત પુરાણનો વીંટો ૧૮મી સદીનો છે. તેમાં ૨૩ ચિત્રો છે, જેમાં કાલિયમર્દન, ગોવર્ધનધારી, યમુનાકિનારે ગોવાળો સાથે ભોજન લેતા કૃષ્ણનું શ્યામ સ્વરૂપ આહ્લાદક છે. 'પંચરત્નગીતા'ની પ્રત ૧૮મી સદીની આસપાસની છે. તેમાં કૃષ્ણના દશાવતાર સ્વરૂપ નજરે પડે છે. ૧૮મી સદીમાં રચાયેલા રાગ-રાગિણીની સચિત્ર હસ્તપ્રતમાં ૨૦ ચિત્રો છે. દરેક રાગના ચિત્ર ઉપર દોહા લખેલા છે. અહીં રાગ માલકૌંસ અને કેદાર રાગનાં ચિત્રો ઉત્તમ છે. કોબા (અમદાવાદ-ગાંધીનગર રોડ)માં મહાવીર જૈન આરાધના કેન્દ્રના સંગ્રહમાં ઉડિયા પ્રતમાં કૃષ્ણલીલાનાં ૬૩ ચિત્રો છે, જે ૧૭-૧૮મી સદીનાં છે.[૨૦]



કૃષ્ણને લાડ લડાવતાં યશોદાજી



વસંત ઋતુ - કૃષ્ણ-રાધા - કાંગડા



બંસીધર - કાંગડા



૩૩. રૂક્ષ્મણી-કૃષ્ણ - ઉડીસા.

કૃષ્ણજીવનના પ્રસંગોને આલેખતાં ભિત્તિચિત્રો : દક્ષિણ ભારતમાં પલ્લવ રાજા રાજસિંહે (૭મી સદીનો અંત અને ૮મી સદીની શરૂઆત) કાંચીથી થોડે દૂર બંધાવેલા કૈલાસનાથ મંદિરની ભીંતો પર કરાવેલા કૃષ્ણજન્મ, કૃષ્ણને નંદઘેર પહોંચાડવાનો પ્રસંગ તથા કૃષ્ણની બાળ-લીલાનાં ભાવવાહી ચિત્રાં-કનમાં પલ્લવ સમયની ઉત્કૃષ્ટ ચિત્રકલાની ઝાંખી થાય છે.

તિરુપરુતિકુન્રમ્ના દિગંબર પંથી જૈનમંદિરની પરસાળની છતમાં રામાયણ, મહાભારત અને ભાગવતનાં ચિત્રો છે. ભાગવતનાં ચિત્રોમાં વાસુદેવ બાળકૃષ્ણને સોંપતા બતાવ્યા છે. યમુના પાર કરતા અને નંદગોપાલને બાળક સોંપતા બતાવ્યા છે. કૃષ્ણની બાળલીલા, દૈત્યોનું મર્દન, શકટ, ધેનુક આદિ ગોપ-ગોપીઓ અને ગાયોનાં સુંદર વૃંદો વગેરે સરળ અને સહજ શૈલીમાં ચિત્રિત છે. આ ચિત્રો ૧૬-૧૭મી સદીના નાયકકાલનાં મનાય છે.

વિજયનગરના વિરુપાક્ષ મંદિરનાં ભીંતચિત્રોમાં ભાગવત અને કૃષ્ણની જીવનલીલાના પ્રસંગો અનોખી શૈલીમાં કંડારાયાં છે. બે પાક્ષીનાં ભીંતચિત્રોમાં દ્રૌપદી સ્વયંવરના સુંદર આલેખનમાં મણિમુક્તામાળાથી વિભૂષિત શ્રીકૃષ્ણનું નિરૂપણ છે.(૨૧)



૩૪. ભાલણના સચિત્ર દશમસ્કન્ધમાંનું ચિત્ર કૃષ્ણ-યશોદાજી દધિમંથન



૩૫. ગંજીફાનું એક પાનું - કૃષ્ણ-વાસુદેવ

ઓરછા (બુંદેલખંડ)ના જહાંગીરમહાલની ભવ્ય ઈમારતના પશ્ચિમ ખંડમાં કૃષ્ણલીલાનાં ચિત્રોના અવશેષ છે. આ ચિત્રો અકબરના સમયનાં જણાય છે. ઓરછાની પશ્ચિમે આવેલ લક્ષ્મી મંદિરમાં પૃથ્વીસિંહે ચિત્રકારી કરાવી હતી. એમાં કૃષ્ણલીલા અને દાણલીલાનાં ચિત્રો જોવા મળે છે.

દંતિયાથી થોડે દૂર કરણસાગરને કાંઠે આવેલી છતરીઓમાં કૃષ્ણજીવનનાં આલેખનો છે, જેમાં દાણલીલાનાં બે ચિત્રોમાં ગોપીઓની મુદ્રા અને કૃષ્ણની ચપળતા સુંદર રીતે દર્શાવી છે. નંદબાબા અને કૃષ્ણ, ગોપ અને કૃષ્ણ, પાંડવો અને કૃષ્ણ વગેરેનાં મિલનનાં સુંદર ચિત્રો છે. છત્રીની પરસાળમાં ગોપીવસ્ત્રહરણ ચિત્ર ઉપરાંત કૃષ્ણની દિનચર્યાનાં નાનાં નાનાં ચિત્રો, હોળીનું દૃશ્ય, ગોવર્ધનધરણ, ગોપ-ગોપીઓ અને ગાયો વગેરેનું આલેખન મનોહર થયું છે.(૨૨)

પંજાબના પઠાણકોટ નજીક 'નૂરપુર'માં ઠાકુરદ્વાર જે બ્રિજરાજસ્વામી નામે ઓળખાતા મંદિરમાં ગોલુ નામના ચિત્રકારે કરેલાં ભીંતચિત્રોનું કાંગડા ચિત્રોમાં આગવું સ્થાન છે. આ ચિત્રોનો સમય ૧૭૦૦ થી ૧૭૩૯નો મનાય છે. મંદિર બે મજલાનું છે. મંદિરની પરસાળમાં ડાબી તરફની ભીંત પર ઉપરનીચે ચિત્રોની ત્રણ હાર છે. કંસ પર કૃષ્ણનો વિજય એ તેનો મુખ્ય ચિત્ર વિષય છે. આમાં ચિત્રના ઉપરના ભાગમાં ઊંચા માંચડાઓ પર દરબારીઓ અને સૈનિકો વગેરે બેઠેલા છે. અહીં કંસની દોહાકૃતિ ઘણી મોટી ચીતરી છે. અહીં પુતનાના વાળ

ખેંચીને ઘસડતા કૃષ્ણને યુવાન દર્શાવ્યા છે. નીચેના પટ્ટા કૃષ્ણને કંસના મલ્લ સાથે કુસ્તી કરતા બતાવ્યા છે. અંતે કંસવધના ચિત્રાંકનમાં વિશાળકાય કંસને મારી નાખતા કૃષ્ણનું આલેખન છે. આજુબાજુ દરબારમાં વિજયોત્સવની ઉજવણી બતાવી છે. કૃષ્ણનો રાજ્યાભિષેક, કૃષ્ણ-ગોપીઓ વગેરેનાં ચિત્રો છે. વચ્ચે મહેલમાં પ્રવેશતા કૃષ્ણને ઝરૂખામાંથી નિહાળતી સુંદર સ્ત્રીવૃંદનું આલેખન છે.

ચમ્બા આજના હિમાચલપ્રદેશમાં રાવી નદીના તટ પર આવેલું છે. રંગમહાલ નામે ઓળખાતા મહેલનાં ભીંતચિત્રો છેક નીચેથી ઉપર છત સુધી ભરચક આલેખાયાં છે. આ ચિત્રોના વિષયો બહુધા પહાડી શૈલીનાં લઘુચિત્રોમાં જોવા મળે છે તેવા રામાયણ, મહાભારત અને કૃષ્ણજીવન - ખાસ કરીને રાસલીલા વગેરેને લગતાં છે.(૨૩)

ચમ્બાથી ૨૨ કિ.મી. દૂર ગિરિમાળાઓની પાર તળેટીમાં ગણદેરા ગામમાં શક્તિમાતાનું કાષ્ઠનું નાનું મંદિર છે, જેમાં ગર્ભ-ગૃહની દીવાલો પર ચીરહરણ, કૃષ્ણ-યશોદા, કૃષ્ણ-બલરામ, અઘાસુરવધ, બકાસુરવધ, કૃષ્ણલીલા અને મત્સ્ય, નૃસિંહ, વામન, વરાહ અવતારનાં ઉત્કૃષ્ટ ચિત્રો છે. આ ચિત્રો ૧૭૨૫ થી ૧૭૪૦ની આસપાસનાં જણાય છે.

મથુરા (ઉ.પ્ર.) જિલ્લાના ગોવર્ધનની નજીક આવેલાં કુસુમ સરોવરના કિનારે ભરતપુરના રાજા જવાહરસિંહે બંધાવેલ છતરીઓમાં દોરેલાં લગભગ ૨૦૦ વર્ષ જૂનાં ભીંતચિત્રોને પાંચેક શૈલીમાં વિભાજિત કરી શકાય છે. રાજા સૂરજમલની છતરીનાં ભીંતચિત્રો સ્પષ્ટતઃ રાજસ્થાની શૈલીનાં છે. બાજુની બે નાની છતરીઓમાંની એકમાં શ્રીકૃષ્ણના જીવન પ્રસંગોને લઘુ ભીંતચિત્રો રૂપે આલેખ્યાં છે, જેમાં કૃષ્ણજન્મ, બાલકૃષ્ણને યમુના પાર લઈ જતા વસુદેવ, ગોવર્ધનધરણનાં ચિત્રો છે. છતરીના ઘુમ્મટમાં દશાવતાર તથા રાગ-રાગિણીનાં ચિત્રો છે. એક ગવાક્ષમાં રાધાનું કેશસંમાર્જન કરતા કૃષ્ણ છે. તો બીજી તરફ ગોપીવૃંદની વચ્ચે બંસી વગાડતા કમર લચકાવીને ઊભેલા કૃષ્ણનું સુંદર ચિત્ર છે.

બીજી છતરીના ગોચરણ, વનભોજન વગેરે વિષયક ચિત્રોમાં નાથદ્વારની પિછવાઈઓનો પ્રભાવ જોવા મળે છે. દાસી લક્ષ્મીની છતરીમાં ગોવર્ધનધારી કૃષ્ણના ચિત્રમાં સ્થાનિક-વ્રજશૈલી-લોકકળાની ક્ષમતાનો પરિચય મળે છે. સરોવરના ઘાટ પરના ચોતરાની ભીંત ઉપર નાની દેવડીમાં કૃષ્ણ-યશોદા, રાસલીલા વગેરેનાં ભીંત-ચિત્રોની શૈલી કંઈક અંશે મરાઠા-શૈલીની અસરવાળી લાગે છે.(૨૪)

વૈષ્ણવ મંદિરોમાં જુદા જુદા ઉત્સવ નિમિત્તે ધરવામાં આવતી પિછવાઈ એ કાપડ પર કરેલાં પટચિત્રો છે અને એમાં પણ ઉચ્ચકક્ષાની કલમની ઝાંખી થાય છે. નાથદ્વારા તેનું મુખ્ય કેન્દ્ર છે. આ સંપ્રદાયની ગોંસાઈ શ્રી વિઠ્ઠલનાથજીને કળાની સૂક્ષ્મતાનું ઊંડું જ્ઞાન હતું. વ્રજની પરિક્રમા કરતાં એમણે જે જોયું ને અનુભવ્યું એ બધું ચિત્રિત કરાવવા એમણે ખાસ પ્રયત્નો કર્યા હતા. આ પટચિત્રો શુદ્ધ, રાજપૂત શૈલીમાં તૈયાર થયેલાં છે. એમાં આલેખાયેલી ગાયો, ગોપીઓ, ગોવાળિયા, બંસીધર શ્રીકૃષ્ણ અને શ્રીનાથજીનાં સ્વરૂપ શ્રેષ્ઠ ગણાય છે. (ચિત્ર ૨૮)

ધર્મને નિમિત્તે સચવાઈ રહેલા આ કલા-વારસામાં નાથદ્વારાની પિછવાઈનાં આલેખનો રંગ અને રેખાની દૃષ્ટિએ ઘણાં સુંદર છે. એમાં કિસનગઢ શૈલીની ચિત્રણા સર્વોત્તમ ગણાય છે. આ પિછવાઈઓમાં બાળલીલા, દાણલીલા, રાસલીલા, અન્નકૂટ, ગોપાષ્ટમી, ગોવર્ધન-પરિક્રમા વગેરે વિષયો આલેખાય




સોનાની દ્વારકા - રઝ્મનામા - મુઘલશૈલી



નૃત્યમગ્ન કૃષ્ણ - કાંગડા



રાધાના કેશ સંવારતા કૃષ્ણ



કૃષ્ણ માટે ભોજન લાવતી મથુરાની બ્રાહ્મણ સ્ત્રીઓ-ભા.પુ.

છે. ગોપાલ-કૃષ્ણના જ જીવનની આસપાસ વણાયેલા એ પ્રસંગ ચિત્રોમાં ચિત્રકારોએ ગૌવૃંદના લાવણ્ય અને આંખોના ભાવનું જે સુંદર આલેખન કર્યું છે તે કદાચ ભારતના બીજા કોઈ ચિત્ર-પ્રકારમાં જોવા મળતું નથી. આમ, વૈષ્ણવ સંપ્રદાયને આશ્રયે પિછવાઈ-ઓનો વિશિષ્ટ કલાપ્રકાર વિકસ્યો હતો. આજે થતાં પિછવાઈઓમાં અગાઉની ભાવોત્કૃષ્ટતા જણાતી નથી.[૨૫]

આમ, કલા એ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. સંસ્કૃતિમાં જે જીવનમૂલ્યોની માવજત થઈ છે તેનું પ્રતિબિંબ તેની કલામાં જોવા મળે છે. હજારો વર્ષોથી ભારતીય વિચાર અને આચારને કલાએ વાચા આપી છે. ભારતીય કલાના પાયામાં ધર્મ રહેલો હોવાથી તેમાં ભારોભાર આધ્યાત્મિકતા ભરેલી જોવા મળે છે. તેનું મુખ્ય ધ્યેય પરમ આનંદના અનુભવ દ્વારા દિવ્ય તત્ત્વને પામવાનું છે. પરમેશ્વરનું એક સ્વરૂપ આનંદનું છે. તેને સત્, ચિત્ અને આનંદના સ્વરૂપમાં 'સચ્ચિદાનંદ' તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીન ભારતમાં સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, નૃત્ય કે સંગીતની સાધના મનોરંજન માટે નહીં, પરંતુ દેવ આરાધના માટે કરવામાં આવતી. ભારતીય પરંપરામાં કલાની ઉપાસના એટલે 'સત્યમ્,



ધેનુકાસુર વધ (દશમ સ્કંધ, ભાલણ)



ભાલણકૃત ભાગવત દશમ સ્કંધનું ચિત્ર

શિવમ્, સુંદરમ્'ની ઉપાસના એવું દૃઢપણે સ્વીકારવામાં આવ્યું છે.[૨૬] આ સંદર્ભમાં ભારતીય ચિત્રકલામાં રજૂ થયેલા વિષયોમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવન સંબંધી પ્રસંગો પ્રાધાન્ય ભોગવે છે. વિવિધ સાહિત્યિક કૃતિઓને આધારે કૃષ્ણજીવનના સેંકડોની સંખ્યામાં ચિત્રો આલેખાયાં છે. એ જોતાં સાચે જ ભારતીય ચિત્રકલાના પ્રાણ શ્રીકૃષ્ણ બની રહે છે. ❐

[ગુજરાત ઈતિહાસ પરિષદ, ૨૧મું અધિવેશન, કોટા (રાજસ્થાન), ૨૭-૨૮ નવેમ્બર-૨૦૦૧, પારિતોષિક વિજેતા શોધપત્ર.]

પાદટીપ :

(૧૫) Sita Sharma, op.cit., pp.45-46, 86-87, 91, 99.

(૧૬) Kapila Vatsyayan, 'The Bundi Gita Goving', Varanasi, 1981.

(૧૭) Sita Sharma, op. cit., pp. 102-104.

(૧૮) મંજુલાલ ર. મજમુદાર, 'સાંસ્કૃતિક ગુજરાતના ઈતિહાસની અમૃતાક્ષરી', મુંબઈ, ૧૯૮૪, પૃ. ૧૩૩.

(૧૯) એજન, પૃ. ૭૨-૭૬, B.L.Mankad, Bulletin Museum and Picture Gallery, Baroda, Vol. XV, 1962, P. 18, Plt. X, XI, Fig. 4.

(૨૦) ભારતી શેલત અને આર. ટી. સાવલિયા, 'પ્રાચીન હસ્તપ્રતોના સંગ્રહો', પથિક, દીપો. વર્ષ ૩૩, અંક ૧-૨, ઑક્ટો.-નવે. ૧૯૯૩, પૃ. ૬૩-૬૫.

(૨૧) વાસુદેવ સ્માર્ત, 'ભારતનાં ભીંતચિત્રો', પૃ. ૩૪-૩૫.

(૨૨) એજન, પૃ. ૫૭-૬૨

(૨૩) એજન, પૃ. ૬૫-૬૬

(૨૪) એજન, પૃ. ૭૪, ૮૧, ૮૬-૮૮

(૨૫) એજન, પૃ. ૧૦૭, ૧૧૨-૧૧૩.

(૨૬) રસિકલાલ પરીખ, ચીનુભાઈ નાયક, કનુભાઈ શાહ - સુરેખ કલાદર્શન, પૃ. ૧, ૮-૯.

શાંતિ માટેનાં શસ્ત્રો

(ગતાંકથી પૂરું)

——— પ્રા. સુરેશ ર. શાહ ———

મે ૧૯૯૮માં ભારતે કરેલા તેના બીજા ન્યૂક્લીઅર પરીક્ષણની સફળતાથી એ ભારતીય વિજ્ઞાનીઓની એક અનન્ય સિદ્ધિ તો હતી જ. તેના બે મહારથીઓ શ્રી કલામ, જેઓ તે વેળા ભારત સરકારના વૈજ્ઞાનિક સલાહકાર તથા સંરક્ષણ સંસ્થાન સાથે સંકળાયેલા હતા તથા ડૉ. આર. ચિદમ્બરમ્, જેઓ ભારતીય અણુ-ઊર્જા પંચના અધ્યક્ષ હતા. તેમનાં કાર્યક્ષેત્ર કેન્દ્ર તથા હૈદરાબાદ સ્થિત સંરક્ષણ સંશોધન સંસ્થાનના વિજ્ઞાનીઓ અને ઈજનેરોએ જે સહકારથી કાર્ય કર્યું તે પણ એક અતિપ્રેરક બાબત હતી. લશ્કરની ૫૮મી ઇજનેરી ટુકડી તો જાન્યુઆરી ૧૯૯૭થી પોખરણ ખાતે કાર્યશીલ હતી જ. વળી, અમેરિકાના જાસૂસી તંત્રની તેમના ચાર કૃત્રિમ ઉપગ્રહો મારફતે સતત પોખરણ વિસ્તાર ઉપર રખાતી નજરથી બચવાનું ઘણું મુશ્કેલ હતું.

ભૂગર્ભ પરીક્ષણ માટેના છ ઊંડા ખાડા ખોદવાનું અને તે પણ ચકોર જાસૂસી નજરથી બચીને રાત્રીવેળાએ જ હાઈડ્રોજન બૉમ્બ માટેનો 'વ્હાઈટ હાઉસ' સાંકેતિક નામ અપાયેલો ખાડો તો લગભગ ૨૦૦ મીટર ઊંડો અને તેમાં છ થી આઠ માણસો ઊભા રહી શકે તેટલો પહોળો હતો. તેમાં સામગ્રી ગોઠવીને પૂરવા માટે ચારેક હજાર રેતીની થેલીઓની જરૂર પડે. આ બધું કાર્ય એટલું સરળ નહોતું. વળી, પરીક્ષણના છેલ્લા અઠવાડિયે તો ટ્રૉમ્બે અને હૈદરાબાદથી લગભગ એકસો જેટલા વિજ્ઞાનીઓ અને ઈજનેરો જુદા જુદા બહાના હેઠળ, જુદા જુદા માર્ગે પોખરણ આવી પહોંચ્યા હતા. તેઓ બધા જ લશ્કરી યૂનિફૉર્મમાં હતા. આટલા બધાની ગતિવિધિઓને ચપળ અમેરિકન જાસૂસી તંત્રની નજરથી બચાવવાનું કાર્ય પણ વિશિષ્ટ આવડત માગી લે છે. આ બધું ભારતીય ટીમ માટે ગૌરવ સમાન હતું. અમેરિકામાં વર્જિનિયા ખાતેની અમેરિકાની જાસૂસી તંત્ર સી.આઈ.એ.ની લિંગલે ઑફિસમાં તેના નિયામકશ્રી જ્યોર્જ ટેનેટ ૧૧મી મે, ૧૯૯૮ની સવારે કૉફી પી રહ્યા હતા ત્યારે ત્યાંના પ્રેસ મારફતે તેમને ભારતના આ બીજા સફળ પરમાણુ પરીક્ષણના સમાચાર મળ્યા હતા. આ ટાઈમ મૅગેઝીને કરેલી ટીપણી મુજબ ત્યાંના જાસૂસી તંત્રની આ એક મોટી નિષ્ફળતા હતી. પ્રતિ વર્ષ સાત બિલ્યન ડૉલરનો ખર્ચ કરતી આ સંસ્થા ભારત અને બીજા દેશો ઉપર ચાંપતી નજર રાખી રહી છે. તેમના મતે તો તેમનાં ઉપકરણો એટલાં ચોક્કસ છે કે પોખરણમાં ફરતા સૈનિકની કાંડાઘડિયાળમાં કેટલા વાગ્યા છે તે પણ તેમનાં સાધનોએ લીધેલી છબીઓમાં ચિત્રિત થઈ જાય છે. તો પછી આખું કોળું શાકમાં કેવી રીતે ગયું? આને અમેરિકન જાસૂસી તંત્રની નિષ્ફળતા ગણવી કે પછી પોતાની પ્રવૃત્તિઓ તેમની નજર બહાર રાખવી અને ભારતની મોટી સિદ્ધિ ગણવી?

પોખરણથી નજીકનું એક નાનકડું રેતાળ રાજસ્થાની ગામ ખેતોલાઈ છે. તેની વસ્તી માંડ ૧૨૦૦ માણસોની હતી. તે ગામ આ પરીક્ષણ પછી ખૂબ જ જાણીતું બની ચૂક્યું છે. તે ગામના નામના પાટિયા પર હવે 'શક્તિ સ્થળ' દર્શાવ્યું છે. ત્યાં વિશ્નોઈ લોકોની વસ્તી છે. પરીક્ષણના દિવસે ત્યાં સ્થિત લશ્કરના મૅજર મોહનકુમાર શર્મા ખેતોલાઈની એકમાત્ર શાળાના આચાર્યશ્રી સોહનરામને મળવા ગયા અને તેમને વિનંતી કરી કે થોડાક કલાકો માટે શાળાનાં બાળકોને શાળાના મકાનની બહાર કૉમ્પાઉન્ડમાં રાખવા. ચાલાક સોહનરામ સમજી ગયા. તેમણે પૂરા સહકારની ખાતરી આપી. તેમણે મૅજર શર્માને એમ પણ કહ્યું કે અમને ખયાલ આવી ગયો છે કે તમો બીજો અણુ વિસ્ફોટ કરવાના છો. અમેરિકાના જાગૃત અને સાધનસંપન્ન જાસૂસી તંત્ર સી.આઈ.એ.ને જેનો ખયાલ ના આવ્યો તે ગ્રામવિસ્તારના લોકોને અહીં થતી પ્રવૃત્તિઓ ઉપરથી બીજા અણુવિસ્ફોટની શક્યતાનો ખ્યાલ આવી ગયો હતો. આ દેશપ્રેમી ગ્રામ પ્રજાજનોએ આ અંગે પૂરો સહકાર આપ્યો હતો.

ભારતના પ્રથમ અણુબૉમ્બનું પરીક્ષણ મે ૧૮, ૧૯૭૪માં પોખરણ ખાતે કરાયું હતું. તે વેળા અણુઊર્જા પંચના અધ્યક્ષ પ્રો. હોમી શેઠના હતા. પ્રથમ અણુબૉમ્બના જનક તરીકે વૈજ્ઞાનિક રાજા રામન્નાને ગણવામાં આવે છે. તેઓ તે વેળા ટ્રૉમ્બે-મુંબઈ ખાતેની ભાભા અણુ-સંશોધન કેન્દ્રના નિયામક હતા. તે વેળા વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી હતાં. તેમણે પાકિસ્તાન સાથેના બીજા યુદ્ધમાં દેશને વિજય અપાવ્યો હતો. પાકિસ્તાનના પૂર્વ ભાગને કાપી તેમાંથી બાંગ્લાદેશની રચનામાં અગત્યનો ફાળો આપ્યો હતો. તે વેળા તેમના પ્રમુખ સલાહકાર પી. એન.હકસર હતા. પોખરણના પરીક્ષણ મથક નજીકના એક સ્થળે એક ટેલિફોન બુથ ઊભું કરાયું હતું. તેનું સીધું જોડાણ દિલ્હી ખાતેનાં વડાપ્રધાનના કાર્યાલય સાથે કરાયું હતું. ૧૮મે, ૧૯૭૪ના પ્રથમ પરીક્ષણની સફળતા પછી ડૉ. શેઠનાએ ટેલિફોન બુથ ઉપરથી વડાપ્રધાનના કાર્યાલયમાં શ્રી ધારનો



સફળતાપૂર્વક છોડાયેલું પૃથ્વી મિસાઇલ

સંપર્ક સાધવા પ્રયત્નો કર્યા અને અંતે લાઈન મળતાં જ તેમણે કહ્યું કે, 'ધાર સા'બ, બધું બરાબર...' વાક્ય પૂરું થાય તે પહેલાં જ ટેલિફોન લાઈન મૃતપ્રાય થઈ ગઈ. શેઠનાની સાથે ઊભેલા લશ્કરી રેજિમેન્ટના કમાન્ડર લેફ્ટેનન્ટ કર્નલ શુભેરવાલ, શેઠનાને તેમની સાથે ખેંચી ગયા. નજીકના પોખરણ ગામમાં લશ્કરી ટેલિફોન એક્સચેન્જ પર ગયા. ત્યારે ડૉ. શેઠનાને ખયાલ આવ્યો કે શ્રી ધારનો સીધો ટેલિફોન નંબર તે ભૂલી ગયા હતા. અહીં પણ આ લશ્કરી અમલદાર તેમની મદદે આવ્યા. તેમણે ટેલિફોન ઑપરેટરને જણાવ્યું કે વડાપ્રધાનની ઑફિસ સાથે લાઈન આપો. ઑપરેટરને સહેજ નવાઈ લાગી. તેણે વાક્ય પૂછ્યું કે તમે કોણ બોલો છો? થોડી માથાકૂટને અંતે લાઈન મળી પણ લાઈન ઉપર સખત અવાજ આવતો હતો. ડૉ. શેઠનાને શ્રી ધાર સાથે વાત કરવા બહુ મોટા અવાજે બોલવું પડતું હતું. શ્રી ધારને તેમણે જણાવ્યું કે, '**The Budhha is smiling**' જો કે આ સાંકેતિક શબ્દો હતા કે કેમ તેના માટે પાછળથી થોડી ચર્ચા ચાલી હતી. પણ શ્રી ધારને પરમાણુ પરીક્ષણની સફળતાનો સંદેશો પહોંચી ગયો. ડૉ. શેઠનાએ પાછળથી એમ જણાવ્યું કે સાહેબ, બધું બરાબર પાર ઊતરી ગયું છે અને આશરે દસ કિલોટનનો આ વિસ્ફોટ હતો. સ્થળ ઉપર ધરતીમાં કોઈ ગાબડું પડ્યું નહોતું. આટલો સંદેશો આપવા તેમણે એટલા જોરથી બોલવું પડ્યું હતું કે તેમની સાથેના વિજ્ઞાની રાજા રામન્નાએ મજાકમાં કહ્યું હતું કે તમારા આટલા મોટા અવાજથી સ્વર્ગમાં બિરાજમાન ભગવાન બુદ્ધ પણ જાગી ઊઠ્યા હશે!



મે ૧૯૮૯માં અગ્નિ મિસાઈલના પૃથ્વી-પરિક્ષણ બાદ વિજ્ઞાની અબ્દુલ કલામને મિત્રોએ ઊંચકી લીધા હતા તે તસવીર.

ડૉ. શેઠનાએ શ્રી ધારને ટેલિફોન કર્યો અને તેની દસ મિનિટ પહેલાં જનરલ જી.જી.બિવુર, જેઓ પરીક્ષણ વેળાએ તે સ્થળે હાજર હતા તેમણે લશ્કરી ટેલિફોન એક્સચેન્જ ઉપરથી તુરત જ શ્રી ધારને ફોન કર્યો હતો. ધારે પ્રશ્ન કર્યો કે ત્યાંના શું હાલ છે? બિવુરે જવાબ આપ્યો કે સાહેબ, અહીં આનંદ છે. તમને ખયાલ આવી ગયો કે પરીક્ષણ સફળ નીવડ્યું છે.

સફળતાના આ સમાચાર આપવા શ્રી ધાર સવારે ૮-૩૦ વાગે વડાપ્રધાન શ્રી ઈન્દિરાજીના બંગલે પહોંચી ગયા. તે વેળા ઈન્દિરાજી ત્યાં મળવા આવેલા લોકોના નાના જૂથને સંબોધતાં હતાં. શ્રી ધારને આવતા જોઈને ઈન્દિરાજી સંબોધન અટકાવી ધાર તરફ ઝડપથી ધસી ગયાં અને ઉત્તેજનાસહ પૂછ્યું કે શું, પતી ગયું? ધારે જવાબ આપ્યો કે બધું બરાબર પતી ગયું છે. ઈન્દિરાજીના મુખ ઉપર વિજયી સ્મિત ઝળહળી ઊઠ્યું. ધારને ઈન્દિરાજીના મુખ ઉપરનું સ્મિત જીવનભર યાદ રહ્યું હતું. વડાપ્રધાને કહ્યું કે આ સફળતાના સમાચાર વિશ્વ સમક્ષ જાહેર કરો.

આ પરીક્ષણ અંગેની જાણ તે વેળા વડાપ્રધાનશ્રી ઉપરાંત શ્રી પી.એન.ધાર, બન્ને વિજ્ઞાનીઓ ડૉ. શેઠના અને ડૉ. રાજા રામન્ના, જનરલ બિવુર, નાગચોધરી જેઓ તે વેળા સંરક્ષણ મંત્રાલયના વૈજ્ઞાનિક સલાહકાર તથા સંરક્ષણ પ્રયોગશાળાના અધ્યક્ષ હતા. તેમના પૂરતી મર્યાદિત હતી.

દેશના ઉદ્યોગપતિ શ્રી જે.આર.ડી. તાતા તે વેળા ભારતી અણુ-ઊર્જા પંચના સભ્ય હતા. પરીક્ષણ વેળાએ તેઓ સીંગાપુર ગયા હતા અને ત્યાંના વડાપ્રધાન લીકૉન યીવુ સાથે ત્યારે વાતચીત કરી રહ્યા હતા. તેમણે શ્રી તાતાને પ્રશ્ન કર્યો કે, શું તમારો દેશ અણુબૉમ્બ વિકસાવવામાં માને છે? તાતાએ ત્વરિત જવાબ આપ્યો કે તેઓ પોતે ભારતીય અણુઊર્જા પંચના સભ્ય છે અને અમે અણુબૉમ્બ વિકસાવવામાં માનતા નથી. તુરત જ વડાપ્રધાન શ્રી યીવુએ જણાવ્યું કે હમણાં જ તમારા દેશના રેડિયોએ સમાચાર આપ્યા છે કે ભારતે અણુબૉમ્બનું સફળ પરીક્ષણ કર્યું છે. તાતા તો આ જાણીને સ્તબ્ધ થઈ ગયા હતા.

તે વેળાના ભારતીય વાયુદળના ઍર ચીફ માર્શલ શ્રી ઓ. પી.મહેરાને પણ રેડિયો મારફતે આ સમાચાર જાણી આશ્ચર્ય થયું હતું. તેમને આ બાબતે સહેજ પણ ઈશારો કરાયો નહોતો તેનો રંજ હતો. તેમાં પણ જ્યારે તેમણે જાણ્યું કે પોખરણ ખાતે પરીક્ષણ-સ્થળે જનરલ બિવુર હાજર હતા ત્યારે તેમને ઘણું દુ:ખ થયું. તેમણે આ અંગે વડાપ્રધાન સમક્ષ વિરોધ નોંધાવ્યો અને રાજીનામું આપવાની પણ વાત કરી. શ્રીમતી ગાંધીએ જાળવી લીધું અને જણાવ્યું કે જનરલ બિવુરની રેજિમેન્ટને ત્યાં કામ પર લેવાઈ હતી. ભૂગર્ભમાં ઊંડા ખાડા-સાફ્ટ-કરવામાં પણ તેમની જ મદદ લેવાઈ હતી. તેથી તેમને આ ખાનગી વાત જણાવાઈ હતી અને ત્યાં હાજર રહેવા જણાવાયું હતું. એમ તો તે વેળાના સંરક્ષણ મંત્રી શ્રી જગજીવનરામને પણ આ ભૂગર્ભ પરીક્ષણ અંગેની જાણ રેડિયો મારફતે જ થઈ હતી.

પાકિસ્તાન સાથેના બાંગ્લાદેશ યુદ્ધમાં મેળવેલા ભવ્ય વિજય અને ત્યાર પછી ભારતીય પ્રથમ અણુપરીક્ષણથી ઈન્દિરાજી પ્રતિ લોકચાહના ખૂબ જ વધી ગઈ હતી, પણ ત્યાર પછી લદાયેલી કટોકટીથી તેનો આંક નીચો ગયો. ત્યાર પછીના ઈલેક્શનમાં તેમના પક્ષને જબ્બર હાર મળી અને માર્ચ ૧૯૭૭માં નવી રચાયેલી જનતાપાર્ટીની સરકાર આવી. તેના વડા તરીકે મોરારજીભાઈ દેસાઈ દેશના નવા વડાપ્રધાન બન્યા. આ સરકાર બે વર્ષ ચાલી. શ્રી મોરારજીભાઈ દેસાઈ અણુબૉમ્બના પ્રચંડ વિરોધી હતા. છેક સપ્ટેમ્બર ૧૯૬૬માં તેમણે લોકસભામાં પ્રવચન આપતાં કહ્યું હતું કે ભારતે અણુબૉમ્બ બનાવવાનો વિચાર પણ કરવો ના જોઈએ. તે દેશ માટે આત્મઘાતી પગલું હશે.

શ્રી મોરારજીભાઈ દેસાઈ વડાપ્રધાન બન્યા પછી ભારતના આ બે અણુબૉમ્બ નિષ્ણાતોને જોતાં જ તેમની ભ્રમર ચઢી જતી હતી. તેમાં પણ રામન્નાને તો મી. બૉમ્બ જેવા નામથી ઓળખાવતા. રામન્ના ૨૦ જુલાઈ ૧૯૭૮થી ભારત સરકારના વૈજ્ઞાનિક સલાહકાર બન્યા હતા.

અમેરિકાના પ્રમુખ કાર્ટર ૧૯૭૮ના જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયામાં ભારત આવ્યા હતા. વડાપ્રધાન શ્રી દેસાઈ સાથે તેમની મુલાકાત ગોઠવાઈ ત્યારે ભારતના ૧૯૭૪ના પ્રથમ અણુ પરીક્ષણ અંગે વાત થઈ ત્યારે શ્રી મોરારજીભાઈએ પ્રમુખ કાર્ટરને જણાવ્યું કે ૧૯૭૪માં ભારતે કર્યો તે તો ધડાકો હતો અને તે અણુવિસ્ફોટ નહોતો. કાર્ટર થોડાક મૂંઝાયા અને પૂછ્યું એટલે શું? બન્ને વચ્ચેનો તફાવત મને સમજાતો નથી. વડાપ્રધાન શ્રી દેસાઈ શાંતિથી તેમને સમજાવવા લાગ્યા કે તમે જ્યારે પથ્થરની ખાણમાં જાવ અને તેમાં છિદ્ર કરી તેમાં ડાઈનેમાઈટ કે એવો કોઈ વિસ્ફોટક ભરીને તેને ઉડાવી દો ત્યારે તે ધડાકો થાય. એમ જે કર્યું હતું તે તો ધડાકો હતો. વિસ્ફોટ તો જુદી જ બાબત છે. પ્રમુખ કાર્ટર થોડા મૂંઝવણમાં મુકાયા. શ્રી મોરારજીભાઈના આવા ખુલાસાથી ડૉ. શેઠના પણ ગૂંચવાઈ ગયા હતા.

ફરીથી ઈન્દિરાજી વડાપ્રધાન બન્યા ત્યારે ઑગસ્ટ ૧૯૮૦માં તેમણે અંતરિક્ષ વિભાગના અધ્યક્ષ ડૉ. સતીશ ધવન અને શ્રી ક્લામને અગ્ર કક્ષાના સાંસદોનો પરિચય કરાવવા દિલ્હી બોલાવ્યા. આ અંગેનું આમંત્રણ મળતાં જ શ્રી ક્લામે ધવનને જણાવ્યું કે મારી પાસે તો તે પ્રસંગે પહેરવાનો શૂટ પણ નથી અને બૂટ પણ નથી. (હું તો ચંપલ પહેરું છું) શ્રી ધવને હસતાં હસતાં ત્વરિત જવાબ આપ્યો કે તમો તો સફળતાનો શૂટ પહેરો જ છો તો તે રીતે આવજો.

આ મીટિંગમાં ઈન્દિરાજીએ શ્રી ક્લામની ઓળખાણ બાજપાઈ સાથે કરાવી. શ્રી બાજપાઈએ શ્રી ક્લામની પીઠ થાબડી ત્યારે ઈન્દિરાજીએ કટાક્ષમય સ્મિત કરતાં કહ્યું કે અટલજી, પણ તે તો મુસ્લિમ છે. લગીર પણ ખચકાયા વિના અટલજીએ જણાવ્યું કે તે પ્રથમ તો ભારતીય છે અને તે મહાન વિજ્ઞાની પણ છે. એ વેળા કોને ખબર હતી કે શ્રી બાજપાઈ ભારતના વડાપ્રધાન બનશે અને તે વેળા તેઓ જ શ્રી ક્લામની વધુ સેવાઓ લેશે. પાછળથી મિસાઈલમૅન તરીકે જાણીતા બનેલા આ જ શ્રી અબ્દુલ ક્લામ આજે ભારતના સર્વોચ્ચ પદે - રાષ્ટ્રપતિ પદે - બિરાજ્યા છે.

ચીને ૧૯૬૪માં તેનું પ્રથમ અણુપરીક્ષણ કર્યું ત્યારે તે અંગે ૨૨ ડિસેમ્બર ૧૯૬૪ના રોજ લોકસભામાં બોલતાં શ્રી અટલજીએ કહ્યું હતું કે અણુ બૉમ્બનો જવાબ શું હોઈ શકે? અણુબૉમ્બનો જવાબ અણુબૉમ્બ જ હોઈ શકે, બીજુ કંઈ નહીં.

ભારતના પ્રથમ અણુપરીક્ષણ બાદ લોકસભામાં બોલતાં શ્રી બાજપાઈએ ભારતની આ સફળતાને વખાણી હતી. તે અને તેમનો પક્ષ તો પહેલેથી જ તાકાતવાન ભારતના આગ્રહી હતા. ૧૯૮૨માં બાજપાઈએ હિરોશિમાની મુલાકાત લીધી હતી ત્યારે ત્યાંની પરિસ્થિતિ જોઈ તેઓ ખૂબ દુઃખી થયા હતા ત્યારે તેમણે ન્યૂક્લીઅર શસ્ત્રોની વિરુદ્ધ એક કાવ્ય પણ લખ્યું હતું. પણ જ્યારે તે વડાપ્રધાન બન્યા ત્યારે તેમને સ્પષ્ટ થયું હતું કે દુનિયા શક્તિશાળીની છે. તેમને ખાતરી થઈ હતી કે બીજું હિરોશિમા ઊભું થતું રોકવા માટે દુનિયાએ ન્યૂક્લીઅર શસ્ત્રો છોડી દેવાં પડે પણ આવાં શસ્ત્રો ધરાવતા દેશોએ તેમ કરવાને બદલે બીજાં રાષ્ટ્રો તે ન ધરાવે તેની જ ચિંતા કરી હતી. તેથી તેમને લાગ્યું હતું કે ભારતે પણ ન્યૂક્લીઅર ક્લબમાં જોડાવું આવશ્યક છે.

ભારતના બીજા સફળ અણુપરીક્ષણ પછી તેમની પ્રેસ કૉન્ફરન્સમાં વડાપ્રધાન શ્રી અટલજીએ ઈન્ડિયા ટુ ડે-વાળા પ્રભુ ચાવલાને જણાવ્યું હતું કે પરીક્ષણનો સૌથી મોટો ફાયદો એ છે કે આનાથી દેશને એક અદ્ભુત શક્તિ મળી છે. આ પરીક્ષણોની સફળતાએ દેશને એક મોટો આત્મવિશ્વાસ પૂરો પાડ્યો છે.

મિસાઈલમૅન તરીકે જાણીતા બનેલા આપણા પ્રથમ કક્ષાના વિજ્ઞાની શ્રી એ.પી.જે. અબ્દુલક્લામને ૧૯૯૪માં તેમના જ એક સાથી વિજ્ઞાનીએ પ્રશ્ન પૂછ્યો હતો કે પહેલાં તમો અંતરિક્ષ વિભાગમાં શાંતિનાં વાહનો બનાવવામાં માર્ગદર્શન આપતા હતા અને પાછળથી સંરક્ષણ સંશોધનમાં યુદ્ધ માટેનાં શસ્ત્રો માટે માર્ગદર્શન આપવાનું સ્વીકાર્યું. અહીં પ્રશ્ન એ થાય છે કે આવાં શસ્ત્રો જે મહાવિનાશક અને લોહિયાળ બની શકે તેને વિકસાવવાનું તમે શા માટે વિચાર્યું? શ્રી ક્લામનો જવાબ સ્પષ્ટ અને ચોક્કસ હતો. તેમણે કહ્યું કે આનાથી હું મારા દેશ માટે શાંતિની ખાતરી મેળવી શકીશ. હવેથી કોઈ દેશ આપણા ઉપર હુમલો કરવાની હિંમત નહિ કરી શકે. સાચી રીતે કહીએ તો આ તો શાંતિનાં શસ્ત્રો છે.

દેશના બીજા અણુપરીક્ષણ (૧૯૯૮)માં તેમણે અમૂલ્ય ફાળો આપ્યો છે. તેમણે સંરક્ષણ મંત્રાલયને તેમજ વડાપ્રધાનશ્રીને વૈજ્ઞાનિક સલાહકાર તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી છે. ભારત સરકારે પણ ૧૯૯૭માં તેમને દેશનો સર્વોચ્ચ ઈલ્કાબ ભારત-રત્ન આપી તેમનું સન્માન કર્યું છે. આજે તો હવે તેઓશ્રી ભારતના રાષ્ટ્રપતિપદે બિરાજમાન છે, અને દેશના પ્રથમ નાગરિક છે. શાંતિનાં શસ્ત્રો અંગેના તેમના વિચારો આજે પણ તેના તે જ જણાય છે. ❐

ફિલ્માકાશ-૨૬
'વિદ્યાપતિ'ના નિર્માણ દરમિયાન કેટલીક કડવી કહાણી

—રજનીકુમાર પંડ્યા—

એવા પણ કેટલાક અભ્યાસી રસિયાઓ જૂની પેઢીના પ્રેક્ષકોમાંથી મળી આવે છે કે જેમને મતે 'વિદ્યાપતિ' (હિંદી) ફિલ્મનું શ્રેષ્ઠ અંગ એનું સંગીત કે વાર્તા નહીં પણ કલાકારોનો અભિનય હોય. આ માન્યતાને સમર્થન આપતો લેખ અમેરિકાના 'ઈંડિયા ટ્રિબ્યૂન'માં ૧૯૯૪માં વાંચ્યાનું યાદ છે. સુબ્બારાવ નામના વિખ્યાત ફિલ્મ સમીક્ષકે એમાં એવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું કે 'વિદ્યાપતિ'માં અભિનયની જે તરાહ (એમણે 'ડિસિપ્લીન' શબ્દ વાપરેલો) હતી તે સર્વથા બંગાળી નહોતી, બલકે જાનદાર પંજાબી હતી.

એ વખતે એના કહેવાનો ધ્વનિ મારા મનમાં સ્પષ્ટ થયો નહોતો, તે છેક હમણાં કેદાર શર્માનું છૂટાછવાયા પ્રસંગોને ગૂંથીને લખાયેલી આત્મકથા 'ધ વન ઍન્ડ લોન્લી કેદાર શર્મા' વાંચીને સાવ સ્પષ્ટ થયો. એ શીર્ષકનો અર્થ થાય છે એકમેવ અને એકલવાયા કેદાર શર્મા. અઢીસો રૂપિયાની કિંમતના અઢીસો પાનાંના આ પુસ્તકમાં આપણે અગાઉ અખબારોમાં વાંચેલા અને છૂટાછવાયા સંગ્રહાયેલા તેમના અનુભવો બધા જ સમાવી લેવામાં આવ્યા જણાતા નથી. પણ જે કંઈ રજૂ થયા છે તે તેમની ખુમારીવાળી અને એટલે અળગા પડી ગયેલા કલાકાર તરીકેની છબી આલેખે છે.

શ્રી સુબ્બારાવના મંતવ્યનું સમર્થન કરતો એક પ્રસંગ પણ આમાંથી જ મળે છે અને તે પણ 'વિદ્યાપતિ'ના નિર્માણ-કાળ દરમિયાનનો જ હોવાના કારણે અહીં પ્રસ્તુત પણ ગણાશે.

ભાગ્યે જ કોઈ જાણતું હશે કે બંગાળી લોકો ગમે તેટલા સંવેદનશીલ અને માનવીય લાગણીઓથી સભર હોવા છતાં મામકાઃની વધુ તરફેણ કરવાની તેમની માનવસહજ વૃત્તિ બીજા લોકો જેવી જ હતી. કેદાર શર્મા, પૃથ્વીરાજ કપુર કે કુંદનલાલ સાયગલને પણ એ હકીકતનો કડવો અનુભવ થતો હતો.

'વિદ્યાપતિ'ના નિર્માણ દરમિયાન પણ રાબેતા મુજબ જ શૂટિંગ ચાલતું હતું. રાબેતો એ હતો કે ન્યૂ થીએટર્સની કોઈ ફિલ્મની જો બંગાળી અને હિંદી એમ બે આવૃત્તિ બનાવવાની હોય તો પહેલાં બંગાળી આવૃત્તિનાં દૃશ્યોનું શૂટિંગ કરવામાં આવતું અને એ વખતે હિંદી આવૃત્તિના કલાકારોને ઉપસ્થિત રાખવામાં આવતા અને તેમને સૂચના આપવામાં આવતી કે ઝીણવટથી બંગાળી આવૃત્તિના અભિનેતાઓના અભિનયનો અભ્યાસ-નિરીક્ષણ કરે અને પછી હિંદી આવૃત્તિના એ જ દૃશ્યના શૂટિંગ વેળા તેનું જ પાકું અનુસરણ કરે. આનો આડકતરો અર્થ એવો થતો કે બંગાળી ફિલ્મનાં દૃશ્યોને જ આદેશ-રૂપ ગણીને તે પ્રમાણે જ ચાલવાનું રહેતું.


કેદાર શર્મા

એ યુગમાં અભિનેતાઓનું વર્ચસ આજના મોંઘાદાટ અને માથાફરેલ અભિનેતાઓ જેટલું નહોતું અને પ્રેક્ષકોમાં તેમને જ માનપાન મળતાં તે જુદી વાત હતી. પણ સ્ટૂડિઓમાં તો તેઓ પગારદાર કર્મચારીઓથી વિશેષ કશું નહોતા. આ વાત તેમને પણ કોઠે પડી ગઈ હતી અને તેથી તેમને પણ તેનો કોઈ વાંધો નહોતો.

પણ પૃથ્વીરાજ કપુર જેવા, જરા જુદી માટીના અભિનેતાને અંદરથી કઠતું હતું. પણ દિગ્દર્શક દેવકી બોઝ કે બી.એન.સરકારની આમન્યાને કારણે હરફ ઉચ્ચારી શકતા નહોતા પણ એક દિવસ એવું બન્યું કે પૃથ્વીરાજ અને કેદાર શર્મા બન્ને પંજાબીઓ આ જ મામલે દેવકી બોઝની હડફેટે ચડી ગયા.

'વિદ્યાપતિ'ના અંતિમ દૃશ્યોનું શૂટિંગ ચાલતું હતું. લાંબા ઘટનાક્રમને અંતે રાણી લક્ષ્મીદેવી (છાયાદેવી) આત્મ-સમર્પણનો નિર્ણય કરે છે. મંદિરમાં જાય છે અને એનો અમલ કરે છે ત્યારે એક દૂત રાજા (બંગાળી આવૃત્તિમાં દુર્ગાદાસ બૅનરજી હિંદી આવૃત્તિમાં પૃથ્વીરાજ કપુર)ને આ સમાચાર આપે છે - તે ઘડીના આ દૃશ્યમાં બંગાળી આવૃત્તિમાં રાજા (દુર્ગાદાસ બૅનરજી)એ સ્થળ ઉપર તત્કાળ ધસી જઈને રાણીને બચાવવાની તજવીજ કરવાને બદલે હાજર રહેલા સમક્ષ લાંબું ભાષણ, નારીજાતિના સ્વભાવવૈચિત્ર્ય ઉપર ઝાડી નાખે છે. દુર્ગાદાસે એ દૃશ્ય બહુ સચોટ રીતે ભજવ્યું. પણ જ્યારે એ પછી એ જ દૃશ્યનું શૂટિંગ જોઈ રહેલા પૃથ્વીરાજને હિંદી આવૃત્તિનું દૃશ્ય ભજવી બતાવવાનું આવ્યું કે તરત જ પૃથ્વીરાજ માત્ર બે જ વાક્ય બોલ્યા : 'સર્વનાશ, સર્વનાશ, હે ભાગ્યવિધાતા, મારી લાજ રાખજે.' આટલું બોલીને એ તત્ક્ષણ આઘાત પામેલા. કોઈ પણ સામાન્ય માણસની જેમ મહેલની બહાર જઈને રાણીને છેલ્લી ઘડીએ પણ ઉગારી લેવા દોડી ગયા છે.

આ દૃશ્ય આ રીતે ભજવાતું જોઈને દેવકીબાબુ એકદમ આકળા થઈ ગયા. એમણે કહ્યું કે આ તો દૃશ્ય સાવ ફિક્કું, બેરંગ લાગે છે. તમે (પૃથ્વીરાજ) એને જે રીતે દુર્ગાબાબુએ ભજવ્યું તેમ કેમ ભજવતા નથી?

પૃથ્વીરાજે નમ્રતાથી જવાબ આપ્યો કે સંવાદલેખકે એમને

માત્ર આ બે પંક્તિનો સંવાદ જ આપ્યો હતો. સંવાદલેખક તો કેદાર શર્મા હતા. એમને સત્વરે સેટ ઉપર બોલાવવામાં આવ્યા તો એમણે બચાવ કર્યો કે પોતાની પત્ની વિષેના આવા આઘાતજનક સમાચાર મળ્યા પછી ક્યો માણસ ઉપસ્થિત લોકો સમક્ષ વ્યાખ્યાન આપવા ઊભો રહે? એ તો બહુ અવાસ્તવિક લાગે. એને બદલે એણે ઘડીના ય વિલંબ વગર રાણીનો મોંમેળો કરવા કે એને ઉગારવા દોડી જવું જોઈએ, અને એ જ ઉચિત કહેવાય.



પૃથ્વીરાજ કપુર

તટસ્થ પરિપ્રેક્ષ્યથી વિચારતાં એ વાત બિલકુલ સાચી આજે પણ જણાય છે, પણ એ યુગ બોધપ્રધાન, જરા મુખર (લાઉડ) ફિલ્મોનો યુગ હતો. વાસ્તવ કરતાં રંગદર્શિતાને વધારે પસંદ કરવામાં આવતી અને ન્યૂ થીએટર્સની પરંપરા મુજબ હિંદી આવૃત્તિએ બંગાળી આવૃત્તિને જ અનુસરવાનું હતું. હિંદી આવૃત્તિની પટકથા તો કાઝી નઝરુલ ઈસ્લામે ખુદે લખી હતી જ્યારે બંગાળીની પટકથા દેવકીબાબુએ જાતે લખી હતી. દેખીતી રીતે જ એ પોતાના સર્જનના વ્યામોહમાં હતા. એટલે એમનો હઠાગ્રહ એ મુજબ શૂટિંગ કરવાનો હતો. મતલબ કે રાજાએ આ આઘાત-જનક - તાકીદ માગી લેતા સમાચાર જાણ્યા પછી પણ નારીના ચરિત્રની વિષમતાઓ વિષે લાંબાં લાંબાં મંતવ્યો વ્યક્ત કરવા ઊભા રહેવાનું હતું.

પણ કેદાર શર્માએ જેવો પોતાનો અભિગમ વ્યક્ત કર્યો કે તરત જ સેટ ઉપર સન્નાટો છવાઈ ગયો. કારણ કે ન્યૂ થીએટર્સની આચારસંહિતા મુજબ દિગ્દર્શક સામે કોઈએ પણ પોતાની હોંશિયારી બતાવવાની મનાઈ હતી. દેવકીબાબુ આગઝરતી આંખે જોઈ રહ્યા હતા. વળી, પૃથ્વીરાજે બળતામાં ઘી હોમ્યું - કહ્યું, 'કેદારની વાત સાચી છે - આવા કટોકટીના સમયે તો કયો પતિ વળી ભાષણો આપવામાં સમયનો વ્યય કરતો હશે?' આ વાક્ય પૂરું થાય ત્યાં તો કેદાર શર્માને વળી શું કુમતિ સૂઝી કે એમણે ય ઉમેરણ કર્યું, 'સ્ત્રીઓના આવા કમઅક્કલ ચરિત્રનું વર્ણન કરવા માટે કોઈ વધુ સારો મોકો શોધોને, દેવકીબાબુ!'

'મારે શું, તમે બે પંજાબીઓ પાસેથી ડિરેક્શનના પાઠ ભણવાના છે? આ તો હદ થઈ ગઈ! હું આ યૂનિટનો કેપ્ટન છું, ને આ જ ઘડીએ હુકમ કરું છું કે મેકઅપ કરો!'

વાસ્તવમાં આ એમના અહમ્‌નો ફૂંફાડો હતો. પણ કોઈ કાંઈ બોલી શકે તેમ નહોતું. આ અગાઉ એક વાર પૃથ્વીરાજને દેવકીબાબુએ બંગાળી કલાકારોના અભિનયનો અભ્યાસ કરી તે મુજબ અભિનય આપવાની હિદાયત આપી હતી ત્યારે પૃથ્વીરાજે ડરતાં ડરતાં કહ્યું હતું કે ભલે હું તમે કહો છો તેમ કાળજીપૂર્વક કહીશ, પણ સર, હું ગ્રાન્ડ ઍન્ડરસન જેવા ઈંગ્લિશ સ્ટેજના મહાન ડિરેક્ટરના હાથ નીચે ઘડાયેલો છું. મને મારી પોતાની આગવી અદાકારી બતાવવાની પણ તક આપો તો સારું.

એ વખતે દેવકીબાબુ ગમ ખાઈ ગયા હતા, કારણ કે ગ્રાન્ડ ઍન્ડરસનનો હવાલો હતો, જ્યારે આ મામલે તો કાજી નઝરુલ ઈસ્લામની ખુદની પટકથાનો હવાલો પણ કાંઈ કામ આપે તેમ નહોતો.

મેક-અપનો ઑર્ડર ડિરેક્ટર એકદમ અધવચ્ચ અંતરિયાળ કરે તે બહુ ખરાબ ઘટનાની એંધાણી છે. એનાથી સૌ હેબત જ ખાઈ જાય ને આ મામલે પણ એવું જ થયું. કેદાર પણ હતપ્રભ થઈ ગયા ને જાતને ગુનેગાર ગણીને તીવ્ર અપરાધ-ભાવ અનુભવવા માંડ્યા. સેટ ઉપરનાં ઉપસ્થિત સૌ બંગાળી સ્ત્રી-પુરુષો એમના કાન પાસે ગણગણવા માંડ્યા : 'આની ખબર બી. એન.સરકારને આપવી જ જોઈએ. પછી જુઓ શી વલે થાય છે? ઉફ, એક સામાન્ય ચિતારાને એમણે સંવાદ-લેખક શું બનાવ્યો કે મગજમાં હવા ભરાઈ ગઈ!'

એ આખી રાત કેદાર શર્મા મટકું ના મારી શક્યા. આખી રાત એમને એ વિચારે જ સતાવ્યા કર્યા કે સરે મને પેઈન્ટરમાંથી સંવાદલેખક બનાવનારા બી.એન.સરકાર મારા માટે કેવો મત બાંધશે? આ મેં શું કર્યું?

પણ સવારે નોકરીએ જતાં વેંત એમણે જોયું કે દેવકી બોઝ રાબેતા મુજબ શૂટિંગ શરૂ કરી રહ્યા હતા અને આગલી પાછલી, ગઈ કાલની કોઈ વાતનો ઓછાયો સરખો ક્યાંય અનુભવવા મળતો નહોતો. જાણે કે કાંઈ બન્યું જ નથી!

આમ કેમ બન્યું? કેદાર શર્મા લખે છે: 'હું કલ્પી શકું છું કે શું બન્યું હશે. આખા બનાવનું રિપોર્ટિંગ બી.એન. સરકાર પાસે થયું જ હશે. એમાં અમે બે પંજાબીઓ શું બોલ્યા તેની પણ બઢાવી-ચઢાવીને રેકર્ડ ચઢી હશે. પણ પછી બી.એન. સરકારે બહુ સ્વસ્થ ચિત્તે કહ્યું હશે કે એ કઈ મોટી વાત છે? મને તો એમાં કેદાર અને પૃથ્વીના અભિમાની વર્તન જેવું કાંઈ

લાગતું નથી. મને તો એમાં એ બન્નેની વફાદારી અને પ્રામાણિકતા દેખાય છે. વાત સાચી પણ છે - ક્યો હૈયાફૂટો માણસ પોતાની બૈરીના આપઘાતના પ્રયત્નની વાત સાંભળીને એક મિનિટ માટે ય ત્યાં ને ત્યાં ખોડાઈ રહે? ચલો, ચલો, ટાઈમ વેડફો નહીં, શૂટિંગ શરૂ કરો.'

કેદાર શર્મા આ બનાવનું વર્ણન કર્યા પછી બી.એન. સરકાર 'વિશાળ હૃદયના બૉસ' શબ્દનો વિશેષણ તરીકે ઉપયોગ કરે છે. એમના જણાવવા મુજબ શ્રી સરકાર એક જૂનિઅર કલાકાર (એકસ્ટ્રા) છોકરી પરત્વે એક મામૂલી કર્મચારી છોકરો વધુ પડતો માયા બતાવતો લાગ્યો કારણ કે લંચ અવર્સમાં એ એને માટે કાળજી રાખીને ટિફિન લઈ આવતો હતો. કોઈએ સરકાર પાસે એ વાતની ચાડી ફૂંકી કે તરત જ એમણે વળતો તીખો પ્રતિભાવ આપ્યો કે, 'કોઈ હિરૉઈન પ્રતિ આપણા ડિરેક્ટર કે મ્યૂઝિક ડિરેક્ટર આવું વલણ બતાવવાનું કરે છે ત્યારે તો તમે નીતિનાં પૂતળાંઓ મારી પાસે કેમ ચાડી ફૂંકવા આવતા નથી?'

આવી જ રીતે તોછડા વર્તનનો અનુભવ 'વિદ્યાપતિ'ના સેટ ઉપર કેદાર શર્માને બીજી વાર પણ થયો હતો. 'વિદ્યાપતિ'ના શૂટિંગના છેલ્લા દિવસો હતા એ દરમિયાન એક દિવસ લંચબ્રેક દરમિયાન અગત્યના કલાકારો ડ્રેસ બદલવા મેઈકઅપ રૂમ ભણી ગયા, અને દેવકીબાબુ સાઉન્ડ એન્જિનીયર સાથે વાતોએ વળગ્યા હતા. એ દરમિયાન પટકથાની આખી ફાઈલ તેમણે ટેબલ પર મૂકી હતી. એ જરા આઘાપાછા હતા ત્યાં અચાનક જ કેદારનું ધ્યાન એ ફાઈલ તરફ ગયું. એમણે એ કુતૂહલવશ હાથમાં લીધી અને પાનાં ફેરવવા માંડ્યાં. અમસ્તું પણ એ પોતે જેની સાથે સંકળાયેલા હતા એ ફિલ્મ 'વિદ્યાપતિ'ની સ્ક્રિપ્ટની જ ફાઈલ હતી, અને એ જોવામાં અજૂગતું પણ શું હતું? પણ આમ છતાં ય હજી માંડ એમણે થોડાં પૃષ્ઠો ઉથલાવ્યાં હશે ત્યાં મદદનીશ દિગ્દર્શકે પાછળથી આવીને બહુ બરછટપણે ફાઈલ એમના હાથમાંથી આંચકી લીધી.

કેદાર શર્માને બહુ ખરાબ લાગ્યું. એમણે આ અપમાનની ફરિયાદ દેવકીબાબુ પાસે કરી. તેમને ખાતરી હતી કે દેવકીબાબુ એ ઉચ્છૃંખલ માણસને ઠપકો આપશે. પણ બન્યું ઊલટું જ. દેવકી-બાબુએ તો ઊલટાનું કેદારને ઠમઠોર્યા : 'તારાથી એ ફાઈલને અડકાય જ શી રીતે? કોણે તને એ વાંચવાની છૂટ આપી?'

કેદાર ડઘાઈ ગયા. એમનાથી માત્ર એટલું જ કહી શકાયું : 'સૉરી, સર!'

પરંતુ ઘણી યે વાર આ પ્રકારના નારાજ 'સૉરી'માં રાજીનામું છુપાયેલું હોય છે. - આ કડવા અનુભવની કડવાશ બરાબર કામ કરી ગઈ. 'વિદ્યાપતિ'નું કામ પૂરું થતાં જ કેદાર શર્માએ પોતાને ઊગવાની ક્યારી આપનાર એ માતૃસંસ્થા, ન્યૂ થીએટર્સમાંથી રાજીનામું આપ્યું. તેમણે આ વાતની આગોતરી જાણ પોતાના ખાસ ભાઈબંધ પૃથ્વીરાજને કરી કે પૃથ્વીરાજે તેમને સામું કહ્યું, 'આવતા સોમવારે હું પણ તને એક સરપ્રાઈઝ આપીશ જોજે...'

ને પછીના સોમવારે પૃથ્વીરાજ કપુરે પણ બી.એન. સરકારના ટેબલે જઈને પોતાનું રાજીનામું ધરી દીધું. કેદારને તેમણે કહ્યું : 'લોકો ભલે મને મૂરખ ગણે, પણ જ્યાં મારો દોસ્ત કેદાર શર્મા ન હોય ત્યાં હું કેવી રીતે રહી શકું?' હું હવે મુંબઈ જઈને ભાગ્ય આજમાવવા માગું છું. મને ખાતરી છે કે મને અને મારા પરિવાર માટે દાળ-રોટલો તો ત્યાં મળી જ રહેશે.' એમ કહી શકાય કે 'વિદ્યાપતિ'ના સમ્રાટે ગાદી તો ત્યાગી પણ દેશવટો પણ લીધો. (ક્રમશઃ)

તા. ૧૦-૨-૨૦૦૩ થી તા. ૧-૩-૨૦૦૩ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. શ્રી મીના દેવેશ પટેલ (અમેરિકા)	રૂ. ૨૫,૦૦૦
૨. શ્રીમતી સુનંદા અને જયંત ઝવેરી (લંડન)	રૂ. ૩,૦૨૬
૩. શ્રી આર. કે. મહેતા (મુંબઈ)	રૂ. ૨,૫૦૦
૪. શ્રી ભરત જે. ભીમાણી (ભાવનગર)	રૂ. ૧,૫૦૦
૫. શ્રી રાજેન્દ્ર શાહ (અમદાવાદ)	રૂ. ૧,૨૦૦
૬. શ્રી વિજયસિંહ એલ. ભાટિયા (મુંબઈ)	રૂ. ૧,૦૦૧
૭. શ્રી કમલેશ ગિરિશચંદ્ર શર્મા (વડોદરા)	રૂ. ૧,૦૦૧
૮. શ્રી કુસુમતાઈ બિલ્ગી હ. શ્રી અરુણા જાડેજા (અમદાવાદ)	રૂ. ૧,૦૦૧
૯. શ્રી જયકુમાર આર. શુકલ (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૧૦. શ્રી સુરેશભાઈ એમ. શાહ (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૧૧. શ્રી વસંત દેઢિયા (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૧૨. શ્રી નરોત્તમભાઈ વાળંદ (ભરૂચ)	રૂ. ૧,૦૦૦
૧૩. શ્રી ગજેન્દ્રભાઈ શાહ - ચિત્રકાર (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૧૪. શ્રી આનંદ વી. મહેતા (મુંબઈ)	રૂ. ૧,૦૦૦
૧૫. શ્રી મહેન્દ્રસિંહ મોહનસિંહ ચૌહાણ (બીલીમોરા)	રૂ. ૫૦૦
૧૬. શ્રીમતી હેમલતાબહેન સી. ખંઢેરિયા (મુંબઈ)	રૂ. ૫૦૦
૧૭. શ્રી ભગવતભાઈ સુથાર (કડી)	રૂ. ૫૦૦
	રૂ. ૪૩,૭૫૩

દાનની રકમ 'કુમાર ટ્રસ્ટ'ના નામે મોકલવી.
કલમ ૮૦જી અન્વયે આ દાન આયકરરાહતને પાત્ર છે.

આથમતાં અજવાળાં-૧૭

ઉજાણી

ભગીરથ બ્રહ્મભટ્ટ

આધુનિકતાના આક્રમણે માનવીને એવો તો એકલપેટો બનાવી દીધો છે કે એને સામૂહિક આનંદનો પ્રતિનિધિ રહેવા દીધો નથી. સામૂહિક આનંદના કેટકેટલા અવસરો માનવી એક પછી એક છોડી રહ્યો છે! સામૂહિક ઉજાણી, સામૂહિક પ્રવાસ-પર્યટન, સામુહિક જાતરા, સામૂહિક નાતવરા, સામૂહિક લોકાચાર, સામૂહિક ગરબા-ગાણાં અને સામૂહિક મેળા-વડાઓ હવે તો એક પછી એક ઓછાં થતાં જાય છે, અને જે ઉજવણીઓ થાય છે એમાં પ્રાણ રહ્યો નથી. કેવળ 'ફૉર્મલ' બનતી જાય છે. એ ચિંતાનો વિષય છે, આમ કેમ થઈ રહ્યું છે? સમાજને સામુદાયિક આનંદના અવસરોની ભરપેટ આવશ્યકતા છે પણ વિભક્ત સમાજ-રચનાનાં આક્રમણોએ વ્યક્તિનો સામૂહિક આનંદ ઝૂંટવી લીધો છે.

નાનો હતો ત્યારે મા-બાપ સાથે જાતરા કરવા ગયેલો. ગામમાંથી ઘણાં સાથે હતાં. લંગડા સારાભાઈ, ભગત રવજી, જીજીમા અને પેલા પ્રેમભાઈ!! કોઈનેય કંઈ તકલીફ ન પડે. બધા હાથોહાથ કામ કરે. કોઈનુંય કશુંય નહિ, બધાનું બધું જ. રંધાય સાથે, જમીએ સાથે, કોઈ માંદુ-સાજુ હોય તો બધાય સેવામાં હાજર. ગંગાસ્નાન કરવા આખું મહિલાવૃંદ ધસમસ કરતું શીતળ જળમાં એવી તો ડૂબકીઓ લગાવે કે એમની ઉંમર કોઈની આડે આવે નહિ. કોઈનેય અશક્તિ દેખાય નહિ, સૌ સ્ફૂર્તિ-વાળાં, તાજાં-હસતાં-પ્રસન્ન!! જીજીમા વહુઓ સાથે ઘરમાં ઝઘડે. જાતરામાં તો કેવાં સાધ્વી જેવાં દેખાય! જાણે કટુવચની જીભ પાવન થઈ ગઈ! સૌ સ્ત્રીઓના-પુરુષોના પગમાં અને મનમાં ગજબનો ઉત્સાહ!! ચહેરા પર અનન્ય પ્રકારની દીપ્તિ!! એમના પર સૂર્યનાં કિરણોનો અભિષેક થાય એવી કૃતાર્થતા અનુભવું!! આવો ઉત્સાહ, ઉલ્લાસ હવે ક્યાંય જોવા મળતો નથી. ગામડામાં થતાં લગ્નો અને લગ્નોમાં જોડાયેલી સ્ત્રીઓ, સ્ત્રીઓનાં મુખમાં લગ્ન-ગાણાંની પ્રસન્નતા!! એ દિવસો હવે રહ્યા જ નથી. ટેપરેકર્ડના અવાજોએ અસલિયતનો કોળિયો કર્યો છે અને લોકકલાઓ પ્રત્યેની સમાજની ઉપેક્ષા ઉઘાડી પડતી જાય છે. સમૂહમાં કોઈ પ્રસંગને માણવાનો લ્હાવો-વૃત્તિ પ્રત્યેક માણસમાં પ્રબળ છે. આનંદ માટેની ઝંખના એ પણ માનવીની એક અનિવાર્ય પ્રાથમિક જરૂરિયાત છે, જેના વગર એ જીવી શકે નહિ. આનંદનું સ્વરૂપ ભૂમાનું છે, વ્યાપ્તિનું છે. એ જીવી શકે નહિ બહોળાપણા સિવાય. સ્વની સંકડાશમાંથી સરકી બૃહતપણામાં વિલીન થવા મળે એટલે આનંદ જ આનંદ!! આ આનંદ-ધર્મની તોલે બીજું કશું હોતું નથી. ધર્મ અને કાવ્ય સમૂહમાં અનુભવવાની પ્રવૃત્તિઓ છે, છતાં એનો શુદ્ધ અનુભવ હવે મળવો દોહ્યલો છે. હજુય ક્યાંક આરતી, તીર્થસ્નાન, સમૂહપ્રાર્થના, ભજન-કીર્તન, કાવ્યગાન, સભા-સંબોધન, નૃત્ય, સંગીત અને નાટકમાંથી પ્રજા સમૂહભોગ્ય આનંદો મળવે જ છે. ઉત્સવો-મેળા એનાં દૃષ્ટાંતો છે. આનંદનું સ્વરૂપ દિન-પ્રતિદિન બદલાતું જાય છે.

સમૂહભોજન પ્રસંગો તો હવે ક્યાં રહ્યા છે? પહેલાં તો કેવી ઉત્સાહી ઉજાણીઓ થતી? હું નાનો હતો ત્યારે બળિયાદેવના મંદિરે જંગલમાં 'ટાઢું ખાવા' માટે મહોલ્લાના માણસો સાથે જતો. બધાં જ મંદિરે ભેગાં થાય. ભેગાં મળી પૂજા પાઠ કરે અને સાથે બેસીને ખાય, કોઈનું ઢેબરું-ઢોકળું, કોઈનાં થેપલાં, કોઈનાં વડાં, કોઈની તાજી છાશ વહેંચી-વહેંચીને ખાઈએ. ગજબનો સ્વાદ હતો એ ટુકડાઓમાં!! એની સાથે કોઈને કેવી રસોઈ કરતાં આવડે છે એની છૂટક છૂટક માહિતી પણ એકઠી થાય, સૌનો સ્વભાવ પણ પરખાય. સૌની સાથે મિલનો ગોઠવાય. ગાણાં ગવાય-ગીતો ગવાય. ભજનો ગવાય. એનો અનેરો આનંદ હતો. મુનશીએ વનમહોત્સવોનો મહિમા અમસ્તો જ નહોતો કર્યો. ઉજાણીનો સામુદાયિક આનંદ વિશિષ્ટ!! સમષ્ટિમાં વ્યક્તિનું ઓગળી જવું એ ઘટના જ મહત્ત્વની બને. સૌના મિલનમાંથી જ આનંદ જન્મે. કોઈનું સ્થૂળપણું, કોઈનું દુબળાપણું, કોઈની ખોડખાંપણ મર્યાદા ન બને, પણ સૌની ભેળાં એ લોકોય ભળ્યાં હોય ઉજાણીમાં!! સરખો આનંદ વહેંચાય!! ખાદ્ય સામગ્રી કપડે બાંધી હોય, એને ભાથું કહેવાય. બૉઘરણાં કે હાંડલીમાં છાશ હોય! એવા સમૂહ આનંદના અન્ય પ્રસંગો પણ ક્યાં ઓછા હતા? સામૂહિક પ્રવાસ પર્યટન, સામૂહિક જાતરા, સામૂહિક વરા, સામૂહિક ભજનમંડળો, રમત-ગમત અને અનેક પ્રકારના મેળા-મેળાવડાઓ, ગરબાઓ, પલ્લી (વડેચીમાની પલ્લી : રૂપાલ, જિ. ગાંધીનગર), હોળી-દિવાળી અને અખાત્રીજો... સરઘસો... યુવામંડળો... એ બધાંમાંથી મળતો આનંદ અનન્ય હતો. હોળી વખતે ઘેરૈયા થઈ જે ઉઘરાણું કરીએ એમાંથી ધાણી અને ખજૂરની ઉજાણી કરીએ - એ દૃશ્યો સ્મૃતિશેષ થઈ રહ્યાં છે.

હું નાનો હતો ત્યારે પહેલા ધોરણમાં (લગભગ) સાહેબો પર્યટને લઈ ગયેલા. ગાડામાં ગયેલા. મોહનભાની વાડીએ. બધા વિદ્યાર્થીઓ રોટલો-ગોળ, થેપલું, વડાં-મરચાં એવી સામગ્રી લઈને આવેલા. મને મારી માએ ઘઉં શેકી આપેલા... ઘઉંની ધાણી!! એ લઈને ગયેલો : આજે યાદ કરું છું ને મને સુદામાના તાંદુલ યાદ આવે છે! એ ધાણી : શેકેલા ઘઉં સૌએ હરખભેર મુખવાસની જેમ ખાધેલા. આજેય એ ભુલાયું નથી. એમાંથી જ ભાઈચારાની ભાવના પ્રકટતી હોય છે. પ્રકૃતિનો

(અનુસંધાન પૃ. ૧૭૩ પર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

એક શાળાના શિક્ષકની સંશોધનપ્રવૃત્તિ

તા. ૧૫-૨-૯૮ : ગુજરાતી સાહિત્ય પરિષદ વડોદરા મુકામે મળી ગઈ. તેના 'વિવેચન સંશોધન'ના વિભાગીય પ્રમુખ ડૉ. ભગવાનદાસ પટેલ હતા. આ ભગવાનદાસ ઓળખવા જેવા વ્યક્તિ છે. ૧૯૭૦માં ગુજરાતી સાથે બી.એ. થઈ ખેડબ્રહ્માની હાઈસ્કૂલમાં શિક્ષક થયા. નોકરી કરતાં કરતાં હિન્દીમાં એમ.એ. અને પીએચ.ડી. થયા પણ શાળાની નોકરી છોડી નહિ કારણ કે આ શાળા રાજસ્થાન સરહદ પાસેના ભીલ વસ્તીવાળા પ્રદેશમાં આવેલી છે અને સંયોગ એવા થયા કે આ શિક્ષકને ભીલી ભાષામાં રસ ઉત્પન્ન થયો. આ સંયોગ આવો હતો : અષાઢ માસની એક સાંજે (૧૯૭૮ની વાત છે) આ શિક્ષક ખેડબ્રહ્મા પાસેની હરણાવ નદીના પુલ ઉપરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે પાછળ આદિવાસી તરુણ-તરુણીઓનું એક નાનકડું જૂથ ગીત ગાતું આવી રહ્યું હતું. ગીતનો લય અને લહેકો તો બહુ ગમે પણ શબ્દો જરાય સમજાય નહિ. ગીતની શરૂઆત તરુણો કરે અને તરુણીઓ ગીત ઝીલે. જૂથ પુલ ઉપરથી તેની બાજુમાંથી પસાર થયું ત્યારે તેણે સ્પષ્ટ શબ્દો સાંભળ્યા. એક તરુણે ગીત ઉપાડ્યું. ગીતની પંક્તિઓ આ પ્રમાણે હતી :

માંય પરણાવી દૂરા દેસ, ઝળુકો મેલે દેઝે'લા
એણ ઝળુકે ન ઝળૂકે, પાસી આવું'લા.

ઘેર આવી યાદ રાખેલી આ પંક્તિઓ કાગળ ઉપર લખી લીધી અને બીજે દિવસે શાળાના એક ભીલ વિદ્યાર્થીને તેનો ગુજરાતી તરજુમો કરવા કહ્યું. ગીત વાંચીને સહેજ શરમાતો ગીતનો અર્થ બોલ્યો, 'હે ગોઠિયા (પ્રેમી) મને દૂર દેશ પરણાવી દીધી પરંતુ (તારા વિના) ત્યાં ફાવતું નથી. તું અરીસો મૂકી દેજે જેથી અરીસામાંથી પરિવર્તિત થતા સૂર્યપ્રકાશની સાથે પાછી આવું અને તને મળું!' સૂર્ય-પ્રકાશની તીવ્ર ગતિએ પાછા આવવાની કલ્પના અને સાથે વિરહની વેદના કેવી તીવ્રતાથી વ્યક્ત થઈ છે!

અને પછી આ શિક્ષકે ભીલ-વસવાટમાં જઈ વાતચીત અને સહવાસથી ભીલી બોલી શીખી લીધી. આ પ્રજા પાસે કાંઈ સાહિત્ય નથી પણ તેમની સાથે રહી સઘળું 'લોકસાહિત્ય' એકઠું કરવાનો આ નવા જમાનાના 'મેઘાણી'એ પ્રયત્ન આદર્યો. આ વરસે જ (૧૯૯૭માં) 'ભીલોનું ભારથ' નામે પૂરો સાતસો પાનાંનો તેનો ગ્રંથ પ્રકટ થયો. આ 'ભારથ' એટલે મહાભારત અને આદિવાસીઓની તેમની ભાષામાં આખું મહાભારત લોકો પાસેથી સાંભળી તે નોંધી લાવ્યો. પુસ્તકમાં મૂળ ભીલી કૃતિ છાપી છે અને પછી સરળ ગુજરાતીમાં તેનો ગદ્યસાર આપ્યો છે. તેમણે આપેલી મહાભારતની કથા તેમના રૂઢ લોકાચાર પ્રમાણે ગોઠવાયેલી છે અને આપણે તો તે સમજવા માટે પ્રયત્ન કરવો પડે!

ગુજરાતી અને ભીલી (આદિવાસી) પ્રજાઓ વચ્ચે પરસ્પર સમજણ કેળવવા માટે આવું સાહિત્ય ઘણું ઉપયોગી થાય.

તો આ છે એક શાળાના શિક્ષકની સંશોધન પ્રવૃત્તિ!

આશ્રમશાળા, છાત્રશાળા

તા. ૨૭-૨-૯૮ : વલસાડ જિલ્લાનો ધરમપુર તાલુકો. ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે આવેલો આદિવાસી વસ્તીનો તાલુકો છે. અહીં વસતા આદિવાસીઓની મુખ્ય ત્રણ જાતો છે - કોંકણી, વારલી અને કોર્યા. આદિવાસીઓમાં પણ છૂત-અછૂતનો ભેદ છે. કોર્યા જાતિ અછૂત ગણાય છે અને તે જાતિના લોકો પાસે જમીન નથી. ખેતમજૂરી એ જ આવકનું સાધન છે. જો કે ગરીબી તો સમગ્ર પ્રજામાં છે કારણ કે અહીં પાણીની તંગી નડે છે. હા, વરસનો વરસાદ તો ખાસ્સો ૧૩૦ ઈંચ જેટલો પડે છે પણ ડુંગરોની જમીન ખડકાળ છે. વરસાદનું પાણી સૂકાઈ જાય છે. વરસના છ મહિના ખૂબ પાણી અને છ મહિના પાણીનો દુકાળ જેવી સ્થિતિ છે!

આદિવાસીઓની બોલી કોંકણી છે. ઘરમાં ગુજરાતી બોલાતું નથી, કોંકણી બોલાય છે. આની એક વિચિત્ર અસર થઈ. સરકારે નાનાં ગામોમાં પ્રાથમિક શાળાઓ તો ખોલી, માસ્તરો પણ નીમ્યા. પણ માસ્તરોને કોંકણી આવડે નહિ, બાળક ગુજરાતી સમજે નહિ. પરિણામે શાળામાં રસ રહ્યો નહિ. શિક્ષક પણ નિયમિત આવે નહિ. હા, પહેલી તારીખે પગાર લેવા અચૂક આવે. આ પરિસ્થિતિમાં શિક્ષણનું શું કરવું તેની ચિંતા વેડછીના જુગતરામ દવેને ૩૦-૪૦ના દાયકામાં થઈ અને ધીરેધીરે 'આશ્રમશાળા'નો ખ્યાલ વિકસ્યો. ખેતીની થોડી જમીન સાથેની નિવાસી શાળા એટલે આશ્રમશાળા. આદિવાસી બાળકને ગુજરાતી ભાષા શીખવવાનો સરળ રસ્તો તો તેને ચોવીસે કલાક ગુજરાતી બોલતા વાતાવરણમાં રાખવો તે છે. પણ પાંચ-છ વર્ષના બાળકને કુટુમ્બથી છૂટું પાડવું પણ યોગ્ય નહિ એટલે આશ્રમશાળાનું શિક્ષણ ત્રીજા ધોરણથી શરૂ થાય.તો પછી ૧ તથા ૨ ધોરણના શિક્ષણનું શું? તે માટે પ્રદેશના ઊંડા ઊંડા વિસ્તારનાં નાનાં ગામોમાં છાત્રશાળાઓ શરૂ કરવી. અહીં પહેલા અને બીજા ધોરણ સુધી ભણાવાય. સવારથી સાંજ સુધીની શાળા. બપોરે બધાં સાથે જમે. રાત્રે પોતપોતાના ઘેર-જે ગામમાં છાત્રશાળા હોય તેનાં બાળકો તો શાળામાં આવે પણ

આદિવાસી ગામો પાંચ-પચાસ ઝૂંપડાંનાં અને બે ગામો વચ્ચે ૧ કિ.મી. થી ૭ કિ.મી. જેટલું અન્તર હોય. આવાં દરેક ગામમાં તો છાત્રશાળા પોષાય નહિ. એટલે પછી છાત્રશાળા અડધી નિવાસી શાળા બની. ગામનાં બાળકો ઘેર રહી શાળામાં ભણે અને આજુબાજુનાં નાનાં નાનાં ગામોનાં બાળકો છાત્રશાળામાં રહે અને ભણે. આવી સાતેક છાત્રશાળાના જૂથ સાથે એક આશ્રમશાળા સંકળાયેલી રહે. આ બધી વ્યવસ્થા સરકારી નહિ પણ આદિવાસી ઉત્કર્ષ મંડળ જેવી સંસ્થા કરે. આ સઘળી પ્રવૃત્તિ વેડછીના જૂકાકા (જુગતરામ દવેને અહીં બધા જૂકાકા કહે છે)એ શરૂ કરી એટલે ગાંધી વિદ્યાપીઠ આ પ્રવૃત્તિમાં આગળ છે.

વાઘડોળ અને પિંડવળ

તા. ૯-૩-૯૮ : ધરમપુરથી બપોરે ત્રણ વાગે જીપમાં અંતરિયાળ જંગલ વિસ્તારમાં જવા નીકળ્યા. ડુંગર ઉપરથી ચઢતા રસ્તા ઉપર ૩૦ કિ.મી. ચઢીને પિંડવળ આગળથી પસાર થયા. પિંડવળ તો વળતાં રોકાવું હતું એટલે ૭ કિ.મી. આગળ વાઘડોળ ગામમાં ગયા અને ત્યાંની છાત્રશાળામાં સાંજે ૫-૦૦ ને સુમારે પહોંચ્યા. આ છાત્રશાળા એટલે ખુલ્લાં મેદાનની ત્રણ બાજુએ ત્રણ છાણ-માટીનાં ઝૂંપડાં. વચલું ઝૂંપડું પ્રમાણમાં મોટું. તે શાળા માટે વપરાય. શાળામાં ૧લા ધોરણના બે અને બીજા ધોરણનો એક વર્ગ. કુલ લગભગ ૭૦ ભૂલકાં ભણે. શાળાનું ઝૂંપડું રાત્રે છોકરીઓ માટે સૂવાના કામમાં આવે, કારણે શાળાનાં સંચાલિકા બહેન તે જ ઝૂંપડાના એક રૂમમાં રહે છે. આ સંચાલિકા, (લગભગ ૩૦ વર્ષની ઉંમર હશે) ફિઝિક્સ સાથે એમ.એસસી. થયેલાં છે અને એમ.એડ. પણ થયેલાં છે. વ્યારાની હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે હતાં તે છોડીને જંગલના અંદરના ભાગમાં, આદિવાસી ગામોમાં ૬ છાત્રશાળાઓના સંચાલનનું કામ લઈને બેઠાં છે. તેમની સાથે સંચાલનમાં એક બીજી બહેન વર્ષા પણ કામ કરે છે. આ વર્ષા પોતે આદિવાસી છે અને નાનપણથી કોંકણી અને વારલી આદિવાસી નૃત્યો કરતી આવી છે. તેણે જ આ છાત્રશાળાનાં છ થી આઠ વર્ષનાં ભૂલકાંઓને નૃત્ય શીખવ્યું હતું અને ભૂલકાંઓએ અમારી સમક્ષ પૂરા એક કલાક સુધી સુંદર કાર્યક્રમ રજૂ કર્યો.

વાઘડોળમાં અમારા જેવા શહેરી લોકોને રાત રહેવું ન ફાવે એટલે રાતવાસો કરવા અમે પિંડવળ આવ્યા. ત્યાં આશ્રમશાળામાં રાત રોકાયા. બીજે દિવસે સવારે ચા-નાસ્તો કરી આશ્રમશાળા સામે આવેલ સર્વોદય આશ્રમમાં ગયા. આ આશ્રમ બે બહેનો ચલાવે છે - ચન્દ્રકાન્તાબહેન અને હરિવિલાસબહેન. આ બહેનો નથી પણ લગભગ સરખી ઉંમરની (૬૭ વર્ષની) બહેનપણીઓ છે. આમાંની કાન્તાબહેન (ચંદ્રકાન્તા) તો ૧૩ વર્ષની ઉંમરે પરણી, લગ્ન પછી બે માસમાં જ વિધવા થઈ. દીકરી તો સાપનો ભારો અને તેમાં પાછી બાળવિધવા - મા-બાપને જરાય ગમે નહિ. ઘરના ત્રાસથી ઘર છોડ્યું. આપમેળે-નોકરી ટ્યુશન કરતાં ભણી અને વિનોબાના ભૂદાન યજ્ઞમાં બહેનપણી સાથે જોડાઈ અને આ બહેનપણીઓ અત્યારે પિંડવળમાં સર્વોદય આશ્રમ ચલાવે છે.

તા. ૨૪-૫-૨૦૦૦ : આજે છાપામાં વાંચ્યું કે કાન્તાબહેનનું ગઈ કાલે અવસાન થયું છે. (ક્રમશઃ)

અનુસંધાન] ઉજાણી [પૃ. ૧૭૧થી

પરિવેશ પણ આત્મીયજન થઈ ઉજાણીમાં જોડાતો હતો!!

ગંગોત્રીમાંથી નીકળી સમુદ્રની તરફ વહેતા ગંગાના પ્રવાહ જેવું સમૂહજીવન છે. વ્યક્તિઓ તેના પાણીના એક એક બુંદ જેવી છે. સર્વે બુંદ એકબીજા સાથે ભળી, એકસરખાં થઈ જઈ આગળ ને આગળ ચાલતાં રહે છે, નાના-મોટા કે ઉચ્ચ-નીચનો ભેદ ભૂલી ટીપાં આગળ ને આગળ વહે જાય છે-આગળનાં ટીપાંને પાછળનાં ટીપાં ધક્કો આપે છે - વેગમય જીવન બને છે. એમ થતાં ગંગા મોટી નદીરૂપ બને છે અને સમુદ્રને પહોંચવાની સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

આજે તો ગંગાનું પ્રત્યેક ટીપું અલગ અલગ ગતિ કરે છે. પછી એ પ્રવાહમય કેવી રીતે બને? ટીપાં જ સ્પર્ધાઓ કરે છે અને તેથી સમૂહજીવનનો આનંદ પ્રાપ્ત થઈ શકતો નથી.

ઉજાણીનાં કેટકેટલાં રૂપો હતાં - માતાજીની ઉજાણી હોય ત્યારે નિયત માતાની માનતા પ્રમાણેનો ભોગ ચઢાવી, પ્રસાદ સમૂહમાં વહેંચાય. એમાં વાર પણ મુકરર હોય, માતાજીના નિયમિત વારમાં રવિ અને મંગળ મુખ્ય રહેતાં. 'વન-ભોજન'નો પણ કેટલો મોટો મહિમા હતો! ગામમાંથી એક જ્ઞાતિના લોકો વનમાં-જંગલમાં જઈ પ્રાકૃતિક માહોલમાં રસોઈ બનાવે, જમે અને કોઈ વાર ઘરેથી બનાવીને લઈ ગયા હોય તો સાથે બેસીને જમે - વાર તહેવારે થતી ઉજાણીઓ અને ચૈતર-આસોમાં થતી ઉજાણીનો આનંદ એક, રૂપો જુદાં જુદાં!! જ્ઞાતિએ જ્ઞાતિએ નોખાં નોખાં રૂપે ઉજાણીની ઉજવણી થતી. ખેતર, વાડી અને જંગલમાં જઈ સમૂહમાં ખાવાનો આનંદ કેટલો પ્રાકૃતિક હતો!!

આજે તો ઉજાણીના અસલ રૂપનું પિકનિકીકરણ થઈ રહ્યું છે. હવે તો ચોપાટી પર કે કોઈના ધાબા ઉપર પિકનિક ગોઠવાય, પિકનિક પૉઇન્ટ બનાવ્યાં હોય ત્યાં બધાં ભેગાં મળે. એમાંથી કપડાં, પૈસા, પ્રતિષ્ઠાનાં પ્રયોજનો આગળ નીકળી જતાં દેખાય છે. પેલા સામુહિક આનંદનું વહેણ તો દિન-પ્રતિદિન ક્ષીણ થતું જાય છે. પરિણામે બાળકોનું શબ્દભંડોળ ઓછું થતું જાય છે અને સંવેદનગ્રાહ્યતાની બાબતે પણ આજનાં બાળકોની ક્ષમતા ઓછી દેખાય છે. ❐

કાબા શરીફ : એક ઐતિહાસિક અવલોકન

ડૉ. મહેબૂબ દેસાઈ

હઝરત ઈબ્રાહીમ (અ.સ.)એ ખુદાના આદેશથી બનાવેલ ઘર કાબા શરીફના દિદાર (દર્શન) અને તવાફ (પરિક્રમા) દરેક મુસ્લિમના જીવનનો અમૂલ્ય અવસર ગણાય છે. મારી હજયાત્રા દરમિયાન કાબા શરીફ અંગે વધુ ને વધુ ઐતિહાસિક વિગતો એકત્રિત કરવાનો મેં પ્રયાસ કર્યો હતો. એ માટે મક્કા-મદિનાની પુસ્તકોની દુકાને જેને સાઉદી એરેબિયામાં 'લાઈબ્રેરી' કહે છે, તેમાં પુસ્તકો ફેંદતો રહેતો. કાબા શરીફ અંગે મને સૌ-પ્રથમ મક્કાની પુસ્તકોની દુકાનમાંથી એક અંગ્રેજી પુસ્તક સાંપડ્યું જેનું નામ છે **'The Ka'Ba is the Centre of the World'**. આ પુસ્તકમાંથી કાબા શરીફ અંગેની કેટલીક પ્રાથમિક વિગતો મને સાંપડી. પણ આ પુસ્તકનો મૂળ વિચાર વિશ્વનાં ઈસ્લામિક રાષ્ટ્રોમાં કાબા શરીફ ભૌગોલિક દૃષ્ટિએ કેન્દ્ર સ્થાને છે તે હતો. એટલે તેમાં કાબા શરીફના ઈતિહાસ વિશે જૂજ વિગતો જ હતી. એ પછી મદિનાની મસ્જિદે નબવીમાં આવેલા ગ્રંથાલયમાં હું પુસ્તકો જોતો હતો ત્યારે અનાયાસે મને એક અદ્ભુત ગ્રંથ હાથ લાગ્યો જેનું નામ છે, **'The Holy Kabah and Two Holy Mosques Construction and History by obaid Allah Mahammad Amin Kurdi'**. કાબા શરીફ અને મસ્જિદે નબવીના બાંધકામ અને ઈતિહાસ અંગેની વિગતોથી સભર આ ગ્રંથ હું મદિનામાં રહ્યો ત્યાં સુધી વાંચતો રહ્યો. તેમાંથી કાબા શરીફના નિર્માણ અને પુનઃનિર્માણની વિગતો મારી નોંધ-પોથીમાં ટપકાવતો રહ્યો. એ વિગતોમાંથી તારવીને કેટલીક જાણવા જેવી આધારભૂત બાબતો અત્રે રજૂ કરું છું.

અરબી ભાષામાં 'મકઅલ' શબ્દનો અર્થ થાય છે એવી સમચોરસ ઈમારત કે જેની ચારે બાજુ સરખા ભાગે વહેંચાયેલી હોય. કાબા શરીફની પણ આવી જ સમચોરસ ઈમારત હોઈને તેને 'કઅલહ' તરીકે ઓળખવામાં આવે છે. અરબીભાષામાં 'કલઅ' શબ્દનો અર્થ થાય છે ઊપસી આવેલી જગ્યા. એ નાતે ધરતીની સપાટી પર ઊપસી આવેલ અલ્લાહના ઘરને 'કઅલહ' કહે છે. એક વિચાર પ્રમાણે કાબાના ચોરસ ક્યૂબ જેવા આકારને કારણે તેને કાબા તરીકે સંબોધવાનો આરંભ થયો હશે. જો કે કાબા શરીફનાં આ સિવાય અનેક નામો પ્રચલિત છે. ઈસ્લામિક ગ્રંથોમાં કાબાને **'Ancient House'** અર્થાત્ પ્રાચીન ઈમારત (ઘર) અથવા ઈબ્રાહીમની ઈમારત તરીકે ઓળખવામાં આવેલ છે. અલ હરમ, અલ હસમા, બયતુલ્લાહ અને ખાન-એ-કાબા તરીકે પણ તેનો ઉલ્લેખ થયેલો છે. **Qibla**-કિબલા તરીકે પણ કાબા શરીફને ઓળખવામાં આવે છે. કારણ કે દરેક મુસ્લિમ તેના તરફ મોં રાખી નમાઝ અદા કરે છે. કુરાને શરીફમાં 'વારંવાર મુલાકાત લેવામાં આવતા અલ્લાહના ઘર' તરીકે તેનો ઉલ્લેખ છે. ટૂંકમાં, કાબા શરીફનાં અનેક નામો ઈસ્લામિક ગ્રંથોમાં છે.

કાબા શરીફનો ઈતિહાસ કુદરતી આફતો વચ્ચે ટકી રહેલા એક પવિત્ર સ્થાનની સંઘર્ષગાથા વ્યક્ત કરે છે. માનવજાતના પિતામહ હઝરત આદમ (અ.સ.)ને ખુદાએ જન્નતમાંથી પૃથ્વી પર મોકલ્યા ત્યારે પૃથ્વી પર ખુદાની ઈબાદત માટે કોઈ સ્થાન ન હતું. હઝરત આદમ (અ.સ.)એ ખુદાને વિનંતી કરી: 'આસમાનમાં તો ફરિશ્તાઓની મસ્જિદ 'બયતુલ મામૂર' હતી. એટલે તેનો તવાફ કરી ખુદાની ઈબાદત કરતો હતો પણ પૃથ્વી પર આવું કોઈ સ્થાન નથી. યા અલ્લાહ, પૃથ્વી પર ઈબાદત માટેની કોઈ જગ્યા મને સૂચવો.'

હઝરત આદમની વિનંતી સ્વીકારી ખુદાએ કહ્યું : 'હે આદમ, અમે જે જગ્યા તને બતાવીએ ત્યાં તું એક ઘર બનાવ, તે ઘરની ચારે બાજુ તું તવાફ (પ્રદક્ષિણા) કરજે, નમાઝ પઢજે અને દર વર્ષે તેની યાત્રા કરતો રહેજે.'

અલ્લાહે હઝરત આદમને જે જગ્યા કાબા શરીફ માટે બતાવી તે આકાશમાં આવેલી 'બયતુલ મામૂર'ની બરાબર નીચે હતી. બરાબર એ જ જગ્યા પર હઝરત આદમે કાબા શરીફનો પાયો નાખ્યો અને એક કાચી ઈમારત ઊભી કરી. આ ઈમારતના નિર્માણમાં જુદા જુદા પાંચ પહાડોના પથ્થરોનો ઉપયોગ હઝરત આદમે કર્યો હતો. એ પહાડો હતા તૂરસીન, હીરા, તૂરઝતા, લેબેનોન અને અલજૂદી પહાડ.

સર્વપ્રથમ અલ્લાહના આ ઘર કાબા શરીફનો જુવાફ અને હજ હઝરત આદમ (અ.સ.)એ હઝરત જિબ્રાઈલ (અ.સ.)ના માર્ગદર્શન તળે કર્યા. પણ એ પછી હઝરત નૂહ (અ.સ.)ના જળપ્રલયમાં એ ઈમારત ભાંગી પડી અને આશરે ૧૦૯૯ વર્ષ સુધી એ જગ્યા માત્ર ખંડેર બની રહી. હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના સમયમાં ખુદાએ પુનઃ કાબા શરીફના સર્જનનો આદેશ હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ને આપ્યો. હઝરત ઈબ્રાહીમ (અ.સ.) અને તેમના પુત્ર હઝરત ઈસ્માઈલ (અ.સ.) બંનેએ હઝરત આદમે (અ.સ.) ચણેલ ઈમારતના પાયા પર જ સમચોરસ એક ઈમારતનું સર્જન આરંભ્યું. હઝરત ઈબ્રાહીમે (અ.સ.) કાબા શરીફનું જે બાંધકામ કર્યું તે કોઈ પ્રકારના પથ્થરોને જોડતા રેતી, ચૂના કે માટીના ઉપયોગ વગરનું હતું. હઝરત એક પથ્થર પર બીજો પથ્થર મૂકી એક દિવસમાં

એક હાર ચણતા હતા. હઝરત ઈબ્રાહીમે (અ.સ.) આ રીતે જે ચણતર કર્યું તે નવ ક્યૂબાઈટ ઊંચું હતું. પૂર્વની બાજુથી બત્રીસ ક્યૂબાઈટ લાંબું, પશ્ચિમ તરફ એકત્રીક ક્યૂબાઈટ, દક્ષિણ તરફ વીસ ક્યૂબાઈટ અને ઉત્તર તરફ બાવીસ ક્યૂબાઈટ લાંબું હતું. હઝરત ઈબ્રાહીમ (અ.સ.)એ તૈયાર કરેલ કાબા શરીફને બે દરવાજા હતા જ્યારે તેને છાપરું કે છત ન હતી.



હઝરત ઈબ્રાહીમ (અ.સ.) પોતાના પુત્ર હઝરત ઈસ્માઈલ (અ.સ.)ની મદદથી જ્યારે કાબા શરીફનું ચણતર કરતા હતા ત્યારે હઝરત જિબ્રાઈલે (અ.સ.) એક પથ્થર હઝરત ઈબ્રાહીમને આપતાં કહ્યું : 'આ પથ્થરને કાબા શરીફની દીવાલમાં મઢી દો.' આ પથ્થર એટલે 'હજર-એ-અસ્વદ'. કાબા શરીફની દીવાલો માનવીની ઊંચાઈ જેટલી થઈ ગઈ ત્યારે હઝરત ઈબ્રાહીમે (અ.સ.) એક પથ્થર પર ઊભા રહી કાબા શરીફનું ચણતર કર્યું. એ પથ્થર હઝરત ઈબ્રાહીમનાં કદમોનાં નિશાન આજે પણ કાબા શરીફ નજીક હયાત છે. તેને મકામે ઈબ્રાહીમ કહે છે. કુરાને શરીફમાં તેના વિશે કહ્યું છે કે :'મકામે ઈબ્રાહીમને નમાઝ પઢવાની જગ્યા બનાવો.'

કાબા શરીફની પરિક્રમા પછી આજે પણ હાજીઓ મકામે ઈબ્રાહીમ પાછળ બે રકાત નમાઝ 'તવાફે વાજિબ'ની પઢે છે.

હઝરત ઈબ્રાહીમે (અ.સ.) જે જગ્યાએ કાબા શરીફનું સર્જન કર્યું તેની આસપાસ નાનામોટા પર્વતોની હારમાળા હતી. પરિણામે વરસાદના સમયે ઈમારતની આસપાસ અને અંદર પાણી ભરાઈ જતું. ઘણી વાર તો ભારે વરસાદને કારણે ઈમારતને નુકસાન પણ થતું. આ કારણોસર હઝરત ઈબ્રાહીમે બનાવેલી ઈમારત ધીમેધીમે જર્જરિત થતી ગઈ. હઝરત ઈબ્રાહીમ (અ.સ.) પછી સૌપ્રથમ વાર આ જર્જરિત કાબા શરીફને નવેસરથી ચણવાનું કાર્ય જરહુમ કોમના લોકોએ કર્યું. જરહુમ કોમે હઝરત ઈબ્રાહીમે (અ.સ.) જે પાયા પર કાબા શરીફનું ચણતર કર્યું હતું તે જ પાયા પર પુનઃનિર્માણ કર્યું. આ પછી કાબા શરીફનું પુનઃનિર્માણ અલ-અચાલિકહ કોમના માણસોએ કર્યું. કુરાને શરીફમાં અલ-અચાલિકહ કોમ અંગે લખ્યું છે : 'તેમના જેવી કોમ અમે દુનિયામાં પેદા કરી નથી.'

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ના પૂર્વજોમાં કુસા-બિન-કિલાલ નામના કુરયશી સરદારનો ઉલ્લેખ જોવા મળે છે. તેમના સમયમાં કાબા શરીફ અત્યંત જર્જરિત થઈ ગયું હતું. ગમે ત્યારે એ ઈમારત ધરાશયી થઈ જાય તેવો ભય હતો. પરિણામે કુસા-બિન-કિલાલે કાબા શરીફનું પુનઃનિર્માણ કર્યું. આ સમયે કાબા શરીફની દીવાલોને વધારે મજબૂત બનાવવાનો પ્રયાસ થયો.

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ની ઉંમર જ્યારે પાંત્રીસ વર્ષની હતી. હજુ આપને નબુવત મળી ન હતી, એટલે આપ પયગમ્બર - નબી બન્યા ન હતા. વહી ઊતરવાનો આરંભ થયો ન હતો. ત્યારે મક્કામાં પ્રચંડ વરસાદને કારણે પૂર આવ્યું. કાબા શરીફની ઈમારતમાં પાણી ભરાઈ ગયું અને તેની દીવાલો પણ પડી ગઈ. કુરયશી સરદારોએ ચર્ચા-વિચારણા કરી કાબા શરીફનું પુનઃનિર્માણ આરંભ્યું. આ સમયે કુરયશી સરદારોએ કાબા શરીફનું ક્ષેત્રફળ ટૂંકાવી નાખ્યું. પશ્ચિમ દિશાએથી કાબા શરીફની ૪ ગજ અને એક વેંત જગ્યા છોડી દઈ નવી ભીંત માટે નવો પાયો નાખ્યો અને નવી દીવાલ ચણી. આમ જે ઈમારત બની તેમાં જમીનથી છ ફૂટની ઊંચાઈએ દરવાજો મૂકવામાં આવ્યો. આ સમયે કાબા શરીફમાં છ થાંભલાઓ મૂકી તેના પર છત બાંધવામાં આવી. કાબા શરીફના નવસર્જનમાં એ વખતે તમામ કબાલીઓએ સંગઠિત થઈ કાર્ય કર્યું હતું. હઝરત મહંમદ પયગમ્બરે (સ.અ.વ.) પણ આ નવસર્જનમાં તેમના કાકા હઝરત અબ્બાસ (રદી) સાથે પથ્થરો ઊંચક્યા હતા. કાબા શરીફનું ચણતર કાર્ય પૂર્ણ થવા આવ્યું ત્યારે હજર-એ-અસ્વદને તેના મૂળ સ્થાને મૂકવાનો પ્રશ્ન ઉદ્ભવ્યો. મુસ્લિમ કબીલાઓ વચ્ચે એ બાબતે તલવારો ખેંચાઈ. ત્યારે હઝરત મહંમદ પયગમ્બરે (સ.અ.વ.) એક ચાદરમાં હજર-એ-અસ્વદ મૂકી એ ચાદરના ચાર છેડા કબીલાઓના સરદારને પકડાવી લોહીઆળ સંઘર્ષનો શાંતિમય માર્ગે અંત આણ્યો હતો. આ નવસર્જન સમયે કાબા શરીફનું ક્ષેત્રફળ ટૂંકાવી જે જગ્યા છોડી દેવામાં આવી હતી, તે 'હતીમ'ના નામે ઓળખાય છે. આજે પણ કાબા શરીફની લગોલગ આ હતીમનો ભાગ અર્ધગોળાકાર સ્વરૂપે અસ્તિત્વમાં છે. હાજીઓ આ જગ્યા પર નફીલ નમાઝ પઢે છે અને આ જ જગ્યાએ હઝરત ઈસ્માઈલ અને બીબી હાજરાની કબરો આવેલી છે.

ખિલાફતે રાશિદહ બાદ જ્યારે મક્કાનો વહીવટ હઝરત અબ્દુલ્લાહ-બિન-ઝુબયર(રદિ) હસ્તક આવ્યો ત્યારે તેમણે કુરયશી બુનિયાદો પર બાંધવામાં આવેલ કાબા શરીફની ઈમારત પાડી નંખાવી અને હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની બુનિયાદો (પાયાઓ) પર કાબા શરીફનું પુનઃસર્જન કર્યું. પરિણમે ઈમારત ફરી વાર વિશાળ બની. એ પછી હઝરત હુજ્જાજ-બિન-યુસુફ ઉચવી મક્કાના ગવર્નર બન્યા ત્યારે તેમણે કાબા શરીફની પશ્ચિમ બાજુની દીવાલ પાડી નાખી અને તેને પુનઃ કુરયશીઓની બુનિયાદ પર ચણવામાં આવી. ટૂંકમાં, એક યા બીજા કારણોસર કાબા શરીફનું પુનઃનિર્માણ થતું રહ્યું. હિજરી સન ૮૦ (ઈ.સ. ૬૯૯), ૧૮૪ (ઈ.સ. ૮૦૦), ૨૦૨ (ઈ.સ. ૮૧૭), ૨૮૦ (ઈ.સ. ૮૯૩), ૨૯૭ (ઈ.સ. ૯૦૯), ૫૪૯ (ઈ.સ. ૧૧૫૪), ૬૬૦ (ઈ.સ. ૧૨૬૧), ૮૦૨ (ઈ.સ. ૧૩૯૯) અને ૮૨૯ (ઈ.સ. ૧૪૪૫) માં જે ઘોડાપૂર તોફાનો આવ્યાં તેમાં કાબા શરીફ અને મક્કા શહેરને ખૂબ સહન કરવું પડ્યું હતું.

બુધવાર ૧૯ શાબાન હિજરી સંવત ૧૦૩૯ (ઈ.સ. ૧૬૨૯)માં મક્કામાં પ્રચંડ વરસાદ શરૂ થયો જે ગુરુવારની સાંજ સુધી ચાલુ રહ્યો. તેના કારણે મક્કા શહેરમાં ભયંકર પૂર આવ્યું. પરિણામે કાબા શરીફને ઘણું નુકસાન થયું. કાબા શરીફની દીવાલો તૂટી પડી એ સમયે મક્કાના અમીર તરીકે શરીફ મુસાદિ ઈબ્ન ઈદ્રીસ ઈબ્નહસન હતા. તેમણે કાબા શરીફની તૂટી ગયેલી દીવાલોના અવશેષો એકત્રિત કર્યા અને તેને સુરક્ષિત જગ્યાએ મૂક્યા. એ પછી મક્કાની અગ્રવ્યક્તિઓની બેઠક બોલાવી, જેમાં કાબા શરીફને થયેલ નુકસાન અને તેના પુનઃનિર્માણ અંગે વિચારણા થઈ. આ બેઠકમાં સર્વાનુમતે નક્કી થયા મુજબ તુર્કીના સુલતાન મુરાદખાનને આ અંગે જાણ કરવામાં આવી. આમ, સુલતાન મુરાદખાનના સમયમાં કાબા શરીફનું પુનઃ નિર્માણ હિજરી સંવત ૧૦૪૦ (ઈ.સ. ૧૬૩૦)માં થયું. આ સમયે કાબા શરીફના સર્જનમાં વપરાયેલ પથ્થર કાબા નજીકના પહાડ અલ શુબેઈકહમાંથી લાવવામાં આવ્યા હતા. પૂરને કારણે કાબા શરીફની ત્રણ દીવાલોને ભારે નુકસાન થયું હતું. માત્ર હજર-એ-અસ્વદની દીવાલ સલામત હતી, જેથી એ દીવાલ જેમની તેમ રહેવા દઈ તેનું સમારકામ કરવામાં આવ્યું. જ્યારે બાકીની ત્રણે દીવાલો નવેસરથી ચણવામાં આવી. એમ કહેવાય છે કે એ સમયે હઝર-એ-અસ્વદ સંગેમરમર જેવો સફેદ હતો. પણ ધીમે ધીમે ગુનાહિત હાથોના સ્પર્શથી તે કાળો પડતો ગયો.

કાબા શરીફની ફરતે આવેલ મસ્જિદ 'હરમ શરીફ'માં પણ સુલતાન મુરાદખાનના સમયમાં ઘણા ફેરફારો થયા હતા. 'મતાફ' અર્થાત્ કાબા શરીફ ફરતે તવાફ (પરિક્રમા) કરવાની ખુલ્લી જગ્યા પર સંગેમરમરના પથ્થરો પાથરવામાં આવ્યા. કાબાની પાસે જ જે 'હતીમ'ની જગ્યા છે તે અર્ધગોળાકાર ૩૫ થી ૪૦ ફૂટની જગ્યામાં પણ સંગેમરમર જડવામાં આવ્યા. આ ઉપરાંત મતાફ પછીની વિશાળ ખુલ્લી જગ્યામાં પણ સંગેમરમર જડવામાં આવ્યા. કાબા શરીફની ચારે બાજુ ફરતે આવેલી મસ્જિદ હરમને પણ મહેરાબો અને ગુમ્બજોથી સુશોભિત કરવામાં આવી. ચાર થાંભલાઓ પર મહેરાબ બનાવી દર ચાર મહેરાબો ઉપર એક ગુમ્બજ બનાવવામાં આવ્યો. આમ આખી મસ્જિદે હરમને થાંભલાઓ, મહેરાબો અને ગુમ્બજોથી સુશોભિત કરવામાં આવી.

ટૂંકમાં, સુલતાન મુરાદખાને કાબા શરીફ અને મસ્જિદે હરમમાં નોંધપાત્ર ફેરફારો કરી તેને ભવ્યતા બક્ષી. તેની આ ભવ્યતાને વધુ કલાત્મક, મોહક અને સમૃદ્ધ બનાવવાનું કાર્ય કિંગ સાઉદના સમયમાં થયું. જો કે કિંગ સાઉદના સમયમાં કાબા શરીફના માળખામાં કોઈ જ ફેરફાર થયા નથી. માત્ર કાબા શરીફની છતની મરામત તેમના સમયમાં થઈ. હિજરી સંવત ૧૩૭૭ (ઈ.સ. ૧૯૫૭)માં રજબની ૧૮મી તારીખે કિંગ સાઉદીના ભાઈ ફેઅઝલ બિન અબ્દુલ અઝીઝની હાજરીમાં કાબાની છતનો જર્જરિત ભાગ તોડી નાખવામાં આવ્યો. અને તેનું પુનઃ બાંધકામ કરવામાં આવ્યું. કાબા શરીફની છત પર વરસાદના પાણીના નિકાલ માટે નાળચું મૂકવાનો આરંભ તો અબ્દુલ્લાહ ઈબ્ન અલ ઝુબેરે કર્યો હતો. એ પછી સુલતાન અબ્દુલ મસ્જીદખાનના સમય હિજરી સંવત ૧૨૭૩ (ઈ.સ. ૧૮૫૬)મં કાબા શરીફની છત પર મજબૂત અને કાયમી ધોરણે નાળચું મૂકવામાં આવ્યું. આ નાળચું સંપૂર્ણપણે ચાંદીમાંથી બનાવી તેના પર સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો હતો. ભયંકર વરસાદમાં પણ તે ટકી રહે તેટલું મજબૂત બનાવવામાં આવ્યું હતું. બાંધકામ થયું ત્યારે પણ એ નાળચું જેમનું તેમ રાખવામાં આવ્યું હતું. આજે પણ એ નાળચું હયાત છે.

આ સિવાય કિંગ સાઉદના સમયમાં કાબા શરીફમાં કોઈ જ ફેરફાર થયા નથી. અલબત્ત, કાબા શરીફ ફરતે આવેલી મસ્જિદે હરમમાં કિંગ સાઉદના સમયમાં ત્રણ તબક્કે વિસ્તરણ અને બાંધકામ થયાં હતાં. પ્રથમ હિજરી ૧૩૭૫ (ઈ.સ. ૧૯૫૫), બીજા હિજરી ૧૩૭૭ (ઈ.સ. ૧૯૫૯) અને ત્રીજા તબક્કામાં હિજરી ૧૩૮૧ (ઈ.સ. ૧૯૮૧)માં થયેલ વિસ્તરણ અને બાંધકામે મસ્જિદે હરમને ભવ્યતા બક્ષી હતી. એ પછી હાલના કિંગ ફહદ બિન અબ્દુલ અઝીઝે પણ હરમ શરીફનું વિસ્તરણ કરી તેની ભવ્યતા સ્વર્ગ સમી બનાવી દીધી છે. એ ભવ્યતાનું વર્ણન અત્રે અસ્થાને હોઈ કિંગ ફહદના સમયમાં થયેલ વિસ્તરણની આંકડાકીય માહિતી નીચે પ્રમાણે આપી શકાય.

કિંગ ફહદના સમયમાં કાબાની મસ્જિદ (હરમ શરીફ)માં થયેલ નવનિર્માણ...

ક્રમ	વિગત	કિંગ ફહદ પૂર્વેની સ્થિતિ	કિંગ ફહદે કરેલ વિસ્તરણ	કિંગ ફહદે કરેલ વિસ્તરણ પછીની સ્થિતિ
૧.	વિસ્તાર	૧,૯૩,૦૦૦ M2	૧,૬૩,૦૦૦ M2	૩,૫૬,૦૦૦ M2
૨.	ક્ષમતા	૪,૧૦,૦૦૦ વ્યક્તિઓની	૭,૭૩,૦૦૦ વ્યક્તિઓન	એક મિલિયન કરતાં પણ વધુ
૩.	મિનારા	૭	૨	૯ (દરેકની ઊંચાઈ ૮૯ મિ.)
૪.	મુખ્ય પ્રવેશદ્વાર	૩	૧	૪
૫	ગૌણ - નાનાં પ્રવેશદ્વાર	૨૭	૧૮	૪૫
૬.	ભોંયતળિયાનાં દ્વારો	૪	૨	૬
૭.	એક્સેલેટર (સરકતાં પગથિયાં)	૭	૪	૧૧
૮.	કુલ દરવાજાઓ	૨૭	૧૪	૪૧
૯.	બાથરૂમ્સ	૫૦૦૦	૪૦૦૦	૯૦૦૦

પ્રથમ વ્યક્તિ : ✧ કાબા શરીફની ઈમારતમાં સૌપ્રથમ બારણું મૂકી તેને તાળું મારનાર તિબ્બા અસ્દ અલ હિમિયારી હતા. ✧ કાબા શરીફના અડધા ભાગ પર કિશવાહ અર્થાત્ ચાદર ઢાંકવાની પ્રથા આરંભનાર પ્રથમ વ્યક્તિ હઝરત ઈસ્માઈલ હતા. ✧ કાબા શરીફની ઈમારત પર સંપૂર્ણ કિશવાહ - ચાદર - ઢાંકવાનો આરંભ કરનાર તિબ્બા અસ્દ અલ હિમિયારી હતા. ✧ કાબા શરીફની ઈમારતના અર્ધગોળાકાર ભાગને ચોરસ આકાર આપનાર હમીદ ઈબ્ન ઝુબેર હતા. ✧ કાબા શરીફના વિસ્તારમાં પ્રવેશતા સમયે ચંપલ-જૂતા કાઢીને જવાની પ્રથા આરંભનાર અલ વલીદ ઈબ્ન અલ મુઝીરા હતા. ✧ કાબા શરીફ ફરતે ઘર બાંધનાર પ્રથમ વ્યક્તિ કએશ બીન કિલ્બ હતા. ✧ કાબા શરીફની ઈમારતને સુશોભિત કરવાની પ્રથા આરંભનાર પ્રથમ વ્યક્તિ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ના દાદા મુતાલીલ ઈબ્ન હારાચી હતા. ✧ હિજરી ૭૫ (ઇ.સ. ૬૯૪)માં ખલીફા અબ્દુલ મલિક ઈબ્ન મરવાનના સમયમાં મકામે ઈબ્રાહીમ પાછળ જ નમાઝ થતી હતી. પણ એ પછી કાબા શરીફ ફરતે નમાઝ પઢવાની પ્રથાનો આરંભ કરનાર ખાલીદ ઈબ્ન અબ્દુલ્લાહ અલ કુસરી હતા. ❒

કાવ્યો

'કુમાર'ના અમૃતપર્વ પ્રસંગે 'કુમાર' ટ્રસ્ટ તરફથી તા. ૧-૧-૨૦૦૩ ને બુધવારના રોજ રાત્રે ૮ વાગ્યે અમદાવાદના શેઠ મંગળદાસ ગીરધરદાસ ટાઉન હૉલમાં બૃહદ્ બુધ-કવિ સંમેલનનું આયોજન થયું હતું. આ સંમેલનમાં કાવ્યપઠન કરનારા ૨૧ કવિઓનાં જે કાવ્યો રજૂ થયાં હતાં તે કાવ્યો એક પુસ્તિકારૂપે પ્રકટ કર્યાં છે. ફૂલસ્કેપ ૧/૧૬ સાઈઝની આ પુસ્તિકાનાં પૃષ્ઠ ૯૬ છે. તેની કિંમત રૂ. ૨૫ + રૂ. ૫ સાદા બુક પોસ્ટથી રવાનગી ખર્ચ મળીને રૂ. ૩૦ મનિઑર્ડરથી મોકલવા. કુમાર ટ્રસ્ટ બઉઆની પોળ સામે, ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ - ૧.

લઘુકથા

સોદો

મનસુખ સલ્લા

'ધરતીકંપ પછીની અસહ્ય ઠંડીના સમાચાર વાંચી લખનૌથી 'લોકકલ્યાણ ટ્રસ્ટે' ૨૦૦ ધાબળા મોકલ્યા તે આવી ગયા છે સાહેબ!' કાંઈ બોલ્યા વિના અભ્યંકર શાહને સાંભળી રહ્યા. શાહે ઉમેર્યું, 'સાહેબ, ધાબળા કિંમતી છે...'

'અહીં બધું કિંમતી જ આવે છે. લોકલાગણીનો જુવાળ છે!' 'હું પાઠકને પૂછી જોઉં?' શાહે અભ્યંકરને માપતાં પૂછ્યું. 'હા, ડિસ્પેચ કરી શકે તેમ હોય તો.' શાહ ખુશ થઈ ગયો.

ત્રીજા દિવસે શાહ પાઠકને લઈને આવ્યો. 'હું નહોતો કહેતો? પાઠક મિસન પાર પાડે જ.'

અભ્યંકર પાઠકને જોઈ રહ્યા. 'કેટલામાં પત્યું?' પાઠક રસપૂર્વક વર્ણવવા માંડ્યો, 'અમદાવાદ સિવાય તો મેળ ન પડે. ડ્રાઈવરને ૫૦૦ બાળ્યા ત્યારે ટાઢો પડ્યો. નાના માણસોને નીતિનું ભૂત વળગેલું હોય ને? ભુજથી અમદાવાદ તો પહોંચ્યા, પણ ધાબળાવાળા મારા બેટા ભાવ ખાતા'તા. ૨૦૦થી વધુ આપવા રાજી જ નહિ. ધાબળા નાખી દેતાંય ૮૦૦ થી વધુ કિંમતના હતા. એક વેપારી ૪૦૦માં લેવા તૈયાર થયો.' પાઠકે મોં પર સ્મિત ફરકાવી કહ્યું.

અભ્યંકર : 'તો ધાબળા આપી દીધા ને?' 'હાસ્તો.' કહીને પાઠકે ત્રણ કવર કાઢ્યાં. શાહે વહેંચણી કરી, મારા ૨૦ હજાર, ૨૦ હજાર પાઠકના, ને સાહેબ આપના ૩૯ હજાર. ડ્રાઈવરના અને બીજા ખર્ચના આપનામાં ગણ્યા છે, કે ભાગે પડતા...' કહી તે હસ્યો.

'છોડ હિસાબ.' કહી કવર ખિસ્સામાં મૂકી અભ્યંકરે સિગારેટ સળગાવી. શાહે આંખ ઝીણી કરી પૂછ્યું, 'આજે કલેક્ટર સાહેબે અમદાવાદથી ૫૦૦ ધાબળા ખરીદવાનું કહ્યું છે. કેમ ગોઠવવું છે?'

અભ્યંકર થોડી વાર મૂંગા રહી બોલ્યા, 'આવે વખતે વધુ લોભ સારો નહિ, એક ધાબળે સો રૂપિયાથી વધુ તફાવત ન રાખતા.'

શાહ અને પાઠક ખુશ થઈ ગયા. 'આપણેય નીતિ જાળવશું, સાહેબ! લોકો પીડાતા હોય ત્યારે વાજબી શું તે આપણે જાણીએ જ ને?' પાઠકે અભ્યંકર ઉપર આંખ માંડી રાખી કહ્યું, 'નચિંત રહેજો સાહેબ, સોદો પાકો!'

સિગારેટના ધુમાડામાં ત્રણેય નવાં કવરમાં તરતી નોટો જોઈ રહ્યા.

ભારતનાં રાજ્યો -૨૧

બિહાર

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતનાં કેટલાંક મોટાં રાજ્યોમાં બિહારનો સમાવેશ થાય છે. તેની ઉત્તરે નેપાળ, પૂર્વમાં પશ્ચિમ બંગાળ, પશ્ચિમે ઉત્તર પ્રદેશ અને દક્ષિણે ઝારખંડ આવેલા છે. બિહાર રાજ્યમાં થઈને અનેક નદીઓ વહે છે. તેમાં સૌથી મહત્ત્વની ભારતનાં કરોડો લોકો જેને પવિત્ર માને છે તે ગંગા નદી છે. અન્ય નદીઓમાં સોન, પુનપુન, ફાલ્ગુ, કરમાનસા, દુર્ગાવતી, કોશી, ગંડક, ઘાઘરા વગેરેનો સમાવેશ થાય છે.

બિહારનો વિસ્તાર ૯૪૧૬૩ ચો.કિ.મી. છે. તેની મુખ્ય ભાષા હિંદી છે. આ રાજ્યની વસ્તી ૮,૨૮,૭૮,૭૯૬ છે. આખા રાજ્યમાં સરેરાશ વસ્તીની ગીચતાનું પ્રમાણ દર ચોરસ કિ.મી.એ ૪૯૭ માણસોનું છે. રાજ્યની લગભગ ૧૩ ટકા વસ્તી શહેરોમાં તથા ૮૭ ટકા વસ્તી ગ્રામવિસ્તારોમાં વસે છે. બિહારમાં ૮૩ ટકા લોકો હિન્દુ અને આશરે ૧૪ ટકા લોકો ઈસ્લામ ધર્મ પાળે છે.

ઈતિહાસ : પ્રાચીનકાળમાં 'મગધ' નામથી પ્રસિદ્ધ આ વિસ્તાર ભારતદેશમાં રાજકીય સત્તાનું તથા ભારતીય સંસ્કૃતિનું મુખ્ય કેન્દ્ર હતો. તે સમયે આ પ્રદેશમાં અનેક બૌદ્ધ-વિહાર અસ્તિત્વ ધરાવતા હોવાથી આ રાજ્યનું બિહાર નામ, સંસ્કૃત શબ્દ વિહાર (અર્થાત્ બૌદ્ધમઠ) પરથી ઊતરી આવ્યું છે. પ્રાચીન, ભવ્ય તથા ભાતીગળ ઈતિહાસ ધરાવતા આ પ્રદેશે ધર્મ, તત્ત્વજ્ઞાન, શિક્ષણ, સાહિત્ય, કલા અને સ્થાપત્ય તથા શાસનતંત્રના ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. મગધના ઉલ્લેખો વેદો, પુરાણો તથા સંસ્કૃત મહાકાવ્યોમાં થયેલા જોવા મળે છે. ગૌતમ બુદ્ધ તથા જૈન ધર્મના તીર્થંકરોની પ્રવૃત્તિઓનો તે મુખ્ય વિસ્તાર હતો. બિંબિસાર, પાટલીપુત્રનો સ્થાપક ઉદયન, ચન્દ્રગુપ્ત મૌર્ય, સમ્રાટ અશોક અને મૌર્ય, શુંગ, કણ્વ વંશોના રાજાઓએ ત્યાં શાસન કર્યું હતું. તે પછી કુશાણો તથા ગુપ્ત વંશના ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્ય, સમુદ્રગુપ્ત, કુમાર ગુપ્ત વગેરે નામાંકિત સમ્રાટો રાજ્ય કરી ગયા. મધ્યયુગમાં મોહમ્મદ બિન બખ્તિયાર ખલજી આ પ્રદેશનો પ્રથમ મુસ્લિમ વિજેતા હતો. શેરશાહ સુરીએ આ વિસ્તારમાં રસ્તા બંધાવ્યા અને પ્રાચીન પાટલીપુત્ર શહેરની પાસે પટણા નગર વસાવ્યું. મુઘલોના શાસન દરમિયાન બિહારનાં લોકોએ સુખ-શાંતિ ભોગવ્યાં હતાં. મુઘલ સામ્રાજ્યના પતન બાદ આ પ્રદેશ બંગાળના નવાબોની સત્તા હેઠળ રહ્યો. ૧૭૫૭ની પ્લાસીની લડાઈ બાદ અંગ્રેજોનો પ્રભાવ વધવા લાગ્યો. બિહાર ૧૯૧૧ સુધી બંગાળ ઈલાકાનો પ્રદેશ અને તે પછી બિહાર-ઓરિસાનો પ્રાંત રચવામાં



આવ્યો. ૧૯૩૬માં ઓરિસા અલગ કરીને બિહારનો જુદો પ્રાંત થયો. ૧૫ નવેમ્બર ૨૦૦૦થી બિહારમાંથી ઝારખંડ અલગ રાજ્યની રચના કરવામાં આવી.

૧૯૧૭માં ચંપારણ જિલ્લાના ગળીના ખેડૂતો પર થતો જુલમ દૂર કરવા ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો હતો. ત્યારપછી સ્વાતંત્ર્ય સંગ્રામમાં બિહારના લોકોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ખેતી : બિહારના લગભગ ૯૩.૬૦ લાખ હૅક્ટર ભૌગૌલિક વિસ્તારમાંથી ૫૬.૦૩ લાખ હૅક્ટરમાં ખેતી થાય છે. આશરે ૩૩.૫૧ લાખ હૅક્ટર વિસ્તારને વિવિધ સ્રોતોમાંથી સિંચાઈ થાય છે. બિહારમાં ડાંગર, ઘઉં, મકાઈ અને કઠોળ મુખ્ય પાક થાય છે. આ ઉપરાંત ત્યાંના રોકડિયા પાકમાં શેરડી, તમાકુ, બટાટા, ડુંગળી, તેલિબિયાં, શણ, મરચાં વગેરેનો સમાવેશ થાય છે.

બિહારમાં ૬૭૬૪.૧૪ કિ.મી. વિસ્તારમાં જંગલો આવેલાં છે જે ત્યાંના કુલ વિસ્તારના ૭.૧ ટકા થાય છે.

ઉદ્યોગો : ખનિજ-પેદાશો, જંગલપેદાશો, ખેતી તથા પશુઓ ઉદ્યોગો વાસ્તે આવશ્યક કાચો માલ પૂરો પાડે છે. વળી, રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ઔદ્યોગિક વિકાસ નિગમોએ અનેક ઔદ્યોગિક સંકુલોની સ્થાપના કરી છે. મુઝફ્ફરપુર તથા મોકામા મુકામે આવેલ ભારત વૅગન લિમિટેડનાં રેલવે વેગનનાં કારખાનાં, બરૌની ખાતે આવેલ ઈન્ડિયન ઑઈલ કૉર્પોરેશનની ઓઈલ રિફાઈનરી તથા હિન્દુસ્તાન ફર્ટિલાઈઝર કૉર્પોરેશન લિમિટેડનું ખાતર બનાવવાનું કારખાનું તથા અમઝોરમાં પાયરાટીઝ ફોસ્ફેટ્સ ઍન્ડ કેમિકલ્સ લિમિટેડનું કારખાનું - રાજ્યના મોટા ઉદ્યોગો છે. આ ઉપરાંત સિવાન, પન્ડોલ, ભાગલપુર, મોકામા તથા ગયા ખાતે કૉટન સ્પિનિંગ મિલો, દક્ષિણ તથા ઉત્તર બિહારમાં ખાનગી માલિકીની ૧૩ ખાંડની મિલો તથા જાહેરક્ષેત્રની ખાંડની ૧૫ મિલો આવેલી છે. ગોપાલગંજ, પશ્ચિમ ચંપારણ, ભાગલપુર અને સીતામઢી જિલ્લામાં રિગા મુકામે દારૂ બનાવવાનાં કારખાનાં આવેલાં છે. આ ઉપરાંત પશ્ચિમ ચંપારણ, મુઝફ્ફરપુર તથા બરૌનીમાં ચામડાનો ઉદ્યોગ, કટિહાર તથા સમસ્તીપુરમાં શણની મિલો, હાજીપુરમાં દવાઓ બનાવવાનું કારખાનું, ઔરંગાબાદ તથા પટણામાં ફૂડ પ્રોસેસિંગ તથા અન્ય નાના ઉદ્યોગો અને બનજારીમાં સિમેન્ટ ઉદ્યોગ નોંધપાત્ર છે.

ઊર્જા : રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં ઊર્જા મહત્ત્વનો ભાગ ભજવે છે. બરૌની થર્મલ પાવર સ્ટેશન, મુઝફ્ફરપુર થર્મલ પાવર સ્ટેશન, કોશી હાઈડલ સ્ટેશન - બિહાર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડ હેઠળ તથા તેનુઘાટ વિદ્યુત નિગમ લિ. હેઠળ તેનુઘાટ પાવર સ્ટેશન છે. આ ઉપરાંત નૅશનલ થર્મલ પાવર કૉર્પોરેશન હેઠળ



ભગવાન બુદ્ધની વિરાટ પ્રતિમા

પણ પાવર સ્ટેશનો ઊર્જા પેદા કરે છે. નૅશનલ હાઈડ્રો-ઈલેક્ટ્રિક પાવર કૉર્પોરેશન હેઠળ પણ ઊર્જા પેદા કરવામાં આવે છે.

રસ્તા : દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન બિહારનાં કેટલાંક સ્થળોનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારથી ત્યાં સારા પાકા રસ્તા બાંધવામાં આવ્યા હતા. હાલમાં આ પ્રદેશની સડક પરિવહન સેવાઓ શ્રેષ્ઠ કક્ષાની ગણાય છે. માર્ચ ૨૦૦૧ સુધી બિહારમાં ૧૩,૪૧૨ કિ.મી.ના પાકા રસ્તા હતા. તેમાં ૨,૪૬૧ કિ.મીના નૅશનલ હાઈવે તથા ૧૦,૯૫૧ કિ.મી.ના રાજ્યના ધોરીમાર્ગો તથા જિલ્લાના માર્ગો આવેલા છે. આ ઉપરાંત ૧૫,૦૦૦ કિ.મી. લાંબા ગ્રામમાર્ગો આવેલા છે.

રેલવે : બિહારમાં રેલવેનું નેટવર્ક સારા પ્રમાણમાં છે. મોકામા મુકામે માત્ર એક રેલવે પુલ હોવાથી ઉત્તર બિહારમાં વાહનવ્યવહાર મુશ્કેલ બન્યો છે. પટણા, ગયા, મુઝફ્ફરપુર, બરૌની, કટિહાર અને સમસ્તીપુર મુખ્ય રેલવે જંક્શનો છે. મહત્ત્વનાં સ્થળોને જોડતા કેટલાક રેલમાર્ગોને બ્રૉડગેજના કરવામાં આવ્યા છે. ઈ.સ. ૧૮૬૪માં શરૂ કરવામાં આવેલો દિલ્હી-કોલકાતા રેલમાર્ગ આ રાજ્યમાંથી પસાર થાય છે.

હવાઈમથક : પાટનગર પટણામાં આંતરરાષ્ટ્રિય હવાઈમથક છે. આ ઉપરાંત બધા મોટા જિલ્લાઓમાં વિમાન ઉતારવા માટે લૅન્ડિંગ ગ્રાઉન્ડ્ઝ રાખવામાં આવ્યા છે.

પ્રવાસન : સમગ્ર દેશના પ્રવાસીઓને આકર્ષે તેવાં કેટલાંક મહત્ત્વનાં સ્થળો બિહારમાં આવેલાં છે. રાજગૃહ અથવા રાજગીર પ્રાચીન પાટનગર હતું. નાલંદા-પ્રાચીન વિદ્યાપીઠનું કેન્દ્ર, વૈશાલી, પાવાપુરી, બોધગયા, ઉચ્ચશિક્ષણની વિદ્યાપીઠ વિક્રમશીલાના અવશેષો, ગયા, પટણા, સારામ, શેરશાહ સુરીની કબર, મધુબની (ચિત્રકલા માટે પ્રસિદ્ધ) આવેલ છે..

જિલ્લા : બિહારમાં ઔરંગાબાદ, બેગુસરાઈ, ભાગલપુર, ભોજપુર, દરભંગા, ગયા, પૂર્વ ચંપારણ, ગોપાલગંજ, જહાનાબાદ, પટણા, નાલંદા સહિત કુલ ૩૭ જિલ્લા છે.

પ્રાણીજીવન : બિહારનાં જંગલોમાં અંતરિયાળ પ્રદેશોમાં વાઘ, ચિત્તા, હાથી, રીંછ, હરણ, સાબર, શિયાળ, વરુ, ઝરખ, કાળિયાર વગેરે પ્રાણીઓ રહે છે. આ ઉપરાંત અનેક પ્રકારનાં નાનાં-મોટાં પ્રાણીઓ, પક્ષીઓ વગેરેથી આ પ્રદેશો ભરપૂર છે.

ખનિજ સંપત્તિ : કોલસો મુખ્યત્વે આ રાજ્યના લોખંડ તથા પોલાદ ઉદ્યોગો અને તાપવિદ્યુતના ઉત્પાદનમાં આવશ્યક ઊર્જા સંસાધન તરીકે ઉપયોગી છે. અહીંના દામોદર ખીણના કોલસા ક્ષેત્રો દેશને રાંધવાના કોલસાની જરૂરિયાત પૂરી પાડે છે. રાજ્યમાં તાપ તથા જળવિદ્યુતનાં અનેક મથકો સ્થાપવામાં આવ્યાં છે. તેમાંનાં કેટલાંક જળવિદ્યુત અને તાપવિદ્યુત મથકોની કામગીરી દામોદર ખીણ કૉર્પોરેશન સંભાળે છે.



બોધિગયા ખાતેનું બૌદ્ધ મંદિર

વિશિષ્ટતાઓ : પટણાથી ૩૨ કિ.મી. દૂર આવેલ પાવાપુરીમાં ભગવાન મહાવીર ઈ.સ. પૂ. ૪૭૦માં નિર્વાણ પામ્યા. તેમના સમાધિ-સ્થળે કમળ સરોવરની મધ્યમાં સફેદ આરસનું જળમંદિર બાંધવામાં આવ્યું છે.

નાલંદાથી ૧૩ કિ.મી. દૂર દક્ષિણ-પશ્ચિમે (નૈઋત્ય) આવેલ રાજગીર અથવા રાજગૃહ પ્રાચીન સમયમાં રાજા બિંબિસારનું પાટનગર હતું. ગૌતમ બુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ ત્યાં પાંચ વરસ રહ્યા હતા. તેમના સમયના અવશેષો ત્યાં મોજૂદ છે. તે બૌદ્ધ ધર્મનું મહત્ત્વનું તીર્થધામ છે.

ગયાથી ૧૧ કિ.મી.ના અંતરે બોધિગયાનું પવિત્ર સ્થલ આવેલું છે. ત્યાં પીપળાના વૃક્ષ નીચે ગૌતમ બુદ્ધે તપ કરીને જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તે વૃક્ષ નજીક સમ્રાટ અશોકે મંદિર બંધાવ્યું હતું. ૧૧મી સદીમાં પુનરોદ્ધાર કરવામાં આવેલ મંદિર હાલમાં મોજૂદ છે. જપાન, થાઈલૅન્ડ, શ્રીલંકા દેશોનાં લોકોએ ત્યાં મઠ (વિહારો) બંધાવીને બોધગયાની પ્રાચીન ભવ્યતા પુનર્જીવિત કરી છે.

વિશ્વપ્રસિદ્ધ પ્રાચીન નાલંદા વિદ્યાપીઠના અવશેષો ત્યાં મોજૂદ છે. આ વિદ્યાપીઠમાં વિહારો, અધ્યાપન માટે વિશાળ ખંડો તથા ત્રણ ભવ્ય પ્રાસાદોમાં ધર્મગંજ નામે પ્રસિદ્ધ પુસ્તકાલય હતું. ત્યાં ભારત ઉપરાંત ચીન, જપાન, મોંગોલિયા, મધ્ય એશિયા, કોરિયા, જાવા, તિબેટ વગેરે દેશોના તેજસ્વી વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે આવતા હતા. આ વિદ્યાપીઠે એશિયાની વિવિધ પ્રજાઓને આઠસો વર્ષ સુધી જ્ઞાન આપ્યું. ધર્મપાલ, ચક્રપાલ, ગુણમતિ, સ્થિરમતિ, જ્ઞાનમિત્ર, શીલભદ્ર, પ્રભામિત્ર જેવા પ્રસિદ્ધ પંડિતો ત્યાં ભણાવતા હતા.

પ્રાચીન બૌદ્ધ વિદ્યાપીઠ વિક્રમશિલાના અવશેષો મગધની ઉત્તરે આવેલા છે. તેમાં અઠ્ઠાવન સંસ્થાઓ અને એકસો સાત મંદિરો હતાં. રાજા ધર્મપાલે આઠમી સદીમાં તેની સ્થાપના કરી હતી. બારમી સદીમાં ત્રણ હજાર વિદ્યાર્થીઓ ત્યાં ભણતા હતા. ત્યાં તર્ક, વ્યાકરણ, તત્ત્વમીમાંસા, તંત્ર, ક્રિયાકાંડ વગેરે વિષયોનું રત્નાકર, જ્ઞાનશ્રી, રત્નવજ, વિરોચન વગેરે વિદ્વાનો શિક્ષણ આપતા હતા.

ડૉ. રાજેન્દ્રપ્રસાદ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ અને ચંદ્રશેખર જેવા નામાંકિત દેશનેતાઓ બિહારે ભેટ ધર્યા છે. ❐

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

રવિવાર, ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૪૪
મારી પ્રિયતમ કિટી,

વહેલી સવારથી માંડીને મોડી રાત સુધી ફક્ત હું પીટરનો જ વિચાર કરું છું. એનું જ પ્રતિબિંબ જોતાં જોતાં હું સૂઈ જાઉં છું અને સૂતાં સૂતાં પણ એનાં જ સ્વપ્ન જોઉં છું અને સવારે ઊઠું છું પણ એને નિહાળતાં નિહાળતાં.

ઉપર ઉપરથી દેખાઈએ છીએ તો અમે જુદાં પણ એવાં હું ને પીટર જુદાં નથી, એમ મારું સ્પષ્ટપણે માનવું છે. એનું કારણ તને સમજાવું : સાચા અર્થમાં જુઓ તો મારે કે પીટરને મા નથી. એની મા દેખાવપૂરતી છે. એને રસ પુરુષોને આકર્ષવામાં જ છે. પીટરના મનમાં શું ચાલી રહ્યું છે એ જાણવામાં એને તસુનોય રસ નથી. જ્યારે મારી મા મારામાં સક્રિય રસ લે છે પણ એનામાં નથી આવડત, લાગણી કે માતાસહજ સમજ.

હું અને પીટર અમે બંને અમારા અંતરની મથામણ સામે ઝઝૂમી રહ્યાં છીએ. અમને શું જોઈએ છે એનો સ્પષ્ટ ખ્યાલ પણ અમને નથી. આમ, અમારી પરિસ્થિતિ ખૂબ નાજુક છે. લાગણી ભરેલું વર્તન ન મળે તો અમારા મનને ઊંડી ઠેસ વાગે છે. આવું જ્યારે બને છે ત્યારે લાગણીના આવેશને સંતાડવા મને બહાર ભાગી જવાનું મન થાય છે પણ એને બદલે હું ઘરમાં વાસણ પછાડું છું, પાણી ઢોળી નાખું છું અને ધમપછાડા કરી મૂકું છું. જેથી બધાને થાય કે હવે આ ક્યાંક દૂર જતી રહે તો સારું. જ્યારે આવે સમયે પીટર એકદમ અંતર્મુખ થઈ જાય છે. કાંઈ બોલ્યા ચાલ્યા વિના દીવાસ્વપ્નમાં ખોવાઈ જાય છે. જેથી એની ખરી લાગણી કોઈ જાણી ન જાય.

ને મને થાય છે કે હવે અમે એકબીજાંની સમીપ ક્યારે પહોંચશું?

મારી આ તીવ્ર ભાવનાઓ હું ક્યાં સુધી અને કેવી રીતે ખાળી શકીશ એની મને ખબર નથી.

લિ. ઍન. મે. ફ્રેન્ક.

સોમવાર, ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૪૪
મારી પ્રિયતમ કિટી,

એ અનુભવ એક ખરાબ સ્વપ્ના જેવો છે. એવું સ્વપ્ન જે આંખ ખૂલ્યા પછી પણ તમારો પીછો ન છોડે. દરેકે દરેક કલાક મને એ મળે છે પણ એની સાથે હું રહી શકતી નથી અને એ વાત હું એને કહી પણ શકતી નથી. આ દુઃખને હૈયામાં જ છુપાવીને પણ મારે ચહેરો તો હસતો જ રાખવો પડે છે.

પીટર શીફ અને પીટર વૅનડાન બંને એકમેકમાં ઓગળી ગયાં છે અને એક સુસ્વભાવી પીટરમાં ભળી ગયા છે, જેની મને ખેવના છે. મમ્મી પણ અસહ્ય થઈ પડી છે. પપ્પાની ભલમનસાઈથી હાલત વધુ ખરાબ થઈ જાય છે અને માર્ગટ તો સહુથી વધારે અસહ્ય છે. મારા પરાણે હસતા ચહેરાનો એ લાભ લીધે રાખે છે મને એકલા પડી રહેવાનું મન થાય ત્યારે એની ઇચ્છા હોય કે મારે તેને કંપની જ આપવી.

આજે પીટર મારી પાસે આવ્યો નહિ. એના બદલે સુથારી કામ કરવા ઉપર જતો રહ્યો. રંધાના દરેક ઘસરડા સાથે મારી હિંમત પણ છોલાતી જતી હતી. મારી હતાશા વધતી જતી હતી. દૂરની પેલી ઘડિયાળના ડંકા મને જાણે કે સમજાવતા હતા, મન સાફ રાખ, દિલ સાફ રાખ.

મને ખબર છે કે હું લાગણીપ્રધાન છું અને એ પણ જાણું છું કે હાલ હું હતાશ અને મૂર્ખ છું.

હે ભગવાન મને મદદ કરો!

લિ. ઍન. મે. ફ્રેન્ક.

બુધવાર, ૧લી માર્ચ, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

મારા આ પ્રેમપ્રકરણનું મહત્ત્વ અચાનક થોડું ઘટી ગયું છે... એક ચોરી પ્રકરણને લીધે. મારા આ ચોરી-પ્રસંગનાં વર્ણનોથી તું કદાચ કંટાળી ગઈ હોઈશ. પણ જ્યારે કોઈ ઘરફોડ ચોર ગાઈસ ઍન્ડ કંપનીની મુલાકાત લેવાનું નક્કી કરે તો હું પણ શું કરું? પણ આ વખતનો પ્રસંગ ગયા વખતના એટલે કે જુલાઈ ૧૯૪૩ના પ્રસંગ કરતાં જરા વધારે ગૂંચવણ ભરેલો છે.

કાલે સાંજે નિયમ મુજબ સાડા સાતે શ્રી વૅનડાન કુગ્લરની ઑફિસમાં ગયા. ત્યારે એમણે જોયું કે એ ઑફિસનો કાચનો દરવાજો અને ઑફિસનો દરવાજો બંને ખુલ્લા હતા. એમને આશ્ચર્ય તો થયું પણ અંદર ગયા પછી તો તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. કારણ કે અંદરનો દરવાજો પણ ખુલ્લો હતો અને જમીન પર બધી વસ્તુઓ

વેરવિખેર પડી હતી. એમના મનમાં એક વિચાર ઝબકી ગયો કે 'ચોરી થઈ છે'. ખાતરી કરવા નીચે ગયા અને તપાસ કરતાં જણાયું કે આગળનો મુખ્ય દરવાજો વગેરે વ્યવસ્થિત બંધ હતાં. શ્રી વૅનડાનનું માનવું થયું કે બેપ અને પીટરે આજે બધું બેધ્યાનપણે બંધ કર્યું છે. કુગ્લરની ઑફિસમાં થોડો વખત ગાળીને લાઈટ ને ઑફિસ બંધ કરીને એ તો ઉપર આવી ગયા અને ઉઘાડી ઑફિસ અને વેરવિખેર પડેલી વસ્તુઓ વિશે એમણે ઝાઝી ચિંતા કરી નહિ.

આજે વહેલી સવારે પીટરે અમને જગાડીને કહ્યું કે આગળનો મુખ્ય દરવાજો ફટાક ઉઘાડો હતો અને એક પ્રોજેક્ટર અને શ્રી કુગ્લરની નવી બ્રીફકેઈસ ક્યાંય દેખાતી નથી. પીટરને દરવાજો બંધ કરી આવવાની સૂચના આપી અને ત્યારે શ્રી વૅનડાને ગઈ કાલ રાતના પ્રસંગની અમને વાત કરી અને અમે બધાં જ ચિંતામાં પડી ગયાં.

અમે એક જ નિર્ણય પર આવી શક્યાં કે ચોર પાસે નક્કી ડુપ્લિકેટ ચાવી હોવી જોઈએ કારણ કે દરવાજો તોડફોડ કરીને ઉઘાડ્યો નહોતો અને સાંજે જ ઑફિસમાં પેસી ગયો હશે. શ્રી વૅનડાનને આવતા સાંભળીને સંતાઈ ગયો હશે ને જેવા શ્રી વૅનડાન ઉપર ગયા કે માલ ચોરીને ભાગી ગયો હશે. ઉતાવળમાં દરવાજો બંધ કરવાની પરવા કરી નહિ હોય.

અમારી ચાવી કોની પાસે હોઈ શકે? આ ચોર ગોદામમાં કેમ નહિ ગયો હોય? કદાચ ગોદામમાં કામ કરનારામાંનો એક હશે. કદાચ શ્રી વૅનડાનને આવતા સાંભળ્યા હશે અને શક્ય છે કે જોયા પણ હોય. હવે આ માણસ અમારો ભંડાફોડ કરી નાખશે કે શું?

આ વિચારે ખરે જ ખૂબ ડર લાગે છે. કારણ કે કોણ જાણે પણ આ વાતની ખાતરી કરવા ચોર પાછો પણ આવશે કે નહિ? કે પછી આ મકાનમાં તો કોક છે એ વિચારે ફરી આવવાનું નામ પણ નહિ લે?

લિ. ઍન ફ્રૅન્ક.

તા.ક. : તું જો કોઈ સારો જાસૂસ શોધી કાઢે તો ખરેખર અમને ઘણો જ આનંદ થશે. પણ એ માટે એક શરત છે. અમારો આ ભેદ ન ખોલી નાખે એટલો વિશ્વાસુ હોવો જોઈએ.

ગુરુવાર, ૨જી માર્ચ, ૧૯૪૪

પ્રિયતમ કિટી,

આજે હું અને માર્ગટ સાથે માળિયે ગયાં હતાં પણ ત્યાં પીટર (કે કોઈ બીજી વ્યક્તિ) સાથે મને જેવી મજા આવે એવી માર્ગટ સાથે આવવી શક્ય જ નથી. જો કે મને એ પણ ખબર છે કે મોટા ભાગની વાતોમાં માર્ગટ પણ મારા જેવું જ વિચારે છે.

સાફસફાઈ કરતાં કરતાં બેપ મમ્મી અને શ્રીમતી વૅનડાન સાથે વાતો કરતી હતી ત્યારે એણે કહ્યું કે ઘણી વાર એ નિરાશામાં ડૂબી જાય છે અને આ બે જણાએ વળી શું મદદ કરી હશે? એમાંય મારી આ આવડતશૂન્ય માએ તો પરિસ્થિતિ ઑર બગાડી મૂકી. જાણે છે એણે શું સલાહ આપી? કે આવે સમયે દુનિયાના અન્ય દુઃખી લોકોનો એણે વિચાર કરવો જોઈએ! હવે, આપણે પોતે જ દુઃખી હોઈએ ત્યારે અન્ય દુઃખી લોકોનો વિચાર કરવાથી તે વળી શું ફાયદો થાય? હું ત્યારે આટલું જ બોલી અને અલબત્ત મને જવાબ મળ્યો કે આવી વાતોમાં મારે માથું મારવું જોઈએ નહિ.

આ મોટેરાંઓ પણ સાવ જ ગાંડાં કહેવાય! જાણે કંઈ અમને એટલે કે મને, પીટરને, બેપને અને માર્ગટને થઈ આવતી લાગણી જાણે એકબીજાંથી જુદી જુદી હોય! આવી પરિસ્થિતિમાં અમને મદદરૂપ થઈ શકે માત્ર માનો કે કોઈ સારા મિત્રનો પ્રેમ. પણ આ બે માતાઓ અમને જ સમજી શકતી નથી. એમાં કદાચ શ્રીમતી વૅનડાન થોડી સમજણ દાખવી શકતાં હશે. અરે, મને થાય છે કે મારા અનુભવના આધારે બેપને બે સારા બોલ કહી શકી હોત તો, પણ ત્યાં પપ્પા વચ્ચે પડ્યા અને મને તો સાવ જ ચૂપ કરી દીધી. બધાં જ કેટલાં મૂરખ છે!

મમ્મી-પપ્પા બધી વાતમાં ચંચૂપાત ન કરતાં હોય તો! એમ મેં માર્ગટને પણ કહ્યું. કદાચ, એનાથી અહીંનું વાતાવરણ પણ સહ્ય હોત. રોજ સાંજે એવી ચર્ચાની પણ ગોઠવણ કરી શકાઈ હોત જેમાં દરેકને પોતાનો મત માંડવાનો અધિકાર હોય. પણ આગળ ઉપર પણ આ બાબત મેં તને કહી છે. મારે માટે તો અહીં વાત પણ કરવી શક્ય નથી. શ્રી વૅનડાન આક્રમક મૂડમાં આવી જાય, મમ્મી ટોણા મારવા શરૂ કરે અને પછી એક વાત એ સામાન્ય રોજના સૂરમાં કહી શકતાં નથી. પપ્પા તો ભાગ લેવામાં જ માનતા નથી. ડસેલ પણ એવા જ છે અને શ્રીમતી વૅનડાન પર એવી તો ટીકાની ઝડી વરસે કે લડવાનું મૂકીને લાલ લાલ ચહેરે બેસી રહેવાનું પસંદ કરે છે. અને અમારી બાબતમાં? અમને તો સાદો અભિપ્રાય રાખવાનો પણ અધિકાર નથી. વાહ, વાહ શું પ્રગતિશીલ લોકો છે? અભિપ્રાય પણ રાખવાનો નહિ! તમને મૂંગા રહેવા કહે તો ય સમજ્યા પણ અભિપ્રાય બાંધવાથી તો કોઈ રોકી ન જ શકે. તમે કોઈને અભિપ્રાય બાંધવાની તો મનાઈ ન જ કરી શકો પછી ભલેને એ વ્યક્તિ ગમે તેટલી નાની કેમ ન હોય? મને, માર્ગટને, પીટરને અને બેપને જો કશાની પણ જરૂર હોય તો એ છે પ્રેમની. અને અહીં એનો જ અભાવ છે. અહીં આ મૂરખ સાધુ-સંતોમાંથી કોઈ કરતાં કોઈ જ અમને સમજી શકવા સક્ષમ નથી. કારણ કે અમે ખૂબ જ લાગણીપ્રધાન છીએ અને અમારા વિચારો એટલા તો આગળપડતા છે કે જેની એમને કલ્પના પણ નથી આવતી!

પ્રેમ, એટલે શું? મને નથી લાગતું એને શબ્દોમાં ઝાલી શકાય. પ્રેમ એટલે એ વ્યક્તિને સમજવી, એને સંભાળવી, એના સુખ-દુઃખમાં સહભાગી થવું અને છેવટે એમાં શારિરીક પ્રેમનો સમાવેશ થાય. જેની સાથે તમે કાંક માણ્યું છે, કશુંક આપ્યું છે ને વળતાં આ કશુંક સ્વીકાર્યું છે પછી એની સાથે તમે લગ્ન કર્યાં છે કે

નહિ, તમને પોતાનું સંતાન છે કે નહિ એ ગૌણ વાત બની રહે છે, કદાચ તમે સમાજનાં બંધનો તોડ્યાં હશે તો પણ એ ગૌણ છે કારણ કે તમને ખબર હશે કે આ જીવન તમારું છે ત્યાં સુધી એ તમારી પડખે છે, એ તમને સમજે છે અને ફક્ત તમારો ને તમારો જ છે.

લિ. એન. મે. ફ્રૅંક

આ ક્ષણે ફરી વાર મમ્મી મારા પર ગુસ્સે ભરાઈ છે. મમ્મી કરતાં હું શ્રીમતી વૅનડાન સાથે વધારે વાતો કરું છું એની એને ચોખ્ખી અદેખાઈ આવે છે પણ મારે એની પરવા શું કામ કરવી?

આજે બપોરે મેં પીટરને પકડી પાડ્યો ને પછી લગભગ પોણા કલાક સુધી અમે વાતો કરી. એને પોતાની વાત કરવી હતી પણ સરળતાથી કહેતાં આવડતું નહોતું. છેવટે એણે વાત તો કરી પણ એમાં વખત બહુ ગયો. એટલો વખત હું અસમંજસમાં હતી કે મારે ત્યાં બેસી રહેવું કે જતા રહેવું. પણ એને કોઈ પણ રીતે મદદરૂપ થવાનું મને મન હતું. મેં એને બેપવાળી વાત કરી અને ઉમેર્યું કે આપણી માવરૂઓ પણ કેવી અણઆવડત ભરેલી છે. એણે વાત કરી કે એના પપ્પા તો એકબીજા સાથે દલીલો કરવામાંથી જ ઊંચા આવતા નથી. વાત રાજકારણની હોય કે સિગારેટની બંને જણાં સીધાં દલીલ પર ઊતરી જાય છે. મેં તો તેને કહ્યું છે કે પીટર ઘણો શરમાળ છે. તો ય એટલો શરમાળ નથી. દા.ત. એણે પોતે જ કહ્યું કે એક બે વરસ સુધી એ આનંદથી પોતાના મા-બાપથી દૂર રહેવા તૈયાર છે. 'મારા પપ્પા કાંઈ દેખાય છે એટલા સારા નથી'. એણે કહ્યું. 'પણ સિગારેટની બાબતમાં મારાં મમ્મી સાથે હું સંમત છું.'

મેં પણ મારાં મમ્મી વિશે એને વાત કરી. પણ પીટરે તો પપ્પાનો પક્ષ લીધો. એના હિસાબે પપ્પા તો એક 'ટૅરિફિક માણસ' છે.

રાત્રે મારું એપ્રન સૂકવવા હું ઉપર ગઈ ત્યારે પીટરે મને બોલાવી ને વાત કરી કે એનાં મા-બાપ વચ્ચે ફરી એક વાર ઝઘડો થયો છે અને એઓ એકબીજાં સાથે બોલતાં પણ નથી ને એણે કહ્યું કે આ વાત મારે કોઈને કહેવાની નથી. જો કે એ વિષયની વાત એક વાર મેં માર્ગટને તો કહી દીધી હતી પણ છતાંય મેં એને વચન આપ્યું. અને મને ખાતરી છે કે માર્ગટ આવી વાત કોઈને પણ કહેશે નહિ.

મેં વચન આપતાં કહ્યું, 'ના રે, પીટર જરાય નહિ, સાંભળેલી બધી વાતો બબડવાની ન હોય એ તો હું પણ શીખી ગઈ છું. તેં કહેલી વાતો હું કોઈને પણ ક્યારેય કહીશ નહિ.'

સાંભળી એ ખુશ થયો. મેં કહ્યું કે 'ટીકાટિપ્પણીમાં આપણે કેટલાં પાવરધાં છીએ.' પછી મેં તરત ઉમેર્યું, 'કે આ વાત હું પણ પ્રામાણિકપણે કહેતી નથી. એમ માર્ગટનું કહેવું છે અને એ સાચું પણ છે. કારણે કે ટીકા ન કરવી એમ હું નક્કી તો કરું છું પણ ડસેલસાહેબનો વિષય આવે ત્યારે હું મારી જાતને રોકી શકતી નથી.'

'તું આ વાત સ્વીકારી શકે છે એ જ મોટી વાત છે.' એ શરમાતાં શરમાતાં બોલ્યો અને એનાં આવાં સ્તુતિવચનોથી હું પણ શરમાઈ. પછી થોડો વખત અમે 'ઉપરની' ને 'નીચેની' વાતો કરી. મેં જ્યારે પીટરને કહ્યું કે એનાં મા-બાપ અમને એટલાં પસંદ નથી ત્યારે એને નવાઈ લાગી. મેં કહ્યું, 'જો પીટર, તને ખબર છે કે હું કોઈ પણ વાત પ્રામાણિકપણે જ કહું છું તો આ વાત પણ મારે સાચી કેમ ન કહેવી? અમે એમનો વાંક પણ જોઈ શકીએ છીએ.'

પછી ઉમેર્યું, 'પીટર, તને મદદ કરવાનું મને ઘણું મન છે. તું મને મદદ કરવા દઈશ? તું કફોડી સ્થિતિમાં સપડાયો છે અને તું ભલે કાંઈ ન બોલે પણ મને ખબર છે કે તું દુઃખી છે.'

'તારી મદદ મળે તો મને ગમે જ.'

'કદાચ તારે (મારા) પપ્પા સાથે વાત કરવી જોઈએ. તું એને બધી વાત કરી શકે છે. એ કોઈને કહેશે નહિ.'

'મને ખબર છે. ખરે જ એ તો ઘણા સારા માણસ છે.'

પીટરે હકારમાં માથું હલાવ્યું. મેં કહ્યું, 'હા, અને તને તો ખબર છે કે તું એમનો ગમતો છોકરો છે.'

એણે એકદમ ઉપર જોયું. એના મોં ઉપર શરમના શેરડા પડ્યા. ખરેખર, આ થોડાક શબ્દોએ એને કેવો ખુશ કરી દીધો. મને આ દૃશ્ય સ્પર્શી ગયું. 'તું સાચે જ એવું માને છે?' એણે પૂછ્યું.

'હા, એમની નાની નાની વાતો પરથી ખબર પડી જાય છે.' મેં જવાબ આપ્યો.

ત્યાં શ્રી વૅનડાન કામ માટે ત્યાં આવી ચડ્યાં. ખરેખર પપ્પાની જેમ જ પીટર પણ 'ટૅરિફિક માણસ' છે.

લિ. ઍન. મે. ફ્રૅંક.

(ક્રમશઃ)

અનુસંધાન] સરકસ [પૃ. ૧૫૮ થી

ઉમાની નમેલી આંખો મીંચાઈ ગઈ હતી. એને ખબર ન પડી કે એને ક્યારે ઝોકું આવી ગયું હતું...

... એ રિંગમાં આવી ગઈ હતી. એની સામેના પાંજરામાં સિંહો હતા, જેમની સાથે એણે ખેલ કરવાનો હતો. કેટલા બધા રિંગલીડર હતા એના રક્ષણહાર, એને ડરવાનું શું કારણ હતું?

બધું અજાણ્યું અજાણ્યું હતું. પરંતુ શું કરવાનું હતું એ એને શીખવાડવામાં આવ્યું હતું, છતાં આ ક્ષણે એને એમ લાગ્યું કે એ કશું જાણતી નથી.

પાંજરાં ખૂલ્યાં અને સિંહો છલાંગ મારીને એની ઉપર કૂદ્યા. સિંહોએ એમ જ કરવાનું હતું, એમને એમ જ શીખવાડવામાં આવ્યું હતું. ઉમાએ ચપળતાથી ખસી જવાનું હતું, પરંતુ એ કદાચ એને કોઈએ કહ્યું નહોતું એટલે—

પછી શું થયું, સિંહોએ શું કર્યું, એમણે ઉમાને ફાડી ખાધી કે શું, એની કોઈને ખબર ન પડી. ❑

અમદાવાદનો મોતીશાહી મહલ

પ્રભાકર ખમાર

આશા ભીલના આશાપલ્લી અથવા આશાવલની ઓળખ આપો કે કર્ણદેવનું કર્ણાવતી કહો એ આજનું અમદાવાદ છે. એની સ્થાપત્ય-કલાનો ઇતિહાસ પણ ભાતીગળ છે. ગેઝેટિયર અમદાવાદ અનુસાર ઈ.સ. ૧૪૧૧ની ૪થી માર્ચ અમદાવાદ શહેરનો સ્થાપના દિન છે.

મુસ્લિમ શાસકોના આગમને યા આક્રમણે અમદાવાદની સ્થાપત્યકલામાં અભિનવ અને અદ્ભુત અસર પહોંચાડી છે. ઇતિહાસની અટારીએથી અવલોકન કરીએ તો ઈ.સ. ૧૬૧૮માં મોગલ સલ્તનતના સમયમાં શાહજહાંએ સૂબેદાર તરીકે અમદાવાદનું સુકાન સંભાળ્યું. ૧૬૨૨માં ગુજરાતમાં ભારે દુષ્કાળ પડ્યો. ખેતરો ઉજ્જડ બન્યાં. પ્રજા ભૂખે મરવા લાગી. આ પરિસ્થિતિમાં દુષ્કાળપીડિતોને રોજી-રોટી આપવા રાહતકામો શરૂ કરાવ્યાં. સેંકડો લોકોને કામે લગાડ્યાં. આવા જ એક રાહતકામ પેટે શાહજહાં દ્વારા નિર્માણ પામેલી શાહીબાગની આ શાહી ઈમારતને એ સમયે 'મોતીશાહી મહલ' તરીકેની ઓળખ અપાઈ. મોગલ સામ્રાજ્યમાં આકાર પામેલી આ ઐતિહાસિક ઈમારત એ સમયના બાંધકામનો ઉત્તમ નમૂનો છે પરંતુ કમનસીબે એવો સ્વપ્નદ્રષ્ટા અને સ્રષ્ટા શાહજહાં આ મહેલમાં વસવાટ કરી શકયો નહોતો.

કિંવદંતી એવી છે કે શાહીબાગના આ મોતીમહેલમાં શાહજહાંની ધામધૂમથી પધરામણી થવાની હતી. શાહજહાં હાથી પર બેસી આ મહેલમાં દાખલ થવા ગયો ત્યાં જ પ્રવેશદ્વારની કમાન એને માથે અથડાઈ! હાથી પર બિરાજેલ શાહજહાંની સરખામણીમાં પ્રવેશદ્વાર નીચું હતું. એને અપશુકન ગણીને શાહજહાં એ જ હાથી પર પ્રવેશદ્વારથી જ પાછો ફર્યો. એ પછી એણે કદી આ મહેલમાં પગ મૂક્યો નહિ, પરંતુ સ્થાપત્યશૈલીની દૃષ્ટિએ આ ઈમારત હિન્દુસ્તાનભરમાં વિખ્યાત બની.

અમદાવાદમાં એ કાળે પ્રવાસે આવેલ અંગ્રેજ મુસાફર સર ટૉમસ હર્બર્ટે પોતાની પ્રવાસનોંધમાં અમદાવાદનું સુંદર વર્ણન કરેલું છે. એમાં એ ઐતિહાસિક ઈમારતનો ઉલ્લેખ છે. ૧૬૩૮માં આવેલા પ્રવાસી મૅન્ડલ સ્લોએ પણ આ મહેલની ભવ્યતાને બિરદાવી છે. આ મહેલના વિવિધ ઓરડાઓની ભીંતો ઊંચી અને વિશાળ છે. આઠ ખૂણાની કમાનોને ઓરડાની છતો શોભાયમામ બનાવે છે. અલંકૃત ભોંયતળિયું પણ એટલું જ ભવ્ય લાગે છે. ઠંડક માટે ફુવારાની રચના કરવામાં આવી છે. મહાલયના પૃષ્ઠ ભાગે નદી તરફ હોડી દ્વારા સહેલગાહ કરવાની સુવિધા છે. સાથે સાથે લશ્કરની હેરફેર માટે ધક્કો તથા અન્ય સગવડ પણ છે. કલાત્મક ઝરૂખાઓ સ્થાપત્યશૈલીની દૃષ્ટિએ આકર્ષક છે.

શાહજહાં અને મુમતાઝની પ્રણયગોષ્ઠીની એક સ્મરણગાથા પણ આ ઈમારત સાથે સંકળાયેલી છે. શાહજહાં જ્યારે અમદાવાદમાં સૂબો હતો ત્યારે બાદશાહ જહાંગીર અને બેગમ નૂરજહાં અમદાવાદની મુલાકાતે આવેલાં. તેઓ નવ મહિના અમદાવાદમાં રોકાયેલાં. એમની સાથે નૂરજહાંની ભત્રીજી મુમતાઝ પણ હતી. આ મુમતાઝ સાથે શાહજહાંની પ્રીતના અંકુર અહીં અમદાવાદમાં ફૂટ્યા હતા, જે પાંગરીને પ્રણયમાં પરિણમ્યા. ઇતિહાસકારોની માન્યતા છે કે શાહજહાં અને મુમતાઝે યુવાનીનો શ્રેષ્ઠ પ્રણયકાળ શાહીબાગ વિસ્તારમાં જ ગાળ્યો હતો એ દૃષ્ટિએ પણ શાહજહાંને અમદાવાદ વધુ પ્રિય હતું. શાહજહાંએ મુમતાઝની યાદમાં જે વિશ્વવિખ્યાત તાજમહાલની રચના કરાવી, તેનું વિચારબીજ શાહીબાગની આ ઈમારત પરથી જ પાંગરેલું.

બિનસાંપ્રદાયિકતાના ઉદાહરણ કે પછી હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રતીક તરીકે પણ આ ઈમારતની ઓળખ ગણી શકાય. ઈસ્લામી સ્થાપત્યની રચના સંપૂર્ણપણે મુસ્લિમ રીતિનીતિ અનુસારની જ હોય છે. પરંતુ આવી ઈમારતોના બાંધકામ માટે મહદ્અંશે કારીગરો, કલાકારો કે સ્થપતિઓ હિન્દુ હોય છે. આ ઈમારતના બાંધકામમાં પણ એવું જ બન્યું છે. સત્તા માટે આવેલા વિધર્મી શાસકોની માગણી મુજબનું ઉત્કૃષ્ટ સર્જન સ્થાનિક નિપુણ હિન્દુ કારીગરોના હસ્તે નિર્માણ પામે એ પણ ઇતિહાસની એક ગૌરવગાથા છે એટલું જ નહિ, પણ ગુજરાતના સ્થપતિઓ અને શિલ્પીઓ પાસે બાંધકામનો પરંપરિત શૈલીનો અદ્ભુત અને અજોડ કલાવારસો હતો. એનું સતત સ્મરણ આ ઈમારત કરાવે છે. મોગલ શાસનમાં બગીચાઓ પણ લૌકિક કલાના નમૂના છે. રંગબેરંગી પુષ્પોથી મહેંકતા અને હરિયાળાં વૃક્ષોથી લહેરાતા બગીચાઓની વચમાં પાણીનો હોજ હોય છે. હોજમાંથી પાણીની નીકો કાઢેલી હોય છે. માનવકૃત ધોધ તેમજ કૃત્રિમ અને કુદરતી



પ્રકાશથી ઝળહળતા ફુવારા ઇમારતની શોભામાં અભિવૃદ્ધિ કરતા હોય છે. આ ઇમારતની સન્મુખ આવેલ ફુવારા એ સમયની યાદ આપતા આજે પણ સુરક્ષિત રાખવામાં આવ્યા છે.

શાહજહાંએ બંધાવેલ આ મોતીશાહી મહલ એના નિર્માણ પછી લગભગ દોઢસો વરસ એટલે કે ૧૭૮૧ સુધી અકબંધ હતો અને એને સુપેરે સાચવવામાં પણ આવ્યો હતો. એ પછી એના સમારકામની જરૂરિયાત જણાતાં એની અસલીયતતા જળવાઈ રહે એ રીતે સમારકામ કરવામાં આવ્યું હતું. ૧૮૩૫માં બ્રિટિશ ઇજનેર વિલિયમ્સે બગીચાઓને નવો ઓપ આપ્યો હતો. ૧૮૭૫માં સાબરમતીમાં ભારે રેલ આવતાં નદી તરફના ભાગને સારું એવું નુકસાન થયું હતું. અંગ્રેજોના શાસન દરમિયાન અહીં બ્રિટિશ કમિશનરનો વસવાટ હતો.

અમદાવાદનાં સ્થાપત્યો નિહાળી પશ્ચિમી લેખક બ્રિગ્સે નોંધ્યું છે કે, 'આ ભૂમિ કવિની કલ્પના અને ચિત્રકારની પીછીં માટે છે.' આ ઇમારતે કવિવર ટાગોરે શૈશવકાળનાં સ્મરણો આપ્યાં છે. રવીન્દ્રનાથ ટાગોર ૧૮૭૮માં જ્યારે યૌવનમાં ચરણ માંડતા હતા ત્યારે આ ઇમારતમાં રહ્યા હતા. એમના મોટાભાઈ સત્યેન્દ્રનાથ ટાગોર જેઓ હિન્દુસ્તાનના પ્રથમ આ.સી.એસ. અધિકારી હતાં તેઓ સરકારી રાહે આ ઇમારતમાં વસવાટ કરતા હતા. બાર વર્ષની વયથી કવિતાઓની રચનાઓનો પ્રારંભ કરનાર રવીન્દ્રનાથ સત્તર-અઢાર વર્ષની વયે લગભગ છ માસ આ મહાલયમાં રહ્યા હતા. જે કમરામાં તેઓ અધ્યયન, લેખન, શયન કરતા હતા તેને 'ટાગોર સ્મૃતિ ખંડ' તરીકે જાળવી રાખવામાં આવ્યો છે. યૌવનવયે કાવ્યો લેખો દ્વારા સાહિત્ય ક્ષેત્રમાં પ્રદાન કરનાર આ મહાન સર્જકની વિખ્યાત કૃતિ 'ક્ષુધિત થાપણ' (હંગ્રી સ્ટોન)નું વિચાર-બીજ આ ઇમારતમાં જ અંકુરીત થયેલું અને એનાં પ્રારંભિક પ્રકરણોનાં કેટલાંક પાનાંને અહીં જ શબ્દદેહ અપાયેલો. 'જીવન સ્મૃતિ' નામના ટાગોર કૃત પુસ્તકમાં આ ઇમારતના વસવાટ દરમિયાન થોડાંક સંસ્મરણો એમની કલમે આલેખાયેલાં છે.

આઝાદી પછી સરકારના પુરાતત્ત્વ ખાતાએ આ ઇમારતને 'રક્ષિત' જાહેર કરી પરંતુ તેની દેખભાળ પ્રત્યે ભારે ઉદાસીનતા દાખવવામાં આવી. ૧લી મે ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે રાજ્યના રાજ્યપાલના નિવાસ તરીકે 'રાજભવન'ના રૂપમાં આ ઇમારત ફાળવવામાં આવી. ૧૯૭૫માં મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલના નેતૃત્વ હેઠળની જનતા મોરચા-સરકારના શાસનમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મશતાબ્દીની સ્મૃતિમાં આ ઇમારતને 'સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રિય સ્મારક' તરીકે નામાંકિત કરવાનો નિર્ણય લેવાયો. સાંપ્રતકાળમાં રાજકારણની અવનવી ઘટનાઓની સાક્ષી સમી આ ઐતિહાસિક ઇમારત તા. ૧૮-૮-૧૯૭૯થી સરદાર વલ્લભભાઈ પટેલના જીવનકાર્યને કેન્દ્રમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા એમને સ્મરણાંકિત કરી રહી છે.


રવિન્દ્રનાથ ટાગોર સ્મૃતિખંડ

અતીતનાં અનેક સંસ્મરણોને આલેખતી આ ઇમારતમાં આપણા જ મલકની માટીથી મહેંકતા મહાન માનવીની અસ્મિતાને સાચવવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો છે. આજનો આમ આદમી જેમની સેવા વિશે બહુ ઓછું જાણે છે એવા આઝાદ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ ૧૯૫૦માં અવસાન પામ્યા ત્યારે એમનું બૅન્ક બેલેન્સ માત્ર રૂા. ૨૬૦ જ હતું. ગાંધીજી પ્રેરિત સેવા અને સાદગીના પ્રતીક સમા આ મહાન સપૂતની સંપત્તિ સમાન કેટલાંક સ્મૃતિ ચિહ્નો જેવાં કે હાથે કાંતેલી ખાદીનાં પહેરણ, જાકીટ, ધોતિયું, એલ્યુમિનિયમના બે લોટા, લોખંડની પેટી, પગરખાં, ટિફિન, રેંટિયો, પેન, ગીતા વગેરે આ સ્મારકમાં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. ઉપરાંત માનપત્રો, ભેટો, પુસ્તકો, જીવનપ્રસંગોની તસ્વીરો, ચિત્રો, પત્રવ્યવહાર, અખબારી કટિંગો વગેરે અહીં જાળવવામાં આવી રહ્યાં છે.

પ્રાચીન શ્વભ્રવતી ઉર્ફે વર્તમાન સાબરમતીના સાનિધ્યમાં સ્થાપત્યકીય કલામયતા, ભવ્યતા અને વિશાળતાનાં લક્ષણો ધરાવતી આ ઐતિહાસિક ઇમારત, શહેનશાહ શાહજહાંથી શરૂ કરી સરદાર વલ્લભભાઈ પટેલનાં સંસ્મરણોની સફર કરાવતી, ઇતિહાસનાં પાનાંઓને આલેખતી, સાંપ્રત ઘટનાઓને વાગોળતી એક અદ્ભુત અવિસ્મરણીય ગાથા છે. ❒

'કુમાર'નું પ્રકાશન 'કુમાર ટ્રસ્ટ' દ્વારા

હવેથી 'કુમાર' માસિકનું પ્રકાશન 'કુમાર ટ્રસ્ટ' દ્વારા થશે. આથી સહુ ગ્રાહકોને નોંધ લેવા વિનંતી કે તેમણે 'કુમાર'ના લવાજમનો ચેક/ડ્રાફ્ટ **'કુમાર ટ્રસ્ટ'**ના નામનો જ લખવો અને તે રાબેતા મુજબના નીચેના સરનામે જ મોકલવો.

'કુમાર ટ્રસ્ટ', ૧૪૫૪, રાયપુર ચકલા
બઉવાની પોળ સામે, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

મનિઑર્ડર પણ ઉપરના સરનામે જ કરવો. એજન્ટોએ પણ આની નોંધ લેવી. સ્થાનસમર્પિત જાહેરખબર માટે પણ 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ રકમ મોકલવી.

ઊઠમણું

બહાદુરભાઈ જ. વાંક

આજના વર્તમાનપત્રના છેલ્લા પાના ઉપર નીચેના ભાગે છપાયેલી એક ટૂંકી જાહેરાત ઉપર અચાનક મારી નજર પડી ને હું ચમકી ગયો! સર્વતોમુખી તેજસ્વી પ્રતિભા ધરાવતા બહુશ્રુત વિદ્વાન, ચિંતક અને કેળવણીકાર નિવૃત્ત પ્રાધ્યાપક એવા પ્રમોદભાઈના અવસાનની અને તેમના ઊઠમણાની આ જાહેરાત હતી. મારા માટે માની ન શકાય તેવી આ અસહ્ય વાત હતી. ઊંડો આઘાત અનુભવતા કેટલાય પ્રશ્નોએ મારા ચિત્તને ડહોળી નાખ્યું. ગઈ કાલ સવારના તેમનું અવસાન થઈ જવા છતાં મને શા માટે જાણ નહીં કરવામાં આવી હોય? મારા જેવા અંગત મિત્રને પણ સ્મશાન-યાત્રામાં હાજર રહેવાની જાણ ન કરવામાં આવી તો વળી બીજા કોને જાણ કરવામાં આવી હશે? છાપાંવાળાઓએ તેમના અવસાનના સમાચાર કેમ નહીં છાપ્યા હોય? ને શૂનમૂન બની હું છાપાનાં એક પછી એક પાનાં ફેરવવા લાગ્યો. ત્યાં અંદરના પાના ઉપર એક ખૂણામાં માત્ર દસેક લીટીમાં છપાયેલા પ્રમોદરાયના અવસાનના સમાચાર મારા વાંચવામાં આવ્યા. આ છાપાંવાળાઓને કોણ જાણે શું થઈ ગયું હશે કે આવા નોંધપાત્ર સમાચારોને પણ કેમ અગ્રતાક્રમ નહીં આપતા હોય? સાહિત્યકારો, વિદ્વાનો અને ચિંતકો પરત્વેની છાપાં-વાળાઓની આટલી હદ સુધીની ઉપેક્ષા જોઈને મેં બીજો ઊંડો આઘાત અનુભવ્યો.

છાપું એક બાજુ ફગાવીને મેં પ્રમોદભાઈને ત્યાં ફોન જોડ્યો. તેમના મોટા પુત્ર બીપીનભાઈએ ફોન ઉપાડતાં જ તેમની સમક્ષ પ્રમોદભાઈના આકસ્મિક નિધન અંગે મેં ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી, ને તેમને પૂછ્યું, 'અચાનક બાપુજીને શું થઈ ગયું? અવસાનની મને શા માટે જાણ ન કરવામાં આવી?

'આમ તો બાપુજીને કાંઈ જ તકલીફ નહોતી, એ તો તમે સારી રીતે જાણો જ છો. એમનું એકાએક બ્રેઈન હેમરેજ... જેવી પ્રભુની ઈચ્છા!... બીજું બાપુજીની અંતિમ ઈચ્છાનુસાર તેમના ડેડબૉડીનું મેડિકલ કૉલેજને દાન કરવાનું હોઈ કોઈને પણ જાણ કરવામાં આવેલ નહીં.'

હું હજુ વિશેષ કાંઈ પૃચ્છા કરું એ પહેલાં તો તેમણે ઘા કરતા હોય તેમ ક્રેડલ પર ફોન મૂકી દીધો. તેમના પુત્રે મારી સાથે પૂરી વાત કરવાની પણ તસ્દી લીધી નહીં, એ મારા માટે ત્રીજો આઘાત હતો.

કેટલીક બાબતોમાં સમાન રુચિ હોવાને કારણે વર્ષોથી પ્રમોદભાઈ મારા આત્મીય મિત્ર બની ગયા હતા. રોજ વહેલી સવારના ફરવા જવાની ટેવને કારણે સાઠ વર્ષની ઉંમરે પણ તેઓ યુવાનને શરમાવે એવી સ્ફૂર્તિ અને સ્વાસ્થ્ય ધરાવતા હતા. અઠવાડિયામાં બે-ત્રણ વખત સવારના ફરવા જવામાં પણ તેમને ખાસ કંપની આપતો. તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન એમ બબ્બે વિષયોમાં ડૉક્ટરેટની ડિગ્રી ધરાવતા પ્રમોદભાઈનો એક જ જીવન-મંત્ર હતો - 'ભણવું અને ભણાવવું'. તેમના માર્ગદર્શન હેઠળ દસેક વિદ્યાર્થીઓએ પીએચ.ડી.નો અભ્યાસ કર્યો હતો. તેમના અંગત પુસ્તકાલયમાં તેમણે લાખોની સંખ્યામાં પુસ્તકો વસાવ્યાં હતાં. તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન અને પર્યાવરણ ઉપરનાં તેમનાં પચાસેક પુસ્તકો પણ પ્રસિદ્ધ થયાં હતાં.

હજુ બેત્રણ દિવસ પહેલાં જ તેમને આંખોમાં કંઈક તકલીફ થઈ જતાં, તેમની ખબર કાઢવા હું તેમના ઘેર ગયો હતો, ત્યારે પુસ્તકોના ઢગલા વચ્ચે બેસીને કાગળમાં નોંધો ટપકાવી રહ્યા હતા એટલે હસતાં હસતાં મેં તેમને કહેલું : 'હવે તો વાંચવા-લખવાનું બંધ કરો.'

તેમણે જવાબ આપ્યો હતો : 'વાંચવા-લખવાનું ચાલુ રાખ્યું છે, એટલે જ તો જીવી રહ્યો છું! નહીં તો ક્યારનોય મરી ગયો હોત!'

સાઠ વર્ષનો યુવાન વિદ્યાર્થી બ્રેઈન-હેમરેજના કારણે ઢળી પડે એ વાત હજુ પણ મારા ગળે ઊતરતી નહોતી.

બીજે દિવસે સાંજના ચાર વાગ્યે રામમંદિરના પટાંગણમાં રાખવામાં આવેલ પ્રમોદરાયના ઊઠમણામાં હું આવ્યો. જોઈએ તેટલી સંખ્યામાં માણસોની હાજરી ન જોતાં મને આશ્ચર્ય થયું.

પ્રમોદભાઈની બાજુમાં જ રહેતા તેમના અને મારા મિત્ર મનુભાઈ મારી પાસે આવતા બોલ્યા : 'હજુ શેતરંજીઓ પથરાઈ રહી છે, એટલે થોડી વાર લાગશે.' બોલતાંકને મારો હાથ પકડી મને એક બાજુ ખેંચી ગયા. બાજુમાં કોઈ ઊભું તો નથી ને - એની ખાતરી કરી ધીમેથી બોલ્યા : 'અચાનક આપણા મિત્ર આપણી વચ્ચેથી...'

'એમને અચાનક શું થઈ ગયું એ જ કાંઈ ખબર પડી નહીં.' કહે છે તેમને બ્રેઈન હેમરેજ... વળી તેમના પુત્રે ફોનમાં દેહદાનની વાત કરી, ત્યારે પણ મને આશ્ચર્ય થયેલું.'

મનુભાઈ બોલ્યા : 'આમાં કંઈ વાત કરવા જેવું નથી. હા, સવારના તેમના છોકરાઓએ પૈસાની બાબતે તેમની સાથે સારો એવો ઝઘડો કર્યો હતો અને ન બોલવાનું બોલેલા, ને અચાનક પ્રમોદભાઈ ઢળી પડેલા...'

'અત્યંત લાગણીપ્રધાન હતા, એટલે કડવાં વેણ નહીં સાંભળી શક્યા હોય... કદાચ તેનો જ તેમને આઘાત... તેમના જેવા મહાન માણસની સ્મશાનયાત્રા પણ નીકળી શકી નહીં તેનો પણ મને ખટકો...'

મનુભાઈ બોલ્યા : 'તમારી જેમ એનો ખટકો મને પણ રહી ગયો છે. સગાં-સંબંધીઓની તો તેમની ભવ્ય સ્મશાનયાત્રા કાઢવાની ઈચ્છા હતી. પણ પ્રમોદભાઈની ઉપજાવી કાઢેલી અંતિમ ઈચ્છાને

બધા સમક્ષ રજૂ કરીને તેમના પુત્રોએ...' ને તેઓ આગળ બોલતા અટકી ગયા.

મેં તેમને ધીમેથી પૂછ્યું, 'તો દેહદાનની વાત તો સાવ બોગસ જ ને?'

'તમે ભૂલેચૂકેય પણ કોઈને ન કહો તો તમને સાચી વાત કહી દઉં...'

'ના, હું કોઈનેય નહીં કહું. હકીકતમાં શું વાત હતી?' મેં મારી ઉત્સુકતા વ્યક્ત કરી.

આસપાસ નજર ઘુમાવીને બહુ ધીમા સ્વરે મનુભાઈ બોલ્યા : 'હકીકતમાં, મૅડિકલ કૉલેજના એક ડૉક્ટરની વિનંતીને ધ્યાનમાં રાખી, તેમના મારફત મુંબઈના એક શ્રીમંત સાથે દેહદાનના નામે તેમના ડેડબોડીનો પુત્રોએ સોદો જ કરી નાખ્યો હતો! તેમના કીડની, લીવર, આંખો - એમ લગભગ બધા જ અવયવો પૂરેપૂરા તંદુરસ્ત હતાને એટલે...' ને જરા રહીને ઉમેર્યું : 'ખાસ તો એમના પુત્રો જ સ્મશાનયાત્રા - નનામી કાઢવાની તરખડમાં પડવા માગતા નહોતા!'

મનુભાઈની વાત સાંભળીને હું સ્તબ્ધ થઈ ગયો. બાપ-દીકરાઓની વચ્ચે છેલ્લાં બે વર્ષથી સંબંધો સાવ કથળી ગયા હતા એ હું સારી રીતે જાણતો હતો. સંબંધો બગાડવામાં બે-ત્રણ કારણો મુખ્ય હતાં. નોકરીમાંથી નિવૃત્ત થયેલા ત્યારે પ્રોવિડંડ ફંડ અને ગ્રેડ્યુઈટીની સારી એવી રકમ તેમને મળેલી. આ બધી જ રકમનું ગરીબ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં સહાયભૂત થવા માટેનું એક શૈક્ષણિક ટ્રસ્ટ ઊભું કરી દીધેલું - તેમના પુત્રોને કશી જ જાણ કર્યા વગર. બીજું કારણ હતું - તેમણે બંગલાના નીચેના માળના ચાર-પાંચ ઓરડામાં પુસ્તકોનાં કબાટો ગોઠવીને, નીચેના બધા જ ઓરડાઓને પુસ્તકાલયમાં ગોઠવી ફેરવી નાખ્યા હતા! પુસ્તકોને કઢાવીને નીચેના બધા જ ઓરડાઓ ભાડે આપી દેવાની તેમના પુત્રોની ગણતરી હતી. બંગલાની અને બીજી કેટલીક બાબતોના અનુસંધાને ન્યાય મેળવવા માટે ચારે પુત્રોએ કોર્ટમાં ફરિયાદો પણ દાખલ કરી હતી.

પણ પ્રમોદભાઈએ તો બધા જ પુત્રોને સ્પષ્ટ સંભળાવી દીધેલું : 'તમે બધા જ બીજે ક્યાંક રહેવા ચાલ્યા જાઓ એટલે આખા બંગલાને હું પુસ્તકાલયમાં ફેરવી શકું!'

શેતરંજીઓ પથરાઈ ગઈ હતી. બધા ધીમે ધીમે બેસવા લાગ્યા. સામેના ભાગે ટેબલ પર પ્રમોદભાઈના મોટી સાઈઝના ફોટા ઉપર ફૂલમાળા ચઢાવીને શ્રદ્ધાંજલિ આપતા હતા. ફોટા સમક્ષ સળગી રહેલી ચાર-પાંચ અગરબત્તીઓમાંથી નીકળતો ધુમાડો ફોટાના કાચમાં પ્રતિબિંબિત થતો હતો ત્યારે એવું લાગતું હતું - ધુમાડો સ્વયં પ્રમોદભાઈના શરીરમાંથી જાણે બહાર કેમ ન આવી રહ્યો હોય!

અત્યારે મને પ્રમોદભાઈએ એક વખત કહેલા શબ્દો યાદ આવી ગયા - હું જાહેર સમારંભો અને હારતોરાથી બહુ ભડકું છું જ્યારે પણ મને ગળામાં કોઈ હાર પહેરાવે છે ત્યારે એવું લાગે છે જાણે મને ગળામાં ફાંસો કેમ ન દઈ રહ્યા હોય!

શ્રદ્ધાંજિલ નિમિત્તે વક્તવ્ય આપનારાઓની યાદીમાં મારું પણ નામ હતું છતાં આગળના ભાગે બેસવાને બદલે સૌથી છેલ્લે બેસવાનું મેં પસંદ કર્યું.

કાર્યક્રમ શરૂ થાય એ પહેલાં ઊઠમણામાં જેટલા માણસો હાજર હતાં, એ બધાંને ગીતાના બીજા અને પંદરમા અધ્યાયની ઝેરોક્ષ નકલો આપવામાં આવી. ટાંચણીથી ભરાવેલાં પાનાંઓને હાથમાં રાખી બધાંએ એકીસાથે સમૂહવાચન કરવાનું હતું.

શરૂઆતમાં બધાંએ ઊભા થઈને બે મિનિટનું મૌન પાળી પ્રમોદભાઈને શ્રદ્ધાંજલિ આપી. પછી ગીતાના શ્લોકોનું સમૂહવાચન શરૂ થયું. હું પણ પાનાં ઉપર નજર સ્થિર કરીને બધાં સાથે તાલ પુરાવતો ગીતાના શ્લોકો બોલવા લાગ્યો ને એક વખત પ્રમોદ-ભાઈ સાથે થયેલી ગીતા વિશેની ચર્ચા અત્યારે મને યાદ આવી ગઈ.

મેં તેમને પૂછેલું : 'પ્રમોદભાઈ, તમે ગીતા વિશે શું માનો છો?' જવાબમાં તેમણે કહેલું, 'માનવજાતે ઉપયોગિતાના નામે સસ્તુ-હાથવગું બનાવી દીધેલું કિંમતીમાં કિંમતી પુસ્તક એટલે ગીતા! જીવતે જીવત તો ગીતા વાંચવાનો માણસોને સમય મળતો નથી, એટલે મર્યા પછી તેમને આપ્તજનો તરફથી ગીતા વાંચી સંભળાવવામાં આવે છે. હકીકતમાં નથી મૃતક સાંભળી શકતો કે નથી વાંચનાર સાંભળી શકતો!!'

મારું પણ અહીં કંઈક એવું જ હતું. સંસ્કૃત શબ્દોના ઉચ્ચારો ફાવતા ન હોઈ, હું માત્ર હોઠ જ ફફડાવતો હતો.

થોડી વાર બીજા અધ્યાયનાં પાનાં આગળ-પાછળ કર્યાં પછી પાછા પ્રમોદરાય મારા ચિત્તમાં...

એક વખત મેં તેમને પૂછેલું : 'પ્રમોદભાઈ, તમને આત્માની અમરતામાં વિશ્વાસ છે?' જવાબમાં તેમણે કહેલું, 'એ તો હું મરી જાઉં ત્યારે જ ખબર પડે ને!' પછી મને હસતાં હસતાં સામું પૂછેલું : 'માણસમાં 'આત્મા' જેવી કોઈ ચીજ આજે બચી છે ખરી?!'

પાનાં ઉપરથી નજર હટાવીને મેં મારી આસપાસ જોયું-કેટલાક ગુસપુસ વાતો કરવામાં... કેટલાંક બગાસાં ખાવામાં તો કેટલાક ઊંચા-નીચા થઈ આગળ-પાછળ જોતાં પોતાના કંટાળાને વ્યક્ત કરતાં હતાં!'

હું પાછો શ્લોકો બોલવામાં...

ભૂતકાળમાં એક વખત તેઓ ગંભીર માંદગીમાં પટકાઈ ગયેલા. થોડા દિવસો પછી તેમની તબિયત સારી થતાં મેં પૂછ્યું : 'પ્રમોદભાઈ, તમે તમારું વસિયતનામું લખ્યું છે કે નહીં?'

'હું કોના નામે વસિયત કરું? ચારે છોકરાઓમાંથી એકેય મને કાંધ આપે તેમ નથી!'

તેમની વાત કેટલી બધી સાચી પડી ગઈ હતી! પુત્રોની તો ઠીક... મિત્રોની-ચાહકોની કાંધને પણ તેઓ પામી ન શક્યા! એક પ્રશ્ન મને અગ્નિની જેમ દઝાડી રહ્યો હતો - આવો પુણ્ય-શાળી માણસ પણ અગ્નિસંસ્કારને કેમ નહીં પામી શક્યો હોય?'

'કેટલા વાગ્યા હશે?' બાજુવાળાએ મને પૂછ્યું.

હું ઝબકી ગયો. આંખો ચોળતાં ઘડિયાળમાં જોઈ મેં જવાબ આપ્યો : 'પાંચ...'

અહીં પસાર કરેલો એક કલાક હવે મને એક દિવસ જેવો લાંબો લાગી રહ્યો હતો. મારી જેમ કંઈક કંટાળો અનુભવી રહ્યા હોય તેમ એક ભાઈ અધ્યાયનાં પાનાં પોતાની જગ્યાએ મૂકીને ઊભા થયા, ને કોણ જાણે પાનાંમાંથી જ ટાંચણી નીકળી ગઈ હોય એમ છૂટાં પડીને પાનાં ચારે તરફ ઊડવા લાગ્યાં. જાણે અહીં માણસો વચ્ચેથી પાનાં નાસી છૂટવા કેમ ન માગતાં હોય! બે-ત્રણ જણાએ ગ્રાઉન્ડમાં ચક્કર લગાવી માંડ માંડ પાનાં એકઠાં કરી પેલા ભાઈને આપતાં વ્યંગમાં કહ્યું : 'હવે પાનાંની સાથે તમે પણ ક્યાંક ઊડી જતા નહીં!'

હવે પંદરમો અધ્યાય શરૂ.

પ્રમોદભાઈ પૂરેપૂરા પ્રકૃતિપ્રેમી. ઘણી વાર વહેલી સવારના હું પણ તેમની સાથે ફરવા જતો. પર્યાવરણની અને ચૉતરફ વ્યાપી રહેલા ભ્રષ્ટાચારની અને ત્રાસવાદની વાતો કરતાં કરતાં તેઓ એકદમ વ્યથિત થઈ ગયા હતા, ને ભારે નિસાસો નાખતા તેમણે કહ્યું હતું : 'ભવિષ્યમાં જીવતાં માણસને બચાવી લેવા માટે કદાચ માણસના લોહીનું કોઈ ગ્રૂપ જ નહીં હોય!

કેટલાંક માણસોને ઊભા થઈ બહાર જતાં જોઈને વિચારોને ખંખેરીને હું પણ ઝડપથી ઊભો થઈ ગયો. બહાર આવ્યો. જોઉં છું તો માણસો પાનવાળાની દુકાન પાસે ઊભા ઊભા સિગારેટ ફૂંકી રહ્યા હતા તો કોઈક હથેળીમાં તમાકુની ફાકી બનાવી રહ્યા હતા, તો કોઈક શેરબજારની, જમીન-ફ્લૅટોના ભાવોની ને દિવસે દિવસે વધતી જતી મોંઘવારીની વાતો કરવામાં વ્યસ્ત થઈ ગયા હતા. મારું માથું દુઃખતું હોઈ, સોડા સાથે એસ્પ્રો ગળે ઉતારીને મેં થોડી 'હાશ' અનુભવી. ફરી પાછો હું મારી જગ્યાએ આવીને બેસી ગયો. કેટલામો શ્લોક ચાલે છે, એ અંગે મેં બાજુવાળાને પૂછ્યું. એને ખબર ન હોઈ બીજાને પૂછીને મને કહ્યું, 'પંદરમા અધ્યાયનો આઠમો શ્લોક.'

મેં મારી પાસેનાં પાનાંઓમાં જોયા વગર જ એને પૂછ્યું : 'હજુ કેટલા શ્લોક બાકી છે?'

તેણે પાનાં ફેરવીને મને કહ્યું : 'આ અધ્યાય તો બહુ ટૂંકો છે. હવે ફક્ત બાર જ શ્લોક બાકી છે.'

મેં બધાં સાથે શ્લોકો બોલવાનું શરૂ કર્યું. ત્યાં મેં પટાંગણમાં દૂર નજર કરી તો મારી સાથે નોકરી કરતા આચાર્યભાઈ અને વ્યાસભાઈ હાથના સંકેતથી મને તેમની પાસે બોલાવી રહ્યા હતા. હું ઊભો થઈને તેમની પાસે આવ્યો : 'કેમ, મારું કંઈ કામ પડ્યું છે?'

'ના, કામ તો કંઈ ખાસ નથી... અમે તમારા ઘરે ગયેલા. તમારાં વાઈફે અહીંનું સરનામું આપતાં અમે આવ્યા છીએ. કોનું ઊઠમણું ચાલે છે?'

'મારા એક પ્રાધ્યાપક મિત્રનું.'

'તો વાત કરવામાં કંઈ વાંધો નથી ને?'

'ના... ના... એમાં શું વાંધો હોય? ખુશીથી કહો.'

આચાર્યભાઈ બોલ્યા : 'લિબર્ટી ટૉકિઝમાં એક ક્લાસિકલ પિક્ચર ચાલે છે - 'આગંતુક'. આજે તેનો છેલ્લો દિવસ છે. આ વાત અમારા જાણવામાં આવતાં અચાનક અમે આ પિક્ચરમાં જવાનું નક્કી કર્યું છે. તમે અમને કંપની આપો તો...'

મોટા ભાગે સારાં પિક્ચરો સાથે જોવાનો જ અમે આગ્રહ રાખતા, ને નક્કી કરીને તે પ્રમાણે જ કાર્યક્રમ ગોઠવતા એટલે જ બંને મને પિક્ચરમાં લઈ જવા માટે જ અહીં...

મેં ઘડિયાળમાં જોતાં કહ્યું : 'સાડાપાંચ તો થઈ ગયા છે. હજી મારું વ્યાખ્યાન પણ બાકી છે. આમાં હું અહીંથી કઈ રીતે નીકળી શકું?'

'સાડા-છ સાત સુધીમાં તો આવી ન શકો?'

'કંઈ કહેવાય નહીં... બધાનાં વ્યાખ્યાનો ક્યાં સુધી ચાલે છે એના ઉપર બધો આધાર છે.'

'પણ તમે આવો ને આવો જ. અમે તમારી ટિકિટ લઈ રાખીશું. સાત સુધી અમે વાટ જોઈશું. સાત સુધીમાં નહીં આવો તો અમે ટિકિટ બીજાને આપી દઈશું.

'ભલે.' વિચારીને મેં કહ્યું.

હું મારી જગ્યાએ બેસવા જતો હતો ત્યાં પેશાબ-પાણી માટે બહાર આવેલા પ્રમોદભાઈ અને મારા ખાસ મિત્ર જનકભાઈ ગ્રાઉન્ડની વચ્ચે મળી ગયા. પ્રમોદભાઈના અવસાન અંગે દુઃખ વ્યક્ત કરતા બોલ્યા : 'આપણા મિત્ર આપણને બધાને છેતરીને કેવા અચાનક ચાલ્યા ગયા! જિંદગીમાં તેમણે કેટલું બધું સહન કરેલું!'

'હા હું પણ બધું જાણું છું.'

'તમને પ્રમોદભાઈના 'દેહદાન'ના નાટકની પણ ખબર છે?' જનકભાઈએ પૂછ્યું.

'હા, એ પણ હું જાણું છું. બહુ દુઃખ થાય છે. પણ આપણે શું કરી શકીએ?'

'મને તો બસ પ્રમોદભાઈના જ વિચારો આવ્યા કરે છે. ડૉક્ટરો જ્યારે એમનું પોસ્ટમોર્ટમ કરશે ત્યારે મને લાગે છે તેઓ ડૉક્ટરોને એક વાત કહ્યા વગર નહીં જ રહે - જીવતે જીવત તો હું બહુ ચિરાયો છું. હવે શરીરને વધુ ચીરીને મને ત્રાસ ન આપો તો સારું!'

(અનુસંધાન પૃ. ૨૦૪ પર)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

જ્હૉન રસ્કિન

આ ગણીસમી સદીના ત્રીજા-ચોથા દાયકાથી ઈંગ્લન્ડની પ્રજામાં નવું જોમ પ્રકટવા માંડ્યું હતું. એક તરફ યંત્રવાદની ઝડપી આગેકૂચ, એને પરિણામે ભૌતિક સુખ પાછળ આંધળી દોટ. વ્યાપાર-વાણિજ્ય આદિમાં વ્યક્તિનું સ્વાતંત્ર્ય જોર પકડી રહ્યાં હતાં. ઈ. ૧૮૩૨માં રિફોર્મ બિલ પાર્લમેન્ટમાં પસાર થયું એટલે મતાધિકાર વ્યાપક બન્યો. એક નવો ધનિક અને મધ્યમવર્ગ અસ્તિત્વમાં આવ્યો. પાર્લમેન્ટમાં વર્ષોથી ઉમરાવોનું વર્ચસ્વ હતું. કેટલાક મતદાતાનાં પરગણાં તેમણે અંકે કરી રાખ્યાં હતાં. એવાં પરગણાં પૉકેટ બરોઝ તરીકે - વાસ્તવમાં તો એને 'રોટન બરોઝ' તરીકે - ઓળખવામાં આવતાં હતાં - જાણીતાં હતાં. એવાં પરગણાંના મતદાતાઓને કારણે પાર્લમેન્ટમાં ઉમરાવવર્ગ પોતાનાં ધાર્યાં નિશાન પાડી શકતો હતો.

પણ ઈ. ૧૮૩૨માં પસાર થયેલા કાયદાથી એમની સત્તા પર મોટો કાપ પડ્યો. નવા ધનિક અને મધ્યમવર્ગનો તેના પર અંકુશ આવ્યો.

ઈંગ્લન્ડની ભૌતિકસિદ્ધિઓના અનેક પુરસ્કર્તાઓ હતા. પણ એ યંત્રોના વિકાસને કારણે તેમજ ઉદ્યોગપતિઓની સત્તાથી સામાન્ય અને ગરીબવર્ગની બેહાલીનો ખયાલ કરનારા બહુ ઓછા હતા. કાર્લાઈલે, ન્યુમૅને, નીતિ-સદાચારનો છેદ ઉડાવનારી, ગરીબોનું શોષણ કરનારી ભૌતિક સિદ્ધિ પાછળની ઘેલછાનો સખત વિરોધ કર્યો હતો અને એ જ દિશામાં જ્હૉન રસ્કિન (૧૮૧૯-૧૯૦૦)નો કાર્લાઈલના જ વિચારોનો મહદંશે પડઘો પાડતો અવાજ પ્રજામાં સંભળાવા માંડ્યો. રસ્કિનનો પિતા જ્હૉન જેમ્સ રસ્કિન શરાબનો વેપારી હતો. રસ્કિનની માતા ચુસ્તપણે બાઈબલ-પરાયણ હતી. એણે રસ્કિન માટે બાઈબલનું ચુસ્તપણે વાચન ફરજિયાત બનાવ્યું હતું. રસ્કિનને એ વાચન ફળદાયી બની રહ્યું. બાઈબલના ઉપદેશનો પ્રભાવ તો તેના મિત્ર પર પડ્યો જ, પણ બાઈબલમાં શૈલીનું રમણીય વૈવિધ્ય તેને માટે ભારે આકર્ષક નીવડ્યું અને એના સમગ્ર લખાણમાં બાઈબલના વિચાર અને શૈલીનું વૈવિધ્ય ધ્યાનપાત્ર બની રહ્યું.



રસ્કિનમાં ચિત્રકાર-કલાવિવેચકની પ્રતિભા હતી. એની તેર વર્ષની વયે એના હાથમાં ટર્નરનાં ચિત્રો આવ્યાં ને રસ્કિને નોંધ્યું છે તેમ - એ ચિત્રોએ એના જીવનની દિશા નિશ્ચિત કરી આપી તથા કલા વિશે તેની અભિરુચિ વિદેશના પ્રવાસો દ્વારા વિકસતી જ રહી.

રસ્કિને ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં શિક્ષણ લીધું પણ ત્યાં કશું પામ્યાનો તેને સંતોષ ન થયો. ઑક્સફર્ડ છોડ્યા પછી તેના પ્રયાસો શરૂ થયા અને તેની કલારુચિમાંથી પાંચ ખંડોમાં વિભક્ત મૉડર્ન પેઈન્ટર્સ (૧૮૪૩ થી ૧૮૬૯ના સમયગાળામાં)નો ગ્રંથ પ્રકાશિત થયો. આમ, એક સમર્થ કલાવિવેચક તરીકે તેની કારકિર્દીનો આરંભ થયો. એણે આરંભનાં લગભગ વીસ વર્ષ કલાવિવેચનને આપ્યાં, જો કે એક નીતિનિષ્ઠ સમાજસુધારક આરંભથી જ તેનામાં અનુસ્યૂત હતો.

પ્રચલિત અંગ્રેજી સભ્યતા પર પોતાના પ્રતિભાવ આપતાં તેણે નોંધ્યું હતું કે **'It is not that men are ill fed, but that they have no pleasure in the work in which they make their bread, and therefore look to wealth as the only means of pleasure.'**

માણસને અપૂરતો ખોરાક મળે છે એ બાબત નથી પણ જે કામથી તેમને તેમનો રોટલો મળે છે એ કામમાં તેમને આનંદ નથી અને તેથી તેમની નજર પૈસાપ્રાપ્તિથી થતા આનંદ પર ઠરે છે.

રસ્કિનના પ્રતિભાવોમાં કાર્લાઈલના વિચારોનો રણકો અવશ્ય સંભળાય છે. પણ બંનેની પદ્ધતિમાં ભેદ પણ પ્રકટે છે. કાર્લાઈલ શ્રમકાર્ય પર ભાર મૂકે છે પણ ભૌતિકતામાંથી મળતાં આનંદનો તે વિરોધી છે. એ સાત્ત્વિકતાનો હિમાયતી છે.

રસ્કિનની પદ્ધતિ કલાના માધ્યમ દ્વારા સામાજિક પરિસ્થિતિ, રાજકીય વ્યવસ્થા, અર્થવ્યવસ્થા વગેરેની સમીક્ષા કરવાની છે. એના 'સ્ટોન્સ ઑવ્ વેનિસ' (૧૮૫૧-૫૩)માં એ ગૉથિક સ્થાપત્ય અને કલાના સંદર્ભમાં કલાના સિદ્ધાંત વિશેષપણે અર્થશાસ્ત્રને અને સામાન્યપણે સામાજિક વ્યવસ્થાને લાગુ પાડે છે. ગૉથિકકલાનો એને મહિમા એટલા માટે છે કે કલાનાં માધ્યમોને એણે સ્વેચ્છાએ આનંદપૂર્વક પ્રયોજ્યાં છે. યંત્રોની ભીંસમાં માણસ પણ યંત્ર બની જાય એ રસ્કિનને ઈષ્ટ નથી. શ્રમકાર્યમાં એ માણસને માણસ રહેવા દેવો જોઈએ. એને એના કાર્યમાં સ્વેચ્છાનો આનંદ પ્રાપ્ત થવો જોઈએ. રસ્કિનને વિક્ટોરિયન યુગનો યંત્રવાદ માનવ-ગુલામીના પ્રતીકરૂપે દેખાયો કારણ એમાં મનુષ્ય ખુદ યંત્ર બની જતો હતો.

રસ્કિનની કલા વિશેની વિભાવના 'મૉડર્ન પેઈન્ટર્સ'માં સ્પષ્ટ રીતે રજૂ થઈ છે. એણે કલાનો સંબંધ નીતિ સાથે સાંકળ્યો છે. એણે નોંધ્યું છે કે **'The art is greatest which conveys to the mind of the spectator, by any means what soever, the greatest number of the greatest ideas; and I call an idea the great in proportion as it is received by a higher faculty of the mind, and as it more fully occupies and exalts the faculty by which it is received.'**

ટૂંકમાં કહીએ તો જે કળા ગમે તે રીતે પણ દ્રષ્ટાના મનમાં ઉન્મત્ત ભાવો પેદા કરે તે કલા ઉત્તમ અને ઉત્તમ કલા પણ ઉત્તમ ચિત્તમાં પ્રકટતી હોય છે અને તે ચિત્તમાંથી પ્રકટેલા વિચારો ભાવકને આનંદયાત્રા કરાવે. અહીં પ્લૅટો, બૉન્જાઈનસના જ કલા અને નીતિના આંતરસંબંધોનો પડઘો પડતો જણાય છે. 'ઈન ધ સ્ટોન્સ ઑવ્ બૅનિસ'માં રસ્કિન ગૉથિક કલાને સમાજની નૈતિકતાના સંદર્ભમાં મૂલવે છે. એના મંતવ્ય મુજબ સમાજની નીતિભાવનાની ઊંચાઈમાંથી જ ગૉથિક સ્થાપત્ય-કલા પ્રાપ્ત થઈ અને સમાજમાં નૈતિકતાનો વિનિપાત થયો તેથી તે કલા પણ અદૃશ્ય થઈ ગઈ.

રસ્કિને એનાં લગભગ બધાં જ પુસ્તકોમાં કલા અને સામાજિક નીતિના આંતરસંબંધની જ વાત પર ભાર મૂક્યો છે. એણે વિશેષપણે નોંધ્યું છે કે **'...while manufacture is the work of the hands only, art is the work of the whole spirit of man; and as that spirit is, so is the deed of it; and by whatever power of vice or virtue any art is produced, the same vice or virtue it reproduces and teaches. That which is form of evil begets evil and that which is born of valour and honour, teaches valour and honour. All art is either infection of education.'**

કોઈ પણ કલાની સિદ્ધિ કે અસિદ્ધિ આત્માની ઉન્નતિ કે અવગતિ ઉપર જ આધારિત છે. સદાચારમાંથી પ્રકટતી કલા ઉન્નતિપ્રેરક હોય, દુરાચારમાંથી ઉદ્‌ભવેલી કલા હીન જ હોય. ઉત્તમકલા મહાન આત્માના જ આત્માનો રણકો પ્રકટ કરે છે. કલા કાં તો સડારૂપ હોય કાં ઉદ્‌બોધક હોય. રસ્કિનના કલા અને નીતિ વચ્ચેના આ દૃઢ સંબંધો અંગેના વિચારો આજના યુગમાં વિવેચકોને ઉચિત ન લાગે - નથી લાગ્યા.

કલા ખાતર કલાના સિદ્ધાંતની વ્યાપકતા થયા પછી રસ્કિનના વિચારો આજે અજુગતા લાગ્યા હોય તે સ્વાભાવિક છે. કલાને નીતિનું બંધન ન હોય. નીતિ એ કલાની વિષકન્યા છે અથવા **Art is neither moral nor immoral; it is amoral** કલા નીતિ-અનીતિથી પર છે... આ વિચારો આજે પ્રવર્તમાન છે અને કલાકારોને કલાની બાબતમાં પૂરું સ્વાતંત્ર્ય મળ્યું છે ત્યારે રસ્કિનના વિચારો આજે જુનવાણી લાગે તેમ છતાં રસ્કિનને એના યુગમાં અનીતિ અને અસંસ્કારમાં રાચતા પ્રજાવર્ગ પર પ્રહાર કરવા માટે કલાનું માધ્યમ હાથવગું બની રહ્યું. એણે ૧૮૬૪માં બ્રેડફર્ડમાં 'ટ્રાફિક' વિષયક વ્યાખ્યાનમાં નવીન કલાનિર્માણોની બાબતમાં ઈજનેરોના સખત ઉધડા લેતાં કહ્યું કે **'All good architecture is the expression of national life and charactar and it is produced by a prevalent and eager national taste of desire for beauty.'**

ઉત્તમ સ્થાપત્ય-કલા નિર્માણ રાષ્ટ્રિય ચારિત્ર્યની અભિ-વ્યક્તિરૂપ હોવું ઘટે. સૌંદર્ય માટેની અભિલાષા વિના એ વિકૃત જ લાગે. રસ્કિનનો કલા અને નીતિના સંદર્ભમાં એક તુચ્છ કહી શકાય તેવો પ્રહાર 'સેવન લૅમ્પ્સ્ ઑવ્ આર્કિટેક્ચર'-૧૮૪૯માં થયો છે. અલબત્ત, એ પુસ્તકમાંથી રસ્કિનની સંવેદનશીલતા અને દૃષ્ટિને લગતા કેટલાક સુંદર પરિચ્છેદો છે. આ પુસ્તકની તુલનાએ 'ધ સ્ટોન્સ ઑવ્ વેનિસ'માં રસ્કિનની કલમ એની કલા વિશેની વિભાવના મને ચર્ચામાં વધુ કામયાબ બનતી લાગે છે.

કલા અને નીતિની વિસ્તૃત, વિશદ ચર્ચાઓ પણ એના પાછળના ઉત્તર જીવનમાં રસ્કિ ઇંગ્લૅન્ડના સામાજિક પ્રશ્નોની ચર્ચામાં વધુ વ્યસ્ત દેખાય છે અને કાર્લાઈલની જેમ જ એ 'લેસેફેર' પર પ્રહાર કરે છે. અલબત્ત, અહીં પણ એ શ્રમકાર્ય અને કલાનો સંદર્ભ પ્રકટ કરવાનું ચૂકતો નથી. એનો રોષ પ્રજાજીવનમાં વ્યાપક લક્ષ્મીની લાલસા, યંત્રની ઉપાસના અને શ્રમકાર્યમાં આનંદની આત્મપ્રતીતિની ઊણપ સામે છે. (ક્રમશઃ)

સુલોચના

ડૉ. પ્રિયબાળા શાહ

રાવણનો ભાઈ કુંભકર્ણ યુદ્ધમાં મરાયો તેથી રાવણ અત્યંત વિલાપ કરતો ભાઈના મસ્તકને વારંવાર પોતાની છાતી પર રાખવા લાગ્યો. તેના બળની વિશેષતાનું વર્ણન કરી, સ્ત્રીઓ હાથ વડે છાતી કૂટવા લાગી. આ સમયે મેઘનાદ ત્યાં આવ્યો તથા અનેક કથા કહી પિતાને સમજાવ્યા કે 'કાલે તમારે મારો પુરુષાર્થ જોવો, હાલ તો હું શું બડાશ મારું? હે પિતા, હું ઈષ્ટદેવથી જે વરદાન પામ્યો છું તે બળ મેં તમને સંભળાવ્યું નથી.' મેઘનાદ શક્તિ, ત્રિશૂળ, બાણ, પરિઘ, તલવાર, તથા અનેક હથિયારો તેમજ પ્રચંડ પથ્થરો નાખવા લાગ્યો તથા અનેક પ્રકારે તેની વૃષ્ટિ કરવા લાગ્યો. જેમ મંદરાચળ ઈંદ્રને ત્યાં કેદમાં પડ્યો હતો તેમ વાનરો એવા વ્યાકુળ થઈ ગયા હતા કે કોઈને કાંઈ સૂઝતું ન હતું. હનુમાનજી, અંગદ, નલ તથા નીલ આદિ સઘળા બળવાનોને તેણે વ્યાકુળ કરી દીધા. પછી લક્ષ્મણ, સુગ્રીવ તથા વિભીષણને બાણો વડે મારી, તેઓનાં શરીર જર્જરિત કરી દીધાં. પછી તે રામચંદ્રજીના સામે ઝઝૂમવા લાગ્યો તથા તેનાં બાણો છોડતાંની વારમાં સર્પ થઈ રામચંદ્રજીને લાગવા માંડ્યાં. મેઘનાદે વાનરોની સેના વ્યાકુળ કરી દીધી પછી બૂરાં વચન કહેતો તે પ્રકટ થયો એટલે જાંબુવંતે કહ્યું, 'અરે દુષ્ટ! ઊભો તો રહે!' એ સાંભળી મેઘનાદને અત્યંત ક્રોધ ચડ્યો ને કહેવા લાગ્યો, 'મેં તને બુઢ્ઢો જાણીને છોડી દીધો.' જાંબુવંત તેજ ત્રિશૂળ હાથમાં લઈ દોડ્યો અને મેઘનાદની છાતીમાં એવું માર્યું કે દેવતાઓનો શત્રુ મેઘનાદ ઘુમરી ખાઈ પૃથ્વી ઉપર પડી ગયો. તેના પગ પકડી તેને ઘુમાવ્યો તથા પૃથ્વી ઉપર પછાડી પોતાનું બળ દર્શાવ્યું. પરંતુ વરદાનની કૃપાને લીધે તે મારવા છતાં પણ મર્યો નહિ. જ્યારે મેઘનાદની મૂર્છા વળી ગઈ, એટલે પિતાની સમીપમાં પોતાને જોઈ તેને અત્યંત શરમ લાગી. તેથી તેણે અજય યજ્ઞ કરવાનો નિશ્ચય કર્યો. આ ખબર મેળવી વિભીષણ કહેવા લાગ્યા - 'હે ભગવાન, સાંભળો. હાલ તો એવા સમાચાર છે કે દુષ્ટ માયાવી તથા દેવતાઓને સતાવનાર મેઘનાદ અપવિત્ર યજ્ઞ કરે છે. જો એનો યજ્ઞ સિદ્ધ થઈ જશે તો એ વૈરી જલદીથી આપણાથી જીતી શકાશે નહિ.' રામચંદ્રજીએ આ સાંભળી અંગદ અને હનુમાનજીને બોલાવીને કહ્યું કે તમે સઘળાઓ લક્ષ્મણજીની સાથે જાઓ તથા જઈને યજ્ઞનો નાશ કરો. હે લક્ષ્મણ, તમારે મેઘનાદને તે લડાઈમાં મારવો. દેવતાઓને ગભરાતા જોઈ મને અત્યંત દુઃખ થાય છે. રણધીર યોદ્ધા લક્ષ્મણજી ગંભીર વાણી બોલ્યા કે, 'જો હું આજે મેઘનાદને માર્યા વિના પાછો આવું તો હું રામચંદ્રજીનો દાસ કહેવાઉં નહીં. મને રામની દુવા છે.' રામચંદ્રજીનાં કમળ સમાન બેઉ ચરણોને વંદન કરી લક્ષ્મણજી શીઘ્ર ચાલ્યા તથા પોતાની સાથે અંગદ, નીલ, મયંદ, નલ અને હનુમાન આદિ વીર યોદ્ધાઓને સાથે લીધા. રામચંદ્રજીના પ્રતાપનું સ્મરણ કરી જોરથી ધનુષબાણ ચઢાવ્યું તથા તે બાણ એવું છોડ્યું કે જે મેઘનાદની છાતીમાં વાગ્યું. તેણે મરતી વખતે સઘળા કપટનો ત્યાગ કર્યો. જેણે પોતાની ભુજાના બળથી ઈંદ્રને વશ કર્યો હતો તથા તેણે ચૌદ લોકને જીતી યશ પ્રાપ્ત કર્યો હતો તે વૈરીરૂપી વૃક્ષને લક્ષ્મણજીએ જડમૂળમાંથી ખોદી કાઢ્યું અને તેનો નાશ કર્યો. તે દુષ્ટનું માથું સુગ્રીવે લક્ષ્મણની આજ્ઞા મેળવી, પોતાના હાથમાં લીધું. લક્ષ્મણે પરિશ્રમ કરીને, મહાન વેરીને જ્યારે માર્યો ત્યારે દેવતાઓ ગંભીર વાણી વડે જય જય કહેવા લાગ્યા તથા પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. મેઘનાદનું મસ્તક ભગવાનની સમીપ મૂક્યું, ત્યારે રીંછો તથા વાનરો તે મસ્તક જોવા લાગ્યા. ભગવાન રામચંદ્રજીએ મસ્તક જોયું અને તેને રાખી મૂકવા કહ્યું. ભગવાનની આજ્ઞા સાંભળી સુગ્રીવે તેનું જતન કરી રાખી મૂક્યું.

મેઘનાદની જે ભુજા બાણ લાગવાથી પક્ષીની માફક ઊડીને લંકા ગઈ હતી તે ભુજા મેઘનાદના આંગણામાં બાણથી વિંધાયેલી તથા લોહીથી ખરડાયેલી જઈ પડી.

મેઘનાદની પત્ની સુલોચના સુવર્ણના સિંહાસન ઉપર અનેક વિદ્યાધરીઓની સેવાથી શોભી રહી છે. દેવો પણ તેને વિનયથી પૂજે છે. ત્યાં તેના પતિની ભૂજા તેના આંગણામાં જઈ પડી.

એકાએક સુલોચના સિંહાસન પરથી ઊઠી ઊભી થઈ અને તેની છાતી ધડકવા લાગી તથા અશુભસૂચક જમણો હાથ ફરકવા લાગ્યો. તેણે મણિજડિત ભૂષણ-યુક્ત આ ભુજા મારા પતિની જ છે તેની તેને ખાતરી થઈ છતાં પણ ભરોસો બેઠો નહિ. કારણ તેનો પ્રભાવ તેણે પહેલેથી સાંભળી લીધો હતો કે જે બાર વર્ષ સુધી નિદ્રા, સ્ત્રી તથા ભોમ તેને છોડી દે તેના હાથ વડે મેઘનાદ મરશે. તેણે મનમાં પ્રતિજ્ઞા કરી કે જો હું પતિવ્રતા સ્ત્રી હોઉં તો હે ભુજા! તું લખીને મારો સંદેહ દૂર કર. આ સાંભળી ભુજાએ પોતાનો હાથ લાંબો કર્યો. તેના હાથની મરજી જોઈ સખી તરત દોડીને જલદીથી ખડિયો લઈ આવીને હાથ પાસે મૂક્યો. તેણે જણાવ્યું કે મારું શરીર રામચંદ્રજીની પાસે ગયું છે. તથા તારી પાસે વાત કરવા માટે ભુજા મોકલી છે. ભુજાની સઘળી વાત વાંચી સુલોચના અત્યંત વિલાપ કરવા લાગી અને પૃથ્વી પર પડી ગઈ.

સ્વામીના ગુણોના સમૂહ, શીલ તથા ભુજાઓનું બળ આ સઘળાને કહેતી કહેતી તે રડતી હતી. જેણે પોતાની ભુજાના બળથી ઈંદ્રને પણ નસાડ્યો, તે જ પતિ આજે લડાઈમાં મરી ગયા.

મણિઓના સમૂહો તથા વસ્ત્રોને તે આમતેમ ફેંકવા લાગી. પૃથ્વી ઉપર આળોટવા લાગી. તેના શરીરની શુદ્ધિ રહી નહીં. તે

વિચારવા લાગી કે કાળજું કોરી ખાય તેવો કલેશ હું કોને કહું? તેમ તેની સખીઓ સંભવે છે છતાં તે શોકરૂપી દાવાગ્નિમાં બળ્યાં કરે છે.

સખીઓમાંની એક ચતુર સખી તેને આ રીતે સમજાવે છે કે 'હે પતિવ્રતા નારી! શોક છોડી તું બુદ્ધિને સ્થિર કરી, ચિત્તને શાંત કરવું જોઈએ.' આનો પ્રત્યુત્તર સુલોચના આપે છે કે 'હે સખી, તમે સત્ય વાત કહી. વિધાતાએ નિર્માણ કરેલું મને જે દુઃખ મળવાનું હતું તે મળ્યું. આ લોકમાં કોઈને પરિપૂર્ણ સુખ હોતું નથી.' પોતાના દુઃખને વલોપતી પોતાના મહેલમાં આવી. ઈંદ્રના મહેલ સમાન તેનો મહેલ હતો. મણિઓના તથા દ્રવ્યોના ત્યાં ઢગ ખડકાયેલા હતા. છતાં પણ આ વૈભવ સુલોચનાને સાંત્વના આપી શક્યો નહીં. આ ચતુરાના મનની પ્રીતિ તેના પતિનાં ચરણોમાં લાગી રહી હતી. મણિઓનો સમૂહ, ભૂષણો, વસ્ત્રો, ગાયો, હાથીઓ, સુવર્ણ તથા હીરાઓ તેણે બ્રાહ્મણોને દાનમાં આપી દીધા.

મણિથી જડેલી પાલખી તૈયાર કરાવી તેમાં પતિની ભુજાને સુંદર શણગારી અને દેવતાઓને કઠીન એવા ઘરને તજી દઈને પોતે પણ તેને વિશે ચઢી.

જેમ વૈરાગી વિષયોના સમૂહને છોડી દે, તેમ હજાર પ્રકારને પતિના ચરણોમાં તેનું મન લાગી રહ્યું.

ઢોલ, નગારાં તથા મૃદંગાદિ વાજિંત્રો વાગવા લાગ્યાં તથા નગરના મનુષ્યો અને કુટુંબી લોકો પાલખીને વીંટળાઈને તેની સાથે ચાલ્યા. રાવણના દ્વાર પર ભીડ જોઈ સઘળા યોદ્ધાઓ પોકાર કરવા લાગ્યા કે સાવધ થઈ જાઓ, દુશ્મનોની સેના આવી પહોંચી છે. અસ્ત્રો તથા શસ્ત્રો હાથમાં પકડી લો. 'મારો મારો, પકડો પકડો' એમ કહી યોદ્ધાઓ દોડવા લાગ્યા. પરંતુ જ્યારે પાલખી અત્યંત સમીપમાં આવી પહોંચી ત્યારે સુલોચનાને ઓળખી જઈ યોદ્ધાઓ લજ્જા પામી, શાંત પડી સુલોચનાને પ્રણામ કરવા લાગ્યા.

દ્વાર પર બેઠેલા દ્વારપાળોએ અંદર જઈ રાવણને સુલોચના આવ્યાંની ખબર જણાવી અને તેણે હુકમ કર્યો કે સુલોચનાને જલ્દીથી અંદર બોલાવી લાવો.

સુલોચનાએ માથું નમાવી, ચરણ પકડી તથા મેઘનાદની ભુજા આગળ કરી, કરુણાયુક્ત વચન સંભળાવ્યાં કે 'તમારા જીવતાં છતાં જ અમારા એવા હાલ થયા કે તેથી સુખને છોડી અમારે દુઃખ ભોગવવું પડ્યું. આ ભુજા આકાશમાર્ગે થઈ મારા ઘરમાં આવી પડી. મને સંદેહ થયો કે આ ભુજા મારા પતિની છે કે બીજા કોઈની? તેથી તે હાથને મેં ખડિયો-કલમ લખવા માટે આપ્યો. એટલે તે હાથે રામચંદ્રજી તથા લક્ષ્મણનો મહિમા અને સઘળી કથા ક્રમે કરી સર્વ પ્રકારે લખી. તે ગુણોની કથાને વાંચી અને વિચારવા લાગી કે મને તેમનું શિર મળે તો હું તેમની સાથે બળી મરું.' ધડ લડાઈમાં છે. ભુજા મારે ઘેર આવી તથા શિર જ્યાં બંને ભાઈ - રામચંદ્રજી તથા લક્ષ્મણ છે ત્યાં છે. આપ સઘળું જાણવાવાળા તથા ચરાચરના સ્વામી છો, માટે એવો ઉપાય કરો કે જેથી મને શિર મળે. સુલોચનાની વજ્ર સમાન વાણીને સાંભળી રાવણે જીવવાની આશા છોડી દીધી છતાં ધીરજ રાખી સમજાવવા લાગ્યા કે 'કહો, મારો બરોબરીઓ કોણ છે? રામચંદ્રજી, લક્ષ્મણ, સુગ્રીવ, નલ, નીલ, હનુમાન, વિભીષણ તથા જાંબુવંતને મારી તરત જ હું માથું લઈ આવીશ. મને ઘણો ભરોસો હતો તેથી મેં આજ સુધી યુદ્ધ કર્યું નહિ, પણ આ સઘળાઓના પરાક્રમને જોયું. પણ તેઓ મનુષ્ય તથા વાનરોના મારવાથી મરી ગયા, એ વાત સાંભળવાથી મને મોટી શરમ આવે છે. તેની વાનરોએ આવી દુર્દશા કરી, તેની ગણતરી શું વીરો તરીકે થઈ શકે?

'હે કુલવધૂ! હે પુત્રવધૂ! તું શોક છોડી દે. તું મને તેઓની સમાન જાણ નહિ. હે પુત્રી! ચાર ઘડી થોભ તથા મારા ભયંકર મારને તું જો. પરિશ્રમ વિના હું સઘળા વૈરીઓનાં માથાં લાવીશ. મને જરા પણ વાર લાગશે નહિ. જીવને પૂર્વે કરેલા ભોગો ભોગવવા પડે છે, નહિ તો કદી રાક્ષસો વાનરોની બરોબરી કરી શકે ખરા?' અત્યંત ક્રોધાયમાન થયેલો રાવણ એવા ઘોર શબ્દથી બોલતો હતો કે જેથી સુલોચનાના હૃદયમાં જે શોક વ્યાપી ગયો હતો તે ચલાયમાન થયો નહિ. સુલોચનાએ રાવણે સમજાવેલું માન્યું નહીં. તે મનમાં શોક કરતી હતી કે મનુષ્યો તથા વાનરોના પરાક્રમને જોવા છતાં આ મહાન પ્રપંચને જૂઠો જ જાણે છે. જે વાનર લંકા બાળી દઈને સમુદ્રમાં કૂદી પડ્યા, તેને દેવતાઓના વૈરી રાવણ અલ્પ કરી માને છે. કુંભકર્ણ તથા મારો પતિ પોતાના બંધુઓ સહિત જેના વડે લડાઈમાં મરી ગયા, તે વૈરીને રાવણ જીતવા ચાહે છે. આ તેની અત્યંત અજ્ઞાનની રીતિ જ છે. 'હે રાવણ! જો હું આપને ઉત્તર આપું છું તો મને પાપ લાગે છે તથા વિવાદ કરી તેમજ સર્વસ્વનો નાશ કરી રાજ્ય મેળવીને જો તમે આવો તો પણ મને તે શું કામનું છે? કારણ પતિ વિના સઘળું નરક સમાન છે.'

ત્યાર પછી સુલોચના તરત જ ઊઠીને મંદોદરી પાસે ગઈ તથા ચરણ પકડી રડવા લાગી અને રાવણે કહેલી શોક તેમજ હાસ્યયુક્ત કથા તેની સામે કહેવા લાગી. સુલોચનાએ આરંભથી સઘળી કથા કહી જે સાંભળી રાવણની પત્ની રડવા લાગી. પછી પતિની ભુજાએ લખેલો રામચંદ્ર તથા લક્ષ્મણનો અત્યંત મહિમા કહ્યો. ત્યાર પછી રાવણનો ક્રોધ કહી સંભળાવ્યો. પુત્રવધૂની વાણી સાંભળી મંદોદરી રાણી દુઃખી થઈ બોલવા લાગી, 'હે ચતુરા! હું જે કહું તે તારે સત્ય માનવું. મેં નારદના મુખની કહેલી વાત સાંભળી છે. તે વાતમાંની પાછલી વાત તો સઘળી સત્ય ઠરી છે. હું કહું છું કે એક પણ રાક્ષસમાંથી બચશે નહિ (અર્થાત્ તે

સઘળાઓ જ્યાં ત્યાં મરશે.) ઋષિનું કહેલું કદી વૃથા થતું નથી. હે પુત્રી! ઋષિએ જે પૂર્વની કથા વર્ણવી હતી તે સખીઓ સહિત તમે સાંભળો : 'જ્યારે સઘળા શૂરવીરો મરી જશે ત્યારે રાવણ લડવાને સજ્જ થશે અને પ્રાણ જવા છતાં પણ નીતિને માનશે નહિ. ભાઈ વિભીષણના ભેદ વડે લંકાગઢ તૂટી જશે અને દેવતાઓ, મનુષ્યો તથા સર્પો બંદીખાનામાંથી છૂટશે. સીતાજી શોક તથા દુઃખમાંથી છૂટાં થશે અને રીંછો તથા વાનરો રાજભવનને લૂંટી લેશે. દ્રવ્યો, ભૂષણો, વસ્ત્રો તથા વિમાનોનો ઉપયોગ અનેક વાનરો કરશે. વિભીષણ રાજ્ય પામશે. સંસારનું સુખદુઃખ ભાવીને વશ છે. આ બધું રાવણને કેવી રીતે સમજાવાય? મને મુની-શ્વરનાં વચન પર ભરોસો છે. હે પુત્રી! હવે તું સઘળા શોકને છોડી દઈ તારા પતિની સાથે જલદીથી પરલોકનું સાધન કર. પતિનું શિર લેવા માટે રામચંદ્રજી પાસે જા તથા લાજ છોડી દઈ શિર માગી લાવ. શરમ રાખવી યોગ્ય નથી. રામચંદ્રજી એક પત્નીવ્રતવાળા છે તથા લક્ષ્મણની સુંદર કીર્તિ તો તેં સાંભળી છે. વળી, વિભીષણ તારા સસરારૂપે છે. જાંબુવંત, સુગ્રીવ વગેરે બળની સીમારૂપ છે. અત્યંત પવિત્ર મંત્રીઓ છે. તું જાણે છે કે હનુમાનજી તો બ્રહ્મચારી જ છે. તેઓ શિવ-સ્વરૂપ તથા દુઃખના નાશ કરવાવાળા ભગવાન છે. રાજા રામચંદ્રજી સર્વદા નીતિ કરવાવાળા છે. માટે ત્યાં જવામાં તને શું મુશ્કેલી છે? વળી પતિના હસ્તે લખેલો, લક્ષ્મણ તથા રામચંદ્રજીનો પ્રભાવ તો તને માલમ છે. જે પવિત્ર મહર્ષિ નારદનું જે કથન હતું તે સઘળું થઈ ગયું.'

સાસુના મુખથી પોતાના હિતની વાણી સાંભળતાં જ સુલોચનાએ મનમાં એવો નિશ્ચય કર્યો કે, રામચંદ્રજી પાસે જાઉં. તે વારંવાર સાસુજીનાં ચરણોને શિર નમાવી, જ્યાં રામચંદ્રજી તથા લક્ષ્મણજી હતા ત્યાં ચાલી. સુલોચના મનમાં ધીરજ રાખી બોલી કે, 'મહારાજા રામચંદ્રજીને મારી પ્રાર્થના સંભળાવો.' આ વખતે સઘળા વાનરો એમ બોલી ઊઠ્યા કે, શત્રુના નગરમાંથી એક પાલખી આવે છે. માટે હવે રાવણ કંઈ સમજ્યો હોય એમ જણાય છે. મેઘનાદ મરાયો પછી એને જ્ઞાન થયું હશે.

જેમ ઓળખાણ વિના કોઈ પારકા ઘરમાં ચાલ્યું જાય તેમ સુલોચના અત્યંત સંકોચાતી સેનામાં ગઈ. આગળ જતાં તેણે શોભાયુક્ત શ્યામ તથા ગૌર શરીરવાળા રામચંદ્રજી તથા લક્ષ્મણને જોયા. તેમના સમીપમાં અનેક મોટા મોટા વાનર યોદ્ધાઓ શોભી રહ્યા છે. તેમની બેઉ બાજુઓ લક્ષ્મણ તથા વિભીષણ બિરાજી રહ્યા છે. તે મિત-ભાષી તથા સુંદર ચતુર સેવકો રામ-ચંદ્રજીની આજ્ઞાની વાટ જોઈ રહ્યા છે. સભાના મધ્યસ્થાનમાં રામચંદ્રજી શોભી રહ્યા છે. જેમને જોઈ સુલોચનાએ પોતાના શરીરને સફળ કર્યું. તે પૃથ્વી પર મસ્તક રાખી દંડવત્ કરવા લાગી એટલે વિભીષણે સઘળી કથાનું વર્ણન કરી કહ્યું કે, 'હે ભગવાન! આ રાવણના પુત્ર મેઘનાદની સ્ત્રી છે. તે અત્યંત પતિવ્રતા છે તથા તેનું નામ સુલોચના છે. મેઘનાદની સ્ત્રી અત્યંત સુશીલ છે તથા તેના પતિએ આપની સાથે વિરોધ કરવાથી તેની આવી રીતની ગતિ થઈ છે.'

સુલોચનાએ કહ્યું, 'હે મહારાજ, પતિની ભુજાએ પોતાના મરણનું જ્ઞાન લખી મને સમજાવી દીધું છે, માટે હું આપની પાસે તેમનું શિર માગવા માટે આવી છું. હે ભગવન્! આપ તો અંતર્યામી છો. આદિ મધ્ય તથા અંતમાં આપની જ પ્રભુતા છે.' આ રીતનાં કરુણાયુક્ત વચન સાંભળતાં જ રામચંદ્રજી રોમાંચિત થયા. તેઓ બોલ્યા : 'તારા પતિને હમણાં જીવાડી દઉં તથા તું સો કલ્પ સુધી લંકાનું રાજ્ય કર. તું શોકને છોડી દઈ મનમાં અત્યંત પ્રસન્ન થા તથા તારે ઘેર ચાલી જા.' રામચંદ્રજીની અત્યંત દયાને જોઈ રાવણની પુત્રવધૂ સુલોચના પ્રાર્થના કરવા લાગી, 'આપ તો ઉદાર તથા સઘળાને સમાન છો. માટે હે રામચંદ્રજી! મેં આપને કરુણા-મય જોયા. વળી મારા મનમાં એવી રીતનો વિચાર કરી લીધો કે, મારા પતિની જીવવા કરતાં મરવામાં અત્યંત શ્રેષ્ઠતા રહેલી છે. કારણ કે જ્યારે તેઓ જીવતા હતા ત્યારે તેમણે પોતાની ભુજાઓના બળ વડે સઘળા લોકોને જીતી પોતાને વશ કર્યા હતા તથા ચૌદ ભુવનનો ભોગ કરી લીધો હતો. હવે પતિને પાછા જીવાડવા એ કંઈ મને ઉચિત લાગતું નથી. આપનાં દર્શન થયાં તેથી હું ધન્ય છું. હે મહારાજ! આપ તો સઘળાનાં હૃદયના જાણકાર છો. મને આપ હવે તારકરૂપે થઈ ભવસાગરને પાર ઉતારો.' એટલે ભગવાને જાંબુવંત તથા સુગ્રીવને બોલાવી, મેઘનાદનું શિર મંગાવી લીધું.

પોતાના પતિના મસ્તકને મેળવી સુલોચનાએ પોતાને કૃતાર્થ માની તથા વિયોગથી ઉત્પન્ન થયેલો તેનો શોક મટી ગયો. 'હે મારા પ્રાણોના સજીવન મુખ!' એમ કહી પોતાના વસ્ત્ર વડે મુખ ઉપરની ધૂળ લૂછવા લાગી.

આ સર્વ જોઈ સુગ્રીવ સંદેહ કરવા લાગ્યો કે, 'મને વિશ્વાસ આવતો નથી કે, ભુજાએ પૃથ્વી પર કેવી રીતે લખ્યું હશે? જો મુખ હસે તો આ સ્ત્રી ખરી છે, નહીં તો રાક્ષસોની સઘળી જૂઠી માયા જ છે.' ભગવાને કહ્યું, 'હે સુગ્રીવ! આ શિર તો હમણાં હસશે, પણ તારે આવી રીતનો સંદેહ કરવો તે ઠીક નથી.' સુલોચનાએ પોતાના પતિના શિરને કહ્યું, 'હે મારા સ્વામી! આપ જલ્દીથી હસો, નહિ તો આપે પોતાના હાથ વડે લખ્યું એમ હું વિશ્વાસ કરીશ નહીં.' તે મૃતક એક ક્ષણ વાર કંઈ બોલ્યો નહિ. તેનું મુખ બંધ હતું તથા ખૂલતું ન હતું. સુલોચના વારંવાર કહેતી કે 'શું આપ લડાઈમાં અત્યંત યુદ્ધ કરીને થાકી ગયા છો? લક્ષ્મણજીનાં લાગેલાં બાણો વડે આપને સંતાપ થતો હશે છતાં ભગવાનની

સામે મને શા માટે લજ્જા પમાડો છો? જો મન, વચન તથા કર્મથી મારો આત્મા પતિવ્રતા હોય તથા તેનો બીજા કોઈ પર પ્રેમ ન હોય તો હે સ્વામિન્! સભાની વચમાં આ મસ્તકે બોલી ઊઠવું, કે જેથી સંસારને વિષે અમૂલ્ય સુંદર કીર્તિ રહી જાય. જ્યારે આ પ્રકારનાં સ્ત્રીનાં વચન સાંભળીને તે શિર હસી ઊઠ્યું. આ જોઈને સઘળાઓ એકબીજાનું મોં જોવા લાગ્યા તથા સઘળા લોકોને આ જોતાં અત્યંત આશ્ચર્ય થયું.

સુગ્રીવે ભગવાનનાં ચરણોને શિર નમાવી કહ્યું, 'હે સ્વામિન્! આ શિર હસ્યું તેનું શું કારણ હશે?' આ સાંભળી રામચંદ્રજીએ હસીને કહ્યું, 'હે સુગ્રીવ, કુતર્કનો ત્યાગ કરી હું કહું તે તું સાંભળ.'

જેના ઘરમાં પતિવ્રતા સ્ત્રી છે, તેને આ કંઈ મોટી વાત નથી. હે સુગ્રીવ, તને સંદેહ થયો તેને લીધે આ માથાને હસવું આવ્યું. સુલોચનાએ પોતાના પતિનું માથું મેળવી ભગવાનનો ચરણસ્પર્શ કરી તથા અનેક પ્રકારે પ્રાર્થના કરી કહ્યું કે, 'હે અયોધ્યાનાથ! આજનો દિવસ મારે લીધે આપે યુદ્ધ બંધ કરવું.' ત્યાર પછી સુલોચના વિભીષણનાં ચરણને દંડવત્ કરતી તથા રામચંદ્રજીના નેક ગુણોનું મનમાં સ્મરણ કરતી કહેવા લાગી, 'હે રાવણના ભાઈ! આપ તો મારા પિતાની સમાન છો. આ કુળની લાજ તથા શ્રેષ્ઠતા તમારે જ અધીન છે. આપ પુલસ્ત્ય મુનિના કુટુંબમાં દીપક સમાન છો તથા આપે રામચંદ્રજી પાસે રહેવાનું ફળ પ્રાપ્ત કરી લીધું છે. પહેલાં હું અજ્ઞાનને વશ હોવાથી મેં આપના વિશે ખોટું વિચાર્યું હતું. પણ જ્યારે જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે મેં આપના ગુણોને ઓળખ્યા. આપ સુંદર યશ તથા ધર્મને પ્રાપ્ત કરી યુગોના યુગો સુધી સર્વ સમાજ સહિત અકંટક રાજ્ય કરો. મનુષ્ય આપના યશનું સ્મરણ કરતાં જ સુંદર કીર્તિ પ્રાપ્ત કરશે તથા રામચંદ્રજીના ચરિત્રની સાથે આપના યશને પણ ગાશે.'

આ સર્વ સાંભળતાં જ વિભીષણને અત્યંત દયા આવી, પણ સમયને અનુસાર તેમણે પ્રકટ કરી નહિ. આ સર્વ કાળકર્મની દશા છે એમ કહી તેમણે તેને સમજાવી તથા સુલોચના ગુરુઓની આજ્ઞા મેળવી ત્યાંથી જલદી ચાલી ગઈ. સુલોચના શિરને પાલખીમાં મૂકી પોતે પણ તે પાલખીમાં ચઢી તથા રામચંદ્રજીની દયા વડે તેનો પ્રભાવ વૃદ્ધિ પામ્યો. તે હૃદયમાં શ્યામ મેઘ સમાન મૂર્તિને ધારણ કરી જીભ વડે નિરંતર રામનું રટણ કરવા લાગી. પછી જ્યાં આગળ નદી તથા સમુદ્રનો પવિત્ર સંગમ છે ત્યાં સુલોચના ગઈ. તથા આ સર્વ સમાચાર મેળવી રાવણ પણ ત્યાં ગયો. રાવણની સાથે મંદોદરી તથા સઘળો રણવાસ પણ ત્યાં ગયો.

ત્યાર પછી આજ્ઞા મેળવી સેવકો દોડી જઈ અનેક ચંદન તથા અગરના ભારા લઈ આવ્યા. જાણે સ્વર્ગલોક પર ચઢવાને નિસરણી બનાવી હોય તેમ લાકડાની ચિતાને સારી રીતે તૈયાર કરી.

સુલોચનાએ પ્રણામ કરી સર્વ મનુષ્યોને સંતુષ્ટ કર્યા તથા ધીરજ ધારણ કરી સુંદર સત્યનું સ્મરણ કરવા લાગી. પોતે જાણે યોગસિદ્ધ કરતી હોય તેમ પતિની ભુજા તથા મસ્તક લઈને તે આસન લગાવી બેઠી.

રાવણે અગ્નિસંસ્કાર કર્યો એટલે એની જ્વાળા આકાશ સુધી જઈ પહોંચી તથા સુલોચનાને જતી કોઈએ જોઈ નહિ. તે જલ્દીથી સ્વર્ગલોક જઈ પહોંચી.

જ્યારે રાવણે પુત્રનું મરણ જોયું ત્યારે તે મૂર્છિત થઈ ગયો તથા જલ્દીથી પૃથ્વી પર પડી ગયો. જાણે સર્પરાજે પોતાનો મણિ ખોઈ દીધો હોય તેમ તેના હૃદયમાં અત્યંત દુઃખ થયું તથા નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં. રાવણ વિલાપ કરી પોકારવા લાગ્યો કે 'હે પુત્ર! તુ સર્વદા મારી આજ્ઞા માનતો હતો. ઈંદ્રાદિ સઘળા દેવતાઓને જીતી લઈ, દેવતાઓ, મુનીશ્વરો તથા નાગો પાસે સેવા કરાવી. આવા ભુજબળનું અભિમાની બીજું કોઈ ન હતું કે એના પ્રતાપ વડે સ્વર્ગ તથા પૃથ્વી તળબળવા લાગે. આ રીતે વિલાપ કરતા રાવણનું સઘળું તેજ નષ્ટ થયું.

મંદોદરી અત્યંત તીવ્ર રુદન કરવા લાગી તથા અનેક પ્રકારે વિલાપ કરી છાતી કૂટવા લાગી. નગરના સઘળા લોકો શોકમાં વ્યાકુળ થયા તથા કહેવા લાગ્યા કે રાવણ નીચ છે. આ સમયે રાવણે સઘળી સ્ત્રીઓને અનેક પ્રકારે સમજાવી કે, વિચાર કરી જુઓ કે આ સંસાર અસત્ય છે. રાવણે આ પ્રમાણે તેઓને જ્ઞાનોપદેશ કર્યો પણ પોતાને તો ખોટી વાત જ સારી લાગતી હતી. પારકાને ઉપદેશ કરવામાં ઘણા લોકો ચતુર હોય છે, પણ પોતે તે પ્રમાણે આચરણ કરવું, એવા મનુષ્યો ક્વચિત્ જ હોય છે.

રાવણ તેની ક્રિયા કરી શોકને વશ થઈ ગયો, તેના હૃદયમાં અત્યંત દાહ થવા લાગ્યો. સઘળા મંત્રીઓ પાસે આવી તેને સમજાવવા લાગ્યા કે 'હે રાવણ! વૃથા શોક ન કરો. હે રાવણ! સંસારમાં કાળ આવી પહોંચે છે ત્યારે કોઈ પણ બચતું નથી. હે સ્વામિન્! હવે વૈરીનો નાશ કેવી રીતે થાય, તે સંબંધીના ઉપાયનો વિચાર કરવો જોઈએ.' આ વચન સાંભળતાં જ જેમ કાળને વશ હોવા છતાં તીર્થનું જ્ઞાન થાય છે તેમ તેને અલ્પ સુખ માન્યું.' ❐

કડિયાદરાની કન્યા

ડૉ. કેશુભાઈ દેસાઈ

વરસ હોવું જોઈએ લગભગ '૬૭ કે '૬૮નું.

કડિયાદરું મારું મોસાળ. નખોદ ઘાલીને મોટી જાતરાએ ઊપડી ગયેલાં મા પંડે ન રહ્યાં હોય પણ પાછળ ઑદાસી* જેવી દીકરી મેલતાં ગયાં હતાં. દલાંમા તે દેસાઈ કોદર ફતાનાં વિધવા. કાગળનું સરનામું હવે બદલાયું હતું. મા નહોતાં રહ્યાં, એમની સેવા પાછળ મનખો ફના કરી દેનાર માસી હવે એકલાં પડી ગયાં હતાં. પોસાતાં મોસાળિયાં એમને પજવતાં નહોતાં એ સાચું, પણ વાઘ જેવાં દલાંમાના વાદ થોડા લઈ શકવાનાં હતાં? નામ વજુબહેન, પણ જૂની પદ્ધતિ મુજબ કાગળનું અધિકૃત સરનામું આ પ્રમાણે કરાતું : 'બાઈ વજુ તે દે.કોદર ફતાની દીકરી.' 'દે' ફૉર દેસાઈ : આમ તો ગામમાં અઢારે વરણ છે, પણ 'દેસાઈ' તે દેસાઈ!

આમ તો આ બહુ જૂના જમાનાની વાત નથી. પાંત્રીસેક વરસ પહેલાંની જ ઘટના. પણ સ્ત્રી ત્યારે આટલી હદે હાંસિયે ધકેલાયેલી હતી. માસીનું ય લગન તો થયેલું. અમારા પરિવારમાં જ; માડીની લારોલાર. પણ એમના લાડને વળતે જ વરસે ફેરવારકું પૈણ ઊપડ્યું. માસીએ ઘર કર્યું જ નહીં, વૃદ્ધ માતાની ચાકરી કરી પિયરમાં જ જીવતર હોમી દીધું.

રજાઓમાં હું અવશ્ય કડિયાદરે જઉં. મને મોસાળ બહુ ગમતું. સગા મામા નહીં, પણ કુટુંબી મામાઓનો ઊમળકો ય એવો કે એનો ઓરતો ન આવવા દે. ઉનાળાનો એકાદ મહિનો ઇડરિયા પંથકમાં ગાળવાનો લહાવો મેં વરસોવરસ લૂંટ્યો છે. એવા જ એક ઉનાળું વૅકેશનમાં ગામની દખણાદી સીમ પર ટેકરીની ટોચે માસીની ઝૂંપડી (અલબત્ત, માટીનાં ભેળાંવાળી અને નાનમના પ્રતીક સમી ઝૂંપડી - કારણ કે એ પુરુષ-વિહોણા ઘરનું કોઈ રણીધણી નહોતું)ના આંગણામાં ઊભો હતો ને કોઈકે કહ્યું : 'છગનભાઈની છોડી બાકી જબરી હુંશ્યાર હોં કે! મૅટ્રિકની પરીક્ષામાં આખા કડિયાદરામાં પહેલોનંબર લાવી!' મેં કૂતરાની જેમ કાન ચડાવ્યા. પહેલો નંબર એ જમાનામાં મારે મન ઈજારાનો વિષય હતો! ત્યારે હું વીસનગર કેન્દ્રમાં પહેલો નંબર લાવી વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ભણી રહ્યો હતો.

'ટકા કેટલા આયા એ કહો ને!' મારા પ્રશ્નમાં જાણે પ્રચ્છન્ન પડકાર હતો. 'કેટલા તે અગણ્યોસિત્તેર.' જવાબ મળતાં જ મને થોડો ધરવ થયો, કારણ કે વરસદડાહા પહેલાં એસ.એસ.સી.માં મારે ખાસ્સા સવા એક્યાસી ટકા આવ્યા હતા. હવે પેલો અદેખાઈનો ભાવ ઓગળીને અહોભાવમાં પરિણમ્યો. છોડી થઈને આટલા બધા ટકા લાવી એ કંઈ ઓછું ન કહેવાય. એને શાબાશી આપવી જોઈએ. બાપડીને એક જ ટકો વધારે આવ્યો હોત તો ડિસ્ટિંક્શન થઈ જાત. મને એની દયા આવી ગઈ હતી. એમ તો એક જ ટકો વધુ આવી ગયો હોત તો હું બોર્ડમાં પહેલો ન આવ્યો હોત? બોર્ડ તો મદારીનો કરંડિયો છે. ધાર્યો હોય નાગ ને કાઢે આંધળી ચાકળ. જે વિષયમાં બોર્ડમાં પ્રથમ આવવાનો દૃઢ વિશ્વાસ હતો એમાં જ ગણ્યાગાંઠ્યા પંચાવન ગુણ આવીને ઊભા રહ્યા-હિન્દીમાં. નવમી ચોપડીમાં હતો ત્યારે વર્ધા સમિતિની 'राष्ट्रभाषा रत्न' પરીક્ષા પાસ કરી હતી : સમગ્ર ભારતમાં સર નંબરે! પછી પેપર ખોલાવો કે ન ખોલાવો. રેડિમેડ જવાબ મળી ગયેલો : સરવાળો બરાબર માલમ પડ્યો છે! ને પહેલા નંબરે આવ્યો હોત તો એ વિદ્યાર્થી અગિયારમે નંબરે હડસેલાઈ ગયો હતો. આજે ચાર દાયકા પછી પણ એ ખટકો એમનો એમ છે. સપનામાંય એ ઘા દૂઝ્યા કરે છે.

આ મણિબહેન તો અગણ્યોસિત્તેર ટકા જ લાવેલાં. પણ છોકરીનો અવતાર થઈને સડસઠની સાલમાં - ને એ ય પાછાં પછાત, જુનવાણી, સામંતશાઈ કડિયાદરા જેવા 'દેસાઈઓ'ના ગામમાં ભણીને આટલા બધા ટકા લાવવા એ જેવી તેવી વાત નહોતી. છોકરા ગોખી ગોખીને ઊંધા વળી ગયા પણ સાઠ ટકેય ન પહોંચ્યા ને આ છોડી ખેતર-ઘર કરતાં કરતાં ડિસ્ટિંક્શન લગોલગ પહોંચી ગઈ. ઘૈડિયાં ભેગાં થયાં. છગનાની છોરીએ તો જુલમ કર્યો! છોકરાઓનું નાક વાઢીને આગળ થઈ ગઈ મારી વા'લી. અને મનમાં જે ફડક હતી એ જ વાત આવીને ઊભી રહી. છોરીને કૉલેજ કરવાની અબળખા જાગી હતી. બાપ તો ઘડીક મૂંઝાયો પણ માએ પીઠ થાબડી. હાસ્તો. પહેલો નંબર એમ કાંઈ રસ્તામાં પડ્યો'તો! આખી હાઈસ્કૂલને પૂંઠળ ધકેલીને મારી મણિ આગળ થઈ ગઈ હોય ને પછી ઘરકૂકડી થઈ મૂંગીમંતર ચૂલો ફૂંક્યા કરે એ નહીં બને. માની છાતી ગજગજ ફૂલી રહી હતી. મારી મણિ મણિબુન નથી, મણિલાલ છે મણિલાલ! આખો મરદ.

એને નહોતું સમજાતું તે આટલું જ: તે હેં બેટા, તારે અત્યારે ને અત્યારે ફૉરમ ભરવાની ઉતાવળ આવી ગઈ? એને તો બિચારી અભણ બાઈને મન એવો સંસાર. કૉલેજ ભણનારાં છોકરાં તો દિવાળી કેડે તજવીજ શરૂ કરતાં. દાખલા-દૂખલી કઢાવવાના કડાકૂટા પરિણામ આવતાંની સાથે તો એક આ મણકીએ જ ચાલુ કરી દીધા હતા! મણિએ માને સમજાવી : બઈ, એ બધાં તો ઑક્ટોબરિયાં! પહેલે ધડાકે પાસ જ ન થયાં હોય. એકાદા વિષયમાં ઊડી ગયાં હોય, પછી રાગે રહીને દિવાળી લગતી ફેરવારકી પરીક્ષા આપે ત્યારે

---

* 'ઑદાસી' લોકબોલીનો ઇડરિયો શબ્દ છે. 'ઉદાસ' પરથી ઊતર્યો હોય એ બનવાજોગ. ઓશિયાળી, નિરાધાર - એ અર્થમાં વપરાતો રહ્યો છે. વિધવા, ત્યક્તા કે બાળકુંવારી સ્ત્રી માટેનો દયાસૂચક શબ્દ.

માંડ ગાડું ગબડે! મું તો પહેલા ટ્રાયલે ફર્સ્ટ ક્લાસ લાઈ છું. પછી શું કામ બેસી રહીને વરસ બગાડું?

ભણનારનું વરસ બગાડે કે દૂઝણી ભેંસનું વેતરઃ બેઉ વાનાં સરખાં. કોઠાસૂઝ ધરાવતી માને આથી વધારે ચોખવટ કે ચોવટની જરૂર જ ન રહી.

છોકરી કૉલેજ કરે એ વાત જ એ વખતના પુરુષપ્રધાન દેસાઈ સમાજ માટે ગળે ઊતરવાની અઘરી હતી! મોતી નરસંગના નામે ઓળખાતા નિવૃત્ત 'સર્કલ' (=તલાટીથી ઉપરની અને મામલતદારથી નીચેની મહેસૂલ ખાતાની પાયરી) ગામ આખાને એક લાકડીએ હાંકતા હતા. પોતે નિઃસંતાન હતા, પણ આખું પરગણું પડ્યો બોલ ઝીલતું. સમાજ પર જબરજસ્ત પક્કડ ધરાવતા હતા. લોક એમના મોઢા સામું જોઈને બેસી રહેતું. ધારે એને ઉઠાડે અને ધારે એને બેસાડે. ખાસ તો સાંધા-સગપણમાં એમની 'માસ્ટરી' હતી. એ વિશેષ લાયકાતને કારણે ગરીબડાં ગામઠી દેસાઈઓ બારે માસ એમની કોરેમોરે વીંટળાઈ રહેતા. ડોસા છોરીનું પરિણામ સાંભળી રાજી થયા પણ એ કૉલેજ કરવાની છે એ જાણીને બગડ્યા. છોરીના બાપનો જાહેરમાં ઉધડો લઈ નાખ્યો : કેમ છગન દેહઈ, ગામ આખાની છોરીઓ છાણવાસીદાં કરશે ને તમારી નવી-નવાઈની મણિને કૉલેજમાં મોકલશો, એમ? પછી બીજી છોરીઓ એના વાદ નહીં લે કે? વધારે પડતું ડહાપણ સારું નહીં. બધું માઝામાં સારું. હાથે કરીને છોકરીને ફટવશો નહીં, નહીંતર પસ્તાશો.

બાપ તો ધ્રૂજી ગયો, પણ મા ગાંઠે એમ નહોતી.

મણિબહેનને રાષ્ટ્રપતિના હાથે શ્રેષ્ઠ શિક્ષક તરીકેનું બહુમાન મળતું જોવા માટે જીવ્યાં નહીં, નહીંતર કડિયાદરાની તન્ના હાઈ સ્કૂલમાં દીકરીનું નાગરિક સન્માન જોઈ હૈયે હરખના હેલારા ચડ્યા હોત. પેલા વડીલ પણ હયાત નથી. નહીંતર એમનું હૈયું પણ પુલકિત થયું હોત. જુનવાણી વિચારસરણીની વાડ ઠેકીને નાસી ગયેલી-વંઠેલી દીકરીને આશીર્વાદ આપતાં એ પણ મોકળે મને રડી પડ્યા હોત.

મણિબહેન ઉત્તર ગુજરાતના આંજણા સમાજના નારીજગતની યશકલગી પુરવાર થયાં છે. બી.ઍસસી. કર્યાં પછી સિત્તેરના દાયકાના પ્રારંભમાં એ બનાસકાંઠાની અંતરિયાળ માલણ હાઈ સ્કૂલમાં શિક્ષિકા તરીકે જોડાય છે. કડિયાદરાના સારસ્વત સંસ્કારો સાથે વણાઈ ગયેલી શિસ્ત આ તરુણવયની શિક્ષિકાની રગેરગમાં રસાઈ ગઈ છે. અલ્લડ છોકરડાં લઘરવઘર લૂગડે અને અડવાણા પગે શાળાએ આવે કે એમને નવી માસ્તરાણી અધવચ્ચે ટોકીને ખિસ્સાં તપાસે છે! કોઈના ખિસ્સામાંથી બીડીઓ નીકળે છે, કોઈ વળી તમાકુ પર ચડી ગયો છે! મણિબહેન કડકાઈપૂર્વક એ મોતનો મસાલો ખૂંચવી લે છે. અભ્યાસક્રમનો એકાદ પાઠ ઓછો ભણાવશે તો ચાલશે. સંસ્કારો બગડ્યા તો જિંદગી બગડવી સમજવી. મણિબહેન માલણ હાઈ સ્કૂલનાં શિક્ષિકા તરીકે હતાં એથીયે વધારે કડક ગાંધીનગરની ચૌધરી હાઈસ્કૂલનાં આચાર્યા તરીકે રહ્યાં છે. એમની ધાકને લીધે છોકરીઓ શરૂ શરૂમાં મૂંઝારો પણ અનુભવતી હશે. પણ પછી બધું રાગે પડી જાય છે. અલ્લડ છોકરીમાંથી એક શિસ્તબદ્ધ કન્યા કંડારવાનો કીમિયો મણિબહેનને હાથવગો જ થઈ પડ્યો છે. ખરો મહિમા આ શિલ્પનો જ છે.

મણિબહેન આમ તો મોસાળપક્ષે બહેન થાય છે, પરંતુ મારો સર્જક આત્મા એમનામાં હરહંમેશ માતાનું સ્વરૂપ નિહાળતો રહ્યો છે. એક એવી મા, જેણે પ્રસૂતિની પીડા વેઠ્યા વગર હજાર હજાર સંતાન પેદાં કર્યાં છે! શિવ તપ તપવા ગયા અને પાર્વતીને એકલું એકલું લાગવા માંડ્યું ત્યારે જગજ્જનનીએ ત્વચાના મેલમાંથી બાળકો ઉત્પન્ન કરી દીધેલાં. મેડિકલ સાયન્સના વિદ્યાર્થી તરીકે આ વાત ગળે નહોતી ઊતરતી. કાળક્રમે વિજ્ઞાને પ્રસ્થાપિત કર્યું કે સ્ત્રી પુરુષબીજના સંયોજન વગર પણ સંતતિ પેદા કરી શકે છે. મણિબહેને પરણ્યા છતાં કોઈ કારણસર ઘર ન માંડ્યું, પણ એમની આગવી કુનેહથી એ એકસામટાં હજારો બાળકોની માતા તો બની જ શક્યાં છે! આ કોઈ જેવીતેવી સિદ્ધિ નથી. જે સમાજ એમને સાંસારિક સંદર્ભે ન્યાય નહોતો કરી શક્યો એ જ સમાજની બબ્બે પેઢીઓને પાટે ચડાવવાનું પુણ્ય આ મહિલાએ કર્યું છે. ચૌધરી કન્યા વિદ્યાલયનાં આચાર્યા તરીકે એમણે ગ્રામીણ ખેડૂતકન્યાઓને ગર્વભેર ગુજરાતના પાટનગરની છાતી ઉપર ચડી બેસતાં શીખવ્યું છે. આ શાળા ગાંધીનગરની અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થા તરીકે કાઠું કાઢી ચૂકી છે. એની ખાસિયત એ છે કે ફક્ત ઊંચી ટકાવારીવાળી છોકરીઓને જ નહીં, ગામડાની અત્યંત સાધારણ કન્યાઓને પણ એ પ્રવેશ આપે છે. એમને નવી જિંદગી આપે છે. નવાં સ્વપ્ન જોવાનું શીખવે છે. મારે મન આ બહુ જ મોટી વાત છે. કોરી ટકાવારીથી કશો ભલીવાર નહીં વળે, એ સહુએ વેળાસર સમજી લેવાની જરૂર છે. વળી, તેજસ્વી વિદ્યાર્થીઓનું ટોળું કર્યાથી આપણે અજાણતાં જ મોટા વર્ગવિગ્રહનાં બીજ વાવી દઈએ છીએ, એ વાત પણ નજરઅંદાજ કરવા જેવી નથી. ચૌધરી કન્યા વિદ્યાલય ગરીબ ગ્રામ કન્યાઓની ફાઈવસ્ટાર શાળા છે, એ મણિબહેનના કુશળ નેતૃત્વ હેઠળ પુરવાર થઈ ચૂક્યું છે. રાષ્ટ્રિય કક્ષા સુધી આ શાળાની દીકરીઓ નિર્ભય ગુર્જરબાળાઓ તરીકે પ્રતિષ્ઠા પામી ચૂકી છે. વિશેષતઃ અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં મણિબહેનને જુઓ તો ભાગ્યે જ કલ્પી શકો કે આ મૂઠી હાડકાંની મહિલાની છાતીમાં ગાંધીજી જેવી સત્યનિષ્ઠા અને દૃઢતા ધરબાયેલાં હશે. એમને જોતાંવેત સરદારપુત્રી મણિબહેનનું સ્મરણ થઈ આવે. એમણે અજાણપણે જ પંડને એ રાષ્ટ્રભગિનીના ઢાંચામાં ઢાળવાનો

પુરુષાર્થ કર્યો હોય એમ લાગે! એથી જ સ્વભાવમાં થોડી તોછડાઈ પણ પ્રવેશી ગઈ હશે. સામાન્ય રીતે અમારી દેસાઈ-મહિલાઓ લજ્જાશીલ, કોમળ અને વિવેકી હોય છે.

મણિબહેનના સમ્માન વખતે ફક્ત શાળા હાજર રહી. કડિયાદરું ગેરહાજર હતું. ખુદ ચાણસ્માવાળા સચ્ચિદાનંદજીએ એ મુદ્દે ગંભીર ટકોર કરી. આશ્વાસન હોય તો એટલું જ કે હજારો માઈલ દૂર અમેરિકામાં બેઠા બેઠા કડિયાદરાના વિશ્વકર્મા કાળામામા (કાલિદાસ પંચાલ) મણિબહેન પર આશીર્વાદના બૂકે ઓવારી રહ્યા હતા. મારી પણ ખબર પૂછી. વતન કોને કહ્યું છે બાપ!


[સમગ્ર સમારોહના સારગર્ભ સમાં બોધવચન ઓચરતાં મેં કહ્યું : મણિબહેનમાંથી ધડો લેવા જેવો હોય તો એટલો જ કે હવે પછી આપણે આપણી દીકરીઓને સારી, ખાનદાન વહુઓ બનાવવાને બદલે ઉત્તમ વ્યાવસાયિકો બનાવીએ. આજે કડિયાદરાએ એક મણિબહેન પકવી છે, કાલે એ કોઈ કિરણ બેદી પણ સરજી શકે!] ❐

૨૫૧ તદ્દન નવા સંસ્થા-ગ્રાહકો માટે અર્ધા લવાજમે 'કુમાર'

કોઈ શાળા-મહાશાળા-પુસ્તકાલય 'કુમાર'ના ગ્રાહક ન હોય તેમને ફેબ્રુઆરી ૨૦૦૩થી એક વર્ષ માટે 'કુમાર' અર્ધા લવાજમે એટલે કે માત્ર રૂ. ૭૫-૦૦માં જ મળી શકશે. દાતાની શરત પ્રમાણે આ યોજનાનો લાભ 'કુમાર'ની ગ્રાહક ન હોય તેવી તદ્દન નવી સંસ્થા જ લઈ શકશે. વહેલો તે પહેલો એ ધોરણે ગ્રાહકો નોંધાશે. લવાજમ સીધું કાર્યલયને મોકલવાનું રહેશે અને સંસ્થાના લેટરપેપર પર લખી જણાવવાનું રહેશે. તો સત્વરે રૂ. ૭૫-૦૦ કુમાર ટ્રસ્ટ ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧ એ સરનામે મનિઑર્ડરથી મોકલી આપો.

ચેસ-કૉર્નર : કોયડો-૨૫

સફેદ



કાળું

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. **(White to play and mate in two)**

મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kg7, Qf8, Rg3, Bg2, Bh2, Na6**

કાળાં : **Kd7, Nb4, NR8, P-c6, 23, 26**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ એપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail -shaharpi@hotmail.com) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ મે ૨૦૦૩ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે. •

'કુમાર'ના ઑક્ટોબર ૨૦૦૨ના અંકમાં આવેલા કોયડા નં. ૨૩નો ઉકેલ :

(૧) **P27 સફેદનો Key move છે.**

જો...	**Kb6**	**(2)**	**Qa5 #**
જો...	**KxB**	**(2)**	**QxR #**
જો...	**Ra7**	**(2)**	**QxR #**
જો...	**Rb6**	**(2)**	**Qc8 #**
જો...	**Rb8**	**(2)**	**Qc6 #**
જો...	**B ગમે ત્યાં**	**(2)**	**Qd8 #**

ઉપરોક્ત કોયડાનો સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) પ્રો. એ. આર. રાવ, (૨) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૩) નૌતમભાઈ વખારિયા, (૪) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૫) હર્ષદ દવે, (૬) મૌલિક શાહ, (૭) સમિત ભૂપતી (રાજકોટ), (૮) કલ્યાણભાઈ એમ. મૂળિયા, (૯) સંદીપ (સુરેન્દ્રનગર), (૧૦) સુરેશ મોદી (મુંબઈ), (૧૧) કિરણભાઈ એન. શાહ (આણંદ), (૧૨) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા)

વાચકો તરફથી ઘણાં સૂચનો મળે છે. જેટલાં સ્વીકાર્ય જણાય તેટલાનો અમલ કરીએ છીએ. -અર્પી શાહ

૯૦૦મો અંક વિશેષાંક હોવાથી તેમાં ચેસ-કૉર્નરની કૉલમ આપી નહોતી. તે પછીથી લેખિકાની અસ્વસ્થ તબિયત અને અન્ય કારણોને લીધે ૯૦૧ અને ૯૦૨ના અંકમાં ચેસની કૉલમ આપી શકાઈ નહોતી. હવે ફરીથી નિયમિત પ્રકટ થશે.

૨૦૦૨ના વર્ષ દરમિયાન જે વાચકમિત્રોના જવાબો ૬ કે તેથી વધુ ખરા હતા તેમનાં નામો નીચે મુજબ છે : (૧) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૨) ડૉ. દિલીપ અહલપરા, (૩) હર્ષદ દવે, (૪) કલ્યાણભાઈ એમ. મૂળિયા અને (૫) ડૉ. છત્રસિંહ બારડ. આ પાંચ વાચકમિત્રો અમને જે નામ-સરનામું જણાવશે તેમને એક વર્ષ માટે 'કુમાર' ભેટ મોકલવામાં આવશે. નામો તા. ૧૫-૪-૨૦૦૩ પહેલાં મોકલવાનાં રહેશે.

૨૦૦૩ના વર્ષ દરમિયાન, આ પાંચ વાચકમિત્રો સિવાય જે નવા વાચકોના ૮ કે તેથી વધુ જવાબો ખરા હશે તેમને એક વર્ષ માટે 'કુમાર' ભેટ મોકલવામાં આવશે. - તંત્રી

કંકાવટી

કલ્પના ચાવલાનું નિધન

'તમારી બૌદ્ધિક દક્ષતા જ તમારું અસ્તિત્વ છે.' એમ 'બૌદ્ધિક દક્ષતા'ને મહત્ત્વ આપનાર કલ્પના ચાવલાનું અમેરિકન અંતરિક્ષયાન કોલંબિયા ભસ્મીભૂત થતાં નિધન થયું. જાણે કલ્પના અચાનક અદૃશ્ય થઈ ગઈ, અંતરિક્ષયાન કોલંબિયાનું વૈજ્ઞાનિક નામ હતું એસટીએસ-૧૦૭. પહેલી જુલાઈ ૧૯૬૧ના રોજ હરિયાણાના કરનાલ નામક ગામમાં કલ્પનાનો જન્મ થયો હતો. એનું કુટુંબ દેશના વિભાજનટાણે પાકિસ્તાનથી ભારત આવીને કરનાલમાં સ્થિર થયું હતું. એની માતાનું નામ સંયોગિતાદેવી. પિતા બનારસીલાલ હાલ તો અમેરિકા છે, પરંતુ એમનું વતન તો લાહોર નજીકનું શેખપુર. કલ્પનાને દીપા અને સુનિતા એ બે બહેનો અને સંજય ભાઈ. કલ્પના એ સહુથી વયમાં નાની. બાળપણમાં અવારનવાર ખુલ્લામાં સૂવાનું બન્યું હતું. પરિણામે આકાશ જોવાની ટેવ પડી હતી. એ ટેવમાંથી કુતૂહલ ઉત્પન્ન થતું. આકાશની તારાસૃષ્ટિને વિસ્મયભાવે જોનાર કલ્પનાએ પછી આકાશની સફરને જ જીવનલક્ષ્ય બનાવ્યું. એ કહેતી હતી : 'હું નાગરિક છું, આકાશગંગાની.' સિતારોની ચાદર નીચે સૂનાર કલ્પનાનું પ્રાથમિક શિક્ષણ કરનાલના ટાગોર બાલનિકેતનમાં થયું. માધ્યમિક શિક્ષણ પણ ત્યાં જ લઈને કરનાલની દયાલસિંઘ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો અને પછી પંજાબ એન્જિનીઅરિંગ કૉલેજ - પીઈસી - માં વૈજ્ઞાનિક એન્જિનીઅરિંગની વિદ્યાર્થિની બની ત્યારે એ પહેલી વિદ્યાર્થિની હતી. વિશેષ અભ્યાસાર્થે એ અમેરિકા ગઈ. ટૅક્સાસ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. ત્યાંથી અનુસ્નાતક થઈ સને ૧૯૮૮માં કોલારાડો યુનિવર્સિટીમાંથી



ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી. એનું આગળનું પગલું હતું 'એવરેસ્ટ મેથડ્સ ઈન કૉર્પોરેશન'માં જોડાવાનું. એ સંશોધનમાં રત થઈ ગઈ. એણે એરોડાયનામિક્સના ક્ષેત્રે નવી ટેક્નિક શોધી પરંતુ એનું લક્ષ્ય તો હતું અંતરિક્ષમાં ઉડ્ડયનનું. દરમિયાન એણે ઝયાં પિયરે હૅરિસ સાથે લગ્ન કર્યું. અમેરિકાનું નાગરિકત્વ લીધું. નાસા - નૅશનલ ઍરોનોટિક્સ ઍન્ડ સ્પેસ ઍડમિનિસ્ટ્રેશન - ની અંતરિક્ષયાત્રીઓ માટે જાહેરાત આવતાં એણે અરજી કરી અને ૧૯૬૨માંથી જે ૧૯ સફળ થયા તેમાં કલ્પના ચાવલાનો સમાવેશ થયો હતો.

૧૯૮૮થી ૧૯૯૪ દરમિયાન એ સાન ફ્રાન્સિસ્કોમાં રહેતી હતી ત્યારે કલ્પનાએ પાઈલટ લાઈસન્સ મેળવી લીધું હતું. 'નાસા'માં પસંદગી થતાં જોનસન અંતરિક્ષ કેન્દ્રમાં તાલીમ લીધી. આ તાલીમ અતિ કઠિન હતી. તાલીમ પછી પહેલું મિશન આવ્યું. યાનનો સ્પાર્ટન સેટેલાઈટ નિષ્ફળ જતાં એની ક્ષમતા વિશે શંકા થઈ. એની પર ભૂલનો આરોપ હતો. 'નાસા'માં ભૂલની માફી નથી હોતી પરંતુ એ સાવ નાની ભૂલ હતી. આથી કલ્પના ચાવલાને 'અસાધારણ અંતરિક્ષ યાત્રી' હોવાને લીધે માફ કરવામાં આવી. વળી નવા અંતરિક્ષ ઉડ્ડયન માટે એ વ્યગ્ર બની ગઈ હતી. એની પસંદગી થઈ તેમાં એનો સખત પરિશ્રમ મહત્ત્વનો હતો. ઈ.સ. ૨૦૦૦માં એને એસટીએસ-૧૦૭ના ઉડ્ડયનદળમાં પસંદ કરાઈ હતી.

જાન્યુઆરી ૨૦૦૩ની યાત્રા કલ્પના ચાવલાની બીજી અવકાશયાત્રા હતી. આ યાત્રાએ નીકળી ત્યારે એને જરાય અંદેશો નહોતો કે આ એની અંતિમયાત્રા બની રહેશે! ૧૬મી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ કોલંબિયા અવકાશયાન સોળ દિવસની અવકાશયાત્રા કરીને પાછું ફરવાનું હતું પરંતુ પરત વેળાએ જ આકાશમાં ભસ્મીભૂત થઈ ગયું. સાતેક અવકાશયાત્રી મૃત્યુ પામ્યાં. કલ્પના ચાવલા એમાંની એક હતી.

કલ્પના ચાવલાની જીવનયાત્રા ટૂંકી છતાં ય રોમાંચક રહી હતી. બાળપણમાં વિમાન બનાવવાની શોખીન કલ્પના ચાવલા 'આકાશગંગાની નિવાસી' બનવા ઉત્સુક હતી. એ એનો જન્મસિદ્ધ અધિકાર માનતી હતી. કલ્પના ભારતના યુવાનોની પ્રેરણાસ્રોત હતી અને રહેશે. પરિસ્થિતિ ગમે તેવી હોય પણ દૃઢ સંકલ્પ જ મનુષ્યને સફળ બનાવે છે એ કલ્પનાનો જીવનમંત્ર હતો. એનું મૃત્યુ શોક સાથે ગર્વનો અહેસાસ કરાવે છે. દીપક ચોપરાએ આ ઘટનાને આમ જોઈ છે — **'The symbolism of the Columbia's crash lies in its redemptive message - Live as if you know the universe is watching you.'**

-પ્રફુલ્લ રાવલ

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૧૪
લીઓનાર્દો દ વિંચી



માત્ર આંગળીને વેઢે ગણી શકાય એટલાં જ ચિત્ર કરીને જગતનો મહાન ચિત્રકાર ગણાયો હોય તો તે વિંચી. રેનેસાં સમયનો જ મહાન નહિ પણ જગતના સમસ્ત માનવ ઇતિહાસમાં સર્વતોભદ્ર પ્રતિભા ધરાવતો, બહુમુખી પ્રતિભાવાળો તે વિરલ માનવી હતો. શાળાનો વિદ્યાર્થી પણ તેને મોનાલિસાના સર્જક તરીકે ઓળખે છે. તેણે જ્ઞાનની એકેએક શાખાનો સ્પર્શ કર્યો છે. પણ સૌમાં શરીરશાસ્ત્ર અને ભૂશાસ્ત્ર મુખ્ય હતાં. તે ફ્લૉરેન્સમાં જન્મેલો પણ મિલાન તેની કર્મભૂમિ. તેની જિંદગીનાં અંતિમ વર્ષો ફ્રાન્સમાં ગાળ્યાં. રાજા ફ્રાન્સિસ પહેલાના મહેમાન તરીકે પંદરમી સદીના યુરોપમાં જ્ઞાનની એવી એક પણ શાખા નહોતી જેમાં લિઓનાર્દોનો પ્રવેશ ન હોય.

ઇટલીના વિંચી ગામની નજીક ૧૪૫૨માં શનિવારે રાત્રે ૧૫મી એપ્રિલે એ જન્મ્યો. સેર પીએરો દ વિંચી અને (અસીલ) એક સામાન્ય કુટુંબની બાઈ કેટેરિનાનો તે અનૌરસ પુત્ર. કુંવારી માતાના પુત્ર હોવું એ ત્યારે અજુગતું નહોતું. એના દાદાએ નોંધ્યું છે, 'મારે ત્યાં પુત્રજન્મ થયો. એનું નામ લીઓનાર્દો.' થોડી રકમ આપીને કેટેરિનાને વિદાય કરી. લીઓનાર્દોનું બાળપણ દાદાની જાગીર પર વીત્યું. તે તોફાની હતો. શિક્ષકને અવનવા પ્રશ્નોથી મૂંઝવતો. ગણિતમાં તે પારંગત અને ચિત્રમાં સારો હતો. પિતાએ તેને ફ્લૉરેન્સ બોલાવી લીધો. જાહોજલાલીવાળા નગરમાં તે ઊછર્યો. આ ફ્લૉરેન્સનો ઠાકોર લોરેન્ઝો ય ઉત્તમ કલાકારોનો આશ્રયદાતા હતો.

પુનરુત્થાન કાળના આ સમયમાં જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અંધકારમાંથી માનવી પ્રકાશ તરફ ગતિ કરે છે. મધ્ય કાલીન ખયાલોમાંથી નવા વિચારો તરફ પોતાનું મસ્તક ઊંચકે છે. પ્રિન્ટિંગની શોધથી એક નવો ચમત્કાર થાય છે. પુસ્તકો દ્વારા જ્ઞાનપ્રસારનો એક નવો યુગ શરૂ થાય છે. ગુટનબર્ગનું બાઈબલ હવે છપાઈ ગયું હતું. ટપાલની વ્યવસ્થા ઝડપી બની હતી. કલાને ક્ષેત્રે વાસ્તવિકતાને આંબવાનો ખયાલ હતો. વિંચી, માઈકલ ઍન્જેલો રફાએલ, ટીસ્યાં ને ટિન્ટોરીટોએ અનેક સર્જનો આપ્યાં અને પર્સપેક્ટિવ તથા શરીરશાસ્ત્રનાં શિખરે બિરાજ્યાં.

વિંચીએ બાળપણમાં માનવ, પ્રાણી, પુષ્પ વગેરેનાં બારીકાઈવાળાં આલેખનો કર્યાં. પિતા તેનાથી પ્રભાવિત થયો. તે લઈ નગરના ચિત્રકાર શિલ્પી વેરોકિયા પાસે ગયો. વેરોકિયો તો દિગ્મૂઢ થઈ ગયો. 'વગર તાલીમે આટલું સુંદર કામ?' વેરોકિયો તેને શિષ્ય તરીકે સ્વીકારે છે. વિંચી બાર વર્ષ ગુરુ પાસે કામ કરે છે. આ તેના જીવનનો સુખી ગાળો હતો.

૧૭ વર્ષની ઉંમરથી તે ગુરુના કામમાં જોતરાઈ ગયો હતો. ૧૮ વર્ષે ગુરુના બાપ્ટિઝમ ચિત્રમાં કામ કર્યું ને દેવદૂત ચીતર્યો. ગુરુ વેરોકિયો ચોંકી ઊઠ્યો ને મનોમન બોલ્યો, 'હું આથી વધારે શું કરી શકવાનો?' વસારી લખે છે તેમ તેણે પીંછી મૂકી દીધી ને જીવનભર માત્ર શિલ્પ કર્યું. હવે વિંચીનું નામ ફ્લોરેન્સની ચિત્રકાર-મંડળીમાં હતું. સ્વભાવે તે ચંચળ છતાં વિચારવંત બન્યો હતો. દેખાવે સુંદર ને સ્વભાવે નીડર હતો. તે રાક્ષસી તાકાત ધરાવતો હતો. જંગલી ઘોડાઓ વચ્ચે ઘૂસી હેમખેમ નીકળી જતો. લોખંડની નાળનેય જાણે સીસાની હોય તેમ વાળી નાખતો. હાસ્ય નિષ્પન્ન કરવાની તેનામાં વિશિષ્ટ આવડત હતી. વેરોકિયોનો સ્ટૂડિઓ પર અનેક ક્ષેત્રના વિદ્વાનો આવતા તેનો પણ વિંચીને લાભ મળ્યો.



વિંચી ગામનો ટાવર, જ્યાં લીઓનાર્ડોએ પોતાનું શૈશવ ગાળ્યું હતું.

વેરોકિયોના સ્ટૂડિઓને છોડ્યા પછી પણ તે ફ્લૉરેન્સમાં રહે છે. ત્યાં બહુ ઓછું કામ કરે છે. ઍડોરેશન ઓવ્ મૅગી તૈયાર થયું પણ તે અધૂરું જ રહ્યું. અંડર પેઈન્ટિંગની પદ્ધતિથી કામ થયું હતું. યેલો અને બ્રાઉનમાં થયું હતું.

૧૪૭૩ની પાંચમી ઑગસ્ટે આર્નો નદીનો તટ ચીતર્યાની નોંધ તે ચિત્ર પર જ છે. પશ્ચિમના જગતની કલામાં દશ્યચિત્રનું આ પ્રથમ ઉદાહરણ છે. ચિત્રકાર કોરોટ તો લીઓનાર્દોને દશ્યચિત્રોનો પિતા ગણે છે. આ રેખાંકન ફ્લૉરેન્સમાં થયેલું. આ ચિત્રમાં રેખાંકનની ઊંચી કલા દેખાય છે. આવડત છતાં એક કામ છોડી બીજા કામમાં જોતરાઈ જતાં, ઘરાકને કામ સમયે કામ ન મળે એવી તેની છાપ હતી. રચનાનું કામ પતી જતાં તેનું મન તે સાથેનો લગાવ ગુમાવતું. ક્યારેક કામના આરંભે જ તે નિષ્ફળતા જોતાં કામ છોડી દેતો.

૧૪૭૬માં સજાતીય સંબંધ માટેના આરોપથી પકડાયો પરંતુ પુરાવાના અભાવે છૂટી ગયો. તે કદી પરણ્યો નથી. તેના જીવન દરમિયાન સાથી તરીકે બે છોકરાઓ રહ્યા.



મિલાનનગરી

એક સલાઈ જે રૂપાળો હતો. બીજો મેલ્જી. તેના જીવન દરમિયાન સંશોધનમાં જ તે ડૂબેલો રહેતો જેથી એકલતાને સ્થાન જ નહોતું. પછી સ્ત્રીઓ કે પુરુષના સંબંધોની વાત પણ નથી. બુદ્ધિમત્તા સિવાયની કોઈ વૃત્તિ તેને નહોતી. તેના ચિત્રોમાં આંગળી સૂચક પ્રતીક છે.

૧૪૮૨માં તે મિલાન જાય છે. ત્યાં તે ૨૦ વર્ષ ગાળે છે. એણે ત્યાંના લ્યૂદોવિકો ઈલ મૉરો પર અરજી લખી, એમાં એણે લખેલું, 'હું ઓછા વજનવાળા અને ઘડીકમાં ઊભા થઈ શકે તેવા પુલો બનાવી શકું છું, જે દ્વારા આપ સરળતાથી શત્રુનો પીછો કરી શકો. આ પુલ નાશ ન પામે તેવા હશે. ખરા વખતે ઊંડી ખાઈઓમાં પાણી સૂકવી શકું છું. સુરંગ અને ભોંયરાં બનાવી શકું છું. ગગનચુંબી કિલ્લાઓ ભોંયભેગા કરી શકું છું. નાના પથ્થરોનો વરસાદ વરસાવી શકું છું. શત્રુઓને અસહ્ય ધુમાડો ફેલાવી ભગાડી શકું છું. તોપમારા સામે ટકી શકે તેવાં વહાણો બનાવી શકું છું... શાંતિના સમયમાં આરસની, માટીની કે ધાતુની પ્રતિમાઓ બનાવતાં પણ આવડે છે. જે કોઈ પણ સિદ્ધહસ્ત ચિત્રકારની હરીફાઈ કરી શકે છે. આમાંનાં કોઈ પણ અશક્ય લાગતા કાર્ય માટે પરીક્ષા આપવા હું તૈયાર છું. પણ અગત્યની વાત તો એ કે અરજીમાં પોતે ચિત્રકાર હોવાનો માત્ર અછડતો ઉલ્લેખ જ છે. લ્યુદોવિકોને પોતાના પૂર્વજ ફ્રાન્સિસ્કો સ્ફોર્ઝાનું ભવ્ય અશ્વારોહી શિલ્પ કરાવવું હતું. લીઓનાર્દોને તે માટે ખ્વાહેશ પણ હતી છતાં આવા શક્તિશાળી માણસને તે રાખવા માગતો ન હતો.

વિંચી એક દિવસ ચાંદીના વાજિંત્ર સાથે લ્યુદોવિકો પહોંચી જાય છે. તેની રીતભાત, સોહામણું વ્યક્તિત્વ, કંઠની મધુરપથી આકર્ષાઈ તેને રાખે છે. તેની પાસે ઉત્સવોનાં આયોજનો કરાવવાનું કામ કરાવે છે. ૨૬ ફૂટના ભવ્ય અશ્વ માટે રાખેલું કાંસું યુદ્ધનાં હથિયારોમાં વપરાઈ જાય છે. મિલાન હારે છે. તે ફ્રાન્સને તાબે થાય છે. લ્યુદોવિકો ફ્રાન્સની જેલમાં જ મરે છે. ઘોડાનું વિંચીએ કરેલું મોડેલ ફ્રેન્ચ સૈનિકો તિરંદાજી માટે વાપરે છે ને ખત્મ થાય છે.

મિલાનમાં આશ્રય મળતાં સંત ફ્રાન્સિસ દેવળ માટે કામ કરેલું. ૧૪૯૫માં ફ્લૉરેન્સમાં સિગ્નોરિયા મહેલમાં કામ કર્યું હતું. તે પછી 'લાસ્ટ સપર' શરૂ કર્યું. એ ચિત્ર જોતાં લૂઈ બારમો એટલો તો પ્રભાવિત થયેલો કે તેણે આખી ભીંત ઉખેડી લઈ જવા ઈચ્છા કરેલી. વસારીની મરામતમાં તે ઑર બગડેલું. રંગથી તરવરતું એ ચિત્ર નવી જ કોઈ ટેકનિકથી કરેલું પરંતુ તેના જીવન દરમિયાન જ તેના રંગના પોપડા ઊખડવા માંડેલા. નેપોલિયનના સૈન્યે ત્યાં ઘોડાર રાખેલી ને બીજા વિશ્વયુદ્ધ વેળાએ એ મઠ પર બૉમ્બ પણ પડ્યા. સદ્ભાગ્યે એ ચિત્ર બચી ગયું. હયાત છે ને એને આંબી ન શકાય તેની ખાતરી આજેય કરાવે છે. તેમાં બારેય શિષ્યનાં મુખ ને ક્રાઈસ્ટની દૈવી પ્રતિભા ભુલાય તેવી નથી. આ ચિત્રમાં તો અનેક ચિત્રો છે. પણ આનો જોટો નથી. ક્રાઈસ્ટ કહે છે, 'આ બારમાંથી એક મને દગો દેશે.' આનો પડઘો તે



વનસ્પતિનું ચિત્રણ

મુખભાવ. તેનું માપ ૧૬૬"X૩૫૫" છે.

૧૫૦૩માં મોનાલીસાનો આરંભ થયો. એ તસ્વીર ફ્રાન્સિસ્કો દ ઝાનોબી દેલ ગીઓકોન્ડાની પત્ની મોનાલીસા ગેરાર્ડિની છે. વિંચીએ તેના પર ચાર વર્ષ કામ કર્યું. એ ચિત્ર અધૂરું હતું. તેને ફાઈનલ ગ્લેઝ ન હતો થયો. એ તસવીર પોતાની સાથે ફ્રાન્સ લઈ ગયો. કેમ કે ૧૫૦૨-૦૩માં બોર્જિયાના મિલિટરી એન્જિનીઅર તરીકે કામ કરે છે. પછી ફ્રાન્સ જાય છે. ત્યાં ફ્રાંસિસ પહેલો ૪૦૦૦ સુવર્ણમુદ્રાઓમાં તે ચિત્રને ખરીદે છે ને શાહી સંગ્રહમાં પૅરિસના પોતાના મહેલમાં રાખ્યું. છેવટે લુવ્રમાં આવ્યું. ચોરાયું ને પાછું આવ્યું. તેના ચિત્રને જાળવવા કૅનવાસ પાછળ સોનાના વરખ લગાડતો.

તેને પ્રત્યક્ષ જોનાર કહે છે કે એક વાર એની સામે જોયું પછી ત્યાંથી ખસવાનું મન થતું નથી. તેનું અકળ હાસ્ય તો



ઍંગારીનું યુદ્ધ



ઘ એનન્સિએશન - ઇસુના અવતારની મેરીને ખબર આપ્યાનો ઉત્સવદિન

આપણને ઘેરી લે છે. આંખો આપણી સાથે સંધાન કરે છે. એના હાથની કુમાશ ને માર્દવભર્યું નારીસૌંદર્ય વ્યક્ત કરે છે. તેની પશ્ચાદ્ભૂ ગહનતામાં વધારો કરે છે. ચિત્રમાં બધું જ સ્થિર છે. માત્ર હોઠ ખટકો આપે છે. આંદ્રે માર્લો આ ચિત્રને 'જીવંત ચહેરાને મહામાનવે આપેલી અંજલી ગણાવે છે.' સર્જનવેળા વાતાવરણને જીવંત રાખવા સંગીતની મદદ લીધેલી.

તેનાં બીજાં ચિત્રોમાં ધી.એનનશિએશન, તેના પર નામ નથી પણ કામ બોલે છે. જિનેવ્રા દ બાંસી ૧૫.૧/૪"x૧૪.૧/૨ ઈંચ મિત્રની દીકરીનું પોર્ટ્રેટ છે. તે પ્રથમ હરોળનું છે. ૧૯૬૭માં ૫૦ લાખ ડૉલરમાં અમેરિકાના રાષ્ટ્રિય સંગ્રહ માટે ખરીદાયેલું.

લેડી વીથ અરમાઈન ચિત્ર લ્યુડોવીકોની મિસ્ટ્રેસ સોફાંઝાંનું છે. બધી જ વસ્તુ નીચે ગતિ કરે છે. નજર દૂર સુદૂર છે. આંગળી-ઓની કુમાશ ને અરમાઈન પણ હળવાશ ધરાવે છે.

ધ વર્જિન એન્ડચાઈલ્ડ ડ્રૉઈંગ લંડનની નૅશનલ ગૅલરીમાં સંગૃહીત છે. ડ્રૉઈંગમાં પાત્ર સંયોજન ખૂબ ઊંચી કોટીનું છે. ૫૪.૩/૪x૪૧" છે. આમાં પણ ખાસ પ્રકારનાં પાત્રો છે. વર્જિન ઑફ ધ રૉક્સ પણ લંડનમાં છે. વર્જિન ઍન્ડ ચાઈલ્ડ લુવ્રમાં છે. તેમાં ક્યાંય રેખા નથી; પણ ટોન્સ એકબીજામાં મળી એક સંગીતની તરજ રચે છે. તેમાંય મોનાલીસાની જેમ શૈલમય પશ્ચાદ્ભૂ છે.

ઉપરાંત તેનાં પોતાનાં સેલ્ફ પોર્ટ્રેટ ડ્રૉઈંગ પણ જબરી અભિવ્યક્તિ ધરાવે છે. એને 'એજેડ સેજ' ડ્રૉઈંગમાં ખખડધજ વૃક્ષો જેવો તે પોતે દેખાય છે. દુરંદેશી છતાં નિરાશાથી ઘેરાયેલો માનવી. જાણે તે બોલે છે કે દુનિયાએ મારો કોઈ સદુપયોગ ન કર્યો. દુનિયાએ તેની પાસે લડાઈઓ લડાવી. ઘોડાના તબેલા બંધાવ્યા. અરીસાના તકતા બનાવડાવ્યા. પરિણામે એ માનતો હતો કે એનું જીવન નિષ્ફળ નિવડ્યું. એના જીવનમાં પાછલાં વર્ષોમાં એ રોમ, વેનિસ ને ફ્રાન્સ વચ્ચે રખડતો. કામ શોધતો.

એ કેટલો અભ્યાસી? ૪૨ વર્ષે ખ્યાતિના શિખરે હતો. ૨૦ વર્ષે સ્વતંત્ર રીતે કામ કરતો થયેલો. તેને એપ્રેન્ટિસ સાથે સજ્જ સ્ટૂડિઓ હતો. જગતની આઠમી અજાયબી સમું ફ્રાન્સિસ્કો કોર્જિયાનું શિલ્પ સર્જ્યું. તેણે લશ્કરને દોર્યું. ૫૦૦૦ પાનનું લખાણ ઊંધા અક્ષરે લખ્યું. પેઈન્ટિંગ અને રંગશાસ્ત્ર રચ્યું. દરિયાની ભરતીનાં કારણો શોધ્યાં. ગુરુત્વાકર્ષણના નિયમો, ભૌમિતિક પ્રમેયો, મૂત્રાશયમાં પથરીના ઉપચાર, પંખીઓની પ્રજનન ક્રિયાઓ, ગર્ભમાંનાં બાળકનો ક્રમિક વિકાસ, યુદ્ધનાં યંત્રો ને સાધનો, વરાળની ચાલકશક્તિ, હેલિકૉપ્ટર અને અત્તર બનાવવાના કીમિયા... માસ્ટર માઈન્ડ. તેણે ખાતરી હતી કે તેનું કામ માનવજાતને ઉપકારક નીવડશે. પણ તેને સમાજ માટે વિશ્વાસ નહોતો. તે કહેતો, **'Alone you are all your self.'**

તેના જીવન દરમિયાનનો એક પ્રસંગ નોંધપાત્ર છે. ફ્લૉરેન્સના ઠાકોરની પત્ની ઈસાબેલાની છબી ચીતરવાની હતી. એના મંત્રીએ લીઓનાર્દોના ઓટલા ઘસી નાખ્યા ત્યારે તે યંત્રોમાં રચ્યોપચ્યો હતો. તેણે રાણીનું કેવળ રેખાંકન જ કરી આપેલું. હવે તેને, તેને ત્યાં જ આશરો લેવાની જરૂર પડી, પરંતુ ઈસાબેલાને તેની જરૂર ન હતી. છેવટે તે વેનિસ ગયો ને બોર્જિયાને ત્યાં ઈજનેર તરીકે રહ્યો.

૧૫૦૮માં એને મેલ્ઝીનામના જુવાનનો સથવારો મળે છે. તેને દીકરા તરીકે દત્તક લે છે. ૬૧ વર્ષની ઉંમરે સલાઈ અને મેલ્ઝી સાથે રોમ જાય છે. નવા પોપની નિયુક્તિ થઈ હતી. તે તેને કામ આપશે તેવી આશા હતી. શરૂઆતમાં એમ બન્યું પણ ખરું; પરંતુ



ઘ વર્જિન અને શિશુ, સાથે છે સેન્ટ એન અને જોન ઓવ્ ઘ બાપ્ટિસ્ટ



છેલ્લું ભોજન

પોપને તેને માટે સમય નહોતો. લીઓનાર્દો હવે ગઈ કાલનો માણસ હતો. નિષ્ફળતાઓ ને અધૂરાં કામની વાતો પણ ઊભી હતી. એટલે કામની આશા ઠગારી નીવડી. અંતે ફ્રાન્સ જાય છે.

હવે ઉંમરનો ઘસારો લાગ્યો હતો. ડાબા હાથે લકવો થયો હતો. લીઓનાર્દો તેની હસ્તપ્રત ઝડપથી છપાય તેની પેરવીમાં હતો. આ વેળા લૂઈ બારમાનો વારસદાર ફ્રાંસિસ પહેલો તેને સથવારો આપે છે. પોતાની નજીક મૅનોર હાઉસમાં રાખે છે. સન્માન સાથે તે પેન્સનર તરીકે તેની મરણવેળાનું ચિત્ર ઈંગ્રેસે કર્યું છે. ૧૫૧૯ના એપ્રિલમાં પોતાનું વસિયતનામું લખે છે અને બીજે જ મહિને ચિરવિદાય લે છે. મેની બીજી તારીખે કાયમી પ્રકાશ મૂકી બુઝાઈ ગયો. તે કહેતો કે જે દિવસભર કામ કરે તેને રાત્રે સારી ઊંઘ આવે તેમ જીવનભર કામ કરે તેને સારું મૃત્યુ આવે.

નટુ પરીખ : હરિત પંડ્યા

વયસ્ક ચિત્રકાર
શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ

પોતે નક્કી કરેલા જીવનઆદર્શોમાં, કીર્તિ અને પ્રસિદ્ધિનાં પ્રલોભનોને ત્યજી, નિજાનંદમાં મસ્ત રહીને નિર્લેપ ભાવથી, છેલ્લાં સાઠ વર્ષથી ચિત્રકલાની



સાધનામાં સતત રત રહેલા ભાવનગર સ્થિત શ્રી ભાસ્કરભાઈ જટાશંકર ભટ્ટનો જન્મ તા. ૧૮-૪-૧૯૨૨માં જામજોધપુર પાસેના બાલવા ગામમાં થયો હતો.

શ્રી ભાસ્કરભાઈનો જન્મ એક પ્રકૃતિ-પરાયણ સ્થાને થયો હોવાથી નાનપણથી જ તેમના અંતરમાંથી એવી ચિત્રાંકન માટેની ભાવનાને દૃષ્ટદ્રવ્ય એવું રૂપનું સાધન મળ્યું, પણ એ વખતે પ્લાવિત થયેલી ભાવના ને રંગરેખામાં અભિવ્યક્ત કરવાની સમજણ ઓછી હતી.

પિતા બાલવા રેલવે સ્ટેશન માસ્તર. એથી રેલવે સ્ટેશનમાં અનેક રૂપ, રંગ અને વર્ણના લોકોને તે જોયા કરતા હતા. પ્રાથમિક શિક્ષણ તો તેમણે જામજોધપુરમાં અને પોરબંદરમાં લીધું પણ તેમની ચિત્ર પ્રત્યેની અભીપ્સાને માર્ગદર્શન માટેનો ખાલીપો જ રહ્યા કરતો.

આ પછી પિતાની બદલી જયપુર રાજ્યમાં થતાં સહુ નાનાં-મોટાં ભાંડરું સાથે તેઓ ભાવનગર રહેવા આવી ગયા. માતા-પિતા સવાઈમાધોપુર અને સહુ બાળકો દાદીમા સાથે ભાવનગર ખાતે સ્થિત થયાં.

ચિત્રમાં ખૂબ રસ હોવાથી કોઈના માર્ગદર્શન વિના તેમણે પોતાને આવડે એવાં ચિત્રોની ગતિવિધિ તો શરૂ કરી જ દીધી હતી.

પ્રાથમિક શ્રેણીઓનો અભ્યાસ પૂર્ણ કરીને માધ્યમિક શિક્ષણ માટે તેઓ ભાવનગરની શ્રી સનાતન ધર્મ હાઈ સ્કૂલમાં દાખલ થઈ, ત્યાંની લાઇબ્રેરીના સભ્ય થઈ ગયા. વળી, ઘર પાસે રૂવાપરી દરવાજે આવેલી બાર્ટન લાઇબ્રેરીના પણ સભ્ય થયા.

આ લાઇબ્રેરીમાં અંગ્રેજી, હિન્દી ગુજરાતી વગેરે સચિત્ર એવાં પુષ્કળ સામયિકો આવતાં હતાં. તેમાં રંગીન અને બ્લૅક ઍન્ડ વ્હાઈટ પ્રસિદ્ધ થતાં ચિત્રોએ ભાસ્કરભાઈની ચિત્રકલાની ભાવનાને વિશેષ રૂપે સંસ્કારી અને તેમની દૃષ્ટિ અહીં કલા પ્રત્યે વિશેષ સહેતુક બનતી ગઈ.

આ કાળે કોઈ પણ કલાશિક્ષકના માર્ગદર્શન વિના ચિત્રમાં તેમની એકલવ્યીય સાધના શરૂ થઈ ગઈ. ચિત્રાંકન માટે તે કાળે તેમનો આદર્શ માસિક, વાર્ષિક વગેરેમાં છપાયેલાં ઉપલબ્ધ ચિત્રો હતાં. તેના ઉપરથી તેમણે પોતાની આવડત પ્રમાણે નકલો શરૂ કરી દીધી.

આ વખતથી તેમણે રંગીન તેમજ બ્લૅક ઍન્ડ વ્હાઈટ ચિત્રોના પ્રિન્ટિંગનો સંગ્રહ શરૂ કરી દીધો, તેમાં ગુજરાતી, બંગાળી, રાજસ્થાની અને યુરોપિયન ચિત્રોની પુષ્કળ પ્રિન્ટ્સ મેળવી તેમાંથી અનુસંધાન લઈ પોતાની રીતે, તો વળી કનુ દેસાઈ, 'કલાબ્ધિ' વગેરેનાં ચિત્રોની નકલો પણ કરી. એ કાળે કનુભાઈનાં છાયા-ચિત્રોની તેમના મન પર છાપ પડી તે તેમના યુવાકાળના સર્જનોમાં પ્રતિબિંબિત થાય છે.

આ રીતે છપાયેલાં ચિત્રો, રેખાંકનો, ઇલસ્ટ્રેશન વગેરેની અનુકૃતિ, ટ્રેસિંગ કરતાં કરતાં ચિત્ર બાબતની તેમની સમજણ- સૂઝ વ્યવસ્થિત બનતી ચાલી. એ કાળે તેમણે નંદલાલ વસુનું 'અર્ધ-નારીશ્વર', પ્રમોદકુમાર ચૅટરજીનું 'ઉષા અને અરુણ', અમૃતા શેરગીલના 'ન્યૂડ' વગરે ચિતર્યાં હતાં.

આ રીતે કોઈ પણ માર્ગદર્શન વિના પ્રિન્ટ્સના અવલોકન-મનનથી તેમની ચિત્રાંકનની પ્રક્રિયા દિન-પ્રતિદિન વ્યવસ્થિત રીતે ઉત્તરોત્તર આગળ ચાલી. આ સમયગાળા દરમિયાન તેમણે બંગાળી ચિત્રકારો જેવા કે ઉકિલ, મનિષી દે, વગેરેની અનુકૃતિઓ કરી અને 'બારીએ



પત્નીનો સ્કેચ

બેઠેલી સ્ત્રી', 'મેઘધનુષ જોતી સ્ત્રી', 'ગાના' વગેરે મનોકલ્પનાથી તૈયાર કર્યાં.

આ સમયકાળથી જ તેમને છાપેલાં ચિત્રોની પ્રિન્ટ્સ, ચિત્રોનાં આલ્બમો, ચિત્રનાં પુસ્તકો વગેરે ઉપરાંત કલાત્મક વસ્તુઓ ખરીદી તેનો સંગ્રહ કરવાનો શોખ શરૂ થયો. આથી તેઓ ભાવનગર તેમજ અન્ય શહેરોમાંથી પસ્તીવાળાની દુકાનમાંથી અનેક પ્રિન્ટ્સ-પુસ્તકો માસિકો લઈ આવતા અને તેને વ્યવસ્થિત માઉન્ટ ઉપર ચોંટાડી ફાઈલોમાં ગોઠવીને સાચવણીપૂર્વક ટ્રંક-કબાટમાં મૂકી રાખતા, આ ચિત્રસંગ્રહની સમૃદ્ધિથી આજે તેમના ઘરના પેટી-કબાટ પડ્યા પડ્યા હાંફે છે!

ઈ.સ. ૧૯૪૪માં આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં શ્રી સોમાલાલ શાહ ચિત્રશિક્ષક તરીકે નિમાયા, એ પછી એમણે હાઈ સ્કૂલમાં 'કલાવર્ગ' શરૂ કરેલો. આ કલાવર્ગની મુલાકાતે ભાસ્કરભાઈ અવાર-નવાર આવતા-જતા હતા, ત્યાંથી તેઓને ઘણું જાણવા મળ્યું. ઉપરાંત કલાવર્ગના વિદ્યાર્થીઓની ચિત્રાંકન લઢણ, રચના, આલેખનની પ્રરૂઢિ પણ જોઈને તેમનો ચિત્રાંકન માટેનો ઉત્સાહ જામતો ગયો.

મૅટ્રિક પાસ કરીને રેલવેની નોકરીમાં જોડાયા પણ ચિત્રલક્ષી માનસમાં આ કામથી વિક્ષોભ થવા માંડ્યો. આ સમય-ગાળામાં તેઓ સુશ્રી અરવિંદાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા.

શ્રી અરવિંદાબહેનને પણ ચિત્રકલામાં રસ ખરો, રેલવેની નોકરી છોડી ભાસ્કરભાઈ ભાવનગરની એ.વી. સ્કૂલમાં જોડાઈ ગયા.

સ્વરાજ્ય હાંસલ થયા પછી ચિત્રકલાની શિક્ષણપ્રણાલિમાં વિશેષ હલચલ થઈ. નવ્ય જાગરૂકતા પાંગરી. 'ઈલેસ્ટ્રેટેડ વીકલી', 'ધર્મયુગ', 'કુમાર' વગેરે જેવા સચિત્ર સામયિકોમાં ભારતીય અને પશ્ચિમી કલાકારોનો પરિચય તેમજ તેઓની આકાર-પ્રકારની કૃતિઓની વિવેચનાઓ પણ શરૂ થતાં, કલાકારોમાં નવો ઉન્મેષ પાંગરવા માંડ્યો.

આવા પુનરુત્થાનના કાળે ભાસ્કર-ભાઈ જેવા કલાચાહકના આલેખનમાં પણ ઉન્મેષ પાંગરતો રહ્યો. 'મૈયારીઓ', 'ઘૂંઘટા', 'અધોવસ્ત્ર પહેરતી નારી', 'ગાંડા', 'કથાશ્રવણ' વગેરે જેવાં ચિત્રો કર્યાં.

એ પછી પશ્ચિમના શાસ્ત્રીય અને આધુનિક કળાપ્રવાહના રૂપ સર્જન તરફ તેમનું મન આકર્ષાયું અને પશ્ચિમની કલા, શિલ્પ, એના ચિતારા અને સાંપ્રત આલેખનોમાં રજૂ થતો ધ્યર્થ, વિદ્યમાન પદાર્થના ચિત્રાંકિત રૂપ-અરૂપ આકારનાં દર્શન, સન્નિવેષમાં એનો કલાકાર પોતાના આંતરમનમાં રહેલ વિક્ષુબ્ધતાને શા શા 'વાદ', 'ઈઝમ'ના ઓઠા પ્રયોજીને રજૂ કરે છે! ને પ્રયોગાદર્શનું તેમને અધ્યયન શરૂ કર્યું. સાથોસાથે ચિત્રણમાં પણ નવ્ય રૂપની લઢણો શરૂ કરી જેમાં શિલ્પદળ જેવા અંગ ઉપાંગવાળી 'ન્યૂડ નારી' છે. 'વિથિમાંથી પસાર થતું ગાડું', વિવિધ 'કબંધના નારીરૂપો' ઉપરાંત પુષકળ સ્કેચ તો જો હોય જ!

આ આલેખનોમાં બદામી, તપકીરિયો, રાખોડી, ઓકર, ટેરાવર્ટ ગ્રીન, શ્વેત વગેરે સુમેળયુક્ત રંગોનું સંયોજન ખસરા, મીઠાનું પોત, સરળ રચના અને જાડી-પાતળી રેખાઓથી ચિત્રો પૂરાં કરાયાં છે.

ભાવનગરની આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં ૧૯૫૫ની સાલમાં શ્રી સોમાલાલ શાહની સાથે સહચિત્રશિક્ષક તરીકે તેઓ જોડાયા.

શાંતિનિકેતનમાં સર્વ શ્રી અવનીન્દ્રનાથ અને નંદલાલ વસુના કાળ પછી નવ્યવિચારણા શરૂ થઈ. તેમાં સર્વશ્રી વિનોદબાબુ, રામકિંકર વૈજ વગેરેનાં પ્રયોગલક્ષી ચિત્રો થવાં લાગ્યાં.

મુંબઈની 'સ્કૂલ ઑવ્ આર્ટ્સ'માં પણ અમૃતા શેરગીલની છાયા ઝિલાઈ હતી. સર્વશ્રી હેબ્બર, બેન્દ્રે, ચાવડા, રઝા, સુઝા, ગાયતોંડે, પલસીકર વગેરે ચિત્રકારોની ચિત્રનિર્મિતિમાં આધુનિકતાનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં અને આ ચિત્રકારો જળરંગ, તૈલરંગ, ગ્રાફિક્સ અને કાળી શાહી વગેરે માધ્યમથી ચિત્રો કરી રહ્યા હતા.

આ સમયના ચિત્રકારોથી પ્રભાવિત થઈને ભાસ્કરભાઈએ પણ નાનાં મોટાં એવાં પુષ્કળ ચિત્રપ્રયોગ કર્યા, એ ચિત્રો તેમણે માત્ર નિજાનંદ રૂપે કર્યા હોવાથી તે



એકાકી

બધામાં ઘણાં સાવ નાના કદનાં હતાં.

આધુનિક સમયના કલાજગતના વહેણને જાણવા તેમણે ફ્રાન્સના ઇમ્પ્રેશનિસ્ટ ચિત્રકારો માને, મૉને, રેન્વાં, પિઝારો, રિસલી, દેગાસ વગેરેનાં ચિત્રો જોયાં. તેમના વિષેનાં પુસ્તકો વાંચ્યાં અને નવ્ય રીતે આલેખનો કરવા માંડ્યા જેમાં નિસર્ગદશ્યો, વિવિધ ન્યૂડ, વગેરે ગણાવી શકાય. પશ્ચિમી કલાકારોની પ્રણાલી અને રીતિમાંથી પણ છાયા લીધી અને ઘણાં દર્શનીય ચિત્રો કર્યાં.

ભાસ્કરભાઈએ સાંપ્રતકાળની સર્જકતા પ્રમાણે વિવિધ સામયિકોનાં રંગીન છાપેલાં ચિત્રો, બહુરંગી કાપડ, જળરંગ, પેન્સિલ, સ્કેચપેનો, તૈલરંગ, શાહી વગેરે જેવા વિવધ માધ્યમથી કાગળ, પૂંઠા, કૅનવાસ, કાપડ ઉપર વિવિધ ચિત્રો તેમજ 'કોલાજ'ની રચનાઓ કરી છે. આમાં રચના, વિષય અને પોતને તેમણે મન ભરીને રચ્યાં છે.

વર્ષોના રિયાઝથી તેઓએ ત્વરિત આલેખનોની અનેક સ્કેચબુકો ભરી છે. તેમાં નવા સર્જન માટેના સ્કેચીઝ, વૃક્ષ, વેલી, પશુ, માનવ, મકાનો, ખંડેરો, પ્રકૃતિ તેમજ અન્ય ગમતાં ચિત્રકારોની કૃતિઓનું સરળ આલેખન પણ છે.

આજે એંશી વર્ષ વટાવ્યાં પછી તેમની ચિત્ર તરફની દૃષ્ટિ બદલાઈ. મૂર્તતા પછી અમૂર્તતા તરફ ઢળી, જેમાં વિવિધ 'ઈઝમ' અને 'વાદ'નો પ્રયોગ અવનવાં પ્રતિરૂપો, ક્યાંક આકૃતિનું વિગલન, તેમજ અમૂર્તનું રૂપ સાધીને હાલ તેઓ રચના કરી રહ્યા છે.

કોઈ પણ કલાનો વિદ્યાર્થી કલાકાર કે ચિત્રરસિક જો જોવા ઇચ્છા કરે તો તેમને ઘરમાં બેસીને આ ચિત્રગ્રંથો જોવાની છૂટ, સાથોસાથ ચિત્ર અને ચિત્રકારની રસલક્ષી વિવેચના માંડીને તેઓ દર્શકનું મન તૃપ્ત જ કરી દે છે!

ભાવનગરની શામળદાસ આર્ટ્સ કૉલેજ દ્વારા સંચાલિત ચિત્રકલા કેન્દ્રમાં માનદ્ અધ્યાપક તરીકે કલાના વિદ્યાર્થીઓને તેઓ થિઅરી શીખવતાં હતા, હાલ તેમણે નિવૃત્તિ લીધી છે. ભાવનગરમાં ત્રણ નિજી પ્રદર્શનો પણ કર્યાં છે.

૮૧ વર્ષના ભાસ્કરભાઈનાં અર્ધાંગના અરવિંદાબહેને પણ ચિત્ર-કલામાં રસ ધરાવી પતિની કલાવાંચ્છાને મનભરીને પ્રતિભાવ આપી સુંદર સાથ-સહકાર આપી રહ્યાં છે - *ખોડીદાસ પરમાર*

કલાસ્મૃતિ

નૃત્યકાર શ્રી ઉદયશંકર

આપણે ત્યાં દરેક પ્રદેશ લલિત કલાઓથી સભર છે, જેમાં નૃત્યની પરંપરા હજારો વર્ષો પુરાણી છે. દેશનાં મંદિરો, અજંતા-ઈલોરાની ગુફાઓમાં ભીંતચિત્રો, ખજુરાહો તેમજ કોણાર્કના સૂર્યમંદિરોમાં નૃત્ય કરતાં ઘણાં શિલ્પો જોવા મળે છે. આપણા કલાકારોએ આપણી આ કલાને દેશ-વિદેશમાં ખૂબ જ જાણીતી કરેલ છે અને આપણી સંસ્કૃતિના વિકાસમાં ફાળો આપેલ છે.

ભારતીય નૃત્યપરંપરાને સમગ્ર વિશ્વમાં માનલાયક સ્થાન અપાવનાર શ્રી ઉદયશંકર એક આદરણીય કલાકાર ગણાયા છે. ઉદય-શંકરનો જન્મ સન ૧૯૦૦માં રાજસ્થાનના ઉદેપુર શહેરમાં થયો હતો. તે વર્ષોમાં કલાની તાલીમ માટે સંસ્થાઓ પ્રાપ્ત નહોતી એટલે તેમને નૃત્યની તાલીમનું સદ્ભાગ્ય મળેલ નહીં. ઉદયશંકર ચિત્ર-કલાના અભ્યાસ માટે મુંબઈની સર જે.જે.સ્કૂલ ઑવ્ આર્ટમાં જોડાયા. ત્યાર બાદ લંડનમાં, રૉયલ કૉલેજ ઑવ્ આર્ટમાં અભ્યાસ કર્યો. તેમના પ્રાધ્યાપક સર વિલિયમ રોધેસ્ટાઈને તેમને ભારતીય કલાનાં મૂલ્યો પ્રાસ્થાપિત કરી કૃતિઓનાં સર્જનો કરવા માટે પ્રોત્સાહિત કર્યા. પણ ઉદયશંકરનો આત્મા નૃત્યકારનો હતો. એટલે તેમણે ગાન-વાદન-નૃત્ય સાથેની રચનાઓ કરવા માંડી. આ અરસામાં તેમનો પરિચય રશિયન નૃત્યકાર મંડળીના અન્ના પાવલોવા સાથે થયો અને તેઓ એકબીજાં સાથે જોડાયાં. પાવલોવાના કહેવા પ્રમાણે ઉદયશંકરનું વ્યક્તિત્વ અદ્ભુત નૃત્યકાર માટેનું જ હતું. સુંદર વળાંકો લઈ શકે તેવું આકર્ષક શરીર મંદિરોના કોઈ શિલ્પ જેવું લાગતું હતું. પાવલોવાએ પોતાની નૃત્યમંડળી માટે 'રાધાકૃષ્ણ' અને 'ભારતીય લગ્ન' નામની બે રચનાઓ તૈયાર કરવાનું શ્રી ઉદયશંકરને જણાવ્યું. સાઠ જેટલા કલાકારો સાથે ઉદયશંકર, કૃષ્ણની ભૂમિકામાં અને પાવલોવા રાધાની ભૂમિકામાં રજૂ થવા માટે શ્રી ઉદયશંકરે અથાક પરિશ્રમ કર્યો અને કાર્યક્રમ સફળ થયો, ઘણાબધા દેશામાં ભજવાયો, ખૂબ લોકચાહના મળી.

શ્રી ઉદયશંકર ભારતની મુલાકાત દરમ્યાન દક્ષિણ ભારતનાં મંદિરોની, નટરાજની મૂર્તિઓ, નૃત્યોથી પ્રભાવતિ થયા અને 'નટરાજ' નૃત્યની રચના કરી, જેમાં તેમનો નૃત્ય અભિનય, લંડનના રૉયલ ઑપેરા હાઉસમાં કાર્યક્રમ દરમિયાન ખૂબ જ વખણાયો અને ઘણી સફળતા પ્રાપ્ત થઈ. વર્ષો બાદ શ્રી ઉદયશંકરે ઉત્તર ભારતના અલમોડામાં નૃત્યશાળાની સ્થાપના કરી. પોતાની ઇન્ડોનેશિયા-જાવા-સુમાત્રાની યાત્રાઓ દરમિયાન તેમણે



શ્રી ઉદયશંકર અને અમલાશંકરની તસવીર

કથપૂતળી દ્વારા ભજવાતાં રામલીલાનાં નૃત્યો જોયાં હતાં. ત્યારથી તેમના મનમાં 'રામલીલા' નૃત્ય દ્વારા રજૂ કરવાની ઇચ્છા હતી. અલમોડામાં 'રામલીલા' કાર્યક્રમ માટે તેમણે મેદાન અનુકૂળ કરાવ્યું. બે મોટા પડદા ઊભા કરાયાં. સન ૧૯૪૧ના દશેરાના તહેવાર દરમિયાન લગભગ ૬૦૦૦ પ્રેક્ષકો સમક્ષ રામ-લીલાનો નૃત્ય-કાર્યક્રમ ભજવાયો. લોકો ચકિત થઈ ગયા. ત્યાર બાદ ઉદયશંકરની નૃત્યમંડળીએ સમગ્ર વિશ્વમાં પોતાના નૃત્ય-કાર્યક્રમો દ્વારા લોકચાહના પ્રાપ્ત કરી. ઉદયશંકરે પોતાના પાંચ વર્ષના પૅરિસના રહેણાંક દરમિયાન બે ઇટાલિયન નૃત્યાં-ગનાઓને સાથે લઈને એક મંડળી બનાવી અને સન ૧૯૨૮ દરમિયાન કાર્યક્રમો આપ્યા. જાણીતી અભિનેત્રી નૃત્યકાર જોહરા સેહગલ નોંધે છે કે ઇટાલિયન નૃત્યકાર રાસેલ 'સીમકી' અને ઉદયશંકર જ્યારે રાધા-કૃષ્ણ નૃત્ય કરતાં ત્યારે સાક્ષાત્ 'ગૉડ અને ગૉડેસ' જેવાં લાગતાં. સન ૧૯૨૯માં શ્રી ઉદયશંકર પોતાનાં નૃત્યકાર પત્ની અમલાશંકર સાથે ભારત આવ્યા અને નૃત્યમંડળી સાથે દક્ષિણ ભારતના ચિદમ્બરમ, હળેબીડ, બદામી, અજંતા-ઇલોરા વગેરે સ્થળોની મુલાકાત લીધી. શાસ્ત્રીય સંગીત તેમજ નૃત્યોનો આનંદ માણ્યો. ભારતીય સંગીતકારો તેમજ વાદ્યોને અને નૃત્યકારોને પોતાની મંડળીમાં સામેલ કર્યા. સન ૧૯૩૦-૩૭ દરમિયાન સમગ્ર મંડળી સાથે શ્રી ઉદયશંકરે દેશ-વિદેશમાં ઘણા કાર્યક્રમ આપ્યા. આ પ્રવાસોમાં આજના મહાન સીતારવાદક પંડિત રવિશંકર પણ સામેલ હતા. તેઓ પોસ્ટર-પડદા ચીતરતાં સાથે સંગીત પણ આપતા. ઉદય-શંકરના અવસાન બાદ અમલાશંકરે તેમજ તેમનાં જાણીતાં અભિનેત્રી પુત્રી મમતાશંકરે નૃત્યમંડળ ચાલુ રાખેલ છે. અવારનવાર કાર્યક્રમો રજૂ કરતાં હોય છે. તેમના સંગીતકાર પુત્ર આનંદશંકરનું થોડાં વર્ષો પૂર્વે અવસાન થયેલ છે. શ્રી ઉદયશંકરે સન ૧૯૩૫માં તેમનાં પત્ની અમલાશંકર સાથે 'કલ્પના' નામની શ્વેત-શ્યામ નૃત્ય-ફિલ્મ બનાવેલી જે દેશભરના થીએટરોમાં રજૂઆત પામેલી., વિદેશોમાં ઍવૉર્ડ મેળવ્યા હતા, જેની રજૂઆત અમદાવાદના ગાંધી રોડ પર તે સમયે હયાત મૉડેલ ટોકીઝમાં થઈ હતી, તેમ પ્રૌઢ મિત્રો જણાવે છે. સન ૨૦૦૦માં ઉદયશંકરનાં પત્ની અમલા-શંકર તેમજ પુત્રી મમતાશંકરે કોલકોતામાં તેમની શતાબ્દીની ઉજવણી ઉત્સાહપૂર્વક કરી હતી. ભારતીય સંસ્કૃતિ, નૃત્યકલાનો વિશ્વભરમાં પ્રચાર, પ્રસાર કરવામાં મોટો ફાળો આપનારા આપણા મહાન નૃત્યકારને શત્ શત્ વંદન.

- ગજેન્દ્ર શાહ

અનુસંધાન] ઊઠમણું [પૃ. ૧૮૭ થી

જનકભાઈના એકધારા શબ્દો સાંભળીને હું થોડો ખળભળી ઊઠ્યો.

મારા વાંસા પાછળ હાથ ફેરવતાં જનકભાઈ બોલ્યા : 'આખા શહેરમાં પ્રમોદભાઈને કોઈ ઓળખી શક્યું હોય તો એકમાત્ર તમે જ છો!'

'બધી ય ઋણાનુબંધની વાતો છે. પ્રમોદભાઈની નજીક રહેવા છતાં હું પણ આજ સુધી એમના પુત્રોને ઓળખી શક્યો નથી.'

'એ ઓળખવા જેવા પણ નથી.' ને મને પાસે ખેંચીને કાનમાં કહેતા હોય એમ જનકભાઈ બોલી ઊઠ્યા : 'હજુ પ્રમોદ-ભાઈનું ઊઠમણું પૂરું થાય એ પહેલાં તો તેમના પુત્રોએ પ્રમોદ-ભાઈના પુસ્તકા-લયનાં બધાં જ ઓરડાં એક બૅન્કને પાંચેક હજારમાં ભાડે પણ આપી દીધા. હવે પુસ્તકોને વેચીને એની પણ કઈ રીતે 'રોકડી' કરી લેવી એની વેતરણમાં...'

હું વધુ સાંભળી ન શકતાં મારી જગ્યાએ આવીને બેસી ગયો. મેં ઘડિયાળમાં જોયું, છ થઈ ગયા હતા. વ્યાખ્યાનનો દોર પણ શરૂ થઈ ગયો હતો. જાણવા મળ્યા પ્રમાણે મારું વ્યાખ્યાન લગભગ છેલ્લે રાખવામાં આવ્યું હતું. એટલે મેં આયોજક મહેતાભાઈને ચિઠ્ઠી લખીને મારું વ્યાખ્યાન વહેલું રાખવા માટે અનુરોધ કર્યો. સાડા છ થઈ જવા છતાં મારું નામ ન બોલાતાં હું ઊભો થઈને મહેતાભાઈ પાસે આવ્યો. પાસે બોલાવીને મેં તેમને કહ્યું, 'મારે અગત્યના કામ સબબ બહાર જવાનું હોઈ હવે મારું વ્યાખ્યાન ગોઠવી આપો તો સારું.'

મહેતાભાઈએ મારી વિનંતી સ્વીકારીને એક ભાઈનું વ્યાખ્યાન પૂરું થતાં જ મારું નામ બોલવામાં આવ્યું. હું ઊભો થઈને ટેબલ પાસે આવ્યો. પ્રમોદ-ભાઈના ફોટા સમક્ષ માથું નમાવીને બહુ જ ગળ-ગળા સ્વરે મેં મારું વ્યાખ્યાન શરૂ કર્યું, ને આઠ-દસ મિનિટ પછી સમાપન કરતાં હું બોલ્યો : 'પ્રમોદભાઈના નામ આગળ ક્યારેય સ્વર્ગસ્થ શબ્દ લાગી શકે નહીં, તેઓ ક્યારેય પણ દિવંગત થઈ શકે નહીં, એટલા માટે કે મા સરસ્વતીએ તેમને અમરતાનું વરદાન આપ્યું છે. તેઓ આપણી વચ્ચે જ જીવી રહ્યા છે. આપણે નહીં હોઈએ ત્યારે પણ તેઓ તો હશે, હશે ને હશે જ. પ્રમોદભાઈ અમર રહો.'

મારું વ્યાખ્યાન બધાને બરાબરનું સ્પર્શી ગયું. બધા ગદ્ગદિત થઈ ઊઠ્યા. મેં ઘડિયાળમાં જોયું. પોણાસાત થઈ ગયા હતાં. હું ઝડપથી થીએટર તરફ જવા બહાર આવ્યો. મારા સ્કૂટરને થોડું દોરી, કિક મારીને સ્ટાર્ટ કર્યું. ત્યાં પાછળથી સ્કૂટરને કોઈએ પકડી રાખ્યું હોય તેવી લાગણી મને થઈ આવી. મેં ઝડપથી પાછળ જોયું - ફોટામાંથી સજીવન થઈ પ્રમોદભાઈ જાણે મારી સાથે વાત કરી રહ્યા હોય તેવો મને ભાસ થયો. 'મિત્ર હું શું કહું? એક વખત ારા છોકરાઓએ મારું મોત બગાડ્યું, ને બીજી વખત અહીં મારું જ ખૂન...!!' ❐

સાહિત્યસંપર્ક

માનવતાની હૃદયસ્પર્શી વાતો કહેતું પ્રેરણાદાયી પુસ્તક

એક ડૉક્ટરની ૪૩ વર્ષની કારકિર્દીના ૮૪ પ્રસંગો આલેખતું પુસ્તક અંતે તો એ જ વાક્યથી જ પૂરું થાય છે કે આ દુનિયામાં ક્યાંય સ્વર્ગ હોય તો અહીં જ છે. અનેક પ્રસંગો સાચકલાં, માનવતાની જ્યોતને વધુ ને વધુ ઉજ્જ્વળ બનાવતા આ પુસ્તકમાં અનેક વ્યક્તિઓ-દરદીઓ સાથેના સંવાદોમાં સતત ડૉક્ટર કેવા હોઈ શકે અને સામે દરદી પણ કેવા હોય તેનાં જીવંત ઉદાહરણો પાને પાને છે. ૧૦૬-૧૦૭મા પાને ૪૮મા લેખમાં નીતાના જન્મથી જ હૃદયની બીમારીની વાત છે. હૃદય ઊલટ-સૂલટ. પરિણામે વારંવાર બીમાર. હૃદય રોગ પણ, ડૉક્ટર હિંમત આપે, પ્રોત્સાહિત કરે. નીતા એમ કરતાં બી.એ. પાસ થઈ, પણ હિંમત હારતી જતી, થાક લાગતો, પિતાશ્રીની આર્થિક સ્થિતિ સારી નહિ, પણ ડૉક્ટરના ૮-૧૦ પ્રયત્નો પછી ઑપરેશન માટે તૈયાર થઈ ત્યારે નીતા ૩૦ વરસની હતી. છેવટે ડૉક્ટરના પ્રયત્નોથી આર્થિક મદદ મળી, જોખમી હતું છતાં કે. ઈ.એમ. હૉસ્પિટલ મુંબઈમાં ઑપરેશન થયું. તદ્દન સાજી છે. હાલ તેનો આનંદ કેવો છે તે તો વાંચીએ તો જ સમજાય. ડૉક્ટર કહે છે કે નોકરી કરે છે, વારંવાર મળવા આવે છે. તેને મળીને મારા હૃદયમાં આનંદ આનંદ છે.



૧૩૨મા પાને મંગુનું ભોળુ સ્મિત, કેવો હૃદયસ્પર્શી પ્રસંગ છે! વિધવા મંગુ ૨૦ વર્ષની. કિડનીમાં પથરી. સમાજમાં કોઈ સગું-વહાલું નહિ. મજૂરી કરે. પણ ડૉક્ટરે બીજા એક સેવાભાવી સર્જનને યાદ કરી તેમની પાસે રકમ આપી મોકલી. તદ્દન સારું થયું અને મળવા આવી ત્યારે ચહેરાની ઉપરનો મલકાટ જોઈને જે આનંદ પ્રફુલ્લભાઈના ચહેરા ઉપર છલકતો હશે તે આ વાંચતાં આપણને પણ સ્પર્શી જાય છે.

૩૦મા પાને દીકરી : દાદાની આંખનું રતનનો કેટલો હૃદયસ્પર્શી પ્રસંગ છે. ૧૪ વરસની કોમલ, ટી.બી.ની દરદી, પૈસાના અભાવે દવા કઈ રીતે કરી શકે? દાદાનું વહાલ, મજૂરી કરી રૂા.૨૦૦ ભેગા કર્યા, ડૉક્ટરે કેમ દવા લેવા નથી આવતી તેમ પૂછતાં આ બધું જાણ્યું અને દાદા-દીકરી બંને ઉપર ડૉક્ટરનું વહાલ કેવું વરસી પડ્યું તે માટે તો આ પુસ્તકના પાને પાનાં વાંચવાં પડે. અહીં માત્ર ડૉક્ટર વ્યક્ત થતા નથી પણ સમાજના ભલા-ભોળા-કચડાયેલા-કહેવાતી નીચલી જાતિના, હૃદયના આનંદની-ઉમળકાની લાગણીની હૃદયસ્પર્શી વાતો છે. અત્યારે પણ માનવતાનો આ મહાયજ્ઞ ચાલુ જ છે.

સાચે જ ડૉક્ટર કેવા હોઈ શકે, તેમની જીવન પ્રત્યેની અનુકંપા કેવી હોઈ શકે અને એવા ડૉક્ટરને દરદીઓ પણ કેવો અપાર પ્રેમ, આદર,ભાવ અર્પે તેનો આ જીવંત દસ્તાવેજ છે. કાંઈ ના લેવું, કોઈની પાસેથી, તેવું માનતા ડૉક્ટર પણ ક્યારેક નરમ થઈને સુદામાનાં તાંદુલ સ્વીકારે છે.

આ માત્ર ૧૬૮ પાનાં જ નથી પરંતુ આવાં અંધકાર અને દૂષણોથી ભરપૂર યુગમાં જીવનની સાચી જ્યોત ક્યાં ક્યાં પ્રકટેલી છે તેની મંગલ કથાઓ છે. તે તો છે બહુ જ નાનકડી, પણ તેમાં ભરપૂર છે જીવન-માંગલ્ય. આત્માનો સાચો સ્પર્શ.

(*'મનેખ નાનું મન મોટું'* લેખક : ડૉ. પ્રફુલ્લ શાહ, પૃષ્ઠ ૧૬૮+૨૨, કિં. રૂ. ૯૦, પ્રકાશક : રંગદ્વાર પ્રકાશન, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૧)


-પ્રા. સુરેશ મ. શાહ

પ્રાપ્ત પ્રકાશનો


ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય (રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો : *શિક્ષકકથાઓ* (ઉત્તમ શિક્ષકવિષયક લેખો) લે. દિલીપ રાણપુરા, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૭૨. *હેતુલક્ષી એકાંકીઓ* (એકાંકીસંગ્રહ) લે. જનક દવે, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૧૦૦. *આ એક ઘર છે* (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. રવીન્દ્ર ઠાકોર, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૧૬, રૂ. ૯૦. *સુખનું નામ* (નવલકથા) લે. દિલીપ રાણપુરા, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૮૪, રૂ. ૧૬૦. *તિલક કરતાં તેસઠ થયાં* (હાસ્યરચના સંગ્રહ) લે. રતિલાલ બોરીસાગર, ક્રાઉન સાઈઝ, પાકું પૂંઠું, પૃ. ૨૧૬, રૂ. ૮૦. *પળનાં પલાખાં* (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. ચંદ્રહાસ ત્રિવેદી, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૦૪, રૂ. ૮૦. *ઢાઈ અક્ષર હાસ્યકા* (હાસ્યવિષયક લેખસંગ્રહ) લે. નિરંજન ત્રિવેદી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૬૦. *વ્યતીતને વાગોળું છું* (સંસ્મરણકથા) લે. જ્યોતીન્દ્ર દવે, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૪૦. *પંચવાયકા* (પાંચ વાર્તાઓ-કથાઓ) લે. હિમાંશી શેલત, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૬૦. *સુંદરકાંડ* (રામકથાનો સમશ્લોકી અનુવાદ) લે. મહેન્દ્ર અ. દવે, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૫૨, રૂ.

સર્જકસૃષ્ટિ : વ્યંગદષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



એ પૂછો દિલને શરમીલી નિગાહે યાર કેવી છે?
કરે જે મ્યાનમાં રહી કામ, એ તલવાર કેવી છે?
- ડાહ્યાભાઈ દેરાસરી 'બુલબુલ'



અમે આંધી વચ્ચે તણખલાંના માણસ,
પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ.
- ભગવતીકુમાર શર્મા

૧૨૦. *મહાતીર્થ: મા* (મા વિષયક સાહિત્ય) લેખન-સંપાદન : મુનિભુવન હર્ષવિજય, ડિમાઈ સાઈઝ, કાચુંપૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૫૦. *કાવ્ય સમ્માન* (કાવ્ય વિવેચન વિષયક લેખો) લે. પ્ર. હેમન્ત દેસાઈ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૧૦૦. *મધુવાતા ઋતાયતે* (કાવ્યસંગ્રહ) લે. પ્રવીણ ગઢવી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૪૦. *બાંગ્લાની સાધના* (ક્ષિતિમોહન સેનનો અનુવાદ) અનુવાદક : મોહનદાસ પટેલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૨, રૂ. ૬૦. *એક દાર્શનિકની શોધયાત્રા* (રોહિતભાઈ મહેતાનાં જીવનકાળ અને મૂલ્યો વિષે પ્રતિભાવો) લે. ભાસ્કર વ્યાસ, બચુભાઈ સુતરિયા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૮૦, રૂ. ૧૦૦. *છંદોલય* (કાવ્યસંગ્રહ) લે. નિરંજન ભગત ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૦૪, રૂ. ૧૩૦.

અન્ય પ્રકાશકોનાં પ્રકાશનો

પંચતીર્થ : મને ગમતાં પાંચ પુસ્તકો (વિવિધ લેખકોના લેખો), પ્ર. માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૪, કિંમત જણાવી નથી. *સદ્‌ભાવની સુવાસ* (કોમી એકતા-કાવ્ય સંગ્રહ) વિવિધ કવિઓનાં કાવ્યો. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, કિંમત જણાવી નથી. *મજાકિયાં પ્રતિકાવ્યો* (પ્રતિકાવ્યસંગ્રહ) લે. મહેશ ધોળકિયા, પ્રકાશક-વિતરક : વિરેન શાં. ધોળકિયા, 'સંજોગ', હરિહર સોસાયટી, રાજકોટ - ૩૬૦ ૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૩૦. *ચાલને ભેરુ ચોકમાં* (બાળકાવ્ય સંગ્રહ) લે. મંગળ રાવળ 'સ્નેહાતુર' પ્ર. પોતે, પ્રાપ્તિસ્થાન : વૃક્ષા રાવળ, સર્વોદય આશ્રમ, સણાલી, તા. દાંતા, (જિ. બ.કાં.) ડિમાઈ સાઈઝ, કાચુ પૂઠું, પૃ. ૪૮ રૂ. ૨૫. *ગણિતના ગલગોટા* (ગણિતની રમતો) લે. પ્રભુલાલ દોશી પ્ર. નવભારત પ્રકાશન મંદિર, બાલાહનુમાન, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧. ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૮ રૂ. ૪. *અભિનય પ્રશિક્ષણ* (સ્ટાનીસ્લાવ્સ્કી પદ્ધતિનાં મૂળભૂત તત્ત્વો) લે. પ્રા. જનક એચ. દવે, પ્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૩૮૦૦૦૬ ડિમાઈ સાઈઝ, કાચુ પૂઠું, પૃ. ૮૮ રૂ. ૭૦.

ઈલોરા
(દેશાટન-૪૯)



ઔરંગાબાદથી ઉત્તર-પશ્ચિમે ૩૦ કિ.મી.ના અંતરે ઈલોરાની ગુફાઓ આવેલી છે. સડકમાર્ગે ઔરંગાબાદથી ઈલોરાનો પ્રવાસમાર્ગ ઘણાં મનમોહક દશ્યોથી ભરપૂર છે. ખડકો કાપીને બનાવેલી ઈલોરાની ગુફાઓ એની ભવ્યતા માટે વિશ્વમાં પ્રસિદ્ધ છે. ઈલોરાની બૌદ્ધ, જૈન અને હિન્દુ ધર્મની ગુફાઓની ભારતની સર્વોત્કૃષ્ટ ગુફાઓમાં ગણના થાય છે. ઈલોરામાં કુલ ૩૪ ગુફાઓ આવેલી છે. એમાંથી ૧૨ બૌદ્ધ ધર્મ, ૧૫ હિન્દુધર્મ તથા ૫ જૈન ધર્મની છે. પરંતુ ઈલોરાનું સર્વાધિક પ્રસિદ્ધ સ્થાન ગુફા નં. ૧૬ છે જે કૈલાસ મંદિરના નામથી જાણીતું છે. એક મોટા ખડકને કોરીને બનાવેલા આ અત્યંત વિશાળ મંદિરની નિર્માણ-યોજના ઘણી જટિલ છે. આ મંદિરની છતો, થાંભલાઓ તથા ત્યાંની આકૃતિઓ ભારતીય કળાના ઉત્કૃષ્ટ નમૂના છે. મંદિરની વિશાળ દીવાલો પર રામાયણ અને મહાભારતના પ્રસંગોને ઉપસાવ્યાં છે.

ઈલોરાની ગુફા નં. ૩૦ નાનું કૈલાસ મંદિર તરીકે જાણીતી છે, જે મોટા મંદિરથી ચોથાભાગનું નાનું છે. આ મંદિરમાં જૈન તીર્થંકર અને મહાવીર સ્વામીની મૂર્તિઓ આવેલી છે. ઈલોરાની ગુફાઓની ભવ્યતા સમજવા માટે તે જોવા જાતે જવું આવશ્યક છે. ઔરંગાબાદથી ઈલોરા રેલવે અને સડક માર્ગે સરળતાથી પર્યટને જઈ શકાય છે.

('યોગક્ષેમ'ને આધારે)



ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ,
દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન,
એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય.

-નરસિંહરાવ દિવેટીઆ

મહાન તસ્વીરકાર - જગન્નાથ વાસુદેવ મહેતાનું નિધન

જગન્નાથ વાસુદેવ મહેતાનો જન્મ ૧૧ મે, ૧૯૦૯ના રોજ વીરમગામમાં થયો હતો. તાજેતરમાં ફેબ્રુઆરી ૨૦૦૩માં ૯૫ વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ તેમના ચંદ્રનગર સોસાયટી, અમદાવાદના નિવાસસ્થાને સ્વર્ગસ્થ થયા.

ભારતની ધરી ઉપરનો એક તેજસ્વી સિતારો તેજલિસોટો મૂકી ખરી પડ્યો. તસ્વીર કલા જગતની એક મહાન વિભૂતિએ આપણી વચ્ચેથી વિદાય લીધી અને અનંતની યાત્રામાં જોડાઈ ગઈ.

સ્વ. જગન મહેતાનો આછો પરિચય હું પૂનામાં ભણતો હતો ત્યારે ૧૯૪૯-૫૦ દરમિયાન થયેલો. તે સમય દરમિયાન કાકા સ્વ. દેવચંદ અમરચંદ શાહ, પૂના ગુજરાતી સમાજના પ્રમુખ અને રજિસ્ટ્રાર ઑફ કો-ઑપરેટિવ સોસાયટીઝ, બૉમ્બે સ્ટેટ હતા. સ્વ. જે.પી.ત્રિવેદીના માનમાં અતિથિગૃહ બાંધવામાં તેમનો ઘણો મોટો ફાળો હતો. જે.પી. ત્રિવેદીની તસ્વીર અતિથિગૃહમાં મૂકવા માટેની કાર્યવાહીનો પત્રવ્યવહાર હું કરતો હતો તેથી જગન મહેતા સાથે પત્રવ્યવહાર થયેલો. ત્યારથી જ તેમના માટે મને એક વિશેષ વ્યક્તિ તરીકેનો આદર હતો.

ત્યાર બાદ 'જન્મભૂમિ' દૈનિકને કારણે તેમનો પરિચય વધ્યો. નિહારિકાની મીટિંગમાં તેમને અવાનવાર મળતા, ખાસ કરીને 'પ્રિન્ટ ક્રિટીસિઝમના'ના કાર્યક્રમમાં.

મારા સદ્‌નસીબે મુ. બંસીભાઈ જેકિશનદાસ પટેલ, લેફ. કર્નલ બળવંત ભટ્ટ, રવિશંકર રાવળ, રસિકભાઈ પરીખ, છગનભાઈ જાદવ, જગનભાઈ મહેતા તથા અન્ય ઘણાં મહાનુભવોને મારે વારંવાર મળવાનું થતું અને મને ઘણું જાણવાનું મળતું. જગનભાઈ મહેતા અને છગનભાઈ જાદવને હું વિશેષ મળવા જતો. તેનું કારણ એ હતું કે બંનેમાં અહમ્ ન હતો અને તદ્દન નિખાલસ હતા. જગનભાઈએ લાંબું આયુષ્ય ભોગવ્યું તેથી વધુ લાંબા સમય સુધી તેમણે મને વડીલ તરીકે મિત્રાચારીનો લાભ આપ્યો.



નિર્દોષ, નિખાલસ, તરંગસંગત, રસપ્રદ ચર્ચા કરવામાં તેઓ અત્યંત માહિર હતા જેથી હું પંદર મિનિટ માટે હલ્લો કહેવા જાઉં ત્યારે અમે બે કલાકે છૂટા પડતા. તેમના ઘરના દરવાજે મને આવજો કરવા આવતા ત્યારે પણ ઘણી વાર ૧૫-૨૦ મિનિટ વાતોમાં જતી હતી.

ગુજરાત સરકારે મને 'ગુજરાતી અસ્મિતાના જ્યોતિર્ધરો' પુસ્તિકા વિષે તેમના માટે લખવાનું કહ્યું ત્યારે તે કાર્ય મેં આનંદ

સહ સ્વીકારીને તુર્ત જ પૂરું કર્યું હતું. આ કારણસર વારંવાર મળવાનું થયું. તેમની ગાંધીજીની તસ્વીરો, પિક્ટૉરિયલ સર્જનાત્મક તસ્વીરો તરીકે પસંદ કરી તે વિષે લંબાણ ચર્ચા કરવાનું કામ મારે માટે વિશેષ આનંદદાયક હતું.

તેમની પ્રતિભાનો પરિચય થયા પછી મને લાગ્યું કે આ જુદા જ પ્રકારની વ્યક્તિ વિશેષ છે. આ એક નોખા માનવી છે. નિસ્પૃહી, બાળક જેવા સરળ, નિખાલસ અને લાગણીશીલ; છતાં અત્યંત બુદ્ધિશાળી. અનેક જાણીતા કલાકારો કરતાં તેઓ જુદા પડી જતા. નાનો કલાકાર હોય, ઊગતો કલાકાર હોય તો તેને પણ ઉત્સાહ આપી તેની કલાકૃતિઓને બિરદાવતા. ૮૫ વર્ષની ઉંમર પછી પણ કલાપ્રવૃત્તિઓથી તેઓ પરિચિત રહેતા.

કોઈ નાનો કલાકાર તેમને આગ્રહ કરી ઉદ્‌ઘાટન પ્રસંગે બોલાવે તો પોતાની શારીરિક અશક્તિ હોય, સાજા-માંદા હોય તો પણ તેને પ્રોત્સાહિત કરવા ઉત્સાહભેર તૈયાર થઈ પ્રદર્શન ખંડમાં સમયસર હાજર થઈ જાય. કોઈ પણ પરિચિત વ્યક્તિની કલાપ્રગતિ જોઈ તેઓ અત્યંત આનંદિત થઈ જતા. વન મેન શૉ હોય કે ઇનામ વિતરણ સમારંભ હોય તેઓ હાજર થઈ તેમનું 'મિલિયન ડૉલર' સ્મિત આપતા ત્યારે પ્રદર્શનખંડમાં સર્વત્ર વિશેષ આનંદનો વીજળીક સંચાર થતો.

મારી વાત કરું તો કહીશ કે મારા માટે અને મારી કલાકૃતિઓ માટે તેમને વિશેષ લગાવ હતો. એક વખત મારી તસ્વીર 'ખિસકોલીનો માતૃપ્રેમ' તેમણે અમદાવાદમાં પ્રદર્શિત થતી જોઈ ત્યારે તેઓ અત્યંત ભાવવિભોર થઈ ગયા અને જાહેરમાં પ્રદર્શન ખંડમાં મને ભેટી પડી કહ્યું કે, '...બાપુ તેં તો કમાલ કરી છે.' અને પછી સતત અભિનંદન આપતા રહ્યા. તેમની લાગણીશીલતા અને ભાવ જોઈને મને તો લાગ્યું કે મને નોબેલ પ્રાઈઝ મળ્યું છે.

જાહેર કલાસંસ્થાના હોદ્દેદારો પોતાના હોદ્દાની રુએ અભિમાની બની વિવેકવિહીન વર્તન કરતાં જોઈ તેમનો પુણ્ય-પ્રકોપ ભભૂકી ઊઠતો પણ મેં જોયો છે.

નામી-અનામી વિવિધ વિષયો સાથે સંકળાયેલી વ્યક્તિઓ તેમને મળવા આવતી હોવાથી તેમને કલા-જગત, સાહિત્ય-જગતની નવા-જૂનીની માહિતી રહેતી તેથી તેમની સાથેની ચર્ચામાં મને હંમેશા રસ પડતો.

તેમને મળવા જનાર યુવાન હોય કે વૃદ્ધ હોય, પંડિત હોય કે સામાન્ય વ્યક્તિ હોય તેમને બધાને આકર્ષક કરતું એક લોહચુંબક તેમના શરીરમાં-મનમાં હતું. જે બધાને તેમની તરફ વારંવાર ખેંચી જતું. દરેક વ્યક્તિના ગુણોને આગળ ધરવાનું, તેની કલાની યોગ્યતાનું માપ કાઢી પ્રશંસા કરીને આનંદ મેળવવાની તેમની ભાવના વિશેષ દાદ માગી લે તેવી હતી.

તેમનામાં બીજો ગુણ એ હતો કે કોઈએ તેમનું નાનું સરખું પણ કામ કર્યું હોય તો તેનો આભાર માનવાનું કદી ચૂકતા નહીં. તેમનામાં ઈર્ષા, અભિમાન, હુંપણું કે ઈગો જરા પણ ન હતો. તેમનામાં સેવા કરવાની, સાત્ત્વિક ચર્ચા કરવાની ધગશને લીધે અનેક મહાનુભાવો, પંડિતો, વિદ્વાનો, કલાકારો તેમને ચાહતા. સુભાષચંદ્ર બોઝ હોય કે કાકા કાલેલકર હોય, હરીન્દ્ર દવે હોય કે રવિશંકર રાવળ હોય બધાને તેમના માટે આત્મીયતા અને આદરની લાગણી હતી.

ગાંધીજીએ કોમી એખલાસ માટે બિહારમાં કરેલી ઐતિ-હાસિક શાંતિયાત્રાની ફોટોગ્રાફીએ જગન મહેતાને એક અસાધારણ સર્જનાત્મક અને ફોટો-જર્નાલિસ્ટ તસવીરકાર તરીકે પ્રસ્થાપિત કરી દીધા. (તસવીરકારોનું જે અનોખું અને ઐતિહાસિક નિર્માણ થયું તેમાં ગુણવંત જાનીએ ભજવેલા ભાગ માટે, તેમની દીર્ઘ દૃષ્ટિ માટે હું તેમને વંદન કર્યા વગર રહી શકતો નથી.)

જગનભાઈએ આજથી પંચાવન વર્ષ પહેલાં લીધેલી તસવીરો (૨૪ માર્ચ, ૧૯૪૭ તથા તેની આસપાસની તારીખોમાં લીધેલી તસવીરો) વિશેષ દાદ માગી લે તેવી છે.

એક અંધ ભિક્ષુક પટણામાં ડૉ. સૈયદ મહેમુદના બંગલાના કમ્પાઉન્ડમાં આવે છે અને પોતે ઉપવાસ કરી ભિક્ષાના પૈસા ભેગા કરી બાપુને ફાળામાં આપીને બે હાથ જોડી બોલે છે : 'અબ રામ કબ આયેંગે? અબ રામ કબ આયેંગે?' આ પ્રમાણે ફાળો આપીને આ ભિક્ષુક બે-ત્રણ વખત બાપુ પાસે આવેલો. ગાંધીજી તેની આ પ્રકારની ભાવનાથી અત્યંત પ્રભાવિત થયા અને તેની પ્રશંસા કરતાં બોલી ઊઠ્યા હતા કે, 'કોઈના પણ દાન કરતાં મારે મન આ મોટામાં મોટું દાન છે.'

આ તસવીર જોઈને કોઈને પણ એક પ્રશ્ન ઊભો થયા વગર રહે નહીં - કોને મોટા ગણવા - 'દરિદ્રનારાયણ બાપુને કે દરિદ્ર અંધ ભિક્ષુકને?'

ગાંધીજીની દરિદ્રનારાયણ તરીકેની છબી ઊપસી આવી આ પ્રકારની દુર્લભ ફોટો-જર્નાલિઝમની તાદૃશ્ય ફોટોગ્રાફીથી.

તા. ૨૬-૩-૪૭ના રોજ લીધેલી આવી જ બીજી તસવીર હૃદયને હચમચાવી મૂકે છે. જહાનાબાદ જિલ્લાના એક ગામડામાં ઘરબાર વગરની, પુત્ર વગરની એક વૃદ્ધા બાપુના પગમાં પડી રડી પડે છે અને 'બિના આપ કૌન મેરા સહારા?' તેમ બોલી પોતાની હૃદયદ્રાવક કરુણ કથની બાપુને કહી સંભળાવે છે.

૫૫ વર્ષ પહેલાં અનેક મર્યાદાઓ વચ્ચે તેમણે ઘણી સરસ ફોટોગ્રાફી કરી. ફિલ્મની પ્રકાશ પાડવાની સંવેદનશીલતા ઓછી હતી, હજુ ટેલિફોટો લેન્સ અને ઝૂમ લેન્સે પ્રવેશ કર્યો ન હતો. ૩૫ એમ.એમ.ના નાના તથા ઓટો કૅમરા આવ્યા ન

હતા,ત્યારે મોટી સાઈઝના 'રૉલિ' કૅમેરા ઉપર આવી સુંદર તસવીરો ઝડપીને જગન મહેતાએ ગુજરાતના/ભારતના તસવીર કલાકારોમાં સ્થાન મેળવી લીધું.

કમાવાનો સંઘર્ષ ચાલુ હતો. ફોટોગ્રાફી આજ કરતાં ઘણી બધી મોંઘી હતી, સારી ફોટોગ્રાફીની કદર કરી શકે, યોગ્ય મહેનતાણું આપી શકે તેવા છાપાના તંત્રીઓ કે એડવર્ટાઈઝિંગ એજન્સીઓ ન હતી ત્યારે 'સેલ્ફ એસાઈનમેન્ટ' કરી પૈસા ખર્ચવાની હિંમત જગન મહેતા જેવા વિરલા જ કરી શકે.

જગન મહેતા પોર્ટ્રેઈટ ફોટોગ્રાફીમાં પોતાની આગવી શૈલી ધરાવતા હતા. કવિ સુન્દરમ્ હોય કે વિનોબા ભાવે હોય, ફાધર વાલેસ હોય કે રજનીશજી હોય, વિશિષ્ટ અને સરળ શૈલીથી દરેક પ્રતિભા ઊપસાવવામાં તેઓ હંમેશાં સફળ રહ્યા છે. તેમણે ગુજરાતી ભાષાના આશરે ત્રણસો-સાડાત્રણસો કવિ-લેખક અને વિદ્વાનોને તેમના કૅમેરાથી કેદ કરી, ગુજરાતી સાહિત્યની અનોખી સેવા કરી છે.

ફોટોગ્રાફી ટૅકનિકની દૃષ્ટિએ કહું તો તેઓ લો-કી પદ્ધતિ પસંદ કરે છે અને ઉપલબ્ધ પ્રકાશ (અવેલેબલ લાઈટ)નો ઉપયોગ કરવામાં માને છે.

સુંદર પ્રિન્ટ ક્વૉલિટી, શ્વેત-શ્યામ ટોનની ખૂબી અને કુદરતી પ્રકાશ રચનાથી તેમનાં પોર્ટ્રેઈટ મનોહર લાગે છે.

તેમણે ૧૯૫૭થી માર્ચ ૧૯૬૮ સુધી મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિઅમમાં ફોટોગ્રાફર તરીકે નોકરી કરી.

આ સમય દરમિયાન ભારતનાં ઘણાં બધાં મહત્ત્વનાં મ્યુઝિઅમોમાં તેમજ અંગત સંગ્રહાલયોમાં જળવાયેલાં મિનિએચર પેઈન્ટિંગ્સ, શિલ્પ, ધાતુ પ્રતિમાઓ વગેરેની રેકર્ડ ફોટોગ્રાફી કરીને મ્યુઝિઅમ માટે એક મોટો સંગ્રહ તૈયાર કરી આપ્યો. આ સંગ્રહ વર્ષો સુધી પુરાતત્ત્વ વિદ્યા અને મ્યૂઝિયોલૉજીમાં રસ ધરાવતા અભ્યાસીઓ માટે સરળ અને મહત્ત્વનું સાધન બની રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિઅમ માટે રેકોર્ડિંગ કર્યા પછી રેકોર્ડિંગના ખાં સાહેબ થઈ ગયેલા જગન મહેતાએ પિક્ટોરિયલ ફોટોગ્રાફીમાં પણ ઉચ્ચ કક્ષાનું ધોરણ સ્થાપ્યું. સતત પ્રયત્નશીલ રહી જાતે ડાર્ક રૂમમાં એન્લાર્જમેન્ટ કાઢે ત્યારે તે જોઈને 'વાહ' બોલ્યા વગર આપણાથી રહી શકાય નહીં.

શ્વેત-શ્યામ ફોટોગ્રાફીમાં સુંદર નેગેટિવ પ્રોસેસિંગ અને અફલાતૂન પ્રિન્ટ મેકિંગ માટે તેઓ ગમે તેટલી મહેનત કરવા તૈયાર અને ડાર્ક રૂમની બહાર નીકળે એટલે માખણ જેવી સફેદ કુમાશ અને મિડલ ટોન્સની આખી રેઈન્જ દર્શાવતી તેમની પ્રિન્ટો જોઈને મુગ્ધ થયા વગર રહી શકાય નહીં. કોઈ પણ જાતના હિચકિચાટ વગર તેઓ પોતાના અનુભવનો નિચોડ તેમના વિદ્યાર્થીઓને પણ આપતા.

જગન મહેતા મૂળભૂત રીતે પિક્ટોરિયાલિસ્ટ. 'નિહારિકા' સોસાયટીના જૂના જોગી. 'નિહારિકા' મંડળ ઘણો વખત સુધી તેમના સ્ટુડિયોમાં પણ મળતું. કલાત્મક ફોટોગ્રાફી - પિક્ટોરિયલ ફોટોગ્રાફી જાણે કે તેમની ગળથૂથીમાં.

તસવીરના સંયોજનમાં - કમ્પોઝિશનમાં તેમની માસ્ટરી. સોલિડ માસ અને ટોનલ બેલેન્સ તેમની દરેક કૃતિમાં દૃષ્ટિગોચર થયા વગર રહે નહીં.

તેમને કોઈ ગમે ત્યારે મળે તેમના માટે માન, લાગણી, વહાલનો ભાવ અને પોતાપણું લાગ્યા વગર રહે નહીં.

૫૨ વર્ષ પહેલાં હું મળેલો ત્યારે અને તાજેતરમાં ૯૫ વર્ષની ઉંમરે મળ્યો ત્યારે તેમના ખાનદાની, બુદ્ધિશાળી, ઊર્મિ-સભર, નિખાલસ વ્યક્તિત્વમાં કોઈ ફરક દેખાયો નહીં. બધું જ અકબંધ - ખાદીનાં કપડાંને કાંજી કરીને કડક ઈસ્ત્રી કરીને ગડી વાળીને મૂક્યાં હોય તેવું વર્ષો પછી પણ લાગે. કોઈ ડાઘ નહીં, કરચલી નહીં.

સુંદર, મહેકતું, ઉજ્જ્વળ દેહલાલિત્ય, નરસિંહ મહેતા જેવો ભક્તિમાં તરબતર ચહેરો, સતત મંદ હાસ્ય વેરતા હોઠ, તકતકતી રસભીની તેજસ્વી આંખો, ઝણઝણતી જનોઈ અને વિશાળ લલાટ ઉપરના તિલકના માલિક એટલે જ ગુજરાતના ગાંધીયુગના તસવીર કલાકાર જગન્નાથ વાસુદેવ મહેતા.

આજે તો એ આપણી વચ્ચે નથી પણ હું જીવીશ ત્યાં સુધી તેમને ભૂલી શકીશ નહીં. તેમને મારાં લાખ લાખ વંદન...

- હેમેન્દ્ર એ. શાહ (AFIAP)

એમસ્ટરડમ ઘોષણા : ૨૦૦૨

માનવવાદના મૂળભૂત સિદ્ધાંતો : માનવવાદ મુક્ત વિચારણાની દીર્ઘ પ્રણાલિકાનું પરિણામ છે. આધુનિક માનવ-વાદના મૂળભૂત સિદ્ધાંતો નીચે મુજબ છે :

(૧) માનવવાદ નૈતિક છે : તે માનવની યોગ્યતા, તેનું ગૌરવ, સ્વાયત્તતા અને અન્યની સરખામણીમાં સૌથી વધારે શક્ય સ્વાતંત્ર્ય અધિકારનું સમર્થન કરે છે. માનવવાદના સમર્થકો ભાવિ પેઢીઓ સહિત સમગ્ર માનવજાત તરફ સંભાળ લેવાની પોતાની ફરજ સમજે છે. માનવવાદીઓ માને છે કે અન્ય વ્યક્તિઓને સમજવાની વૃત્તિ અને નિસ્બત પર આધારિત નૈતિકતા માનવ સ્વભાવનો આંતરિક ભાગ છે તેને બાહ્ય મંજૂરીની જરૂર નથી.

(૨) માનવવાદ વિવેકબુદ્ધિયુક્ત છે : માનવવાદ વિજ્ઞાનનો માનવજાતના લાભાર્થે (અને તેના ગેરલાભ માટે નહીં) ઉપયોગ કરવા ધારે છે. માનવવાદના સમર્થકો માને છે કે વિશ્વની સમસ્યાઓના ઉકેલો કોઈ દિવ્ય શક્તિમાં નહીં, પરંતુ માનવ વિચારો અને કાર્યોમાં રહેલા છે. માનવવાદ માનવકલ્યાણ માટે વિજ્ઞાનની રીતોના

ઉપયોગની અને માનવપ્રશ્નો માટે મુક્ત તપાસની તરફેણ કરે છે. વળી માનવવાદ એમ પણ માને છે કે વિજ્ઞાન અને ટેકનોલૉજી માનવમૂલ્યોથી પ્રભાવિત થવાં જોઈએ, વિજ્ઞાન આપણને સાધનો આપે છે, જ્યારે માનવમૂલ્યોએ તેનાં લક્ષ્યો સૂચવવાં જોઈએ.

(૩) માનવવાદ લોકશાહી અને માનવઅધિકારોને ટેકો આપે છે : માનવવાદ ક્યારેક માનવના પૂર્ણ શક્ય વિકાસનું લક્ષ્ય રાખે છે. તેવી માન્યતા છે કે લોકશાહી અને માનવવિકાસ અધિકારની બાબતો છે. લોકશાહી અને માનવઅધિકારો માત્ર શાસનની રીતો પૂરતાં મર્યાદિત નથી. તે ઘણા બધા માનવસંબંધોને લાગુ પાડી શકાય છે.

(૪) માનવવાદ એવો આગ્રહ રાખે છે કે વૈયક્તિક સ્વાતંત્ર્ય સાથે સામાજિક જવાબદારી જોડાયેલ છે : માનવવાદ સમાજને જવાબદાર એવા મુક્ત માનવ પર આધારિત વિશ્વનું સર્જન કરવા ચાહે છે. માનવવાદ કોઈ સૂત્ર-સિદ્ધાંતમાં માન્યતા ધરાવતો નથી કે તેના સમર્થકો પર કોઈ માન્યતા લાદવાનું પસંદ કરશે નહીં. માનવવાદ કોઈ પણ સૂત્ર-સિદ્ધાંતથી મુક્ત એવા શિક્ષણ માટે પ્રતિબદ્ધ છે.

(૫) માનવવાદ સૈદ્ધાંતિક ધર્મના વિકલ્પ માટેની વ્યાપક માગણીનો જવાબ છે : વિશ્વના મુખ્ય ધર્મો એવો દાવો કરે છે કે તેના સિદ્ધાંતો કાયમી છે અને તે પૈકીના કેટલાક પોતાના વિચારો સમગ્ર માનવજાત પર લાદવા પ્રયત્ન કરે છે. માનવવાદ એવી માન્યતા ધરાવે છે કે વિશ્વ અને પોતાના વિશેનું આધારભૂત જ્ઞાન સતત નિરીક્ષણ, મૂલ્યાંકન અને ફેરતપાસની પ્રક્રિયામાંથી ઉત્પન્ન થાય છે.

(૬) માનવવાદ કલાત્મક સર્જનશીલતા અને કલ્પનાની કદર કરે છે. કલાની શક્તિના ફેલાવાને માન્યતા આપે છે : માનવવાદ વૈયક્તિત વિકાસ અને સિદ્ધિ માટે સાહિત્ય, સંગીત અને અન્ય દશ્ય કલાઓનું મહત્ત્વ સમજે છે અને માન્ય કરે છે.

(૭) માનવવાદ નૈતિક અને સર્જનશીલ જીવનની કેળવણી મારફત ગુરુત્તમ વિકાસ માટેની જીવનશૈલી છે અને વર્તમાન સમયના પડકારોને નૈતિક અને વિવેક બુદ્ધિ યુક્ત સાધનોથી ઉકેલવા પ્રયત્નશીલ છે. માનવવાદ દરેક વ્યક્તિ માટે ગમે ત્યાં જીવન પદ્ધતિ છે.

અમારું મુખ્ય કાર્ય માનવોને માનવવાદ શું છે અને શેના માટે પ્રતિબદ્ધ છે તેની તદ્દન સાદી ભાષામાં જાગૃતિ કેળવવાનું છે. અમને એવો વિશ્વાસ છે કે મુક્ત તપાસ, વિજ્ઞાનની શક્તિ અને સર્જનશીલ કલ્પનાને શાંતિ સ્થાપન માર્ગ માટે અને માનવ કરુણા માટે ઉપયોગમાં લઈને વર્તમાન જગતના તમામ પ્રશ્નોનો ઉકેલ લાવી શકાશે. આ વિચારસરણી ધરાવનાર તમામને આ પ્રયત્નમાં અમારી સાથે જોડાવાનું નિમંત્રણ આપીએ છીએ.

- અશ્વિન ન. કારીયા, લૉ કોલેજ, પાલનપુર.

પ્રાચીન સિક્કામાં ૐ

ઇતિહાસકારો માને છે 'ૐ' નો ઉદ્ભવ નવમી કે દસમી સદીમાં થયો હોવો જોઈએ પણ તાજેતરમાં મહારાષ્ટ્રના થાણે નજીક સિદ્ધેશ્વર તળાવમાંથી મળી આવેલી કેટલીક કોરી (સિક્કા) ઉપર ૐ કોતરાયેલો જોવામાં આવ્યો છે અને એ સિક્કા બે હજાર વર્ષ જૂના છે.



થાણેની ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ઓરિયેન્ટલ સ્ટડીઝને આવા છ સિક્કા સુપરત કરવામાં આવ્યા છે. તળાવ નજીકના વિસ્તારમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટની વર્કશૉપ આવેલી છે. ત્યાંથી ૬.૧/૨ ફૂટની બ્રહ્માની મૂર્તિ પણ મળી આવી છે. એના ઉપરથી વિદ્વાનો માને છે કે એક જમાનામાં શિલહર વંશના શાસનકાળમાં થાણે વિદ્યાધામ રહ્યું હોવું જોઈએ.

વી.વી.મિરાશી નામના ઇતિહાસકારે નોંધ્યું છે કે નવમા કે દસમા સૈકામાં સિક્કાઓ ઉપર ૐની કોતરણી જોવામાં આવતી હતી. આમ છતાં થાણેમાં મળેલા સિક્કાઓ પુરવાર કરે છે કે ઇ.સ. પૂર્વે બીજા સૈકામાં પણ ૐની આકૃતિ સિક્કામાં જોવા મળતી હતી.

કોલ્હાપુરના કુરુ વંશોનો આમાંનો એક સિક્કો તાંબુ, ટિન, ઍન્ટિમની, લોખંડ અને થોડી ચાંદીનો બનેલો છે. તેના ઉપર તીર-કામઠાની આકૃતિ છે. તે સિવાયના ૐની આકૃતિ સાથેના પાંચેય સિક્કા સીસાના બનેલા છે. થાણે જિલ્લામાં સોપારા ગામે થોડાં વરસો પહેલાં આવા સિક્કા મળી આવ્યા હતા.

નાસિક જિલ્લાનો નાનો ઘાટ વેપારવણજ માટે ઘણો અગત્યનો ઘાટ ગણાતો હતો. એ જમાનામાં ક્ષાત્રપ અને સતવાહન વંશના રાજાઓએ તેના પર આધિપત્ય જમાવવા ઘણી વાર યુદ્ધો કર્યાં હતાં. તેનો બાવીસમો રાજા ગૌતમીપુત્ર છેવટે ક્ષાત્રપોને હરાવીને સમગ્ર ઘાટ પર પોતાનું રાજ્ય વિસ્તારવામાં સફળ થયો હતો. તાજેતરમાં મળી આવેલા એક સિક્કામાં તેનો ઉલ્લેખ થયેલો છે અને તેમાં પ્રાકૃત ભાષામાં શાલિવાહન કુળના રાજા વસિથિપુત્સ શ્રી પુલુમાવીસનું નામ અંકિત થયેલું છે

-('નવનીત સમર્પણ'માંથી ટૂંકાવીને)- કલ્પના સ્વાદિયા

જાન્યુઆરી '૦૩ અંક ૯૦૧ હવે અપ્રાપ્ય હોઈ નવા ગ્રાહકો ફેબ્રુ. '૦૩થી નોંધવામાં આવે છે તેની સૌ ગ્રાહકો-એજન્ટોએ નોંધ લેવી.

કુલ ખોયે કુલ ઊબરૈ, કુલ રાખૈ કુલ જાય;
રામ નિકુલ કુલ ભેટિયા, સબ કુલ ગયા વિલાય.

કબીર

મુંબઈથી ગાડી આવીને ઊભી રહી. ઊતરતાં જ ખબર પડી કે રેલવેના હમાલો હડતાલ પર ઊતરી ગયા છે. એક વૃદ્ધ ભારે સામાન સાથે ઊભા હતા. ગાડીમાંથી એક યુવાન દંપતી પણ ઊતર્યું હતું. પત્નીની નજર આ અસહાય વૃદ્ધ પર પડી. અને એમની વજનદાર પેટી પોતાને માથે ઉપાડી લીધી. સ્ટેશનની બહાર નીકળી વૃદ્ધ બોલ્યા : 'બહેન, તમે ન હોત તો આજે મારી ભૂંડી વલે થાત.'

'દાદા, મારા બાપાએ પણ આ સ્ટેશન પર દિનરાત લોકોનાં બૅગ-બિસ્તરાં ઉપાડીને કાળી મજૂરી કરી હતી.' એ સહૃદયી સેવાભાવી બહેન પુનિત મહારાજનાં પુત્રી મધુબહેન હતાં.

*

બજારમાં મળતાં સૂકા સોયાબિનને મીઠાનાં પાણીમાં રાત્રે પલાળી, બીજે દિવસે પાણી નિતારીને દાણા સૂકવી, ચણા શેકીએ તેમ બળે નહિ તેમ શેકવા. મુખવાસ તરીકે સીંગ-ચણાની જેમ ખાઈ શકાય.

*

ધતૂરાનાં પાનનો રસ ૧૦૦ ગ્રામ, સરસિયું તેલ ૨૫ ગ્રામ, તેમાં થોડીક હળદર નાખી ઉકાળી-સિદ્ધ કરી તેનાં ટીપાં કાનમાં નાખવાથી કાનના ચસકા મટે છે.

*

મૅક્સિકોની હાર્ડલિઝર્ડ નામની ગરોળી પોતાની આંખમાંથી લોહીની પિચકારી છોડે છે.

*



હથોડી આકારમાં 'હથોડી' શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

मयाणि एयाणि विगिंच धीरा, नं ताणि सेवंति सुधीरधम्मा ।
सव्वगोता वगया महेसी, उच्चं अगोतं च गइं वयंति ॥

ધીર પુરુષે મદનો ત્યાગ કરવો જોઈએ. સુધીર ધર્મ-મહાત્માઓ એનું સેવન કરતા નથી. એથી જ સર્વગોત્રથી રહિત થઈને તેઓ ગોત્રરહિત એટલે કે અગોત્ર એવી ઉચ્ચ ગતિ (સિદ્ધગતિ) પ્રાપ્ત કરે છે.
('સૂત્રકૃતાંગ'માંથી)

મુંબઈની સારસ્વત બૅન્કમાં પટાવાળાની નોકરી કરતા શશિકાંત ઝારાપકરને સુનિલ ગાવસ્કરની પ્રત્યેક ઈનિંગનો સ્કોર મોઢે છે.

*

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામના દીપક ભટ્ટે એક જ ચોખાના દાણા ઉપર ૧૨૮ શબ્દો લખેલા છે. સંસ્કૃતમાં ગાયત્રી મંત્ર લખેલો છે.

*

બૅક્ટેરિયા એટલા સૂક્ષ્મ હોય છે કે પ્રવાહીના એક જ ટીપામાં લગભગ પાંચ કરોડ જેટલી સંખ્યામાં તે હોય છે.

*

ગણિતગમ્મત

૩૭ x ૯૦ = ૩૩૩૦; ૩૭ x ૦૯ = ૦૩૩૩
૩૭ x ૧૦૨ = ૩૭૭૪; ૩૭ x ૧૨૯ = ૪૭૭૩
૩૭ x ૧૦૫ = ૩૮૮૫; ૩૭ x ૧૫૯ = ૫૮૮૩
૩૭ x ૧૦૮ = ૩૯૯૬; ૩૭ x ૧૮૯ = ૬૯૯૩

ઉપર પહેલી કૉલમમાં ગુણાકારના આંકડામાં પહેલો અંક ૩ જ રહે છે અને પહેલા તથા છેલ્લા અંકોનો સરવાળો વચ્ચેના અંકો બરાબર જ આવે છે તેની નોંધ લો. આ કોઠામાં ૩૭ **x** ૯૩, ૩૭ **x** ૯૬ તથા ૩૭ **x** ૯૯ની રકમો શા માટે બાકાત રાખવામાં આવી છે તેનું કારણ શોધી કાઢો.

-નૌતમભાઈ વખારિયા

*

રશિયામાં જૂના સમયમાં મરી ગયેલા માણસોના હાથમાં પ્રમાણપત્ર મૂકવાનો રિવાજ હતો. લોકો માનતા કે સ્વર્ગના દરવાજે સંત પીટર તેવું પ્રમાણપત્ર જરૂર માગશે.

*



લેગબ્રેક બોલર (રેખાંકન : ઈન્દ્રદેવ આચાર્ય)

'મમ્મી વેકેશનમાં પેલા છોકરાને મળી હતી એનું નામ શું હતું?' 'કોણ બેટા?'
'કેમ તું જાણે તો છે કે હું એના વગર જીવી શકું તેમ નથી તે!'

*

ઑસ્ટ્રેલિયાના નિવૃત્ત રાજકારણી અને સરકારી કર્મચારી બિલ સ્મિથીસે કોઈ પણ સમયે જેલમાં જવું પડે તેમ છે. છેલ્લાં વીસ વર્ષમાં ક્યારેય મતદાન નહિ કરીને એમણે ચૂંટણીના કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. મતદાન નહીં કરનારને દંડરૂપે થોડા દિવસની જેલ અને દસ ડૉલરનો દંડ કરવામાં આવે છે. જો કે કેટલાક ૭૭ વર્ષ જૂના આ કાયદાનો વિરોધ કરે અને કહે છે કે આવી રીતે મતદાન માટે ફરજ પાડવી યોગ્ય ગણાય નહિ.

*

અમેરિકાના માસાચુએટ્સ સંસ્થાનમાં આવેલા બોસ્ટનના રંગમંચ પરના કોઈ પાત્ર સામે સિસકારી બોલાવવી એ ગેરકાયદે કૃત્ય ગણાય છે.

*

કલાકણિકા : ઇ.સ. પૂર્વે બીજી સદીની દક્ષિણ ઇટલીની ઍફ્રોડાઈટિની ગ્રીક ટેરાકોટાની પ્રતિમા, જેની બે પાંખો મત્સ્યછીપની બનેલી છે.

